'આંવડા' એટલે 'રઘુવંશી'

લેખક

ઠક્કુર નારાયણ વિસનજી

" नायमात्मा बलहीनेन लभ्यः । "

" નિર્બળ મનુષ્યને આત્મપ્રાપ્તિ પણ નથી થતી. "

પ્રકાશક

ઠા. ધારસિંહ હેમરાજ

મૂલ્ય ૦-૬-૦ (છ આના)

આ પુસ્તક નીચેનાં સ્થાનોયે મળી શકશેઃ—

મુંબઇ

૧ ઠા. ધારસિંહ હેમરાજ,

મરકાઇ બિલ્ડિંગ-બીજે માળે,

ભંડારી સ્ટ્રીટ,

[illegible] પોસ્ટ, મુંબઇ

૨ ઠા. વિસનજી હરિરામ બુકસેલર,

માંડવી પુલની સામે,

માંડવી પોસ્ટ, મુંબઇ

અમદાવાદ

૧ ઠક્કુર નારાયણ વિસનજી

ત્રાગાળાવાડ, નવગજા પીર પાસે, અમદાવાદ

૨ મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે,

બુકસેલર અને પબ્લિશર,

ત્રણ દરવાજા. અમદાવાદ

'ભાંવડા' એટલે 'રઘુવંશી'

અથવા

શેઠ રાઘવજી પુરૂષોત્તમે ઇનામ આપીને મુંબઇના
સમસ્ત કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત
લોહાણાજાતિને ગર્વપ્રદાન કરવામાટે
લખાવેલા નિબંધના રહસ્યનો પ્રકાશ

લેખક

ઠક્કુર નારાયણ વિસનજી
ઝાગાળાવાડ–અમદાવાદ

" अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पाप मवाप्स्यसि ॥
अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्ति र्मरणादतिरिच्यते " ॥

श्रीमद्भगवद्गीता, अ. २. श्लो. ३३, ३४.

પ્રકાશક

ઠા. ધારસિંહ હેમરાજ
મસ્કાઇ બિલ્ડિંગ, ભંડારી સ્ટ્રીટ,
માંડવી–મુંબઇ

વિક્રમાબ્દ ૧૯૮૦ ઇ. સ. ૧૯૨૪

મૂલ્ય ૦–૬–૦ (છ આના)

"(હે અર્જુન,) જો તું આ ધર્માનુકૂલ યુદ્ધ નહિ કરે, તો તેથી તારા ધર્મ તથા તારી કીર્તિનો નાશ થઇ જશે અને તું પાપ-ભાગી થઇશ; માત્ર એટલું જ નહિ. પણ લોકો તારી અક્ષય્ય અપકીર્તિ કરતા રહેશે અને સંભાવિત-પ્રતિષ્ઠિત-પુરુષમાટે અપકીર્તિ મૃત્યુથી પણ અધિક દુઃખદાયક થઇ પડે છે.' (એ તો તું જાણે જ છે.)

શ્રીમદ્ભગવદ્ગીતા, અ૦ ૨, શ્લો૦ ૩૩, ૩૪.

પ્રથમ આવૃત્તિ

મુદ્રણસ્થાન: "આદિત્યમુદ્રણાલય" રાયખડરોડ-અમદાવાદ.
મુદ્રક: મણિજીવન વિશ્વનાથ પાઠક.

ગ્રંથોત્સર્ગ

મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળના માન્યવર નેતાઓ તથા સમસ્ત કચ્છી લોહાણા જાતિનાં આબાલવૃદ્ધ પ્રતિષ્ઠિત બંધુજનો તથા ભગિનીજનોને પ્રસ્તુત લઘુ પુસ્તક એવા ભદ્ર આશયથી માનપૂર્વક સમર્પવામાં આવે છે કે આપણી કચ્છી લોહાણા જાતિના રા. શેઠ રાઘવજી પુરુષોત્તમે ઇનામ આપીને મુંબઈના સમસ્ત કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત લોહાણા જાતિને ગાલિપ્રદાન કરવા-માટે લખાવેલા નિબંધનું વાસ્તવિક રહસ્ય તેમના જાણવામાં આવી જાય, એ વાસ્તવિક રહસ્યને જાણી લેવાથી તેમનાં હૃદયોમાં જાત્ય-ભિમાન તથા આત્માભિમાનની જ્યોતિ પ્રજ્વલિત થાય અને એ જાત્યભિમાન તથા આત્માભિમાનની જ્યોતિના પ્રકાશથી જે વ્યક્તિ-ઓએ મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળના અગ્રેસરો તથા સમસ્ત લોહાણા જાતિને અત્યંત ભયંકર ગાળો ભાંડવાના કાર્યમાં અગ્ર ભાગ લીધો છે તે રા. શેઠ રાઘવજી પુરુષોત્તમ, રા. હીરાલાલ હરજીવન ગણાત્રા, રા. જયકૃષ્ણ નાગરદાસ વર્મા તથા રા. લાલજી નાગજી ગણાત્રા પાસેથી એ અકારણ ગાલિપ્રદાનનું ન્યાયપુરઃસર ઉત્તર મેળવવાનો ઉચિત માર્ગ તેમને દૃષ્ટિગોચર થઇ શકે. જો પ્રસ્તુત લઘુ પુસ્તક મુંબઈની શ્રી કચ્છી લોહાણા જાતિના હૃદયમાં આટલું પરિણામ નિપજાવશે, તો લેખક તથા પ્રકાશક પોતાના પરિશ્રમની સંપૂર્ણ સાર્થકતા થયેલી માનશે.

" लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः
सत्यं चेत्तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किम्
सौजन्यं यदि किं गुणैः स्वमहिमा यद्यस्ति किं मण्डनैः
सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ॥"

श्री भर्तृहरिः

અર્થાત્: " જો લોભ (ધન મળેલું હોવા છતાં વિશેષ મેળવવાની લાલસા) હોય, તો નિર્ગુણતા કિંવા દુર્ગુણતાની આવશ્યકતા જ શી છે વારુ? (કારણ કે, લોભ એક એવો દુર્ગુણ છે કે જેના યોગે અન્ય સર્વ સદ્‌ગુણો સર્વથા વ્યર્થ થઇ જાય છે); જો ચાડીઆપણું હોય, તો પછી અન્ય પાતકોની અગત્ય જ શી છે? (કારણ કે ચાડીઆપણામા વિશ્વના સર્વ પાતકોનો સમાવેશ થઇ જાય છે); જો સત્ય હોય, તો પછી તપનું પ્રયોજન જ શું છે? (કારણ કે, સત્યવાદથી તપસ્યાના ફળની સ્વાભાવિક જ પ્રાપ્તિ થઇ જાય છે); જો મન શુદ્ધ હોય, તો તીર્થ નિષ્પ્રયોજન નથી કે શું? (કારણ કે, તીર્થક્ષેત્રના સ્નાનનું ફળ શુદ્ધ મનના યોગેજ મળી જાય છે); જો સૌજન્ય હોય, તો અન્ય સદ્‌ગુણની આવશ્યકતા શી છે? (કારણ કે, સૌજન્યમાં અન્ય સર્વ સદ્‌ગુણોનો સમાવેશ થઇ જાય છે); જો મહિમા ઉત્તમ હોય, તો અલંકારોની શી અગત્ય છે વારુ? (કારણ કે, મનુષ્યનો જે મહિમા તે જ મનુષ્યના વાસ્તવિક અલંકારો છે). જો સદ્વિદ્યા હોય, તો પછી ધનનું શું પ્રયોજન છે? કારણ કે, સર્વ ધનોથી વિદ્યાધન ઉત્કૃષ્ટ છે) અને જો અપયશ હોય તો પછી મૃત્યુની આવશ્યકતા જ શી છે? (કારણ કે, અપયશ અથવા અપકીર્તિ મૃત્યુના કાર્યની પૂર્તિ કર્યા કરે છે)."

શ્રી ભર્તૃહરિ

ઉપોદ્‌ઘાત

મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળ તથા સમસ્ત કચ્છી લોહાણાઓને કેવળ ગાળો ભાંડવાના આશયથી જ લખાવાયલો અને લખાયલો રા. શેઠ રાઘવજીનો બેનામી અથવા ભાડૂતી નિબંધ જ્યારે ગત વર્ષ (ઇ. સ. ૧૯૨૩)ના જૂન માસમાં પ્રકાશિત થઇને કચ્છી લોહાણાઓના હસ્તમાં આવ્યો તે સમયથી જ તે નિબંધ તથા તેના પ્રાસ્તાવિકમાં કચ્છી લોહાણા જાતિને ભાંડાયલી ભયંકર ગાળોના કારણથી કચ્છી લોહાણાઓના હૃદયસમુદ્રમાં તીવ્ર ઘૃણારૂપ વિક્ષોભનો ઉદ્‌ભવ થયો હતો; માત્ર એટલું જ નહિ, પણ એ નિબંધમાં કેવળ કચ્છી લોહાણા જાતિને જ નહિ, કિન્તુ સમસ્ત લોહાણા જાતિને હીણવાનો પણ જાણે કે અજાણે ઘૃણાજનક પ્રયત્ન કરાયલો હોવાથી હાલાઇ તથા ઘોઘારી લોહાણા બંધુઓનાં હૃદયો પણ ક્ષુબ્ધ થઇ ગયા હતાં અને તેથી રા. શેઠ રાઘવજીભાઇના એ બેનામી અથવા ભાડૂતી નિબંધના સપ્રમાણ તથા પ્રબળ પ્રતિવાદની અનિવાર્ય આવશ્યકતા ઉપસ્થિત થઇ હતી; કારણ કે, આ અપમાન કોઇ સાધારણથી સાધારણ સ્થિતિના લોહાણાથી પણ સહન કરી શકાય એવું સામાન્ય અપમાન ન હોતું, કિન્તુ અસામાન્ય તથા ભયંકર અપમાન હતું. ગત વર્ષ (ઇ. સ. ૧૯૨૩) ના ઑગસ્ટ માસમાં મારા એક ગુરુશ્રીતુલ્ય મિત્ર અને મુંબઇની શ્રી કચ્છી લોહાણા જ્ઞાતિના એક કર્તવ્યશીલ અગ્રેસર રા. શેઠ ધારસિંહ હેમરાજે મારા પર એક એવા આશયનું પત્ર લખ્યું કે: ' રા. શેઠ રાઘવજીભાઇના બેનામી નિબંધનું જો તમો સપ્રમાણ ખંડન લખી આપશો, તો તે ખંડનમાટેનાં આવશ્યકીય સાધનો તમારાપર મોકલી આપવામાં આવશે અને તે પ્રત્યુત્તરરૂપ પુસ્તક છપાવીને પ્રકટ કરવાની હું સર્વ વ્યવસ્થા કરીશ. ' જે કચ્છી લોહાણા જાતિમાં મારો જન્મ થયો છે અને જે કચ્છી લોહાણા જાતિમાટે મારા હૃદયમાં સંપૂર્ણ અભિ-

માન વસી રહ્યું છે તે કચ્છી લોહાણા નામક વીરજાતિની સેવાના આ અચાનક તથા અનાયાસ પ્રાપ્ત થયેલા કવિલાષછી સનાન અલભ્ય યોગને વ્યર્થ જવા દેવો તે એક પ્રકારની મૂર્ખતાજ કહી શકાય તેમ હોવાથી રા. શેઠ ધારસિંહભાઇના આમંત્રણને મેં સહર્ષ સ્વીકારી લીધું અને રા. શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધનું પ્રતિવાદાત્મક ઉત્તર લખી આપવાનું, મારા શિરપર અનેક કાર્યોનો અસહ્ય ભાર હોવા છતાં પણ, વચન આપી દીધું. પ્રસ્તુત પુસ્તક લખવા તથા પ્રકાશિત કરવાનો આવી રીતે નિશ્ચય થઇ જતાં રા. શેઠ ધારસિંહભાઇએ તેમ જ મારા બાલસખા તથા મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના માનદ સેક્રેટરી રા. ભાઇ આનન્દજી મૂળજી પાંધીએ જે સાધનોની આવશ્યકતા હતી તે સર્વ સાધનો મોકલી આપ્યા, ગત વર્ષ (ઈ. સ. ૧૯૨૩)ના નવેમ્બર માસમાં પ્રસ્તુત ગ્રંથના લેખનકાર્યનો આરંભ કરવામાં આવ્યો અને વર્તમાન વર્ષ (ઇ. સ. ૧૯૨૪)ના જાન્યુઆરી માસમાં આ ગ્રંથનો જેટલો ભાગ લખાઇને તૈયાર થયો હતો તેટલો ભાગ છાપવામાટે છાપખાનામાં આપી દેવામાં આવ્યો. જાન્યુઆરી માસ સુધીમાં મને જે સાધનો રા. શેઠ ધારસિંહભાઇ તથા રા. ભાઇ આનન્દજીભાઇ પાસેથી પ્રાપ્ત થયાં હતાં તેમા મુખ્યતઃ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના દફ્તરમાંની નોંધો તેમ જ ત્યાંની કેટલીક હકીકતો હતી; કારણ કે, છેલ્લાં દશ વર્ષથી મુંબઇમાં મારો નિવાસ ન હોવાથી અને છેલ્લાં સાડાચાર વર્ષથી મુંબઇમાં મારૂં આગમન સુદ્ધાં પણ ન થયેલું હોવાથી એ સમયમાં ઘટેલી ત્યાંની સર્વ જ્ઞાતિવિષયક ઘટનાઓથી હું બહુધા અજ્ઞ હતો. 'ગુજરાતી'ની ૪૦ મી ભેટ 'મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા' લખવાનું કાર્ય પણ એ જ સમયમા ચાલતું હોવાથી અને તે સાથે મારી પ્રકૃતિ પણ અસ્વસ્થ હોવાથી માર્ચ માસના અંત સુધીમાં પ્રસ્તુત પુસ્તકના માત્ર ચાર ફૉર્મ (૬૪ પૃષ્ઠ) જ છપાયાં હતાં; પરંતુ 'પરમાત્મા જે કાંઇ પણ કરે છે તે સારામાટે

જ કરે છે' એ ન્યાય અનુસાર એ વિલંબ પણ અમારામાટે ફળદાયક થઇ પડ્યો; કારણ કે, આ ગ્રંથના ૬૮ તથા ૬૯ મા પૃષ્ઠમાં પ્રકટ કરાવેલું રા. હીરાલાલ ગણાત્રાનું તા. ૧૩-૨-૨૪ ને દિવસે રા. શેઠ ધર્મસિંહ ભગવાન હુરબસના શિરોનામે લખાયેલું પત્ર અચાનક અમોને પ્રાપ્ત થઇ ગયું અને તેને અમારાથી અમારા પ્રતિવાદની વાસ્તવિકતાના એક પ્રબળ પ્રમાણ તરીકે યથાસ્થાન પ્રકટ કરી શકાયું. ત્યારપછી 'લોહાણા હિતેચ્છુ'માં ઝરિયાનિવાસી વેપારી લોહાણાબંધુ રા. જાદુરાય દુર્લભજી ખંધડીઆના અલ્પ સમયમાં પ્રકટ થનારા રા. શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધના પ્રતિવાદરૂપ "લોહાણા મૂળ રઘુવંશી છે, 'બાંવઠા' નથી" શીર્ષક પુસ્તકની જાહેર ખબર વાંચવામાં આવી અને રા. ખંધડીઆ સાથે મારો પત્રવ્યવહાર થતાં 'બાવઠા' શબ્દના અર્થના સબંધમાં તેમનો તથા મારો પ્રબળ મતભેદ હોવાથી તેમના એ પ્રતિવાદરૂપ નિબંધનો પણ મારા પુસ્તકના ઉપોદ્ઘાતમાં આવશ્યક પ્રતિવાદ કરી શકાય એટલામાટે તેમનો નિબંધ પ્રકટ થતાં સુધી મારા પુસ્તકના અવશિષ્ટ લેખનકાર્યને મેં બુદ્ધિપૂર્વક મુલતવી રાખેલું હોવાથી વળી પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં અધિક વિલંબ થવા લાગ્યો. આ થયો પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં થયેલા વિલંબનો સંક્ષિપ્ત ઇતિહાસ. અસ્તુ:

રા. ખંધડીઆનું પુસ્તક પ્રકાશિત થઇ ગયું છે અને તે લોહાણા બંધુઓના વાંચવામાં પણ આવી ચૂક્યું છે કેટલાક લોહાણા બંધુઓએ મારાપર પત્રો લખીને એ પ્રત્યુત્તરરૂપ નિબંધના સંબંધમાં મારા અભિપ્રાયને જાણવાની ઇચ્છા દર્શાવી છે એટલે તેમની ઇચ્છાને પૂર્ણ કરવામાટે તેમજ રા. ખંધડીઆ સાથે મારો જે મતભેદ છે તે મતભેદને સભ્યતાપૂર્વક પ્રકાશિત કરવામાટે મારે અનિચ્છાપૂર્વક રા. ખંધડીઆના લેખનો અમુક અંશે પ્રતિવાદ કરવો પડે છે. પ્રથમ તો રા. ખંધડીઆએ જે વિષય ખંડનીય હતો તે વિષયને મહત્ત્વ ન આપતાં રા. હીરાલાલ ગણાત્રાના સમસ્ત લેખનું ખંડન કરવાનો

પ્રયત્ન કર્યો છે અને તેનું પરિણામ એ થયું છે તેમનાથી પ્રમાણપુરઃસર રા. હીરાલાલ ગણાત્રાના લેખનું લેશમાત્ર પણ ખંડન કરી શકાયું નથી: રા. **જયકૃષ્ણ વર્મા**ના પ્રાસ્તાવિકમાં કરાયલા આક્ષેપો પ્રધાનતઃ મુંબઈના શ્રી **કચ્છી લોહાણા મહાજન** સાથે સંબંધ ધરાવનારા હોવાથી અને જેમના યોગે એ આક્ષેપોનું યથાર્થ સ્વરૂપમાં ખંડન કરી શકાય તે સાધનસામગ્રી રા. ખંધડીઆને પ્રાપ્ત થવાનો સંભવ ન હોવાથી અથવા તો એ સાધનસામગ્રીને મેળવવાનો તેમણે પ્રથમથી જ પ્રયત્ન કરેલો ન હોવાથી રા. જયકૃષ્ણ **વર્મા**ના ભયંકર ગાલિપ્રદાનયુક્ત પ્રાસ્તાવિકનો પ્રતિવાદ તો તેમનાથી કરી જ નથી શકાયો; રા. ખંધડીઆ પોતે કચ્છી **લોહાણા** ન હોવાથી મુખ્યતઃ **કચ્છી લોહાણા** જાતિ સાથે સંબંધ ધરાવનાર '**ખાંવડા**' વિશેષણ અથવા ઉપનામના વાસ્તવિક ઇતિહાસથી તેઓ અનભિજ્ઞ હોય એ સ્વાભાવિક છે અને તેથી તેમણે '**ખાંવડા**' શબ્દના વિપરીત અર્થને સ્વીકારી લેવાથી તેમનો લેખ અથ થી ઇતિ પર્યન્ત ભ્રાન્તિમૂલક થઈ ગયો છે; માત્ર એટલું જ નહિ, પણ તેમણે પોતાની પ્રસ્તાવનામાં "આ તકે એક બીજી વાત નોંધીએ. એક પ્રસંગે કચ્છી મહાજનને 'લો. હિતેચ્છુ'માં કોન્ફરન્સ ફંડની બાબતમાં આ લેખકે માત્ર એક નરમ સૂચના જ કરી હતી. એ ગુન્હા માટે એક કચ્છી બંધુ શ્રી પ્રેમજી પેરાજ રૂપારેલ, આ લેખક પર વાઘની માફક તૂટી પડ્યા હતા અને કહ્યું હતું.—" કચ્છીમાં કુસંપ છે જ નહિ; કચ્છી બાબતમાં માથું મારનાર તમને શું અધિકાર?" અહીં વાચકે ખાસ ધ્યાન રાખવું કે '**એક નરમ સૂચના**' જેટલું જ માથું મારવામાં આવ્યું હતું. નહિ—સલાહ કે ટોકીયું કરવામાં આવ્યું હતું. પણ પછી તરત જ સૂત્ર નિબંધ બહાર પડે છે. જેમાં **એક કચ્છી શ્રીમંત બંધુ**ના પૈસાની પ્રેરણાથી મહીંયેવાના બે બંધુઓ (લેખક અને પરીક્ષક) કાયદાઓની લાંબી લાંબી ડીગ્રીઓ ધરાવનાર કચ્છી **મહાજનોનાં કૃત્યોમાં માથું મારી**, તેમના કહેવાતા અન્યાયો ખાતર, આખી જ્ઞાતિને માટે 'ખાંવડા'નો આરોપ

પડી કાઢે છે, એટલે કે આરોપીને બદલે તાકીને શિક્ષા કરે છે, ને તે ધારાસર(!) મુકદ્દમાપર પ્રકાશક બંધુ ઇનામ આપી કબુલાતનો સીક્કો મારે છે! ક્ષત્રિયોની વીરતા વેચી, આપણે મેળવેલા કાયદાઓના મોંઘા અને અપાર જ્ઞાન તે આ!—એક તો કચ્છી મહાજનમાં કેટલો કુસંપ ને ઇર્ષા હતાં, અથવા છે એમ કહેવાય છે, તે કુલ હકીકત પુરાવા સાથે બહાર પડે છે ને શ્રીયુત પ્રે. પે. રૂપારેલ વૈશાખ મહિનાને ખરે બપોરે જુઠા પડે છે. એ વાત તો રહી ત્યાં, પણ એ માટે જ્યારે આપણી જાતિને અપમાનની શિક્ષા કરવામાં આવી છે, તે વખતે હવે સંતાઇ ગયા રૂપારેલ, પારસીભાઇ અને ૧૮ જણની કચ્છી કમીટી? શું તેઓ સર્વે આ આરોપો ખોટા જ લેવા માગે છે? તેમની આટલા માસની શાન્તિ તો એ જ સાબિત કરે છે. ભલે આરોપકો શાન્ત બેસે કે બચાવ કરે. પણ રાજાને વડે પસ્તાવીને ઠામ ઠરાવની એટલે કે બીજાને વાંકે જાતિને નિન્દવાની જરૂર નથી એ જ આ પુસ્તકનો એક મુદ્દો છે એ દરેક બંધુ જોશે અને એ દ્રષ્ટિએ જ આ અવલોકન કરવામાં આવ્યું છે." આવા પ્રકારના કેટલાક ઉદ્‌ગારો કાઢીને પોતાની તાલુકાજન્ય અવિચારશીલતા તથા ઉચ્છૃંખલતાનો પણ આપણને કેટલેક અંશે સાક્ષાત્કાર કરાવી દીધો છે; કારણ કે, રા. પ્રેમજી પેરાજ રૂપારેલે તેમને એમ કહ્યું કેઃ "કચ્છીમાં કુસંપ છે જ નહિ; કચ્છી બાબતમાં માથું મારવાનો તમને શું અધિકાર?" એટલે એવા કોપવશ થઇને રા. પંચકડીવાળાએ રા. રાઘવજીભાઇના લખાવેલા નિબંધને કચ્છી લોહાણાજાતિમાં પ્રસરેલા કુસંપના પ્રમાણ તરીકે રજૂ કરીને રા. પ્રેમજી પેરાજ રૂપારેલના 'કચ્છીમાં કુસંપ છે જ નહિ' એ વિધાનને અસત્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરેલો છે; રા. શેઠ રાઘવજીભાઇના લખાવેલા નિબંધને કચ્છી લોહાણા જાતિમાં અસ્તિત્વ ધરાવતા કુસંપ તથા ઇર્ષાના પુરાવા તરીકે સ્વીકારી લીધો છે; શ્રીયુત પ્રે. પે. રૂપારેલને વૈશાખ માસના ખરા બપોરે જૂઠા પડેલા પ્રમાણી લીધા છે અને તે સાથે

રા. ધારસિંહભાઈને પણ રા. શેઠ રાઘવજીભાઇના બન્ડુની નિબંધના સંબંધમાં વિના કારણ મૌનાવલંબી માની લીધા છે અને તે પણ વળી 'ક્યાં' સંતાઇ ગયા રૂપારેલ, ધારસીભાઇ અને ૧૮ જણની કચ્છી કમીટી?' એવા ઉચ્છૃંખલતાદર્શક શબ્દોમાં! અને હું તથા ધારસિંહભાઇ શેઠ. રાઘવજીભાઇના ગાલિપ્રદાન નિબંધનું પ્રત્યુત્તર તૈયાર કરવાના કાર્યમાં પ્રવૃત્ત હતા એ વાર્તા સર્વે સાથેના પત્ર-વ્યવહારના યોગે સારી રીતે જાણતા હતા! એટલે એથી ભાઇ બન્ધ-ડાઓનો કચ્છી લોહાણાઓ પ્રતિ જેટલો હોવો જોઇએ તેટલો પ્રેમ-ભાવ કિંવા અનુકંપાયુક્ત અનુરાગ નથી એટલું તો વૈશાખ માસના મધ્યાહ્નના સૂર્ય પ્રમાણે પ્રત્યક્ષ દેખાઇ આવે છે. હું અહીં રા. બન્ધ-ડાઓને આદરપૂર્વક પૂછવા માગુ છું કે કૉન્ફરન્સ ફંડના કેટલાક આભ્યંતર ભેદોને તમો જાણો છો ખરા કે? 'લોહાણા હિતેચ્છુ'માં કૉન્ફરન્સ ફંડના સંબંધમાં કચ્છી લોહાણાઓ પર હાલારના તથા ગુજ-રાતી લોહાણાઓએ (કારણકે, 'લોહાણા હિતેચ્છુ'ના તંત્રી હાલાર્ લોહાણા તથા ઉપતંત્ર ગુજરાતી લોહાણા હોવાથી) જે આક્ષેપો કર્યા છે તેના વાસ્તવિક કારણને શોધવાને પ્રકટ કરવા આવશ્યક તમોએ કદાપિ પરિશ્રમ લીધો છે ખરો કે? કોઇ માની લીધેલા કાર-ણથી શેઠ રાઘવજીભાઇ જેવી એક વ્યક્તિ કચ્છી લોહાણા જાતિને ગાલિપ્રદાન કરાવવાનો ઉદ્યોગ કરે, તો તેથી સમસ્ત કચ્છી લોહાણા જાતિમાં કુસંપ તથા દ્વેષનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એમ કદાપિ માની શકાય ખરું કે? પ્રત્યેક નિયમના એક અપવાદ તો હોય જ છે, પરંતુ તે અપવાદને નિયમ તરીકે સ્વીકારવામાં નથી આવતા એ તત્ત્વને તમો જાણો છો ખરા કે નહિ? જો એ તત્ત્વ તમારા જાણવામાં હોય, તો અપવાદને નિયમ તરીકે સ્વીકારવામાં તમારો પોતાનો તીવ્ર પ્રમાદ થયો છે ખરો કે નહિ? રા. ધારસિંહભાઇએ તમારો કાગળ મારાપર મોકલી આપીને તમારાપર કાગળ લખવાની સૂચના આપી હતી. તે સૂચના અનુસાર મેં તમોને કાગળ લખ્યો

હતો અને તે કામળાથી હું તથા રા. ધારસિંહભાઇ રા. શેઠ રાઘવ-
જીભાઇના ગાલિપ્રદાન નિબંધનું પ્રત્યુત્તર તૈયાર કરવાના કાર્યમાં રોકા-
યલા હોવાની વાતો તમારા જાણવામાં આવતાં તમોએ મને ધન્યવાદ
આપ્યો હતો જ્યાં રા. ધારસિંહભાઇને તમો સંતાઇ ગયેલા માનો
છો તે શા કારણથી અને શામાટે? તમે એ જે પુસ્તક પ્રકાશિત કર્યું
છે તે રા. શેઠ રાઘવજીભાઇના લખાયેલા ગાલિપ્રદાન નિબંધના
ખંડનમાટે કે રા. રૂપારેલ, રા. ધારસિંહભાઇ તથા ૧૮ જણની
કચ્છી કમીટીપર આડકતરો આક્ષેપ કરવામાટે? શું તમો એમ
માનો છો કે રા. શેઠ રાઘવજીભાઇના ગાલિપ્રદાન નિબંધના પ્રબળ પ્રતિ-
વાદ લખી શકે તથા લખાવી શકે તેવો કોઇ વ્યક્તિ કચ્છી લોહાણા
જાતિમાં અસ્તિત્વ ભોગવતી જ નથી? તમારા આ અકારણ તથા અપ્રા-
સંગિક આક્ષેપનો ધ્વનિ તો એવો જ જણાય છે. અને આ પ્રતિ-
વાદથી કદાચિત્ તમો મને પણ તમારાપર વાર પ્રમાણે તૂટી પડેલો
માની લ્યો તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી; પરંતુ, બંધુ જો
તમો શાન્તિપૂર્વક વિચાર કરશો, તો તમોએ તમારા પુસ્તકની પ્રસ્તા-
વનામાં અજાણતાં કેટલોક છબરડો જ કરી નાખ્યો છે એ વાતો
અવશ્ય તમારા પોતાના જાણવામાં પણ આવી શકશે. તમોએ પોતાનું
પુસ્તક જો કે લખ્યું છે ઉત્સાહ તથા લાગણીથી અને તેમ તે અમો
તમોને ધન્યવાદ આપીએ છીએ; પરંતુ 'આંગળાથી નખ વેગળા
એટલા વેગળા' એ કહેવત અથવા નિયમ અનુસાર તમો પોતે કચ્છી
લોહાણા ન હોવાથી કચ્છી લોહાણાઓના સંબંધમાં અયોગ્ય ઉલ્લેખ
કરવાનું તો નથી જ ભૂલ્યા. અસ્તુ અમારા આ પુસ્તકના ૧૩૪-૧
પૃષ્ઠમાં જણાવ્યા પ્રમાણે બે મહિના પછી અમો જે એક બીજું પુસ્તક
પ્રકાશિત કરવાના છીએ તે પુસ્તકના વાંચનથી કૉન્ફરન્સ ફંડનો
ભેદ તથા બીજી પણ ઘણીક બાબતો તમારા જાણવામાં આવી જશે
એટલે તે પુસ્તકના પ્રકાશન પર્યન્ત તમોને શાન્ત રહેવાની અમો
ભલામણ કરીએ છીએ. 'બાંયડા' શબ્દ, વિશેષણ કિંવા ઉપનામના

વાસ્તવિક અર્થ શો છે તે આ પુસ્તકના વાંચનથી આપના જાણવામાં આવી શકે તેમ હોવાથી જો આ પુસ્તકના વાચન પછી એ શબ્દનો તમોએ સ્વીકારેલો અર્થ તમોને અસત્ય જણાય તો પોતાના પરિવર્તિત અભિપ્રાયને વ્યક્ત કરવાની ઉદારતા તમો અવશ્ય દર્શાવશો એવો અમારો દૃઢ વિશ્વાસ છે; કારણ કે, વિચારશીલ પુરુષો દુરાગ્રહને વશ નથી થતા તેમ જ 'સો તારી રામ દોહાઇ અને એક મારૂં ઉંહું' જેવા હઠધર્મને નથી સ્વીકારતા એ તો તમો જાણો જ છો.

હવે અહીં જે એક અન્ય શંકા ઉપસ્થિત થવાનો સંભવ છે તે શંકા એ છે કે: "રા. હીરાલાલ ગણાત્રા, રા. જયકૃષ્ણ વર્મા તથા રા. જદુરાય ખંધેડીઆ કચ્છી લોહાણા ન હોવાથી 'ભાંવડા' શબ્દના વાસ્તવિક અર્થથી કદાચિત્ અજ્ઞ હોય, તો તે સ્વાભાવિક છે; તેમ જ રા. શેઠ રાઘવજીભાઇએ, તેઓ પોતે કચ્છી લોહાણા હોવા છતાં, મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન સાથે થયેલા તેમના કાલ્પનિક વૈમનસ્યના કારણથી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન કિંવા કચ્છી લોહાણા જાતિને ગાલિપ્રદાન કરવાના આશયથી 'ભાંવડા' શબ્દના વિપરીત અર્થને બુદ્ધિપૂર્વક સ્વીકારી લીધો હોય એ બનવાજોગ છે; પરંતુ રા. ડા. હેરજી ત્રીકમજી કારીઆ એક કચ્છી લોહાણા ગૃહસ્થ હોવા છતાં, એક વિદ્વાન્ ધારાશાસ્ત્રી હોવા છતા અને રા. શેઠ રાઘવજીભાઇના નહિ, કિન્તુ કચ્છી લોહાણા જાતિના પક્ષપાતી હોવા છતાં રા. ખંધેડીઆના "લોહાણા મૂળ 'રઘુવંશી છે, 'ભાંવડા' નથી" શીર્ષક નિબંધના તેમનાં લખેલા ઉપોદ્ઘાતમાં તેમણે પણ 'ભાંવડા' શબ્દને ખીજના ઉપનામ તરીકે જ સ્વીકાર્યો છે તેનું શું કારણ વારૂ? એથી તો 'ભાંવડા' શબ્દનો અર્થ હીનતાદર્શક જ હોવો જોઇએ એમ માનવાનું સબળ કારણ મળે છે." શંકા વાસ્તવિક છે; પરંતુ એનું પણ સમર્પક ઉત્તર આપી શકાય તેમ છે. 'કાગ' અથવા 'કાગડા' શબ્દનો અર્થ વાક્સંપ્ર-

દાય તરીકે ચાલાક, ચપલબુદ્ધિ, કિંવા હોશિયાર થતો હોવા છતાં* તેના સત્ય અર્થથી અજ્ઞ જનો પારસીઓના સંબંધમાં 'કાગડા' શબ્દનો ખીજ તરીકે ઉપયોગ કરે છે એ તો બહુધા સર્વ મનુષ્યો જાણે છે અને સામાન્યવર્ગના મનુષ્યોમાં પ્રત્યેક શબ્દના વાસ્તવિક અર્થને જાણવાનો અને પ્રત્યેક શબ્દના અર્થવિચારમાં ઊંડા ઊતરવાની આકાંક્ષા હોતી નથી એટલે એવા શબ્દોના અર્થના સંબંધમાં અંધપરંપરા ચાલતી રહેવાથી સામાન્યવર્ગના લોકોના મનમાં આવા શબ્દોના બહુધા વિપરીત અર્થો જ દૃઢ થઇ જાય છે; માત્ર એટલું જ નહિ, પણ આવા શબ્દોનો વારંવાર અન્ય જાતિના કિંવા વિરોધી જનોના મુખથી વિપરીત અર્થમાં ઉચ્ચાર થતો સાંભળીને જે જાતિના સંબંધમાં એવા શબ્દો વિપરીત અર્થમાં ઉચ્ચારાય છે તે જાતિના લોકો પણ, જો તેમણે એ શબ્દોના વાસ્તવિક અર્થનો વિચાર ન કર્યો હોય તો, એ શબ્દોને પોતાની હીનતાને દર્શાવનારા શબ્દો તરીકે સ્વીકારી લે છે અને એ શબ્દોના શ્રવણથી ચીડાઇ પણ જાય છે. ઉદાહરણ તરીકે જો પારસીઓના સંબંધમાં 'કાગડા' શબ્દને ઉચ્ચારવામાં આવે, તો ઘણાક પારસીઓ ચીડાઇ જાય છે અને મારામારી કરવાને પણ તૈયાર થઇ જાય છે; કારણ કે, કાગડામાં જે ચપલતા, સાવધાનતા તથા આત્મરક્ષકતા આદિ જીવનરક્ષામાટે આવશ્યકીય મનાતા સદ્ગુણોનો નિવાસ છે તે જ સદ્ગુણોનો પારસી જાતિમાં પણ નિવાસ

---

* "કાગ, ૩ adj, Clever, Shrewd, Cunning.

"Id. આ તો કાગડો છે. He is a shrewd man. કાગડાની નજરે જોવું To be watchful."

જુઓ શે. બેલસરેકૃત 'ગુજરાતી ઇંગ્લિશ ડિક્શનરી" કાગ અને કાગડો શબ્દ.

અર્થાત્ 'આ તો કાગડો છે' એટલે 'આ એક ચાલાક માણસ છે' એવો જ એ વાક્યનો ઉત્તમ અર્થ થાય છે. અહીં 'કાગડાની' ઉપમા અધમ અર્થને દર્શાવનારી નથી એ વિશેષતઃ લક્ષમાં રાખી લેવાનું છે.

હોવાથી પારસીઓને 'કાગડા' ઉપનામથી ઓળખવામાં આવે છે એ રહસ્યથી તેઓ અજ્ઞ હોય છે. આવું વિપરીત પરિણામ કેવળ સામાન્યવર્ગના મનુષ્યોના હૃદયમાં થાય છે એમ નથી; કિન્તુ કેટલીક વાર મહાબુદ્ધિમાન્ મનુષ્યના હૃદયમાં પણ અમુક વાર્તાના સતત શ્રવણનું એવું વિપરીત પરિણામ થઇ જાય છે અને એના ઇતિહાસમાં જેટલા જોઇએ તેટલા દૃષ્ટાંતો વિદ્યમાન છે. તેમાંનો એક દૃષ્ટાંત આપણે અહીં લઇશું:–મહારાજા કર્ણ સોલંકીની કાર્યકીર્તિના સમયમાં પાટણમાં લીલા વૈદ્યના નામથી ઓળખાતો એક વિદ્વાન્ તથા વૈદ્યવિદ્યામાં ધન્વંતરિ તુલ્ય મનાતો બ્રાહ્મણ વૈદ્ય વસતો હતો. તેના સંબંધમાં કેટલાક ધૂર્ત લોકોએ મળીને એક દિવસ વિચાર કર્યો કે: 'આજે આપણે એને વારંવાર વિલક્ષણ પ્રશ્નો પૂછીને બહુ જ ઠગીએ અને ભ્રમમાં નાખી દઇએ' આવો નિશ્ચય કરીને તેમાંના બે ધૂર્તોએ સ્ત્રીપુરુષનો વેશ ધારીને લીલા વૈદ્યને પૂછ્યું કે: 'આજે આપનું શરીર કાંઇક શિથિલ કેમ જણાય છે વારુ?' બીજા ધૂર્તે ગુંજાલ સ્વામીના મંદિરનાં પગથિયાંપર તે આવ્યો એટલે પૂછ્યું કે: 'વૈદ્યરાજ, આજે આપનું મુખમંડળ આમ નિસ્તેજ કેમ થઇ ગયું છે? કાંઇ રોગ તો નથી થયો?' તે રાજદ્વારમાં પ્રવેશ કરતો હતો એટલામાં ત્રીજા ધૂર્તે પોતાના મુખમંડળમાં શોકની છટા લાવીને પ્રશ્ન કર્યો કે: 'ભિષગ્રાજ, આજે આપના મુખમંડળમાં આટલી બધી પાંડુતા–પીળાશ–શા કારણથી આવી ગઇ છે?' અને તેણે રાજદ્વારમાં પ્રવેશ કર્યો એટલે ચોથા ધૂર્તે જિજ્ઞાસા દર્શાવી કે: "વૈદ્યશિરોમણિ, આપની પ્રકૃતિ અસ્વસ્થ તો નથી? કારણ કે, આપનું શરીર બહુ લેવાઇ ગયું છે.' આવી રીતે એક જ વેળાએ ચાર પાંચ મનુષ્યે આવા પ્રશ્નો પૂછવાથી લીલા વૈદ્યને તેના નખમાં પણ રોગ ન હોવા છતાં અને તે પોતે ઉત્તમ વૈદ્ય હોવા છતાં તેના મનમાં રોગની શંકાનો ઉદ્ભવ થયો, તે શંકાના યોગે તેને ટાઢિયો તાવ આવવા લાગ્યો અને તે શીતજ્વરના પરિણામે તેરમે દિવસે તેનો સ્વર્ગવાસ થયો

ગયો. આ કથા મેરુતુંગાચાર્યકૃત 'પ્રબંધચિન્તામણિ' નામક ગ્રંથના 'સિદ્ધરાજપ્રબંધ'માં વર્ણવાયલી છે. સારાંશ કે, આ પુસ્તકમાં સપ્રમાણ દર્શાવ્યા પ્રમાણે 'બાંવઠા' શબ્દનો ઇતિહાસ કચ્છી લોહાણા જાતિની અનન્ય વીરતાને જ દર્શાવનારો હોવા છતાં કચ્છી લોહાણા જાતિની વિરોધિની કેટલીક અન્ય જાતિના લોકોએ એ શબ્દનો કચ્છી લોહાણાઓની ખીજ તરીકે ઉપયોગ કરવા માંડ્યો અને સમયના વહન સાથે એ શબ્દના વાસ્તવિક ઇતિહાસથી અજ્ઞ કેટલાક લોહાણાઓએ પણ એ શબ્દના અર્થને હીનતાદર્શક તરીકે માની લીધો. રા. ઠા. દેવજી ત્રીકમજી કારીઆ જેવા એક કચ્છી લોહાણા વિદ્વાન્ ધારાશાસ્ત્રીએ પણ એ શબ્દના અર્થને હીનતાદર્શક માન્યો છે તેનું કારણ એ છે કે તેમણે એ શબ્દના ઇતિહાસ અને તે ઇતિહાસના યોગે એ શબ્દના નિષ્પન્ન થતા વાસ્તવિક અર્થનો શોધક બુદ્ધિથી વિચાર નથી કર્યો સામાન્ય જનોની માન્યતાના પ્રવાહમાં તેઓ તણાઇ ગયા છે અને તેનું પરિણામ એ થયું છે કે લીલા વૈદ્યની પોતાના શરીરમાં રોગ ન હોવા છતાં રોગ હોવાની કલ્પના પ્રમાણે તેમણે 'બાંવઠા' શબ્દનો હીનતાદર્શક અર્થ ન હોવા છતાં તેમાં હીનતાદર્શક અર્થ હોવાની કલ્પના કરી લીધી છે. વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવાથી આશા છે કે મારા વિદ્વાન્ અને પુરાણા મિત્ર રા. ઠા. દેવજી ત્રીકમજી કારીઆ મારા આ પુસ્તકના વાંચનથી અવશ્ય પોતાની એ માન્યતાનું પરિવર્તન કરી નાખશે અને પોતે 'બાંવઠા' નામથી ઓળખાતા કચ્છી લોહાણા હોવામાટે અવશ્ય પોતાના યોગ્ય અભિમાનને પ્રસંગ આવતાં વ્યક્ત કરી બતાવશે.*

* મારા પુરાણા મિત્ર રા. રા. ઠક્કર દેવજી ત્રીકમજી કારીઆને આ પુસ્તકનાં છપાયલાં સર્વ ફોર્મ્સ તેમ જ આ હસ્તલિખિત ઉપોદ્ઘાત પ્રસ્તુત પુસ્તકના પ્રકાશક રા. ઠા. ધારસિંહભાઇએ મારી સૂચનાથી વંચાવ્યાં હતાં અને તે વાંચીને તેમણે જે સંતોષદર્શક પત્ર મારાપર લખી મોકલ્યો છે તે વાંચતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે રા. બંધુઓના પુસ્તકમાંના તેમના

જેઓ કચ્છનિવાસી હોવા સાથે કચ્છના રાજનૈતિક ઇતિહાસ તથા કચ્છી લોહાણા જાતિની અનેકવિધ યોગ્યતાના જ્ઞાતા છે તેઓ '**આંવડા**' વિશેષણને કચ્છી **લોહાણાઓના** વીરત્વદર્શક તથા આત્માભિમાનપોષક ઉપનામ તરીકે જ સ્વીકારે છે. હીનતાદર્શક તથા અધમ ઉપનામ તરીકે નથી સ્વીકારતા અને અમારા એ કથનને 'કચ્છ વર્તમાન' પત્રના તંત્રી તથા સ્વામી રા. છગનલાલ ભવાની-શંકર મહેતાનો '**આંવડા**' શબ્દના અર્થ વિષયક અભિપ્રાય

લખેલા ઉપોદ્ઘાતમાં '**આંવડા**' શબ્દના વાસ્તવિક અર્થના ઇતિહાસને અવલોકવાનો તેમનો ઉદ્દેશ ન હોતો; કિન્તુ રા. શેઠ **રાઘવજીભાઈ**, રા. **હીરા**લાલ ગણાત્રા તથા રા. **જયકૃષ્ણ વર્મા** આદિએ એ શબ્દના અધમ અર્થને સ્વીકારીને એ શબ્દનો કચ્છી **લોહાણા** તથા સમસ્ત **લોહાણા જાતિના** સંબંધમાં પ્રયોગ કરાવેલો તથા કરેલો **હોવાથી** એ શબ્દના પ્રયોગથી તેમનો ઉદ્દેશ તો **લોહાણા જાતિને** ફજેત કરવાનો જ હતો એટલી વાતને સિદ્ધ કરી બતાવવાનો જ રા. **ઠક્કર દેવજીભાઈનો આશય હતો** એટલે રા. **ઠક્કર દેવજીભાઈ** પોતે '**આંવડા**' શબ્દ, વિશેષણ કિંવા ઉપનામને અધમ અર્થદર્શક તરીકે નથી સ્વીકારતા અને એમાટે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ રા. ઠક્કર **દેવજીભાઈના** તે પત્રને તેમના **અભિપ્રાય** તરીકે આ ઉપોદ્ઘાત સાથે વાચકો તથા વાચિકાઓની જાણમાટે પ્રકટ કરવામાં આવ્યું છે

* કચ્છના રાજનૈતિક ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારી **કચ્છની લોહાણા, નાગર** તથા **કાયસ્થ** એ ત્રણ પ્રમુખ **હિન્દુ** જાતિઓમાંની **કાયસ્થ** જાતિમાં રા. **છગનલાલભાઈનો** જન્મ થયેલો છે, તેમની જન્મભૂમિ **ભુજનગર** છે, અત્યાર સુધીનો તેમનો સમય **કચ્છમાં** જ વીતેલો છે, તેમણે દીર્ઘકાળ પર્યન્ત કચ્છ રાજ્યની નોકરી પણ કરેલી છે; કચ્છના રાજનૈતિક **ઇતિહાસના** તેઓ સંપૂર્ણ જ્ઞાતા છે; **માત્ર** એટલુંજ નહિ, પણ તેઓ **પ્રખ્યાત રાઘવજી બક્ષીના વંશજ હોવાથી કચ્છ** રાજ્યના સર્વ અંગો તથા ઉપાંગોનું સંપૂર્ણ **જ્ઞાન** ધરાવે **છે** અને અત્યારે **અમદાવાદમાં** સ્થાયી **નિવાસ** કરી પોતાના '**કચ્છ વર્તમાન**' પત્રદ્વારા **કચ્છનાં** રાજા તથા પ્રજા ઉભયની **અપૂર્વ** સેવા કરી રહ્યા છે એટલે આ વિષયમાં તેમનો અભિપ્રાય **કેટલો** અને કેવો આદરણીય હોવો જોઇએ એની સહજ કલ્પના કરી શકાય તેમ છે.

અક્ષરશઃ સત્ય સિદ્ધ કરી બતાવે છે. હાલમાં મહુ સમેજા નામક કચ્છ વાગડમાંના આડેસર નામક ગ્રામના નિવાસી એક મુસલમાન ગૃહસ્થે ‘ જીએરાનો જયઘોષ ’ શીર્ષક એક લેખ ‘કચ્છ વર્તમાન ’માં પ્રકટ કરવામાટે મોકલી આપ્યો હતો અને તે લેખમાં એક સ્થળે કચ્છી લોહાણાઓના સંબંધમા ચાલતી આવેલી સામાન્ય પ્રણાલિકા અનુસાર ‘ જેમાના રાષ્ટ્રસિક લુહાણાજાતિ પૈકીના બાર આના ‘ બાંવઢા ’ અને ચાર આના અન્ય જાતિના અંશો છે. ’ આવા પ્રકારનો ઉદ્‌ગાર કાઢ્યો હતો એટલે આ લેખને પોતાના પત્રમાં પ્રકટ કરીને ‘કચ્છ વર્તમાન’ ના તંત્રી રા. છગનલાલભાઇએ તંત્રી તરીકેની પોતાની નોટમાં ‘ બાંવઢા ’ શબ્દના સંબંધમાં પોતાનો એવો અભિપ્રાય દર્શાવ્યો છે કેઃ “ લુહાણાકોમમાટે ‘ બાંવઢા ’ શબ્દ વપરાય છે. એ શબ્દના સામાન્ય અર્થમા કાંઇક તિરસ્કારનો અર્થ રહેલો છે; પરંતુ એ શબ્દ પાછળ તો ઇતિહાસ રહેલો છે. ‘ બાંવઢા ’ શબ્દનો અર્થ એ છે કે ‘બાં’ એટલે ‘બાંય’ અને ‘વઢા’ એટલે કાપી નાખનાર, એટલે કે પોતાની ઉન્નતિમાં પોતાની બાય આડે આવતી હોય, વિઘ્ન કરતી હોય, તો તેને પણ કાપી નાખી પોતાનો રસ્તો સરળ કરનાર. પોતાની ઉન્નતિના માર્ગમાં આવતા કાંટાઓને દૂર કરવા એમાં કાંઇ ખોટું હોય એમ અમે માનતા નથી. હા, એટલું તો સત્ય છે કે તેમાં નિર્દોષને અન્યાય ન થાય એ ધ્યાનમાં રખાવું જોઇએ. રાજ્યમાં ચાલતા અંધેરને નિવારવાને કે કાબુમાં ન રહેતી મદમસ્ત બનેલી રાજસત્તાને અંકુશમાં રાખવાને કદાચ પ્રસંગવશાત્ બહારનાં રાજ્યોની મદદ લઇ* રાજસત્તાને ઠેકાણે લાવનારને તિરસ્કારના હેતુથી ‘બાંવઢા’

---

* અહીં રા. છગનલાલભાઇએ રાવશ્રી ગોડજીના શાસનકાળમાં લોહાણા દીવાન પૂંજા શેઠ એક રાજનૈતિક કારણથી ઇ. સ. ૧૭૬૧ કે ૧૭૬૨ માં સિંધના સત્તાધીશ ગુલામશાહ કલોરાને કચ્છપર ચડાઇ કરવાને લઇ આવ્યા હતા એ ઐતિહાસિક ઘટનાનો માર્મિક ઉલ્લેખ કર્યો છે; પરંતુ એ અહીં લક્ષમાં રાખવાનું છે કે ગુલામશાહને કચ્છમાં સ્થાયી ન

કહેવા એ વ્યાજબી નથી." (જુઓ 'કચ્છ **વર્તમાન**+ પત્રનો સંવત્ ૧૯૯૮. ચૈત્ર શુદ પૂર્ણિમાનો અંક: પૃષ્ઠ ૨૩૬. કોલમ ૨ જી).

'**બાંવડા**' શબ્દ, વિશારદ હિંદુ ઉપનામનો વાસ્તવિક અર્થ ઉત્તમ હોવા છતાં રા. શેઠ **રાઘવજીભાઇ**, રા. **હીરાલાલ** ગણાત્રા તથા રા. **જયકૃષ્ણ વર્માએ** તો તેમનો ઉદ્દેશ **મલિન** હોવાથી કચ્છી **લોહાણા**-ઓના સંબંધમાં '**બાંવડા**' શબ્દનો અધમ અર્થમાં જ પ્રયોગ કરેલો છે; માત્ર એટલું જ નહિ, પણ **કચ્છી લોહાણાઓને** 'જારજાત' (વેશ્યાપુત્ર) કહેવા સુધીની ધૃષ્ટતા કરી બતાવી છે અને તેટલા-માટે જ **અમારે** આ પુસ્તકના લેખન તથા પ્રકાશનદ્વારા યથાશક્ય પ્રબળ તથા દીર્ઘ પ્રતિવાદ કરવો પડ્યો છે. જો અમારો આ પ્રયત્ન મુંબઈના શ્રી કચ્છી લોહાણા **મહાજન** તથા કચ્છી લોહાણા **જાતિના** આદરને પાત્ર થશે અને આ પુસ્તકના પઠન-**વાચન-થી** મુંબઈના શ્રી કચ્છી લોહાણા **મહાજન મંડળના** સમર્થ મહાનુભાવો આ પુસ્તકના અંતમાં જણાવ્યા પ્રમાણે કચ્છી લોહાણાઓને ભયાનક ગાલિપ્રદાન કરનાર શેઠ **રાઘવજીભાઇ**, રા. **હીરાલાલ** ગણાત્રા તથા રા. **જયકૃષ્ણ**

ચવા દેવા પાછો **સિંધમાં** મોકલી દેનાર પણ એ પૂંજા શેઠ જ હતા. કરણ **વેઘેલાના** પ્રધાન **માધવે** જેવી રીતે **અલાઉદ્દીન ખિલજીના** સૈન્યને ગુજરાતમાં લાવી ગુજરાતના ક્ષત્રિય રાજવંશનો નાશ કરાવી ગુજરાતદેશને શાશ્વત પરતંત્રતાની ઊંડી ખીણમાં નાખી દીધો હતો તેવી રીતે પૂંજા શેઠે કચ્છના **જાડેજા** રાજવંશનો નાશ કરાવી નાખવાનું અને કચ્છ દેશને **વિદેશી તથા** વિધર્મી રાજસત્તાના હસ્તમાં સદાને માટે સોંપી દેવાનું પાતક કર્યું ન હોતું, એ જ કચ્છી **લોહાણાની વિશિષ્ટ શ્રેષ્ઠતા.**

+ 'કચ્છ **વર્તમાન**' કચ્છના વિષયોને ચર્ચતું એક પાક્ષિક **પત્ર છે અને તેનું** વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦ છે. આ પત્ર **અમદાવાદ, રાયપુરમાં** પ્રકટ થાય છે.

વર્મા તેમજ તે ગાલિપ્રદાન પ્રાસ્તાવિકને પોતાના પત્રમાં સર્વથી પ્રથમ પ્રકટ કરનાર ' લોહાણા હિતેચ્છુ 'ના તંત્રી રા. લાલજી નાગજી ગણાત્રા પાસેથી એ ગાલિપ્રદાનનું યોગ્ય ઉત્તર માગવાને કિંવા પોતાની પ્રતિષ્ઠાને રક્ષવાના અન્ય યોગ્ય ઉપાયોને યોજવાને કટિબદ્ધ થઈ જશે, તો તેથી અમો-લેખક તથા પ્રકાશક-અમારા સર્વથા નિઃસ્વાર્થ ભાવથી કરાયલા આ પ્રયત્ન કિંવા પરિશ્રમની પર્યાપ્ત સફળતા તથા સાર્થકતા એટલી માનીશું અને એ સફળતાને જ અમારા પરિશ્રમનું પૂર્ણ પારિતોષિક પ્રમાણીશું.

અહીં જે એક અન્ય વાર્તાને પ્રદર્શિત કરવાની આવશ્યકતા છે તે વાર્તા એ છે કે પૂર્વે જણાવ્યા પ્રમાણે સુરજભી ધારસિંહભાઈ તથા રા. આનંદજીભાઈએ મહાજનના દફતરોની ઉપયુક્ત નોંધો તથા તકરીરો પૂરી પાડવા ઉપરાંત કેટલીક બીજી સામગ્રીઓ પણ આ પુસ્તક લખવામાટે પૂરી પાડેલી છે અને તેમાટે હું તેમનો ઋણી છું; કારણ કે, એ સર્વ સાધનો વિના આ પુસ્તક આવા યોગ્ય સ્વરૂપમાં ભાગ્યે જ લખી શકાયું હોત.

---

* અહીં એ પણ જણાવી રાખવાની આવશ્યકતા છે કે જેવી રીતે શેઠ. રાઘવજીભાઈને ગાલિપ્રદાનનિબંધ તથા ગાલિપ્રદાનપ્રાસ્તાવિક લખી આપનાર રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્મા ગુજરાતી લોહાણા છે તેવી જ રીતે એ ગાલિપ્રદાનનિબંધને પોતાના છાપખાનામાં છાપી આપનાર રા. રા. વિઠ્ઠલભાઈ આશારામ પણ ગુજરાતી લોહાણા છે એટલે ગાલિપ્રદાનના સહાયકોમાં એની એક વ્યક્તિની વૃદ્ધિ થાય છે. આવી રીતે કચ્છી લોહાણાઓને ગાલિપ્રદાન કરવાના કાર્યમાં રા. શેઠ રાઘવજીભાઈને હાલાઈ તથા ગુજરાતી લોહાણાઓએ પોતાથી આપી શકાય તેટલી સહાયતા સ્વાર્થસિદ્ધિ તથા પક્ષપાતના કારણથી આપી છે.

જે **પરમકૃપાળુ પરમાત્માની** કૃપાથી આજે અમારા દસ્તર્થ જ્ઞાતિસેવાના આ યત્કિંચિત્ કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થઇ છે તે **પરમાત્માને** ધન્યવાદ આપીને આ ઉપોદ્ઘાતની ઇતિશ્રી કરવામાં આવે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

અહમ્મદાબાદ (**અમદાવાદ.**)
વૈશાખ, કૃષ્ણ ત્રયોદશી સં. ૧૯૮૦:
તા. ૩૧ મી જૂન ૧૯૨૪: શનિ

જ્ઞાતિહિતવાદી
ઠક્કુર **નારાયણ વિસનજી**

પ્રસ્તુત પુસ્તકના સંબંધમાં રા. રા. ઠક્કર દેવજી ત્રીકમજી કાણીઆ બી. એ. એલ્. એલ્. બી (વકીલ, હાઇકોર્ટ મુંબઇ)નો અભિપ્રાય

રામચંદ્ર લાલજી બિલ્ડિંગ
કર્નાકરોડ, મુંબઇ, નં. ૨
તારીખ ૨૬મી મે સને ૧૯૨૪

પરમપ્રિય સુહૃદ્ નારાયણ ઠ઼ુર,

"**લોહાણા**" '**બાંવઢા**' એટલે 'રઘુવંશી' અથવા શેઠ રાઘવજી પુરુષે.તમે ઇનામ આપીને મુંબઇના સમસ્ત કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત લોહાણા જાતિને ગાલિપ્રદાન કરવામાટે લખાવેલા નિબંધના રહસ્યનો પ્રકાશ' નામક જે પુસ્તક આપની તેજસ્વી કલમથી લખાયેલ છે, તે પુસ્તક પ્રકટ થયા પૂર્વે તેના વાંચનનો લાભ પુસ્તકના પ્રકાશક અને મારા હિતૈષી શ્વસુર શ્રીયુત ધારસિંહ હેમરાજ દ્વારા મને મળ્યો છે. એ પુસ્તકનું મેં સાદ્યન્ત નિરીક્ષણ કર્યું છે, અને તેથી પરમ સંતોષ થયો છે.

જ્ઞાતિવિષયક કે બીજી કોઇ પણ પ્રકારની સાર્વજનિક પ્રવૃત્તિઓ કે પ્રગતિઓમાં છેલ્લાં પાંચ સાત વર્ષ થયાં ઉદાસીનતા છતાં ૨૮ જૂન ૧૯૨૩ના "લોહાણા હિતેચ્છુ"ના અંકમાં પ્રકાશિત થયેલ બૅરિસ્ટર સાહેબ જયકૃષ્ણદાસ નાગરદાસ વર્માની મનનીય (?)' માર્ગદર્શક (?) પ્રસ્તાવનાએ મારી રગેરગમાં ક્રોધની જ્વાલા પ્રકટાવી અને મેં તરત આવી રીતે કચ્છી લોહાણાઓને અસભ્ય, અશ્લીલ, નિંદ્ય ગાલિપ્રદાન કરનાર તેમ જ ગાલિપ્રદાનના આશ્રયદાતા અને ઉત્તેજકોની સખ્ત ખબર લેવા મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજ-

જનને લખ્યું હતું; પરંતુ મારે શોક સાથે કહેવું પડે છે કે આ બાબતની મારી કરેલ અરજીને આજે લગભગ દશ મહિના થવા છતાં મુંબઈના મહાજનશ્રી તરફથી અદ્યાપિ કાંઈ થયું નથી, અને મારી અરજી હજી ખોરંભે પડી છે.

મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજન તરફથી તો મારી અરજીનો કાંઈ નિકાલ ન થયો.* છતાં લાંબે સમયે પણ આપણા જ્ઞાતિબંધુ શ્રીયુત જહુરાય દુર્લભજી ખંધડીઆ તરફથી શ્રીમાન્ શેઠ રાઘવજી પુરુષોત્તમે રૂ. ૫૦૦)નું ઇનામ આપી લખાવેલ 'લોહાણાનિન્દા-પુરાણ'ની સમાલોચના થઇ, અને ભાઈ જહુરાયના મિત્ર આપણા જ્ઞાતિબંધુ ભાઈ લલ્લુભાઈ રંગીલદાસ ઠક્કર તરફથી ઇનામ આપી લખાવેલ સ્વજ્ઞાતિનિન્દાપુરાણમાટે મારો અભિપ્રાય આગ્રહપૂર્વક માગવામાં આવ્યો, મેં તેમની માગણી ઉત્સાહથી સ્વીકારી, અને ભાઈ જહુરાયની સમાલોચનામાં મારા અભિપ્રાયને ઉપોદ્ઘાતરૂપે સ્થાન મળ્યું. આથી મારા સંતપ્ત હૃદયને કાંઈક અંશે આશ્વાસન મળ્યું એ વાત મારે મુક્તકંઠે સ્વીકારવી જોઈએ.

પરમસ્નેહી બંધુ! શ્રીમાન્ શેઠ રાઘવજીના ઇનામી નિબંધની મેં સમાલોચના નથી કરી, એટલે 'ખાંવરા'નો વાસ્તવિક અર્થ શો હોવો જોઈએ, શ્રીયુત સૉલિસિટર હીરાલાલે 'ખાંવરા'નો અર્થ

---

* જે કેટલીક વાર્તાઓ મારા જાણવામાં આવી છે તેથી તો એવું જ અનુમાન કરી શકાય છે કે આ વિષય પરત્વે મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજને ધારી લીધેલા આ દીર્ઘ મૌનનાં કેટલાંક એવાં જ કારણો હતાં; પરંતુ હવે તે કારણોનું કેટલેક અંશે નિવારણ થઈ ગયેલું હોવાથી હવે શીઘ્ર જ મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજનના સમર્થ આગેવાનો એ ગાલિ-પ્રદાતા ગૃહસ્થો પાસેથી ગાલિપ્રદાનનો યોગ્ય ઉત્તર માગશે અને જો તેઓ ક્ષમા માગવાનો વિવેક ન દર્શાવે, તો અન્ય ઉચિત ઉપાયોને યોજશે એવો મારો પોતાનો તો દૃઢ વિશ્વાસ છે.

ઠક્કુર નારાયણ

વાસ્તવિક કર્યો છે કે સ્વજાતિને નિન્દવાના હેતુથી તેમણે જાણીબૂઝી વિકૃત અર્થ કર્યો છે, એ વગેરે ચર્ચાની કડાકૂટમાં હું ઉતર્યો નથી, અને એ કડાકૂટમાં ઉતરવા મેં વિચાર પણ કર્યો ન હતો. એ લેખકોએ કચ્છી લોહાણાઓની ફજેતી કરવા જે અપકૃત્ય કર્યું તેમાટે મેં મારો સ્વાભાવિક ક્રોધ દર્શાવેલ છે, અને શ્રીમાન્ રાઘવજીભાઈને મારી શક્તિ-અનુસાર ઉપાલંભ આપેલ છે, એથી વિશેષ મેં નથી કર્યું. હું આશા રાખુંછું કે મારો આ ખુલાસો આપ માન્ય રાખશો અને આપે પ્રસ્તાવનામાં મને જે ઉપાલંભ આપેલ છે તેથી મને મુક્ત કરશો.+

શ્રીયુત બંધટીઆની સમાલોચનાના સંબંધમાં ભાઈ લલ્લુભાઈ તથા હું મારા શ્વસુર શ્રીયુત ધારસિંહને મળ્યા અને તેમની ઉપયોગી તથા કીમતી સલાહના પરિણામે ભાઈ જહુરાયની સમાલોચનાનો કચ્છી લોહાણા બંધુઓ તરફથી સારો સત્કાર થયો.* આ અરસામાં

+ સ્નેહશીલ સુહૃદ, મેં આપને ઉપાલંભ આપ્યો જ નથી: મેં તો પ્રસ્તાવનામાં કેવળ એ જ દર્શાવ્યું છે કે કેટલીકવાર અમુક શબ્દના વિપરીત અર્થના થતા સતત ઘોષના શ્રવણથી વિદ્વાનોના હૃદયમાં પણ તે શબ્દનો વિપરીત અર્થ ઠસી જાય છે. આપનો આ ખુલાસો મને સર્વાંશે માન્ય છે અને તેમાટે મેં પ્રસ્તાવનામાં યોગ્ય સ્થળે એક ટિપ્પણ–ફુટનોટ–લખીને આપને એ ભાસતા ઉપાલંભના બંધનથી સર્વથા મુક્ત કરી દીધા છે; માત્ર એટલું જ નહિ, પણ આપે આ ખુલાસો લખી મોકલવાની જે વિવેકયુક્ત ઉદારતા દર્શાવી છે તેમાટે હું આપને ધન્યવાદ આપુંછું.

ઠક્કુર નારાયણ

* પ્રિય મિત્ર દેવજીભાઈ, મારે અહીં સત્યના સમર્થનમાટે કહેવું પડે છે કે રા. જહુરાયની લખેલી સમાલોચનાનો કચ્છી લોહાણા બંધુઓના હસ્તે જો સારો સત્કાર થયો હોય, તો તેનું એક કારણ જેવી રીતે માન્યવર શ્રી ધારસિંહભાઈની ઉપયુક્ત તથા કીમતી સલાહ છે તેવી જ રીતે બીજું કારણ આપનો લખેલો ઉપોદ્ઘાત છે; કારણ કે, એ નિર્જીવ પુસ્તકમાં આપના ઉપોદ્ઘાતે જ કાંઈક પ્રાણપ્રતિષ્ઠા કરી છે. અર્થાત્ જો આપનો ઉપો-દ્ઘાત તેમાં ન હોત, તો તે પુસ્તકનો કચ્છી લોહાણા બંધુઓના હસ્તથી

આપના પુસ્તકના મુદ્રાંકિત થયેલા ભાગોના વાંચનનો અલભ્ય લાભ મારા શ્વસુર તરફથી મને મળ્યો.

આપના પુસ્તકના વાંચનથી મને જે અકથ્ય આનંદ થયો તેનું કોઈ પણ પ્રકારનું મૂર્ત સ્વરૂપ રજૂ કરવા મારી પાસે શબ્દો નથી.

આપે આના પુસ્તકને બે ભાગમાં વ્હેંચી નાખેલ છે. પ્રથમ ભાગમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની મિનિ્ુટબુકોમાંથી આવશ્યક અવતરણો ઉદ્ધૃત કરી તેમ જ બીજા દસ્તાવેજી પૂરાવાથી આપે સચોટ સાબિત કરી આપ્યું છે કે, શ્રીમાન્ શેઠ રાઘવજીભાઇનું શ્રી કચ્છી લોહાણા મહાજન સાથેનું વૈમનસ્ય અકારણ હતું અને ક્રોધના આવેશમા મોટું ઇનામ આપી સ્વજ્ઞાતિનિન્દાત્મક પુરાણ રચાવી પૈસાનો ધૂમાડો કરવો પડ્યો તેમાટે ગાલિપ્રદાનવિશારદ બૅરિસ્ટર જયકૃષ્ણદાસ નાગરદાસ વર્માદ્વારા પ્રાસ્તાવિકમાં જે કારણો દર્શાવવામાં આવેલ છે તે સર્વથા મનઃકલ્પિત તથા પાયાવગરનાં છે એમ સપ્રમાણ સિદ્ધ કરી બતાવેલ છે; અર્થાત આપે એમ પૂરવાર કરી આપેલ છે કે શેઠ રાઘવજીની સ્વજ્ઞાતિ જનો ઘૃણાસ્પદ ઇર્ષ્યા કરે છે, એ તેમની માત્ર ભ્રમણા જ છે. આ ભાગમાં અસભ્ય, અશ્લીલ, નીચ અને નિંદ્ય ગાલિપ્રદાનમાં નિષ્ણાત બૅરિસ્ટર સાહેબ જયકૃષ્ણદાસ નાગરદાસ વર્માને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના કેટલાક પ્રતિષ્ઠિત નેતાઓને નીચ ગાલિપ્રદાન કરવાના અપકૃત્યનું ઠીક ભાન કરાવેલ છે.

બીજા ભાગમાં લોહાણાઓની અને વિશેષતઃ કચ્છી લોહાણાઓની 'બાંવડા' ઉપાધિ પ્રશસ્ત અર્થસૂચક છે, તે વાત મૂળ દંતકથાને વિસ્તારથી સમજાવી અને સ્વમાન તથા પ્રતિષ્ઠારક્ષાર્થે કચ્છી

મહાર થયો હોત કે કેમ, એ પ્રશ્નનું ઉત્તર આપ પોતાના આત્મા તથા હૃદય પાસેથી મેળવી શકો તેમ છે.

ઠક્કુર નારાયણ

લોહાણાઓએ ઘણી વખત વીરહાક વગાડી છે, અને કચ્છી લોહાણાઓનું નામમાત્ર પણ તેમને સતાવનારને ભયસૂચક છે એ આપે પ્રમાણભૂત દાખલા દલીલોથી સિદ્ધ કરેલ છે, અને સાથે એમ પણ સાબિત કરી આપેલ છે કે રૂ. ૫૦૦) નું ઇનામ ખાટી જનાર સૉલિસિટર્ સાહેબ શ્રીયુત હીરાલાલે કાં તો રૂ. ૫૦૦) ના લોભે અને શેઠ રાઘવજીને સંતોષવા અને કાં તો પોતે કચ્છી ન હોવાથી કચ્છી લોહાણાઓની વીરતાનાં જીવતાં જાગતાં પ્રમાણોની અજ્ઞાનતાના કારણે લોહાણાઓની 'બાંવઢા' ઉપાધિ 'ખીજ'ના અર્થમાં ઘટાવી છે.

ઉપસંહારમાં આપે સ્વજ્ઞાતિનિન્દાપુરાણ રચાવનાર, તેના રચયિતા, તેને માટે પ્રાસ્તાવિક લખનાર અને આ ત્રણે વ્યક્તિઓના ભાટનું કામ કરનાર 'લોહાણા હિતેચ્છુ' પત્રના સ્વામીને તેમનાં અપકૃત્યોમાટે પશ્ચાત્તાપ કરવા ઉપદેશ આપેલ છે; એટલું જ નહિ; પરંતુ શ્રી કચ્છી લોહાણા મહાજન પાસે પોતાનાં અપકૃત્યોમાટે વગર શરતની ક્ષમા માગવા ઉપદેશ કરેલ છે. ઇશ્વર એ ચારે વ્યક્તિઓને સદ્બુદ્ધિ આપે.

સમસ્ત પુસ્તકની ભાષા તેજસ્વી અને તીક્ષ્ણ છે, કચ્છી લોહાણાઓના સ્વજ્ઞાત્યાભિમાનની પોષક છે, અને તેમના વૈરીઓને સખ્ત આઘાત કરનારી છે. આ પુસ્તક કચ્છી લોહાણાઓને મનનીય અને આત્મસંશોધનમાટે પઠનીય છે. ઇત્યલમ્.

લિ. આપનો પ્રેમાકાંક્ષી

ભાઇ દેવજી ત્રિકમદાસ કારીઆના

વન્દેમાતરમ્

---

* રા. હીરાલાલ ગણાત્રાએ 'બાંવઢા' ઉપનામ ઉત્તમ અર્થને દર્શાવનાર હોવા છતાં એ સબ્દને જે કારણથી હીન અર્થમાં ઘટાવ્યો છે તે કારણનું આ પુસ્તકમાં વિસ્તૃત વિવેચન કરાયલું હોવાથી અહીં એના ઊહાપોહથી આવશ્યક્તા નથી.

ઠક્કર નારાયણ

અનુક્રમણિકા

'ભાંવદ્રા' એટલે 'રઘુવંશી'

But if thou wilt not play thy part
in this contest for righteous ends,
To duty lost, to honour lost,
thou'lt be 'adept' in naught but *sin*

The tale of thy undying shame
'mongst nations will be handed down;
And for a man to high fame used,
dishonour reckons worse than death"

The chiefs of high command will deem
thou hast from *fear* the contest fled,
And they that now think much of thee
will henceforth hold thee in contempt."

F. T. Brooks' English Translation
of the "Bhagavad Gita" P. 16.

ॐ तत्सत्परमात्मने नमः

'બાંવઢા' એટલે 'રઘુવંશી'

અથવા

શેઠ રાઘવજી પુરુષોત્તમે ઇનામ આપીને મુંબઈના સમસ્ત કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત લોહાણા જાતિને ગાલિપ્રદાન કરવામાટે લખાવેલા નિબંધના રહસ્યનો પ્રકાશ

પ્રસ્તુત પ્રત્યુત્તર લખવાનો ઉદ્દેશ

ઉર્દુ ભાષામાં એક એવી કિંવદન્તી કિંવા કહેવત દીર્ઘકાળથી પ્રચલિત છે કેઃ " જિસ્કી આંખોપર ચરબી છા જાતી હય્ ઉસ્કો શેરકી બકરી હી નજર આતી હય્," એટલે કે, 'જેની આંખોપર ચરબી છવાઇ જાય છે તેને વનરાજ કેસરી બકરીના સ્વરૂપમાં જ દૃષ્ટિગોચર થાય છે' અને એ કહેવતના સત્યાંશનો આપણને અત્યારે આપણી જ્ઞાતિના ઇતિહાસના નામથી જે લઘુ પુસ્તક અથવા **" આપણે લોહાણા 'રઘુવંશી' કે 'બાંવઢા' ? "** શીર્ષક ઇનામી નિબંધ **શ્રીયુત શેઠ રાઘવજી પુરુષોત્તમના** પાંચ સો રૂપિયાની પ્રેરણા તથા રા. રા. **હીરાલાલ હરજીવન** ગણાત્રા બી. એ., એલ્. એલ્. બી. સૉલિસિટરની લેખિનીથી લખાઇને શ્રીયુત જયકૃષ્ણ નાગરદાસ વર્મા બી, એ., એલ્. એલ્. બી., એમ. એસ્. સી. ઇકોન (લંડન); બૅરિસ્ટર્-ઍટ્-લૉ ઇત્યાદિ ઇત્યાદિની લેખિનીથી લખાયલા પ્રસ્તાવ સહિત પ્રકાશિત થયેલો છે તે લઘુ પુસ્તક અથવા ઇનામી નિબંધના લક્ષ-

પૂર્વક વાંચનથી સંપૂર્ણ સાક્ષાત્કાર થઈ શકે છે; કારણ કે, એ નિબંધ જેમનું મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજન સાથે કેટલાંક માની લીધેલાં કાલ્પનિક કારણોવશાત ભયાનક વૈમનસ્ય થઈ ગયું છે તે શ્રીમાન્ શેઠ રાઘવજી પુરુષોત્તમે તેમની પોતાની માન્યતા અનુસાર ‘ **બાંવઢા** ’ વિશેષણનો અર્થ ‘બંધુઘાતક’ હોવાથી સમસ્ત લોહાણા-જાતિના પુરુષોને બંધુઘાતક સિદ્ધ કરી બતાવવાની પક્ષપાતયુક્ત દૃષ્ટિ કિંવા બુદ્ધિથી લખાવ્યો છે; રા. રા. હીરાલાલ ગણાત્રાએ શેઠ રાઘવજીભાઇના પાંચ સો રૂપિયાના દર્શનથી તેમના તે પક્ષપાતને સ્વીકારી લીધો છે અને રા. જયકૃષ્ણ વર્માએ તેમના પોતાના જ શબ્દોમાં કહીએ, તો ‘ **નિબંધ માગનાર અને લખનાર બન્ને વ્યક્તિઓ તરફના સ્વાભાવિક પક્ષપાતથી પ્રેરાઇને** ’ પ્રાસ્તાવિક લખવાના ‘ **આમંત્રણને સહર્ષ સ્વીકારી** ’ લીધું છે એટલે એથી એ નિબંધના નિર્માણમાં ચાલેલી પક્ષપાતની પરંપરા પ્રત્યક્ષ દેખાઇ આવે છે અને જ્યાં પક્ષપાતનું આટલી સીમા પર્યન્ત પ્રાબલ્ય પ્રસરેલું હોય, ત્યાં બુદ્ધિની સમતોલતા તથા ન્યાયપ્રિયતાનો લોપ થઇ જાય એ સ્વાભાવિક હોવાથી એ નિબંધમાં સમસ્ત લોહાણાજાતિને વારંવાર ભયંકર ગાલિપ્રદાનયુક્ત અશ્રુતપૂર્વ અન્યાય અપાયલો જોઇને જેમ કોઇને વિશેષ પરિમાણમાં આશ્ચર્યચકિત થવાનું કારણ નથી તેમ જ એવા એકપક્ષીય તથા કેવળ દ્વેષબુદ્ધિથી લખાવાયલા તથા લખાયલા નિબંધનું ખંડનાત્મક ઉત્તર લખવાની પણ આવશ્યકતા નથી એ જો કે સત્ય છે; તથાપિ કેટલીક વાર જો આવા એક-પક્ષીય તથા સર્વથા અસત્યવાદથી ભરેલા લેખોનો અન્ય પક્ષદ્વારા સપ્રમાણ, સમર્થક તથા સબળ પ્રતિવાદ નથી કરવામાં આવતો, તો તેથી એવા અસત્યવાદી તથા પક્ષપાતી આક્ષેપકોને એમ બોલવાનો અનાયાસ અવસર મળી જાય છે કે “ અમારો લેખ એટલો બધો સપ્રમાણ તથા સબળ છે કે અમારા એ લેખનો કોઇથી પ્રતિવાદ કરી શકાય તેમ છે જ નહિ અને એ કારણથી જ અમારા વાદનો અઘાપિ

કોઇથી પ્રતિવાદ કરી શકાયો નથી;" માત્ર એટલુંજ નહિ, પણ આવા નિંદ્ય લેખોના સબળ પ્રતિવાદના અભાવે કેટલાક સાધારણ બુદ્ધિના મનુષ્યો એવા અસત્ય લેખને સર્વથા સત્ય તરીકે સ્વીકારી લે છે અને કાળના વહન સાથે તેનું અતિશય વિઘાતક પરિણામ નિષ્પન્ન થાય છે. અર્થાત્ એવા અસત્યવાદી તથા પક્ષપાતી આક્ષેપકોને પોતાના કથનને કિંવા અસત્યવાદને વેદવાક્ય તરીકે મનાવવાનો અવસર ન મળી શકે અને સાધારણ બુદ્ધિના મનુષ્યોના મનમાં એવા લેખનું વિઘાતક પરિણામ થતું અટકી જાય એટલામાટે એવા અસત્ય લેખના પ્રતિવાદની આવશ્યકતા અનિવાર્ય હોવાથી ઉપર્યુક્ત શેઠ રાઘવજી પુરુષોત્તમના લખાવેલા અને રા. હીરાલાલ ગણાત્રાના લખેલા સાદ્યોપાન્ત અસત્યવાદપરિપૂર્ણ તથા વિઘાતક નિબંધના નિષ્પક્ષપાત તથા સપ્રમાણ પ્રતિવાદરૂપ આ નિબંધ લખવામાં આવ્યો છે. સારાંશ કે, અસત્ય તથા પક્ષપાતપૂર્ણ આક્ષેપોનો સત્ય તથા તટસ્થ બુદ્ધિથી પ્રતિવાદ કરવો એ જ પ્રસ્તુત નિબંધલેખનનો એકમાત્ર ઉદ્દેશ છે.

પ્રસ્તુત નિબંધની મર્યાદા

રા. હીરાલાલ ગણાત્રાએ પોતાના લખેલા કેવળ ૭૬* પાનાંના નિબંધને જો કે "આપણે લોહાણા 'રઘુવંશી' કે 'બાંવઠા'? યાને લોહાણાઓની ઉત્પત્તિ અને પ્રભવસ્થાન" એટલું મોટું નામ આપી દીધું છે; પરંતુ જો વાસ્તવિકતાથી જોવામાં આવે, તો શેઠ રાઘવજીભાઇની ઇચ્છાને અનુસરીને લોહાણાઓને 'બાંવઠા' એટલે કે 'બંધુઘાતક' સિદ્ધ કરી બતાવવા અને મુંબઇના કચ્છી લોહાણા મહાજનને તેની નિન્દા કરીને શેઠ રાઘવજીભાઇના સંતોષમાટે યથેષ્ટ ગાલિપ્રદાન કરવું એટલો જ તેમના નિબંધલેખનનો પ્રધાન ઉદ્દેશ હોવાથી તેમના નિબંધમાં લોહા-

* એ નિબંધના એકંદર રૉયલ ૧૬ પેજી કદનાં ૧૦૪ પૃષ્ઠ છે, તેમાંથી રા. જયકૃષ્ણ વર્માના પ્રાસ્તાવિક, મુખપૃષ્ઠો તથા પરિશિષ્ટ આદિનાં ૨૮ પૃષ્ઠ બાદ કરતાં બાકી નિબંધનાં કેવળ ૭૬ પૃષ્ઠ જ અવશિષ્ટ રહે છે.

ણાઓની ઉત્પત્તિ તથા લોહાણાઓના પ્રભવસ્થાનની જે ચર્ચા કરાયલ છે તે ચર્ચા પાઠકવર્ગને ભ્રમમાં નાખવાના ઉદ્દેશથી તથા પોતાને ઇતિહાસ લેખકોમાં ખપાવવાના આશયથી જ કરાયલી હોવાથી સર્વથા ગૌણ તથા અપ્રાસંગિક છે એ તો કોઈ પણ કહી શકે તેમ છે; માત્ર એટલુ જ નહિ, પણ લોહાણાઓની ઉત્પત્તિ તથા લોહાણાઓના પ્રભવસ્થાનના સંબંધમાં રા. હીરાલાલ ગણાત્રાએ જે અનુમાનો દર્શાવ્યાં છે તે એટલાં બધાં અનિશ્ચિત તથા ભ્રમપૂર્ણ છે કે એ અનુમાનોને ઐતિહાસિક ગવેષણાના યોગ્ય પરિણામ તરીકે કદાપિ ઓળખી શકાય તેમ છે જ નહિ, એટલામાટે પ્રસ્તુત નિબંધમાં લોહાણાઓની ઉત્પત્તિ તથા લોહાણાઓના પ્રભવસ્થાનની ચર્ચાને સ્થાન ન આપતાં* રા. જયકૃષ્ણ વર્માએ પ્રાસ્તાવિકમા મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજન પર જે અસત્ય આક્ષેપો કરેલા છે અને શ્રી કચ્છી લોહાણા મહાજનને ગાળો ભાંડવામાં પોતાની વિદ્યા તથા બુદ્ધિમત્તાનો જે દુરુપયોગ કરી બતાવ્યો છે તે આક્ષેપો કેટલી સીમા પર્યન્ત અસત્ય તથા કાલ્પનિક છે તેમ જ "આંવઢા" શબ્દનો લોહાણા જાતિના પુરુષોને બળાત્કારે "બંધુઘાતક" સિદ્ધ કરી બતાવવામાટે રા. હીરાલાલ ગણાત્રાએ મારી મચડીને કેવો વિપરીત અર્થ ઉપજાવી કાઢવાનો હાસ્યાસ્પદ પ્રયત્ન કર્યો છે એ જ મારે પ્રસ્તુત નિબંધદ્વારા સપ્રમાણ સિદ્ધ કરી બતાવવાનું છે અને તેથી શેઠ ગોવર્ધન પુરુષોત્તમે ઇનામ આપીને લખાવેલ બાહુતી ગાલિપ્રદાન નિબંધના રહસ્યનો પ્રકાશ એ જ મારા પ્રસ્તુત નિબંધની મર્યાદા છે.

---

* જો પરમાત્માની ઇચ્છા હશે તો લોહાણાઓની ઉત્પત્તિ તથા લોહાણાઓના આદિનિવાસસ્થાનના સંબંધમાં મેં જે અનેક પૌરાણિક તથા ઐતિહાસિક સાધનો એકત્ર કરેલાં છે તે સાધનોના આધારે ઇતિહાસ લેખનની વર્તમાન પદ્ધતિ અનુસાર "લોહાણા જાતિનો ઇતિહાસ" નામક પ્રામાણિક ગ્રંથ લખવાનો મારો મનોભાવ છે એટલે એ વિષયની હું ગ્રંથમાં જ વિસ્તારપૂર્વક ચર્ચા કરીશ.

શેઠ રાઘવજીભાઇએ નિબંધ લખાવ્યો તેનું કારણ

રા. જયકૃષ્ણ વર્મા શ. રાઘવજીભાઇએ લખાવેલા નિબંધના કારણને દર્શાવતાં પ્રાસ્તાવિકમાં લખે છે કેઃ—

"“પ્રાણ જાય પણ વચન ન જાય” એ રીતિ રઘુકુલથી ચાલી આવી છે. આજે આપણે જુદીજ રીતિ ચલાવી રહ્યા છીએ. યૂરોપીય યાદવીના સમયમાં જર્મન કયસરે વચનની કીંમત કાગળના ટુકડા જેવી ગણી હતી; એ યાદવી શમ્યા પછી લોઇડ જ્યોર્જે પણ વચનોની કીંમત તેટલીજ આંકી છે; આપણે રઘુવંશીઓ (?) નિઃસંશય એથી વધારે કીંમત નથી આંકતા, એમ ઘણા દાખલાથી સિદ્ધ થઇ શકે. નિઃસ્વાર્થ ભ્રાતૃભાવને સ્થાને તો જ્યાં નજર કરો ત્યાં મોટે ભાગે ઇર્ષ્યા અને કુસંપનાં વાદળ ઘેરાયલાં દેખાશે. “ખાંવદા” ઉપનામને સાર્થક કરે એવા આપણા આ દુર્ગુણો રઘુવંશી હોવા માટે આપણને નિઃસંશય નાલાયક ઠેરવે છે.

"એક તરફ રઘુવંશી હોવાનો આ દાવો અને બીજી તરફ એ કુલના વંશજને ન છાજે એવી આપણી આધુનિક શોચનીય સ્થિતિ કોઇ પણ જ્ઞાતિહિતચિન્તકના હૃદયમાં શંકાને સ્થાન આપે એમાં નવાઇ નથી. પ્રત્યેક સહૃદય સજ્જનને એ પરિસ્થિતિ જોઇ સહજ પ્રશ્ન થાય કે, રઘુવંશી હોવાનો આપણો દાવો સાચો હશે કે ખોટો? આપણે ખરેખરા રઘુવંશી હોઇએ, તો એ કુલનાં અપૂર્વ લક્ષણો, સ્વાર્થ-ત્યાગ, આત્મભોગ, એકવચન, ઉદારતા અને ભ્રાતૃભાવ આદિ આપણામાં દેખાવાં જોઇએ, તેને બદલે આપણે સ્વાર્થ, અનુદારતા, ઇર્ષ્યા અને કુસંપ આદિ દુર્ગુણો પોષી રહ્યા છીએ. **આ દુર્ગુણોનો કડવો અનુભવ શેઠ શ્રી રાઘવજી પુરૂષોત્તમને છેલ્લાં બે ત્રણ વર્ષમાં અનેક પ્રસંગોએ થયો છે અને તેજ કારણે પોતાના જ્ઞાતિહિતચિંતક હૃદયમાં સ્વાભાવિક ઉદ્દ્ભવતા શંકાસ્પદ પ્રશ્નોનું યથાર્થ નિરાકરણ કરવા માટે, તેમણે પ્રસ્તુત વિષય-**

પર નિબંધ માગ્યો છે.+ વિષયના શિર્ષકમાં **"રઘુવંશી"** શબ્દ વિરુદ્ધ તેમણે **"બાંવઢા"** શબ્દ મૂકયો છે તે **અર્થસૂચક છે.** **"બાંવઢા"** કચ્છી ભાષાનો શબ્દ છે, અને લોહાણાઓ માટે ઉપનામ તરીકે તે બહુધા કચ્છમાં જ વપરાય છે; ગુજરાત કાઠિયાવાડના લોહાણા બંધુઓ એ ઉપનામથી સર્વાંશે નહિ તોયે મોટે ભાગે અજ્ઞાત છે. કચ્છપ્રદેશમાં એ ઉપનામનું મૂળ ત્યાંની ભવાયા વિશેની પ્રચલિત દંતકથા હશે એમ માનવાને સબળ કારણ છે, એટલે અહિં તેનું પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. એટલું સ્પષ્ટ છે કે **"બાંવઢા"** **શબ્દ બીજ તરીકે વપરાય છે, અને આપણી આધુનિક શોચનીય સ્થિતિ, તેમાંયે ખાસ કરીને સૌથી વધારે પ્રબળ જણાતા દુર્ગુણ ઇર્ષ્યાનો યથાર્થ ખ્યાલ આપે છે.***

"નિબંધ માગવાના મુખ્ય કારણનો નિર્દેશ મેં ઉપર કરી દીધો છે. આ કારણને જન્મ આપનાર સંયોગો, શ્રીયુત શેઠ શ્રી રાઘવજી-ભાઇને જ્ઞાતિજનોની ઇર્ષ્યાના થયલા કડવા અનુભવોનો ઉલ્લેખ અત્ર કરવો અસ્થાને નહિ ગણાય. નાના પ્રકારના પ્રસંગો તો બીજાઓની જેમ એમના સંબંધમાં પણ અનેકવાર બન્યા હશે; પરંતુ ગંભીર પ્રસંગોમાંનો સૌથી પહેલો સન ૧૯૨૦ ની આખરમાં બન્યો હતો. એ વર્ષમાં એમના લઘુબંધુ શ્રીયુત શેઠ કેશવજીભાઇ યુરોપના પ્રવાસે ગયા હતા. અહિંથી ઉપડયા તે અરસામાં અનેક ભાઇઓએ જાહેરમાં તેમજ ખાનગી રીતે પોતાની સંમતિ અને સહાનુભૂતિથી તેમને એ કાર્ય માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ સમયે પરદેશગમનનો પ્રતિબંધ કરે યા પરદેશગમન કરી પાછા ફરનારને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત લેવાની ફરજ

+ આ અવતરણમાં અહીં અને કેટલાંક અન્ય સ્થાનોમાં કેટલાંક વિશિષ્ટ વાકયોના મુદ્રણમાં કૃષ્ણ અક્ષરો મેં યોજાવ્યા છે.

* રા. જયકૃષ્ણ વર્માનું આ વિધાન કેટલી સીમાપર્યન્ત ભ્રમમૂલક, પક્ષપાતયુક્ત તથા બાલિશતાદર્શક છે એનું પ્રસ્તુત પ્રત્યુત્તરરૂપ નિબંધમાં યોગ્ય સ્થળે સવિસ્તર વિવેચન કરાયલું છે.

પાડે એવો કોઇ પણ ધારો મુંબાઇના કચ્છી લોહાણા મહાજને ઘડયો ન હતો. ખરૂં કહીએ તો હજી પણ એવો ધારો અસ્તિત્વમાં નથી આવ્યો. અલબત્ત એવો ધારો ઘડવાના પ્રયત્નો થઇ ચૂકયા છે, પરંતુ જ્ઞાતિના સુભાગ્યે હજી તે ધારાપોથીપર ચઢયો નથી. આવા ધારાનો કે નિયમનો સર્વથા અભાવ છતાં શ્રીયુત કેશવજીભાઇ યરોપથી પાછા ફર્યા ત્યારે કેટલાક જ્ઞાતિજનોએ ઇર્ષ્યાથી પ્રેરાઇ હોહા કરી મૂકી હતી, અને તેમને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત લેવાની ફરજ પાડી હતી. કચ્છી લોહાણા જ્ઞાતિના ઇતિહાસમાં પરદેશગમન કર્યાના બનાવો પહેલાં ઘણાએ બન્યા હતા, પરંતુ તે વખતે આવું પ્રાયશ્ચિત્ત લેવડાવવાની કોઇને સુઝ પડી ન હતી. યૂરોપ, ઓસ્ટ્રેલિઆ, ચીન, જાપાન આદિ પરદેશોનો ખુદ કચ્છી ભાઇઓએ એ પહેલાં પ્રવાસ કર્યો હતો. આફ્રિકા અને જાવા આદિ પ્રદેશો તરફ તો ત્રણે વિભાગના જ્ઞાતિજનો પ્રતિવર્ષ મોટી સંખ્યામાં જાય છે અને પાછાયે ફરે છે. જો સમુદ્રયાન માત્રથી ધર્મભ્રષ્ટ થવાતું હોય, દેહ અશુદ્ધ થતો હોય, તો આ સર્વ બંધુઓને પ્રાયશ્ચિત્ત લેવાની ફરજ પાડવી જોઇએ. એ ન્યાયે તો કચ્છનો પ્રદેશ છોડી સમુદ્ર-માર્ગે મુંબઇમાં આવી વસનારા અનેક બંધુઓને પણ પ્રાયશ્ચિત્ત લેવ-ડાવવું જોઇએ. આ સર્વના સંબંધમાં જ્ઞાતિજનોની ધર્મની લાગણી ન દુઃખાઇ, પરંતુ શ્રીયુત કેશવજીભાઇને માટે જ તે એકાએક ફાટી નીકળી એ ઘટના સખેદાશ્ચર્ય ઉપજાવે છે; અને ખરૂં કારણ છુપાવવાનો પ્રયત્ન કર્યા છતાં, પ્રત્યક્ષ થાય છે. સાચી વાત એ છે કે ધર્મભાવનાથી નહિ પણ ઇર્ષ્યાની લાગણીથી, માત્ર હેરાન કરવાના કે હીણું લગાડ-વાના ઉદ્દેશથી જ જ્ઞાતિજનો વિવેક ભૂલ્યા હતા; **તેમની મતિ ભ્રષ્ટ થઈ હતી.** જો આ કાર્ય વિચારપૂર્વક–વિવેક પુરઃસર થયું હોત, તો એ જ્ઞાતિજનોને જરૂર ખ્યાલ આવત કે પ્રાયશ્ચિત્ત તો અજાણ્યે થયેલા પાપનું હોઈ શકે; જાણીજોઇને પાપ કરનાર માટે શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તનો વિધિ છે જ નહિ. પરંતુ વિવેકભ્રષ્ટ થનારને એ સર્વ ક્યાંથી સુઝે?*

---

* વિવેકભ્રષ્ટ થનારને સત્ય વાર્તા નથી સુઝતી એ સત્ય છે અને રા.

ઇર્ષ્યાનો અગ્નિ તેમનાં અંતઃકરણોમાં ધુંધવાતો હતો અને એ અગ્નિમાં રઘુકુલની પ્રતિષ્ઠાની તેમને આહુતિ આપવી હતી. ' ભ્રષ્ટ થઇ મતિ

જયકૃષ્ણ વર્મા ભયાનક પક્ષપાતના પરિણામે વિવેકભ્રષ્ટ થયેલા હોવાથી જાણીજોઇને પાપ કરનારમાટે પણ શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તના નાનાવિધ વિધિયો દર્શાવાયલા હોવા છતાં પણ છાતી ઠોકીને એમ કહેવાને તૈયાર થઇ ગયા છે કે: " જાણીજોઇને પાપ કરનાર માટે શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તનો વિધિ છે જ નહિ." બૅરિસ્ટરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલો મનુષ્ય ધર્મ-શાસ્ત્રપારંગત પણ હોવો જ જોઇએ એવો નિયમ નથી એ રા. જયકૃષ્ણ વર્મા ભૂલી ગયા હોય એમ જણાય છે; કારણ કે, નહિ તો આવું સર્વથા બાલિશતા તથા અજ્ઞતાદર્શક વિધાન તેઓ કદાપિ કરત નહિ. 'મનુ-સ્મૃતિ'ના ૧૧મા અધ્યાયના ૪૬ તથા ૪૭મા શ્લોકમાં પ્રાયશ્ચિત્તના સંબંધમાં એવું વિધાન કરાયલું છે કે: " અનિચ્છાથી કરાયલું પાપ વેદના અભ્યાસથી છૂટી જાય છે અને મોહવશ થઇને જે પાપ ઇચ્છાપૂર્વક કરવામાં આવ્યું હોય તે પાપથી મુક્ત થવામાટે અનેક પ્રકારનાં પ્રાયશ્ચિત્તો કહેલાં છે. જે દ્વિજ–બ્રાહ્મણ, ક્ષત્રિય કિંવા વૈશ્ય–આ જન્મમાં પ્રમાદથી કરેલા પાપનું કિંવા પૂર્વજન્મના પાપનું પ્રાયશ્ચિત નથી કરતો તે શ્રેષ્ઠ જનોમાટે સંસર્ગ કરવા યોગ્ય નથી રહેતો." 'યાજ્ઞવલ્કયસ્મૃતિ'ના ૩જા અધ્યાયના ૨૨૬મા શ્લોકનો આશય એવો છે કે: " અજ્ઞાનથી પાપ કરનાર મનુષ્ય પ્રાયશ્ચિત્ત કરવાથી શુદ્ધ થાય છે અને બુદ્ધિપૂર્વક પાપ કરનાર મનુષ્ય ધર્મશાસ્ત્રના વચન અનુસાર પ્રાયશ્ચિત્ત કરવાથી આ લોકમાં વ્યવહાર કરવા યોગ્ય થઇ જાય છે." તેમ જ કલિયુગમાં જેનું પ્રાધાન્ય સર્વત્ર સ્વીકારાયલું છે તે 'પારાશર સ્મૃતિ'ના ૮મા અધ્યાયના ૬ઠ્ઠા શ્લોકમાં એવું સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે કે: " પાપ કરીને તે પાપને છુપાવવું ન જોઇએ; કારણ કે, પાપને છુપાવવાથી પાપની વૃદ્ધિ થાય છે એટલામાટે પાપ લઘુ હોય કિંવા બૃહત્ હોય, તો પણ ધર્મસભાના પંડિતો સમક્ષ તેનો પ્રકાશ કરી દેવો." આ ઉપરાંત એ વિષયનાં અન્ય પણ જોઇએ તેટલાં પ્રમાણો ઉપલબ્ધ હોવા છતાં રા. જયકૃષ્ણ વર્માએ " જાણીજોઇને પાપ કરનાર માટે શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તનો વિધિ છે જ નહિ" એવો જે અંતિમ નિર્ણય સંભળાવી દીધો છે તે સ્પષ્ટ દર્શાવી આપે

તેનો, શતમુખ વિનિપાતજ નિર્મેલો ' એ કવિઉક્તિ સત્ય છે એમ તેમણે સિદ્ધ કરી બતાવ્યું.

" બીજો પ્રસંગ દેશસેવાના કાર્ય પરત્વે બન્યો. ગુજરાતના પ્રાતઃસ્મરણીય તપસ્વીએ અસહકારનો મહામંત્ર દેશને આપ્યો અને સ્વર્ગસ્થ લોકમાન્ય તિલક મહારાજના સ્મરણાર્થે દેશસેવાના કાર્ય માટે–સ્વરાજ્યપ્રાપ્તિ માટે એક કરોડ રૂપીયાની માગણી કરી, દેશજનો સમક્ષ પોતાની ઝોળી ધરી, ત્યારે લોહાણા જ્ઞાતિમાંથી પહેલ કરનાર અને જ્ઞાતિના મુખને પોતાની તત્પરતાથી ઉજ્જવલ કરનાર શ્રીયુત શેઠ રાઘવજીભાઇ હતા. તેમણે મહાત્માજીનો અસહકારનો મંત્ર ઝીલ્યો હતો અને પોતાની શક્તિ અનુસાર એ ભગીરથ કાર્યમાં સહાય કરવા કમ્મર કસી હતી. જ્ઞાતિના બુદ્ધિશાલી અને સહૃદય સજ્જનોએ તેમની એ તત્પરતા માટે, દેશદાઝ માટે પરોક્ષ રીતે શાબાશી આપી હશે, જ્ઞાતિની કીર્તિ ટકાવી રાખવામાટે ઉપકાર પણ માન્યો હશે; પરંતુ ઇર્ષ્યાખોર બંધુઓને તેથી સખ્ત આઘાત થયો હતો. **બીડના કુતરા+ના જેવી તેમની દશા હતી.** દેશસેવા કરવાની તેમની

છે કેઃ " विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः " અર્થાત્ " વિવેકભ્રષ્ટ મનુષ્યોનો શતમુખ વિનિપાત થાય છે " એ રાજર્ષિ ભર્તૃહરિની ઉક્તિ અક્ષરશઃ સત્ય છે અને આ સ્થાનમાં તો એ ઉક્તિને તેઓ જેમને શેઠ રાઘવજીભાઇના વિરોધીઓ માની બેઠા છે તેમના સંબંધમાં સત્ય સિદ્ધ કરી બતાવવાને બદલે તેમણે પોતાના સંબંધમાં જ સંપૂર્ણ પરિમાણમાં સત્ય તથા વાસ્તવિક સિદ્ધ કરી બતાવી છે એમ મારે સત્યને સ્મરીને અત્યંત ખેદ તથા શોકપૂર્વક દર્શાવવું પડે છે.

+ રા. જયકૃષ્ણ વર્માએ પોતાના એક આશ્રયદાતા શેઠ રાઘવજીભાઇના હૃદયને સંતોષવામાટે તેમના અકારણ માની લીધેલા વિરોધીઓને તેઓ લોહાણા બંધુઓ અને સદ્‌ગૃહસ્થો હોવા છતાં શ્વાનની ઉપમાથી અલંકૃત કરીને શ્વાનના સ્વભાવનો જ પરિચય કરાવ્યો છે; કારણ કે, શ્વાન પોતાના જે માલિકનો રોટલો ખાતો હોય છે તે માલિકની આજ્ઞા અનુસાર અન્ય કોઈ

ઇચ્છા કે શક્તિ ન હતી, અને બીજા કોઇ કરે અને તેથી કુદરતી રીતે માન ખાટે યા નામના મેળવે તે તેમનાથી સહન થતું ન હતું. જ્ઞાતિ તરફથી તિલકસ્વરાજ્યફંડમાં જે ભેટ મહાત્માજીને ચરણે ધરવામાં આવી તેમાં એમનો ફાળો મોટો હતો. અલબત્ત તેમનાથી દશગણો મોટો ફાળો આપી શકે એવા લક્ષ્મીસંપન્ન ગૃહસ્થો જ્ઞાતિમાં તે સમયે હતા અને હજીયે છે; પરંતુ તેમની દેશદાઝનું પ્રમાણ નાનું હતું; સ્વાર્થ-ભોગ–નાણાંભોગ આપવાની ઉત્કંઠા ઓછી હતી; માત્ર ઇર્ષ્યાની લાગણી જ સૌથી મોટા પ્રમાણમાં હતી. પરિણામે શ્રીયુત રાઘવજીભાઇના મોટા ફાળાથી હર્ષ પામવાને બદલે, એ ધનવાન ગૃહસ્થોને તેમને માટે ઇર્ષ્યા થઇ, અને તેના કડવા ફળરૂપ કેટલાક ખોટા ગામગપાટા ઉડાવવાને પણ તેઓ ચૂક્યા નહિ. આ અરસામા શ્રીયુત રાઘવજીભાઇને કચ્છના પ્રદેશમાં એકાદ મીલ ઉભી કરી શકાય એવી શક્યતા છે કે કેમ, તેની તપાસ કરવાના ઉદ્દેશથી મુંબાઈ થોડા સમય માટે છોડી તે તરફ જવું પડયું હતું, એટલે ઇર્ષ્યાખોરોને સુંદર તક હાથ લાગી. તેમણે એવો ગપાટો ચલાવ્યો કે અસહકારના કાર્યમાં આગેવાનીભર્યો ભાગ લેવાને કારણે સરકારે તેમની ઉપર વોરંટ કાઢયું હતું અને તેથી જ તેઓ વતન તરફ નાસી ગયા હતા. આ પ્રકારે ધંધા–રોજગારને નુકસાન કરવાની યા અંગતહીણું લગાડવાની કોશીશો પોતાને રઘુવંશી

પણ મનુષ્યને તે મનુષ્યની વાસ્તવિક યોગ્યતાનો લેશમાત્ર પણ વિચાર ન કરતાં ભસવા તથા કરડવા મંડી જાય છે અને પોતાના માલિક અથવા આશ્રયદાતાની યોગ્ય કિંવા અયોગ્ય આજ્ઞાના પાલનને જ પોતાનો પરમ ધર્મ તથા પોતાના જીવનની ઇતિકર્તવ્યતા માન્યા કરે છે. બૅરિસ્ટરની પદવી ધરાવનાર એક ધારાશાસ્ત્રી પક્ષપાતના પરિણામે અત્યંત સાધારણ સભ્યતાને પણ ત્યાગી દે અને કેવળ પોતાના આશ્રયદાતા વિના અન્ય સર્વ પ્રતિષ્ઠિત જ્ઞાતિબાંધવોને આવી હીનતમ ઉપમાઓ આપવાની કિંવા અન્ય શબ્દોમાં કહીએ તો સ્પષ્ટ ગાળો ભાંડવાની ધૃષ્ટતા કરી બેસે એના જેવી અત્યંત શોચનીય ઘટના અન્ય શી હોઇ શકે ? વિદ્યાનો આ દારુણ દુરુપયોગ નહિ, તો બીજું શું છે વારૂ ?

પ૨૨ —

કહેવડાવતા માણસો તરફથી કરવામાં આવી હતી, એમ જણાવતાં ખરેખર ખેદ ઉપજે છે. સુભાગ્યે શ્રીયુત રાઘવજીભાઇને એક અઠવાડીઆમાં જ મુંબાઇ પાછા ફરવાનું થયું, નહિ તો આ ઇર્ષ્યાખોરો કેટલી હદ સુધી જાત તે કહી શકાતું નથી.

" આ ઉપર્યુક્ત બે પ્રસંગો કરતાંયે વધારે ગંભીર પ્રસંગ તો શ્રીયુત રાઘવજીભાઇનાં પુત્રી બ્હેન મણિબાઇના લગ્ન સમયે ગયે વર્ષે બન્યો હતો. એક શ્રીમંત તેમજ સ્નેહાળ પિતાને છાજે એવો કરીઆવર એ પ્રસંગે તેમણે પોતાની પુત્રીને આપ્યો હતો. બીજાઓની જેમ પુત્રીને ભારરૂપ નહિ ગણતાં, પુત્રસમ ગણી લગ્નના શુભપ્રસંગે પોતાની શક્તિ અનુસાર બને તેટલું આપવાનોજ તેમનો ઉદ્દેશ હતો. પુત્રની જેમ પુત્રીઓને વારસા–હિસ્સામાં કાયદેસર હક્ક હોતો નથી, એટલે સ્નેહાળ પિતા પોતાને હાથેજ પુત્રીને બને તેટલું પોતાની મિલ્કતમાંથી આપવાની તક શોધે છે. એવા શુભ કાર્ય માટે લગ્ન કરતાં બીજો વધારે માંગલિક પ્રસંગ ભાગ્યે જ મળી શકે; એવે પ્રસંગે જેટલું આપ્યું હોય તેટલું શોભે. આ શુભ ઉદ્દેશથી પ્રેરાઇ તેમણે પુત્રી–જમાઇને કપડાં, વાસણો ફર્નીચર અને આભુષણો ઉપરાંત એક મોટરકાર અને રોકડ નાણાંની પણ સારી જેવી રકમ કાઢી આપી હતી. કોઇપણ બુદ્ધિશાલી અને સહૃદય સજ્જન કહી શકશે કે શ્રીયુત રાઘવજીભાઇનું આ કાર્ય વ્યક્તિ તેમજ સમૂહની દૃષ્ટિએ સર્વથા યોગ્ય અને નિર્દોષ હતું. છતાં વિઘ્ન—સંતોષી ઇર્ષ્યાખોરોને તે રૂચ્યું નહિ. જ્ઞાતિના કેટલાક ગૃહસ્થો જેઓ તેમના જેટલી યા તેથી પણ વધારે સંપત્તિ ધરાવે છે, છતાં પોતાની પુત્રીઓ પ્રતિ એટલો સ્નેહ અને ઉદારતા નથી બતાવી શક્યા, **તેમના પેટમાં આ ઘટનાથી તેલ રેડાયું**; તેમના હૃદયમાં ઇર્ષ્યાનો અગ્નિ ભભુકી ઉઠયો. " કમળાવાળી આંખે પીળુંજ દેખાય " એ ન્યાયે તેમના ઇર્ષ્યાખોર સ્વભાવે આ ઘટનામાંયે ઇર્ષ્યાનાં જ દર્શન કર્યાં. તેમને એમ જ લાગ્યું કે શ્રીયુત રાઘવજીભાઇએ તેમના જેવાને હીણું લગાડવાનેજ આ માર્ગ લીધો છે. આ ઇર્ષ્યા અને

તેમાંથી ઉપજતી ગેરસમજને પરિણામે પોતાના અંતઃકરણની તૃપ્તિ અર્થે તેમણે માર્ગો ખોળવા માંડ્યા. પહેલા બે પ્રસંગોમાં તેમની ઇર્ષ્યાએ જાહેર સ્વરૂપ લીધું ન હતું, પણ આ વખતે તેઓ પોતાની લાગણીઓ ખાનગી રાખવાનો વિવેક સરખોયે જાળવી શક્યા નહિ. એ ધરારપટેલોએ બીજા સાધારણ ભાઇઓને ચઢાવી ઉશ્કેરી હોળીના નાળિયેર બનાવ્યા અને શ્રીયુત રાઘવજીભાઇના કાર્ય વિરૂદ્ધ અરજીઓ કરાવી. એ અરજીઓ સાંભળી તેમનો નિર્ણય કરનાર સજ્જનોમાં ઇર્ષ્યાખોરોની સંખ્યા નાની ન હતી અને સહેલાઇથી આડે માર્ગે દોરવાય એવા પણ ઘણા હતા. પરિણામે જ્ઞાતિને માટે ધારાધોરણો ઘડવાના બહાના હેઠળ એક કમીટી મહાજન તરફથી નીમવામાં આવી હતી. અઢાર ગૃહસ્થોની બનેલી આ કમીટીએ ધારા ધોરણોનો જે ખરડો તૈયાર કર્યો છે, અને જે પાછળથી મહાજને પસાર કર્યો છે તે જોતાં સાદી સમજ ધરાવતો કોઇ પણ સજ્જન કહી શકે કે **એ સર્વ મોટે ભાગે ઇર્ષ્યાનુંજ પરિણામ છે**× કહેવાય છે કે ઉક્ત કમીટીએ અઢી માસની મહેનત પછી એ કાચો ખરડો તૈયાર કર્યો હતો. એ ખરડામાં જે ધારાધોરણો ઘડીને તેમણે મૂક્યા છે તે જોતાં તેમણે કાંઇ વાઘ માર્યો હોય, સંગીન કામ કર્યું હોય એમ જણાયું નથી. અલબત્ત તેમણે પોતાની નવરાશનો—સમયનો નહિ—ભોગ આપ્યો છે એમ જરૂર સ્વીકારવું પડશે. આ નવરાશના ભોગે પોતાની જાતને અને પરિણામે મહાજનને હાસ્યાસ્પદ બનાવે

× મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના બહુસંખ્ય પ્રતિષ્ઠિત પુરૂષોની ઇર્ષ્યાને માપવાનો વ્યવસાય જેમણે સ્વીકારી લીધો છે અને જેમના હસ્તમાં ઇર્ષ્યામીટર તૈયાર છે તેઓ આ વાક્યમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની અલ્પ સ્વલ્પ ન્યાયશીલતાને પણ માર્મિકતાથી સ્વીકારે એ તેમની અપૂર્વ ઉદારતા જ કહી શકાય. “ એ સર્વ ભયંકર ઇર્ષ્યાનું જ પરિણામ છે ” એમ લખવાને બદલે “ એ સર્વ મોટે ભાગે ઇર્ષ્યાનુંજ પરિણામ છે ” એમ પ્રમાદથી તો નહિ લખાયું હોય ?

એવા અનેક ધારા તેમણે ઘડી કાઢ્યા છે. આ ધારાધોરણોનો મોટો ભાગ તો જ્ઞાતિના જુના અને પ્રચલિત રીવાજોના સ્પષ્ટીકરણ રૂપ છે; ઉપરાંત થોડા ઘણા નવા નિયમો પણ ઘુસાડયા છે. આપણા કહેવાતા રઘુવંશીઓની રઘુકુલના બાળક ગણાવાની લાયકાત આ નવા નિયમો-માંથી શબ્દે શબ્દે ટપકે છે, કવિએ સાચું જ કહ્યું છેઃ—

यदा यदा मुंचति वाक्यबाणम् ।
तदा तदा जातिकुलप्रमाणम् ॥

"અર્થાત્ એમના એ કાર્યમાંથી એમના કુલ વિષેની સચોટ સાબીતિ મળી શકે એમ છે. આ નવા નિયમો શ્રીયુત રાઘવજીભાઇને હીણું લગાડવાના, તેમના શુભ કાર્યને વખોડી કાઢવાના **નીચ ઉદ્દેશથી જ રચવામાં આવ્યા છે.** એમ કહીએ તો ખોટું નથી. આ અભિપ્રાયને સમર્થન કરવા એ ખરડામાંથી મૂર્ખતાના, બાલિશ-તાના કે ઇર્ષ્યાના નમુનારૂપ બે ત્રણ ધારાધોરણો અહિં ટાંકું તો અસ્થાને નહિ ગણાય. પ્રથમ કન્યાને દાયજો-કરીઆવર આપવા સંબંધી નિયમ જ કાચા ખરડામાથી ટાંકું છું. એ દાયજા સંબંધી ઉપર જણાવેલી હકીકત સરખાવતાં વાચકની ખાત્રી થશે કે શ્રીયુત રાઘવજીભાઇના શુભ કાર્યથી ઇર્ષ્યાખોર હૃદયો પર કેવી માઠી અસર થઇ હતી. એ નિયમ આ પ્રમાણે છેઃ—

"૪૨. કન્યાને દાયજો આપતી વખતે વધારેમાં વધારે પોશાક (ઓંધર) એકવીશ સુધી અને પેરામણી કુલ આઠ સુધી આપવાની છુટ છે, જેની વિગતઃ

૪ પુરૂષવર્ગની	૪ સ્ત્રીવર્ગની
૧ વરરાજાને	૧ વરની માતાને
૧ વરના દાદાજીને	૧ ,, દાદીને
૧ વરના પિતાજીને	૧ ,, નાનીને
૧ વરના નાનાજીને	૧ લુણગોરીને

આથી વધારે પહેરામણી અને પોશાક આપવાની સખ્ત મનાઇ

કરવામાં આવે છે, અને દાયજામાં ઘરના રાચરચીલામાં નીચેની ચીજો આપવાની છુટ છેઃ

૧ ઢોલીઓ અથવા પલંગ
૧ પેટી અથવા કબાટ. જુમલે નંગ ૨

‘અને વાસણો ચાલુ રીવાજ પ્રમાણે આપવાં. આથીવધારે આપવાની મનાઇ છે, પણ ગાય અને સ્થાવર મીલ્કત આપવાની છુટ છે, પણ ઘોડાગાડી અગર મોટરગાડી અને રોકડ રકમ આપવાની સખ્ત મનાઈ છે તેથી લેનારે પણ તેવી ચીજો લેવી નહી.’

“ પેટમાં કયાં દુઃખે છે તે આ નિયમની શબ્દરચના ઉપરથી સ્પષ્ટ જોઇ શકાશે. આ નિયમ પસાર કરતી વખતે મહાજને તેનું સ્વરૂપ વિવેકની ખાતર થોડુંક બદલ્યું છે. એ ફેરફાર કરતાં ગજા પ્રમાણે દાગીના કરવાની છુટ આપી છે, પણ ‘ સ્થાવર મીલ્કત ’ શબ્દો કાઢી નાખ્યા છે. વધારામાં “ મોટરકાર ” શબ્દ કાઢી નાખી “ કોઈ પણ જાતનું વાહન ” એવા શબ્દો મૂકયા છે. આવી વ્યક્તિગત બાબતોમાં માથું મારવાનો પ્રયત્ન કરી મહાજન નાહક હાંસીને પાત્ર થવાની ચેષ્ટા કરે છે, એમ કહીએ તો ખોટું નથી. આવા મિથ્યા પ્રયત્નોથી શું મહાજન એમ માને છે કે તે પુત્રીવત્સલ પિતાના વાત્સલ્ય ઉપર અંકુશ મુકી શકશે ? કોઇ પણ બુદ્ધિશાળી માણસ જોઇ શકશે કે આ નિયમમાં એકબીજાથી વિરુદ્ધ હોય એવી ઘણી બાબતો છે, જે પિતા પુત્રીને પચાસહજાર કે લાખ રૂપીઆની યા તેથી વધુ રકમની મિલ્કત આપવા ઇચ્છતો હશે તે આ નિયમનો ભંગ કર્યા વિના પણ સ્હેલાઈથી આપી શકશે. દાગીના ગજા પ્રમાણે આપવાની છુટ છે તો આખીયે રકમ તે દાગીનાના સ્વરૂપમાં આપી શકે. લગ્ન પછી બીજેજ દિવસે વધારાના દાગીના પાછા લઇ તેના બદલામાં મોટરકાર કે રોકડ રકમ આપે તો મહાજનની ‘ સખ્ત મનાઇ ’ પણ તેને રોકી શકે નહિ. આમ પાછે હુચા દઇ દરવાજા મોકળા રાખવાનો સ્પષ્ટ પ્રયત્ન થયો

છે. ખરી વાત એ છે કે મોટરકાર યા રોકડ રકમ આપનાર પિતા જગતની દૃષ્ટિએ વધારે સ્નેહાળ કે ઉદાર દેખાય છે યા વધારે ખ્યાતિ પામે છે, એમ તેમને લાગ્યું હશે અને તેથીજ વિવેક ભૂલી આ હાંસી-પાત્ર પ્રયત્ન કરી પોતાની અને મહાજનની હાંસી કરાવી છે.

"આથી વધારે હાંસીપાત્ર તો હરીકીર્તન વિષેનો નિયમ છે. શ્રીયુક્ત રાઘવજીભાઇએ ઉક્ત લગ્નસમારંભ પ્રસંગે એક રાત્રિએ હરિકીર્તન કરાવ્યું હતું. મંડપમાં બેસવા માટે સોફા અને ખુરશીઓ મુકવામાં આવ્યાં હતા; અને એ કીર્તન સાંભળવા આવનાર સજ્જનોનું યથાશક્તિ સ્વાગત કર્યું હતું. આ બધું પોતાને રઘુવંશી કહેવડાવતા કેટલાક ભાઇઓને પચ્યું નહિ હોય એમ જણાય છે. તેમને થયેલા અજીરણની નીચે જણાવેલો નિયમ યા ધારો સાક્ષી પૂરે છેઃ—

" ૧૪. લગ્નાદિક પ્રસંગે જો કોઈ ભાઇ હરિકીર્તન કરાવે તો તેણે તે ધાર્મિક ભાવથી કરાવવો. એટલે કે જમીન પર ગાદી તકી-આની બેઠક રાખવી અને કીર્તનકારની સામે ઉંચા આસન ઉપર શ્રી ઠાકોરજીની છબી રાખવી. અને તે પ્રસંખે આવનાર ગૃહસ્થોને માત્ર અબીર અને પ્રસાદી શીવાય અન્ય કાંઇ પણ આપવું નહિ. તેમજ તે પ્રસંગે ચાહ સોડા વગેરે કાંઇ પણ બીજી ચીજો આપવી નહિ, તેમજ આવનારાઓને ફુલહાર તથા બટન પણ આપવા નહિ."

" આ નિયમની ભાષા કાચો ખરડો તૈયાર કરનાર કમીટીની કે તેના લહીઆઓની છે. વ્યાકરણના દોષ કે વિરામચિન્હોના સ્થળોની યોગ્યાયોગ્યતા જોવાનું કામ આપણું નથી.× આપણે તો

× અહીં મારે રા. જયકૃષ્ણ વર્માને જણાવવું જોઇએ કે કચ્છીઓની જન્મભાષા કિંવા દેશભાષા ગુજરાતી ન હોવાથી જો એવા સાધારણ દોષ તેમની ભાષામાં જોવામાં આવે, તો તે સ્વાભાવિક છે; પણ આપ શ્રીમાનની માતૃભાષા ગુજરાતી હોવા છતાં આપની પોતાની ભાષામાં એવા અનેક દોષો ભરેલા દેખાય છે એ અધિક આશ્ચર્યકારક નથી કે શું? પરંતુ અત્યારે મારે પણ આપની ભાષાના દોષોને પ્રકાશિત નથી કરવા; કારણ કે,

એમાંથી ઇર્ષ્યા કયે કયે શબ્દે ટપકે છે અને નિયમ ઘડનારને હાંસીપાત્ર બનાવે છે તેજ જોવાનું છે. મહાજને આ ધારો પસાર કરતી વખત તેમાંની શબ્દ રચનામાં થોડો ઘણો ફેરફાર કર્યો છે. “ સોડા ” શબ્દ કાઢી મહાજને “ કૉફી, વગેરે ” શબ્દો મુકયા છે. હાર તોરા આપવાની મનાઇ કરી છે, પણ પાન સોપારી અને બટન આપવાની છુટ મુકી છે. મહાજનની આ ઉદારતા માટે જેટલો ધન્યવાદ અપાય તેટલો ઓછો છે ! ખરૂં જોઇએ તો આ નિયમ ધારાપોથી પર ચઢાવવાની જરાયે જરૂર નહતી; એમ કરીને મહાજને પોતાની હાંસી કરાવી છે. “ ધાર્મિક ભાવ ” ની એમાં જે વ્યાખ્યા આપવામા આવી છે, તે દર્શનશાસ્ત્રને બદલે ઇર્ષ્યાશાસ્ત્રને આધારે રચાઇ છે. દરેક વ્યક્તિએ પોતાનો ધાર્મિક ભાવ કેવી રીતે યા કેવાં સાધનોથી વ્યક્ત કરવો તે તેની પોતાની અંગત બાબત છે; બીજાને તેમાં માથું મારવાનો લેશ માત્ર પણ અધિકાર નથી.* એવો પ્રયત્ન કરનાર, પછી

અત્યારે મેં ભાષાના દોષોને દર્શાવવાનું નહિ, કિન્તુ આપ શ્રીમાનના એકપક્ષીય વિચારોમાં રહેલા દોષોને દર્શાવવાનું કાર્ય સ્વીકારેલું છે એટલે અત્યારે તો મારે એજ કાર્ય કરવાનું છે. જો આપ શ્રીમાનની ઇચ્છા હશે, તો આપની ભાષાના દોષોનો હું કોઇ અન્ય પ્રસંગે પ્રકાશ કરી બતાવીશ.

* હરિકીર્તન જેવા પ્રસંગોનો કેવળ એક અથવા બે વિશિષ્ટ વ્યક્તિયો સાથે નહિ, કિન્તુ હિન્દુ જનસમાજ સાથે સંબંધ હોય છે અને તેથી કોઇ પણ સમાજના નેતાઓને જેના યોગે હિન્દુઓના સર્વસાધારણ ધાર્મિક ભાવોનો ધ્વંસ થવાની સંભાવના હોય તેવા કોઈ પણ વ્યવહારને અટકાવી દેવાનો સંપૂર્ણ અધિકાર છે; કારણ કે, સમાજનેતાઓનો જો આવા પ્રકારનો અધિકાર ન હોય, તો ધારી લ્યો કે કોઈ એક વ્યક્તિ વામમાર્ગી હોવાથી મદિરાના સાધનથી જ પોતાના ધાર્મિક ભાવને વ્યક્ત કરવાની ઇચ્છા ધરાવતી હોય, તો તેની એ ઇચ્છાને તેની અંગત બાબત માનીને સમાજના નેતાઓ—જે જનસમાજ મદિરાને ભ્રષ્ટ વસ્તુ માનતો હોય તે સમાજના નેતાઓ—તેની એ ઇચ્છાને સમાજમાં પૂર્ણ થતી અટકાવી શકે નહિ અને જો તેઓ તેની એ અયોગ્ય ઇચ્છાને અટકાવી ન શકે તો સમાજનો કોઇ

તે વ્યક્તિ હો કે સમૂહ, હાંસીને પાત્ર થયા વિના રહે નહિ. આજે આ નિયમ ઘડયો છે; કાલે બીજો નિયમ ઘડશે કે ઠાકોરજીનાં દર્શન માત્ર પાઘડી ઊતારીને યા હાથ જોડીને જ નહિ પણ દંડવત પ્રણામ કરીને કરવાં. આવા નિયમો ઘડનાર વ્યક્તિઓ અને મહાજનોની મગજશક્તિ માટે કોઇને શંકા આવે તો નવાઇ પામવા જેવું નથી. સ્વાગત સંબંધી એમાં જે અંકુશ મુકાયો છે તે નિયમ ઘડનારની અનુદારતા જ દર્શાવે છે. પણ ઇર્ષ્યાખોર પાસે બીજી શી ઉદારતાની આશા રાખી શકાય? " મારા પાડોશીની બે આંખો ફુટતી હોય તો મારી એક ભલે ફુટે " એવી જ ઉદારતા એ કોટીના મનુષ્યો દાખવી શકે. હજી આથી વધારે હાસ્યજનક નિયમ તેમણે બત્તીઓ સંબંધી કરેલો છે. લગ્ન યા જનોઇ પ્રસંગે બસો બત્તીઓથી વધુ પ્રકટાવવી નહિ એવો આ મહાન સ્મૃતિકારોનો હુકમ છે. એ બત્તીઓ દર વખતે ગણવા કોણ જશે? એ મશાલચી કે હજામનું કામ પણ મહાજન કરશે કે તેની કોઇ કમીટી? અભિનંદન હો એ મહાજનને અને તેની કમીટીને! *

નિયમ ન રહેવાથી વ્યક્તિયોની નિરંકુશતા દિવસાનુદિવસ વૃદ્ધિંગત થતી રહે અને તેમ થતાં સમાજ અધોગતિની ગર્તામાં પછડાઇ પડે એ સ્વાભાવિક નથી કે શું? સમાજ એક એવા પ્રકારનું દઢ બંધન છે કે જે મનુષ્યની સમાજમાં રહેવાની ઇચ્છા હોય તે મનુષ્ય ગમે તેટલો અને ગમે તેવો ધનાઢ્ય તથા બલાઢ્ય હોવા છતાં સમાજના નિયમોનું તેનાથી કદાપિ ઉલ્લંઘન કરી શકાતું નથી અને અમુક સીમા પર્યન્ત તો તેને પરતંત્ર રહેવું જ પડે છે. અર્થાત્ સમાજમાં સ્વેચ્છાચારિતા, સ્વચ્છન્દતા કિંવા સર્વથા નિરંકુશ સ્વતંત્રતાનો સમાવેશ કદાપિ થયો નથી અને ભવિષ્યમાં થવાનો પણ નથી. આ વિષયનું વિશેષ વિવેચન હવે પછી હું કરવાનો છું એટલે અત્યારે જ એનો અધિક ઊહાપોહ અપ્રાસંગિક છે. રા. જયકૃષ્ણ વર્માના આ વિચારો સર્વથા વિઘાતક તથા સમાજસંહારક છે.

* જેવી રીતે કોઇ પણ એક નવીન ધારાને અસ્તિત્વમાં લાવવાનું કાર્ય ધારાસભાના સભાસદોનું હોય છે અને તે ધારાનું યથાર્થ પાલન કરવામાં

“ કાચા ખરડા ”માં અને “ નક્કી કરેલા ધારાધોરણો ”માં મગજશકિતનું અપૂર્વ પ્રદર્શન કરનારા આવાં અનેક રત્નો ભરેલાં છે; પરન્તુ એ હળાહળ વિષથી ભરેલા સાગરનું મંથન કરવાનો અત્ર અવકાશ નથી. એ સર્વ રત્નોની પરિક્ષા કરવા બેસીએ તો આ પ્રાસ્તાવિકને સ્થાને નિબંધ કરતાં યે મોટું પુસ્તક લખાય. આપણા પ્રસ્તુત ઉદ્દેશની સફળતા અર્થે ઉપર જે ધારાધોરણોનો ઉલ્લેખ કર્યો છે, તેજ બસ છે, વાચકવર્ગ એમાથી સ્પષ્ટ જોઈ શકશે કે ઈર્ષ્યા કેટલી હદ સુધી માણસની અધોગતિ કરે છે.* શ્રીયુત શેઠ રાઘવજી-

આવે છે કે નહિ એ જોવાનું અને તે ધારાનું પાલન ન કરનારને દંડ અપાવવાનું કાર્ય પોલિસનું હોય છે તેવી જ રીતે સમાજના હિતમાટે કોઇ પણ આવશ્યકીય નિયમને નિર્માણ કરવાનું કાર્ય સમાજના નેતાઓનું હોય છે અને તે નિયમનું યથાર્થ પાલન કરવામાં આવે છે કે નહિ એ તપાસવાનું તથા તે નિયમની ઉપેક્ષા કરનારને પંચદ્વારા દંડ અપાવવાનું કાર્ય સમાજની સર્વ વ્યક્તિઓનું હોય છે; કારણ કે, સમાજના સર્વ મનુષ્યો સમાજના અવૈતનિક સિપાહીઓ હોવાથી આવા પ્રસંગે સમાજના કલ્યાણમાટે એક મજૂરથી આરંભીને ધનાઢ્ય, બલાઢ્ય, ગુણાઢ્ય, કવિ, ગ્રંથકાર, વકીલ, બૅરિસ્ટર, સૉલિસિટર, જે. પી., રાવબહાદુર, સર, નાઇટ્ તથા બેરોનાઇટ આદિ પર્યન્ત સર્વ જનોને બત્તીઓ ગણવા જવું પડે છે અને મશાલચી કે હજામનું કામ કરવું પડે છે એ નવીનતાથી દર્શાવવાની આવશ્યકતા છે જ નહિ. સમાજનાં સર્વ મનુષ્યો—સ્ત્રીઓ અને પુરુષો—યથાપ્રસંગ અને યથાશક્તિ આ કાર્ય કરતાં હોવાથી જ અત્યાર સુધી સામાજિક નિયમોનું યથાર્થ પાલન થતું સર્વત્ર આપણા જોવામાં આવી શકે છે. જો એમ ન હોત, તો અત્યારે કોઇ સામાજિક નિયમનું અસ્તિત્વ પણ હોત કે નહિ, એ વાર્તા સર્વથા શંકાસ્પદ છે.

* આ ગાલિપ્રદાનયુક્ત પ્રાસ્તાવિકના વાચનથી સ્વાર્થ તથા સ્વાર્થજન્ય પક્ષપાત કિંબહુના અંધ પક્ષપાત પોતાને વિદ્વાન્ તરીકે ઓળખાવતા મનુષ્યની પણ કેટલી સીમા પર્યન્ત અધોગતિ કરી નાખે છે એટલું તો સંપૂર્ણતયા વિચારશીલ વાચકોના જાણવામાં આવી ચૂકયું છે.

ભાઈને આ બાબતોમાં પોતાના કેટલાક જ્ઞાતિ બંધુઓ તરફથી જેવો કડવો અનુભવ થયો છે, તેવો અનુભવ થોડે યા ઘણે અંશે બીજા ઘણા સજ્જનોને એક યા બીજા પ્રસંગે થયો હશે,* અને તેથી તેઓ એ વિષયની ગંભીરતા યથાર્થ સ્વરૂપમાં સમજી શકશે. આ સર્વ સ્વભાવજન્ય ઇર્ષ્યાનુંજ પરિણામ છે, એમ સર્વ કોઈ કબુલ કરશે. પોતાની સ્થિતિને છાજે એવો દાયજો આપવાને બદલે, જો તેમણે એક સાધારણ માણસની જેમ સામાન્ય દાયજો આપ્યો હોત તો યે તેમનાં ઐશ્વર્ય અને સુખ જોઈ બળી રહેલા માણસો+ તેમને 'કંજુસ' અને 'પાજી' ઉપનામથી વધાવ્યા વિના રહેત નહિ. અર્થાત્ આ લગ્ન સમારંભની ધામધુમ અને તેમાં અપાયલો દાયજો તો માત્ર નિમિત્તરૂપ હતાં; ખરૂં કારણ તો ઇર્ષ્યાનો ધુંધવાતો અગ્નિજ હતો. એ પ્રસંગ પતી ગયા પછી પણ આગળની જેમ કેટલાકો તેમને વિષે ગપ ઉડાવવા ચૂક્યા ન હતા. " દીકરીને આટલું આપી દીધા પછી હવે તદ્દન ખાલી થઇ ગયા છે, અથવા અમુક વેપારમાં તેમને મોટી નુકસાની આવી ગઇ છે, એવી ગપો કેટલાક માણસો તરફથી ઉડાડવામાં આવી હતી. કુદરતી રીતે આવી બાબતોમાં હંમેશા બને છે તેમ, એ ગપો સમય જતાં નાપાયાદાર ઠરી અને આપોઆપ શમાઇ ગઇ. પરંતુ આવી બાબતોનાં સ્મરણ પાછળ લાંબા કાળ સુધી રહે એ સ્વાભાવિક છે. શ્રીયુત રાઘવજીભાઈ તો જાણતા હતા કે ગામ હોય

---

* અહીં જો રા. જયકૃષ્ણ વર્માએ જ્ઞાતિબંધુઓનો એવો કડવો અનુભવ જેમને થયો હોય તેવા બે પાંચ બીજા શ્રીયુત શેઠોના પૂરાવા આપ્યા હોત, તો ઠીક થાત: પણ તેવા પૂરાવા તેમણે આપ્યા નથી તેથી આ વિધાન સર્વથા કાલ્પનિક તથા તથ્યહીન જ જણાય છે.

+ રા. જયકૃષ્ણ વર્મા કેવળ પોતાના આશ્રયદાતાને જ ઐશ્વર્યશાળી તથા સુખસંપન્ન માનતા હોવાથી અન્ય સર્વ મનુષ્યોને ઐશ્વર્યહીન તથા દુઃખી જ માનતા હોવા જોઇએ, નહિ તો આવા શબ્દો તેમની લેખિની લખી શકે જ નહિ. સતી સ્ત્રીનો ધર્મ છે કે તેણે પોતાના પતિ વિના અન્ય સર્વ પુરુષોને સ્ત્રીરૂપ માનવા. એ ધર્મનું અહીં પાલન થયેલું જણાય છે.

ત્યાં ઢેડવાડો પણ હોય જ. તેમણે આ ઘટનાઓની દરકાર સુદ્ધાં કરી નહિ. પરંતુ એથી તેમના હૃદયમાં એક શંકા જરૂર ઉદ્ભવી; અને એમ થાય એ સર્વથા સ્વાભાવિકજ હતું. એ શંકા તે પ્રસ્તુત નિબંધમાટેનો વિષય. આપણે ખરેખર રઘુવંશી હોઇએ તો આવું બાંવઢા જેવું વર્ણન ન કરી શકીએ એમ તેમને લાગ્યું હતું અને તેથીજ એ પ્રશ્નના નિરાકરણ અર્થે નિબંધ માગ્યો હતો. આમાં એક પંથ ને બે કાજ સધાય તેવું હતું. નિબંધ માગવાની જાહેર ખબરથી એક તરફથી વર્તમાનપત્રોને ઉત્તેજન મળે તેમ હતું, અને બીજી તરફ સંશોધનના કાર્યમાટે જ્ઞાતિના લેખકોને પ્રોત્સાહન મળશે, અને તેથી આપણી ઉત્પત્તિ સંબંધી કંઇક નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે એવી આશા હતી. આ આશા કેટલે અંશે ફળીભૂત થઇ છે તેનું માપ તો વાચકવર્ગ નિબંધ વાંચીને સ્હેલાઇથી કાઢી શકશે.* ”

રા. જયકૃષ્ણ વર્માએ “આપણે લોહાણા ‘રઘુવંશી’ કે ‘બાંવઢા’ ” શીર્ષક નિબંધના ઉત્પત્તિના કારણપુરાણની આટલા દીર્ઘ વિવેચન

---

* રા. જયકૃષ્ણ વર્માનું આ પેરેગ્રાફનુ અંતિમ વાક્ય મને તો સર્વથા અસત્ય જ જણાય છે; કારણ કે, પોતાના માની લીધેલા વિરોધીઓને તેમ જ સમસ્ત લોહાણાજાતિના પુરુષોને પોતાના સંતોષમાટે “બાંવઢા” સિદ્ધ કરી બતાવવા એ એકમાત્ર પ્રધાન ઉદ્દેશથી જ શ્રીયુત શેઠ રાઘવજીભાઇએ આ નિબંધ માગ્યો હતો. જો એમ ન હોત, તો આવા પ્રસંગે જ આવો નિબંધ માગવાની ઇચ્છાનો તેમના હૃદયમાં ઉદ્ભવ થાત નહિ. અર્થાત્ જે અનેક પ્રસંગોમાં કચ્છી લોહાણા વીર પુરુષોએ પોતાના ઔદાર્ય, દાનશૂરતા, અનાથરક્ષા તથા એવા જ અન્યાન્ય સદ્ગુણોનો પરિચય કરાવ્યો છે તે પ્રસંગોમાં “આવા સદ્ગુણો તો રઘુવંશીઓમાં જ હોઇ શકે અને તેથી લોહાણાજાતિનો સપ્રમાણ ઇતિહાસ ગમે તેટલા ખર્ચે પણ લખાવવો જ જોઇએ” એવી કેવળ નિઃસ્વાર્થ જાત્યભિમાનદર્શિની ઇચ્છાનો શેઠ રાઘવજી-ભાઇના હૃદયમાં ઉદ્ભવ કેમ ન થયો ? એ એક અત્યંત ગંભીર તથા વિચાર-ણીય પ્રશ્ન નથી કે શું ? રા. જયકૃષ્ણ વર્માનો સત્યને આચ્છાદવાનો આ પ્રયત્ન હાસ્યાસ્પદ છે.

પછી સમાપ્તિ કરી છે અને ત્યાર પછી પ્રાસ્તાવિકનાં પોણાચાર પૃષ્ઠનું પોતાના મિત્ર રા. હીરાલાલ ગણાત્રાના લખેલા એ નિબંધની પ્રશસ્તિ તથા જે અન્ય નિબંધો આવ્યા હતા તેમની નિન્દાને બલિદાન આપ્યું છે. રા. જયકૃષ્ણ વર્માના પ્રાસ્તાવિકમાંથી એ નિબંધલેખનના કારણનું આ દીર્ઘ અવતરણ અહીં એટલામાટે આપવામાં આવ્યું છે કે જે લોહાણા બંધુઓએ તે ઇનામી નિબંધ તથા તેના પ્રાસ્તાવિકનું વાચન ન કર્યું હોય તે લોહાણા બંધુઓ પણ એ આક્ષેપોના વાસ્તવિક સ્વરૂપને જાણી લઇને હું હવે પછી એ આક્ષેપોનું જે સપ્રમાણ ખંડન કરવાનો છું તે ખંડન તથા આક્ષેપોનું તુલનાત્મક દૃષ્ટિથી પરીક્ષણ કરી શકે અને તેના સત્યાસત્યનો યથાર્થ નિર્ણય પોતાના નિષ્પક્ષપાત આત્મા પાસેથી મેળવી શકે. અસ્તુ: રા. જયકૃષ્ણ વર્માના કથનનો સારાંશ એટલો જ છે કે શેઠ રાઘવજીભાઇના લઘુ બંધુ શેઠ કેશવજીભાઇને વિલાયતના પ્રવાસની સમાપ્તિ કરીને પાછા ફર્યા પછી દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત કરવાની ફરજ પાડવામાં આવી તે કેવળ ઇર્ષાના કારણથી જ; તિલકસ્વરાજ્ય ફંડમાં શેઠ રાઘવજીભાઇએ નાણાંની મોટી રકમ ભરી આપી તેથી ઇર્ષાને આધીન થઇને જ્ઞાતિબંધુઓએ તેમની જેનાથી અપકીર્તિ થાય તેવા ખોટા ગપાટા ચલાવ્યા; શેઠ રાઘવજીભાઇએ પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે મોટરકાર તથા નાણાંની મોટી રોકડ રકમ આપી તેથી ઇર્ષાળુ જ્ઞાતિબાંધવોએ ખોટા ગપાટા ઉડાવીને તેમને હીણું લગાડવાના માર્ગો લીધા તથા ધારાધોરણો ઘડયાં અને હરિકીર્તનના સંબંધમાં જે નિયમો કર્યા તે પણ શેઠ રાઘવજીભાઇમાટે તેમના મનમાં વસી રહેલી ભયંકર ઇર્ષાનું જ ફળ હતું. જે મુખ્ય ચાર આક્ષેપો રા. જયકૃષ્ણ વર્માએ સભ્યતાહીન ભાષામાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના સંબંધમાં કર્યા છે તે આ છે અને તેથી હવે મારે યથાનુક્રમ એ ચાર આક્ષેપોના ખંડનના કાર્યમાં પ્રવૃત્ત થવાનું છે; કારણ કે, એ આક્ષેપો કેવળ પક્ષપાતની દૃષ્ટિથી જ કરાયલા હોવાથી એ આક્ષેપોમાં સત્ય કિંવા વાસ્તવિકતાનો અંશ-

માત્ર પણ નથી અને તેથી સત્યના સમર્થનમાટે એ અસત્ય તથા અવાસ્તવિક આક્ષેપોનું નિષ્પક્ષપાત દૃષ્ટિથી તથા શુદ્ધ બુદ્ધિથી યોગ્ય ખંડન થવું જ જોઇએ.

૧ શેઠ કેશવજીભાઈના દેહશુદ્ધિપ્રાયશ્ચિત્તનું કારણ

રા. શેઠ રાઘવજીભાઇના લઘુ બંધુ રા. શેઠ કેશવજીભાઈ વિલાયતના પ્રવાસની પરિસમાપ્તિ કરીને પાછા ફરતાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને તેમને દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત કરવાની ફરજ કેવા સંયોગોમાં તથા શા હેતુથી પાડી હતી એનું હવે આપણે અવલોકન કરીએ.

ઉક્ત અવસરે આ પ્રશ્ન મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન સમક્ષ કેવી રીતે ઉપસ્થિત થયો હતો તેની મહાજનશ્રીના દફતરમાં જે નોંધ રાખવામાં આવી છે તે આ પ્રમાણે છેઃ—

૧ “મુંબઇ તા. ૧૨-૯-૨૦ મિનિટ્ બુક પૃષ્ઠ ૩૯-૪૦

“..

ત્યારબાદ ૮૫ સહીઓવાળી અરજી કે જેમાં ભાઇ કેશવજી જેરામ વિલાયત જઇ આવ્યા છે તે બાબતમાં યોગ્ય લાગે તે કરવું એમાટેનું લખાણ હતું તે વાંચી સંભળાવવામાં આવી હતી.

“ ભાઇ ધારસી હેમરાજે જણાવ્યું કેઃ ‘ અગાઉ કેટલાક કચ્છી સારસ્વત બ્રાહ્મણો તથા ડા. સુન્દરજી અરજણ, સ્વ. ગોવિન્દજી ખટાઉ વગેરે જાપાન અને વિલાયત જઇ આવ્યા છે તેમનામાટે કાંઇ થયું નથી એટલે આ બાબતમાં કાંઇ નવીન કરવાની જરૂર નથી.’ તેમના આ કથનને દા. નારણજી ભવાનજી તથા શિવદાસ ચાંપસીએ ટેકો આપ્યો હતો.

“ શેઠ શ્રી લાલજી ડુંગરસીએ જણાવ્યું કેઃ ‘ આ બાબતમાં કાંઇક થવું જોઇએ.’

“ શેઠ ધર્મસિંહ ભવાનજી તથા કેસવજી નથુ સેલરે આ બાબત આવતી મીટિંગ્ ઉપર મુલતવી રાખવા જણાવ્યું હતું.

" ભાઇ તુલસીદાસ કુંવરજીએ દરખાસ્ત મૂકી કે: ' વિલાયત જઇ આવનારાઓમાટે કાંઇ પણ ઠરાવ થવો જોઇએ. આ બાબતમાં સર્વ ભાઇઓ એકમત થતાં નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો:–

"વિલાયત જઇ આવનારા દરેક ભાઇએ નાસિક અથવા અન્ય તીર્થસ્થાનમાં જઇને દેહશુદ્ધિ કરી આવવી, અને ભાઇ કેશવજી જેરામને આવતી સભામાં હાજર થવામાટેની ખબર આપી દેવી. "

૨ " મુંબઈ તા. ૧૯-૯-૨૦ મિનિટ્ બુક્ પૃષ્ઠ ૪૨.

"..

ભાઇ કેશવજી જેરામ વિલાયત જઇ આવેલા હોવાથી તેમને દેહશુદ્ધિ કરાવવામાટે ભાઇ રાઘવજીભાઇને કહેવામાં આવ્યું હતું.

" ભાઇ કેશવજી વિલાયત જઇ આવ્યા પછી દેહશુદ્ધિનો ઠરાવ થયેલો હોવાથી એ નિયમ એમને લાગૂ પડી શકે કે કેમ, એ બાબત ચર્ચા ચાલી હતી; પરંતુ ભાઇ રાઘવજીભાઇએ ભાઇ કેશવજીએ દેહશુદ્ધિ કરેલી છે એમ દર્શાવનારાં ત્રણ પ્રમાણપત્રો રજૂ કરવાથી એ વિષયનો સમાધાનમાં અંત આવી ગયો હતો અને એ બાબતની નોંધ લેવામાં આવી હતી. "

મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના દફતરમાં કરાયલી આ નોંધોના વાંચનથી શું એ વાર્તા સ્પષ્ટ તથા નિર્વિવાદ સિદ્ધ નથી થતી કે રા. શેઠ કેશવજી જેરામને દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત કરાવવાના પ્રયત્ન વિરુદ્ધ રા. શેઠ ધારસી હેમરાજે પૂર્ણ પ્રયાસ કર્યો હતો અને તેમને રા. શેઠ નારાયણજી ભવાનજી તથા શેઠ શિવદાસ ચાંપસીએ ટેકો પણ આપ્યો હતો; પ્રમુખશ્રીએ પોતે એટલે કે શેઠ શ્રી લાલજી ડુંગરસીએ પણ કોઇ પણ પ્રકારનો દુરાગ્રહ દર્શાવ્યો ન હોતો અને અંતે શેઠ શ્રી રાઘવજી પુરુષોત્તમે પણ કોઇ પણ પ્રકારનો વિરોધ દર્શાવ્યા વિના શેઠ કેશવજીની દેહશુદ્ધિ થઇ ગયાનાં પ્રમાણપત્રો રજૂ કરી દીધાં હતાં એટલે આમાં ઇર્ષા કે દ્વેષ જેવું કાંઇ હતું જ નહિ? અહીં વળી વિશેષતઃ લક્ષમાં રાખવાયોગ્ય ઘટના તો એ છે કે

વિલાયત જઈ આવનારા કચ્છી લોહાણાબંધુઓમાટે દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત્તનો નિયમ કરવામાટેની જેમણે સર્વથી પ્રથમ દરખાસ્ત કરી હતી તે શેઠ તુલસીદાસ કુંવરજી શેઠ રાઘવજી પુરુષોત્તમના કાકા થાય છે અને તેમની એ દરખાસ્તને ટેકો આપનારા ૮૫ અરજદારો ઉપરાંત બીજા પણ કેટલાક લોહાણા સદ્‌ગૃહસ્થો હતા, તો પછી શેઠ રાઘવજી-ભાઇની ઇર્ષા કરી કોણે ? અર્થાત્ જો આ કાર્યને શેઠ રાઘવજીભાઇ તથા તેમના પક્ષપાતીઓ ઇર્ષાનું જ પરિણામ માનતા હોય, તો પણ એ ઇર્ષાનો જન્મ શેઠ રાઘવજીભાઇના પોતાના ગૃહમાંથી જ એટલે કે તેમના કાકા શ્રી તુલસીદાસ કુંવરજીના મસ્તિષ્કમાંથી જ થયેલો છે એ વાર્તા તો તેમણે તથા તેમના પક્ષપાતીઓએ અવશ્ય સ્વીકારવી જ જોઇએ; કારણ કે, જો એ સત્ય વાર્તાને તેઓ ન સ્વીકારે તો એ તેમનો દુરાગ્રહ છે અથવા તેમનો પોતાનો જ દ્વેષભાવ છે એમ કોઈ પણ કહી શકે તેમ છે. કચ્છ તથા મુંબઇની શ્રી કચ્છી લોહાણા-જાતિમાં એવાં અનેક સ્ત્રીપુરુષો અસ્તિત્વ ધરાવે છે કે જેઓ પોતાની સખ્ત માંદગીના પ્રસંગે પણ જીવનની છેલ્લી ઘડી સુધી વિલાયતી દવાનો પોતાના મુખને સ્પર્શ થવા નથી દેતાં અને ધર્મભ્રષ્ટતા કરતાં મૃત્યુને જ અધિક આદરણીય માને છે એટલે એવા ધર્માગ્રહી જનોની બહુમતિને માન આપવું એ મહાજનનું પ્રધાન કર્તવ્ય હોવાથી મહા-જને તો પોતાના એ કર્તવ્યનું જ પાલન કર્યું હતું અને તેથી શેઠ કેશવજીભાઇને દેહશુદ્ધિ કરવી પડી હતી. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં જો મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના એ કાર્યને શેઠ રાઘવજીભાઇ ઇર્ષાજન્ય કાર્ય માનતા હતા, તો તેમણે આત્મબળ દર્શાવીને મહાજનની સભામાં જ મહાજનના એ કાર્ય પ્રતિ સ્પષ્ટ શબ્દોમાં પોતાની વિરુદ્ધતા દર્શાવવી જોઇતી'તી. અર્થાત્ તે વેળાયે તો શેઠ રાઘવજીભાઇએ કોઇ પણ પ્રકારનો વિરોધ ન દર્શાવ્યો અને મૂક મુખથી શેઠ કેશવજીભાઇની દેહશુદ્ધિનાં પ્રમાણપત્રો રજૂ કરી દીધાં અને ત્યારપછી પાંચ સો રૂપિયાની હોળી કરી

ગાલિપ્રદાન નિબંધ લખાવીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને તેના કોઇ પણ પ્રકારના દોષ વિના દૂષિત સિદ્ધ કરી બતાવવાનો ‘ अव्यापारेषु व्यापारः ’ જેવો હાસ્યાસ્પદ તથા અત્યંત નિંદ્ય વ્યાપાર આદરી દીધો એ એક અત્યંત શોચનીય ઘટના નથી કે શું ?

મુંબઇનું શ્રી કચ્છી લોહાણા મહાજનમંડળ આવા પ્રસંગે કેટલી ઉદારતા તથા નિષ્પક્ષપાત બુદ્ધિ દર્શાવે છે એના પ્રમાણ તરીકે માન્યવર શેઠ સૂરજી વલ્લભદાસનું ઉદાહરણ પર્યાપ્ત છે. શેઠ સૂરજી વલ્લભદાસ વિલાયતનો પ્રવાસ કરીને મુંબઇમાં પાછા આવ્યા ત્યારે મહાજન સમક્ષ ઉપસ્થિત થઇને એક સદ્‌ગૃહસ્થને શોભા આપે તેવી સભ્યતાપૂર્ણ તથા શિષ્ટ ભાષામાં તેમણે મહાજનને એમ જણાવ્યું હતું કે: “ વિલાયતમાં આપણા ધર્મ તથા આચારવિચારને વિશુદ્ધ રાખવા-માટે મેં અતિશય કષ્ટ સહન કર્યું હતું અને એ ખાતે મારા લગભગ પચાસ હજાર રૂપિયા વધારે વપરાઇ ગયા હતા, એમ હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું. ” મહાજનને તેમની શુદ્ધતાની ખાત્રી થવાથી તેમના કથનને અક્ષરશઃ સત્ય માની લઇને મહાજને તત્કાળ તેમને દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત્તના કર્તવ્યથી મુક્ત કરી દીધા હતા અને તેથી શેઠ સૂરજીભાઇને પણ સંપૂર્ણ સંતોષ થયો હતો. અર્થાત્ જો આવી જ રીતે શેઠ રાઘવજીભાઇએ શેઠ કેશવજીભાઇના મુખથી તેમની શુદ્ધતાનો મહાજનશ્રીને નિશ્ચય કરાવી દીધો હોત, તો મહાજન શેઠ કેશવજીભાઇને દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત્ત કરવાની ફરજ કદાપિ પાડત નહિ, એ તો કોઇ પણ કહી શકે તેમ છે. પરંતુ શેઠ કેશવજીભાઇએ પોતાની શુદ્ધતાનો મહાજન-શ્રીને આવો નિશ્ચય ન કરાવ્યો અને તેથી તેમને દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત કરવું પડયું એમાં દોષ કોનો વારૂ! માત્ર એટલું જ નહિ, પણ જ્યારે શેઠ રાઘવજીભાઇ પોતે વિલાયત જઇ આવ્યા હતા ત્યારે તેમણે પોતે પણ વિલાયતમાં પોતાના ધર્મના પાલનની વાર્તા મહાજનશ્રી સમક્ષ ઉપસ્થિત થઇને દર્શાવી ન હોતી; કિન્તુ તેઓ મૂકમુખથી દેહ-શુદ્ધિપ્રાયશ્ચિત્ત કરી આવ્યા હતા. આવા વર્તનનાં માત્ર બે જ કારણો

હોઈ શકે અને તે એ કે કાં તો વિલાયતમાં તેઓ પોતાના ધર્મ તથા આચાર વિચારનું પરિપૂર્ણ પાલન ન કરી શક્યા હોય એટલે અસત્યવાદ કરતાં તેમનું મન અચકાતું હોય અને કાં તો ત્યાં ધર્મનું પાલન કરવા છતાં પોતે શ્રીમંત હોવાથી મહાજન સમક્ષ ઉપસ્થિત થઇને તે વાર્તાને દર્શાવવામાં પોતાની પ્રતિષ્ઠા તથા ગુરુતાની હાનિ થયેલી માનતા હોય. આમાંનું જો પ્રથમ કારણ સત્ય હોય તો તો તેઓ દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત્ત કરવાને બંધાયલા જ હતા અને જો દ્વિતીય કારણ સત્ય હોય, તો તેમના પોતાના અભિમાનના કારણથી જ તેમને દેહશુદ્ધિપ્રાયશ્ચિત કરવું પડ્યું હતું એ સર્વથા સ્પષ્ટ જ છે; કારણ કે, અમુક એક વ્યક્તિ ગમે તેટલી ધનાઢ્ય તથા બલાઢ્ય હોય, તથાપિ સમસ્ત સમાજના નિયમને અનુસરવાને તો તે બંધાયલી જ છે; કારણ કે, સર્વ વ્યક્તિઓ જો સ્વચ્છંદતાથી જ વર્તતી રહે અને સમાજના નિયમનું ઉલ્લંઘન જ કરતી રહે, તો સમાજનાં કાર્યો કદાપિ સુવ્યવસ્થિત સ્વરૂપમાં ચાલી શકે જ નહિ.

અહીં વચ્ચે જણાવવાની આવશ્યકતા છે કે મનુષ્ય સ્વભાવતઃ જ એક સામાજિક પ્રાણી હોવાથી મનુષ્યની સર્વ કામનાઓ કેવળ સમાજદ્વારા જ પૂર્ણ થઇ શકે છે અને મનુષ્યથી એક ક્ષણમાત્ર પણ સમાજ વિના રહી શકાતું નથી; કારણ કે, સમાજમાં રહેવાથી જ માનવસ્વભાવનો પૂર્ણ વિકાસ તથા મનુષ્યત્વની પૂર્ણ ઉન્નતિ થઇ શકે છે. આ કારણથી મનુષ્યમાટે સમાજવિજ્ઞાનને જાણવાની અન્ય સર્વ વસ્તુઓને જાણવાની આવશ્યકતા કરતાં અધિક આવશ્યકતા છે અને તેમાં પણ નીતિવિજ્ઞાન કિંવા સદાચારશાસ્ત્રનું જ્ઞાન તો વળી તેના માટે પરમાવશ્યક છે. મનુષ્ય નિઃસંદેહ સ્વતંત્ર છે, પરંતુ તેની સ્વતંત્રતા પૂર્ણતઃ સીમાબદ્ધ તથા નિયમાધીન છે અને તેનું કારણ મનુષ્યની સામાજિકતા કિંવા સમાજપ્રિયતા છે. એમાં તો કોઇ પણ પ્રકારનો સંશય નથી કે આપણે આપણી ઇચ્છા અનુસાર વિચાર તથા કાર્ય આદિ કરી શકીએ છીએ; અર્થાત્ જો આપણી બેસી રહેવાની

ઇચ્છા હોય તો આપણે આખો દિવસ કાંઇ પણ કાર્ય કર્યા વિના બેસી રહીએ છીએ અને જો આપણી પરિશ્રમ કરવાની ઇચ્છા થાય છે તો ચોવીસ કલાક પરિશ્રમ કરતા રહીએ છીએ એટલે આપણાં કાર્યો આપણી ઇચ્છાને આધીન છે; પરંતુ મનુષ્યના સ્વભાવપર વંશાનુક્રમ (Heridity) તથા પરિસ્થિતિ (Environment) તેમ જ પોતાની શારીરિક રચનાના નિયમોનો જે અદ્‌ભુત પ્રભાવ પડેલો હોય છે અથવા પડતો રહે છે તેનો કોઇથી પણ અસ્વીકાર કરી શકાય તેમ છે ખરૂં કે? પરિસ્થિતિના અગાધ પ્રભાવને તો કોઇથી માપી શકાય તેમ છે જ નહિ; કારણ કે, આપણને કેવળ આપણું શારીરિક સંગઠન જ નહિ, કિન્તુ માનસિક સંગઠન પણ આપણાં પૂર્વજોદ્વારા જ પ્રાપ્ત થયેલું હોય છે અને તેથી આપણી આચારશુદ્ધિ–આપણા આચારવિચારની પદ્ધતિ–સર્વથા આપણી સામાજિક પરિસ્થિતિને જ આધીન છે. સારાંશ કે, જે દેશમાં, જે સમાજમાં, જે જાતિમાં, જે સમયમાં અને જે અવસ્થામાં આપણે ઉત્પન્ન થઇએ છીએ તે દેશ, તે સમાજ, તે જાતિ, તે સમય તથા તે અવસ્થા અનુસાર જ આપણા આચારવિચારના આકાર બંધાય છે એ સર્વથા નિર્વિવાદ છે અને તેટલામાટે જ જેવી રીતે એક કાષ્ઠપુત્તલિકાને નટની ઇચ્છા અનુસાર નૃત્ય કરવું પડે છે તેવી જ રીતે આપણને પણ આપણા સમાજ તથા આપણી જાતિના નિયમો અનુસાર આપણા આચારવિચાર રાખવા પડે છે. જો આપણે આપણા સમાજ તથા આપણી જાતિના સર્વમાન્ય નિયમોનું યથાર્થ સ્વરૂપમાં પાલન ન કરીએ, તો સમાજ કિંવા જાતિ આપણો બહિષ્કાર કરી દે છે અને તે બહિષ્કાર આપણને અસહ્ય જણાતો હોવાથી જ આપણે આપણા સમાજ કિંવા આપણી જાતિના નિયમોનું ઉલ્લંઘન નથી કરી શકતા. સામાજિક પરતંત્રતાના આ રહસ્યને શેઠ સૂરજી વલ્લભદાસ સારી રીતે જાણતા હોવાથી તેઓ પોતે આર્યસમાજી હોવા છતાં અને અંધશ્રદ્ધાળુ ન હોવા છતાં સમાજ તથા જાતિની વ્યવસ્થિતતાને સુરક્ષિત રાખવામાટે જાતિ–

સમૂહ સમક્ષ સત્ય વાર્તાને દર્શાવવાનો જે વિવેક વાપરવો જોઇએ તે વિવેકને તેમણે કોઇ પણ પ્રકારના સંકોચ વિના વાપરી બતાવ્યો હતો અને શ્રી કચ્છી લોહાણા મહાજને પણ તેઓ શ્રીમાનના વિવેકનો સંપૂર્ણ આદર કરીને તેમને દેહશુદ્ધિના બંધનથી મુક્ત કરી દીધા હતા; માત્ર એટલું જ નહિ, પણ તેઓ શ્રીમાનને તેમની ધર્મપ્રિયતા તથા વિવેકશીલતામાટે ધન્યવાદ તથા સાધુવાદ પણ આપ્યો હતો. આ વિવેચનથી જે તાત્પર્ય નિષ્પન્ન થાય છે તે એ છે કે આચાર તથા નીતિ સમાજવાદના મુખ્ય ધર્મ–'आचारः प्रथमो धर्मः'–હોવાથી વ્યક્તિગત આચારને શુદ્ધ તથા પવિત્ર રાખવાથી સમસ્ત સમાજ ઉન્નત તથા ઉચ્ચ થઇ શકે છે અને તેટલામાટે પોતાના સમાજ કિંવા પોતાની જાતિના જે સર્વમાન્ય સર્વસાધારણ નૈતિક આદર્શો હોય તે આદર્શોનું પોતાના સમાજ કિંવા પોતાની જાતિના કલ્યાણમાટે પ્રત્યેક વ્યક્તિએ પાલન કરવું જ જોઇએ અને એટલા પરિમાણમાં પોતાના વ્યક્તિગત સ્વાતંત્ર્યને ભૂલી જવું જોઇએ. જે મનુષ્ય પોતે પોતાને ધનાઢ્ય તથા પોતાના અન્ય જાતિબાંધવોની બહુ સંખ્યા કરતાં અધિક જ્ઞાનવાન્ માનીને સમાજ કિંવા જાતિના નૈતિક આદર્શોની અભિમાન કિંવા અહંકારપૂર્વક ઉપેક્ષા કરવાની ઇચ્છા ધરાવે છે તે મનુષ્યની એ સર્વથા વિપ્લવકારિણી અયોગ્ય ઇચ્છા શશશૃંગવત સિદ્ધ થતાં કદાપિ સફળતાનો સાક્ષાત્કાર કરી શકતી નથી.

તાત્પર્ય કે શેઠ રાઘવજીભાઇએ મુંબઇના પોતાના શ્રી કચ્છી લોહાણા મહાજન સમક્ષ પોતાના તેમ જ પોતાના લઘુ બંધુ શેઠ કેશવજીભાઇના વિલાયતમાંના આચારપાલનના સંબંધમાં એક પણ શબ્દ ઉચ્ચાર્યો ન હોતો અને આજે વર્ષો પછી તેઓ શ્રીમાન્ પોતાના આશ્રિતો પાસે નિબંધ લખાવી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના શિરપર ગાળોની વૃષ્ટિ વર્ષાવવાને કટિબદ્ધ થઇ ગયા છે, તો શું શેઠ રાઘવજીભાઇની એવી માન્યતા છે કે જેવા ધર્મ તથા આચારવિચારને તેઓ પોતે માનતા હોય તેવા જ ધર્મ તથા આચાર વિચારને મહાજન-

મંડળે પણ પાળવા જોઈએ ? જો તેઓ શ્રીમાનની એવી માન્યતા હોય, તો એ તેઓ શ્રીમાનનો એક ભયાનક પ્રમાદ છે એમ જ કહી શકાય; કારણ કે, સમાજ તથા જાતિમાં બહુસંખ્ય મનુષ્યોનાં ધર્મ, આચાર તથા વિચાર આદરણીય થાય છે; નહિ કે, એક વિશિષ્ટ વ્યક્તિનાં. આમાં ધનાઢ્યતા કે બલાઢ્યતા આદિની મહત્તા માન્ય રખાતી જ નથી. મુંબઈની શ્રી કચ્છી લોહાણા જાતિમાં શેઠ રાઘવજીભાઇ જેવા અન્ય અનેક ધનાઢ્ય પુરુષો અસ્તિત્વ ધરાવે છે; પરંતુ તે ધનાઢ્ય પુરુષોમાંના કોઇ પણ પુરુષે પોતાના ધનના બળથી શેઠ રાઘવજીભાઇ પ્રમાણે અદ્યાપિ મહાજનશ્રીને આવા નિબંધો લખાવીને ગાલિપ્રદાન કરાવવાનો નિંદ્ય તથા તિરસ્કરણીય પ્રયત્ન કર્યો નથી એટલે આ ગાલિપ્રદાનનિબંધના વાંચનથી સજ્જન પુરુષોના હૃદયમાં તેમના માટે અત્યારે કેવા વિચારો ઉદ્‌ભવતા હશે એનો યોગ્ય વિચાર કરવાની પરમાત્મા તેઓ શ્રીમાનને સદ્‌બુદ્ધિ સમર્પે અને તેઓ પોતે જ પોતાના કાર્યની યોગ્યાયોગ્યતાનો નિષ્પક્ષપાત નિર્ણય કરી શકે એ જ પરમાત્માનાં શ્રીચરણોમાં મારી અનન્યભાવયુક્ત પ્રાર્થના છે.

આટલા વિવરણથી શેઠ કેશવજીભાઇના દેહશુદ્ધિપ્રાયશ્ચિત્તનું વાસ્તવિક કારણ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની ઇર્ષ્યાબુદ્ધિને નહિ, કિન્તુ ન્યાયબુદ્ધિને દર્શાવનારૂં હોઇને શેઠ રાઘવજીભાઇના નિરર્થક અહંકાર તથા અભિમાનમાં જ સમાયલું હતું એ વાંચકોના જાણવામાં આવી શકે તેમ હોવાથી હવે આપણે ગાલિપ્રદાનનિબંધમાં મહાજનશ્રીપર કરાયલા દ્વિતીય આક્ષેપનો વિચાર કરીશું.

૨ દેશસેવાના કાર્યનો પ્રસંગ

રા. જયકૃષ્ણ વર્માએ પૂર્વે જણાવ્યા પ્રમાણે નિબંધના પ્રાસ્તાવિકમાં લખ્યું છે કે: "બીજો પ્રસંગ દેશસેવાના કાર્યપરત્વે બન્યો. ગુજરાતના પ્રાતઃસ્મરણીય તપસ્વીએ* અસહકારનો મહામંત્ર દેશને

* દેશવત્સલ મહાત્મા શ્રી ગાંધીજીએ.

આપ્યો અને સ્વર્ગસ્થ લોકમાન્ય તિલક મહારાજના સ્મરણાર્થે દેશ-સેવાના કાર્ય માટે, સ્વરાજ્યપ્રાપ્તિ માટે એક કરોડ રૂપિયાની માગણી કરી દેશજનો સમક્ષ પોતાની ઝોળી ધરી, ત્યારે **લોહાણા જ્ઞાતિમાંથી પહેલ કરનાર અને જ્ઞાતિના મુખને પોતાની તત્પરતાથી ઉજ્જવલ કરનાર શ્રીયુત શેઠ રાઘવજીભાઈ હતા.............** ....પરંતુ ઇર્ષાખોર બંધુઓને તેથી સખ્ત આઘાત થયો હતો, ભીડના કુતરાના જેવી તેમની દશા હતી.................. ....પરિણામે શ્રીયુત રાઘવજીભાઇના મોટા ફાળાથી હર્ષ પામવાને બદલે ધનવાન ગૃહસ્થોને તેમને માટે ઇર્ષ્યા થઇ............” ઇત્યાદિ.×

આ વિધાનથી કેવળ શેઠ રાઘવજીભાઇનાં યશોગાન ગાવાનો રા. જયકૃષ્ણ વર્માનો આશય પ્રત્યક્ષ દેખાઇ આવે છે અને શેઠ રાઘવજીભાઇનાં યશોગાન ગાવામા જે મહાત્મા ગાંધીજીને આજે સમસ્ત ભારતવર્ષની ત્રીસ કોટિ જનતા પ્રાત:સ્મરણીય માની રહી છે અને યુરોપખંડના લોકોએ પણ જેમને વિશ્વના મહાપુરુષ તરીકે સ્વીકારવામાં પોતાનું ગૌરવ માન્યું છે તે મહાત્મા શ્રી ગાંધીજીને કેવળ ગુજરાતના પ્રાત:સ્મરણીય તપસ્વી તરીકે ઓળખાવીને તેમના અસીમ ગૌરવને સીમાબદ્ધ કરી દીધું છે; કારણ કે, ગુજરાતના નિવાસીની દૃષ્ટિ અન્યત્ર સંચાર કરી શકી નથી. હવે આપણે મૂળ મુદ્દાપર આવીશું.

મુખ્ય પ્રશ્ન એ જ છે કે જે વેળાયે મુંબઇના આપણા શ્રી દરિયા-સ્થાનમાં મહાત્માશ્રી ગાંધીજીની પધરામણી થઈ તે વેળાયે કચ્છી લોહાણા જ્ઞાતિમાંથી નાણાં આપવાની પહેલ કરનાર રા. જયકૃષ્ણ

× જુઓ શ્રીયુત રાઘવજીભાઇના ઇનામી નિબંધનાં પૃષ્ઠ ૧૨ અને ૧૩. આ અવતરણ પ્રસ્તુત પુસ્તકના ગત પૃષ્ઠ ૯ તથા ૧૦મામાં યથાસ્થિત આપેલું હોવાથી અહીં તેનો અંશમાત્ર જ લેવામાં આવ્યો છે. આ આક્ષેપનું સાદ્યો-પાન્ત નિરીક્ષણ કરવું હોય, તો પૃષ્ઠ ૯ તથા ૧૦માનું પુન: લક્ષપૂર્વક વાંચન કરી લેવાની પાઠકો તથા પાઠિકાઓને મારી આગ્રહપૂર્વક અભ્યર્થના છે.

વર્માના જણાવ્યા પ્રમાણે શેઠ રાઘવજીભાઇ એકલા જ હતા કે કેમ? એ પ્રસંગની મહાજનશ્રીના દફતરમાં જે નોંધ થઈ છે તે આ પ્રમાણે છે:—

" શ્રી દરિયાસ્થાન તા. ૧૯-૬-૨૧

....

"માંડવી વૉર્ડના કૉંગ્રેસ કમીટીના સેક્રેટરી મી. બી. એન. મહીશરી તરફનું ઇ. સ. ૧૯૨૧ ના જૂન માસની ૧૧ મી તારીખને દિવસે લખેલું અને આપણા જ્ઞાતિબંધુઓની ઘણી સહીઓ સાથેનું તા. ૧૯-૬-૨૧નું મળીને એ પત્રોમાં મહાત્માશ્રી ગાંધીજીને તિલક સ્વરાજ્ય ફંડ માટેની પર્સ અર્પણ કરવાના મેળાવળામાટે શ્રી દરિયાસ્થાનનો ઉપયોગ કરવા દેવાની રજા માગવામાં આવી હતી. એટલે શેઠ શ્રી ગોપાલજી રામજીએ એ વિષયની દરખાસ્ત મૂકતાં શેઠ પુરુષોત્તમ હીરજીના ટેકા તથા શેઠ ધર્મસિંહ ભવાનજી અને શેઠ ભીમજી પ્રેમજીના અનુમોદનથી નીચે પ્રમાણે દરખાસ્ત પસાર કરવામાં આવી હતી:—

"મહાત્મા શ્રી ગાંધીજીને આપણા દરિયાસ્થાનમાં પધરાવવા એ ઇચ્છવા યોગ્ય છે અને તેમાં પણ જો હાલાઇ તથા ખાત્રારી લોહાણા બંધુઓને શામેલ કરવામાં આવે તો સારી વાત છે ને જો તે પ્રમાણે બને તો પછી કચ્છી ભાઇઓ તરફથી મહાત્મા શ્રી ગાંધીજીને તિલક સ્વરાજ્ય ફંડ માટેની પર્સ આપવી અને દરિયાસ્થાનમાં પધરાવવા; પણ તેમાં આટલું ધ્યાન રાખવું કે તેમની પધરામણી માટે જે દિવસ ઠરાવવામાં આવે તે દિવસે દરિયાસ્થાનમાં જમણવાર અથવા રસોઇ આદિ કાર્યમાં અડચણ ન આવવી જોઇએ."

મહાજનશ્રીના દફતરમાં કરાયલી આ નોંધના વાચનથી વિચારશીલ વાંચકો તત્કાળ જાણી શકે તેમ છે કે પ્રાતઃસ્મરણીય મહાત્મા શ્રી ગાંધીજી મુંબઈની આપણી કચ્છી લોહાણા જાતિના દરિયાસ્થાનમાં કેવળ શેઠ રાઘવજીભાઇની તત્પરતાથી જ પધાર્યા ન હોતા અને એ

કાર્ય એકલા શેઠ રાઘવજીભાઇએ જ કર્યું નહોતું; કિન્તુ એ કાર્યમાં જ્ઞાતિના અન્ય અગ્રેસરો તેમજ અન્ય બંધુઓ પણ મોટી સંખ્યામાં શામિલ હતા; કારણ કે, મહાત્માશ્રી ગાંધીજીની પધરામણીમાટે દરિયાસ્થાનનો ઉપયોગ કરવા દેવાની અરજી કરનારા તો મધ્યમ વર્ગના જ્ઞાતિબંધુઓ જ હતા; માત્ર એટલું જ નહિ, પણ એ અરજીને મંજૂર કરવામાટેની જે દરખાસ્ત મૂકવામાં આવી હતી તે દરખાસ્તને ટેકો કિંવા અનુમોદન આપનારા ગૃહસ્થોની નામાવલીમાં પણ ક્યાંય શેઠ રાઘવજીભાઇનું નામ જોવામાં આવી શકતું નથી, એ પણ શું આશ્ચર્યકારિણી ઘટના નથી? એ પ્રસંગે શેઠ રાઘવજીભાઇએ રૂપિયા પચીસ હજારની રકમ તિલકસ્વરાજ્ય ફંડમાં ભરી આપી હતી તેમ જ કેટલાક હાલાઇ તથા ઘોઘારી જ્ઞાતિબંધુઓને પણ નાણાંની સારી રકમો ભરી આપવામાટે સમજાવ્યા હતા અને તેના પરિણામે જ ભાઇશ્રી મુરારજી કાનજીએ પણ તેટલી જ રકમ આપી હોય એ સંભવનીય છે, એ જો કે સત્ય છે; તથાપિ એથી એમ તો સિદ્ધ નથી જ થતું કે આ જ્ઞાતિના મુખને ઉજ્જવલ કરનાર કાર્યના સર્વથી પ્રથમ ઉત્પાદક તથા એકમાત્ર નેતા કેવળ શેઠ રાઘવજીભાઇ જ હતા; કારણ કે, શેઠ ધર્મસિંહ ભવાનજી, શેઠ ગોપાલજી રામજી, શેઠ ભીમજી પ્રેમજી તથા શેઠ પુરુષોત્તમ હીરજી આદિ ગૃહસ્થોએ આ કાર્યની સફળતામાટે પૂર્ણ પ્રયાસ સર્વથી પ્રથમ આરંભ્યો હતો અને જ્ઞાતિના ધનાઢ્ય, મધ્યમ વર્ગના તેમ જ સાધારણ વર્ગના ગૃહસ્થોની પણ પોતપોતાની યોગ્યતા અનુસાર એ દેશહિતના કાર્યમાં સંપૂર્ણ સહાનુભૂતિ હોવાથી જ એ કાર્ય આટલી સીમા પર્યન્ત સફળ થઇ શક્યું હતું. આ સત્યને કદાપિ કોઇએ ભૂલી જવાનું નથી. મહાત્માશ્રી ગાંધીજીને રૂપિયા એક લાખનો સામટો ચેક આપવાનું બની શક્યું તેમાટે અમુક મનુષ્યોને ઘેર ઘેર રખડવાની આવશ્યકતા પડી હતી અને એવી રીતે જ્ઞાતિબંધુઓનાં દ્વારોમાં હાજર થવાના કાર્યના ભારને જેમણે પોતાના શિર-પર ઉપાડી લીધો હતો તેમનામાં ભાઇ રામજી જેરામ ખાંટ સર્વથી

અગ્રભાગે હતા, એટલે તેમનો પરિશ્રમ પણ વિસ્મરણયોગ્ય તો નથી જ. એ પ્રસંગે નાણાં આપનાર સર્વ ગૃહસ્થોનાં નામો તથા થયેલા કાર્યક્રમનો વિસ્તૃત વૃત્તાન્ત રાજકોટમાં પ્રકટ થતા **"શ્રી લોહાણા હિતેચ્છુ"** નામક વર્તમાનપત્રના ઇ. સ. ૧૯૨૧ ના જુલાઇ માસની તા. ૭ મી તથા ૧૪ મીના (બે) અંકોમાં છપાયલો હોવાથી એ વિષયના નવીન પ્રમાણની આવશ્યકતા હોય એવી મારી માન્યતા નથી; કારણ કે, એ વૃત્તાન્ત જેમના વાંચવામાં આવ્યો હોય તેમના સ્મરણમાં અદ્યાપિ અવિચલ હોવો જ જોઇએ. છતાં એ વૃત્તાન્ત જેમણે ન વાંચ્યો હોય, તે જ્ઞાતિબંધુઓ **"શ્રી લોહાણા હિતેચ્છુ"** ના ઉપર્યુક્ત બે અંકો મેળવીને તે હજી પણ વાંચી શકે તેમ છે.

વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં રા. જયકૃષ્ણ વર્માએ પોતાના આશ્રયદાતા શેઠ રાઘવજીભાઇની એકલાની જ પ્રશંસા કરવાના આશયથી વિનય તથા સભ્યતા આદિને તિલાંજલિ અર્પીને અન્ય જ્ઞાતિબંધુ સદ્‌ગૃહસ્થોને અકારણ ગાલિપ્રદાન કરવાની અને તેમને 'બીડના કુત્તરા' તથા 'ઇર્ષાખોર' આદિ હીનતાદર્શક વિશેષણોથી વિભૂષિત કરવાની જે ધૃષ્ટતા કરી છે તેનું કારણ કદાચિત્ એ હોવું જોઇએ કે અન્ય કોઇ લોહાણાભાઇએ પચીસ હજારની રકમ ન આપેલી હોવાથી શેઠ રાઘવજીભાઇની થયેલી નામના અન્ય લોહાણાભાઇઓના હૃદયમાં ખૂંચી હશે અને તેથી તેમણે શેઠ રાઘવજી ભાઇની ઇર્ષા કરી હશે, એમ કેટલાક વાંચકો માની લે. આવો ભ્રમ કોઇને ન થઇ જાય એટલામાટે અહીં જણાવવાની આવશ્યકતા છે કે એ પ્રસંગે જેવી રીતે શેઠ રાઘવજીભાઇએ રૂપિયા પચીસ હજારની રકમ આપવાની ઉદારતા દર્શાવી હતી તેવી જ રીતે આપણી જ્ઞાતિના અન્ય દાનવીર તથા દેશહિતવાદી ગૃહસ્થ શેઠ મુરારજી કાનજીએ પણ પચીસ હજાર રૂપિયા એ પ્રસંગે તિલકસ્વરાજ્યફંડમાં આપ્યા હતા; છતાં રા. જયકૃષ્ણ વર્માએ પોતાના 'પ્રાસ્તાવિક' શીર્ષક જ્ઞાતિનિન્દાપુરાણમાં

એ દાનવીરના નામમાત્રનો પણ ક્યાંય ઉલ્લેખ કર્યો નથી; માત્ર એટલું જ નહિ, પણ જેમના અપૂર્વ ઔદાર્ય તથા આદર્શ સ્વાર્થત્યાગ સમક્ષ શેઠ રાઘવજીભાઇનાં ઔદાર્ય તથા સ્વાર્થત્યાગ પ્રભાકરના પ્રકાશ સમક્ષ દીપકના પ્રકાશ સમાન જ માની શકાય તેમ છે તે અદ્વિતીય લોહાણા દાનવીર નરરત્ન શેઠ જીવરામ કલ્યાણજી કોઠારીને પણ રા. જયકૃષ્ણ વર્માની પક્ષપાતાંધ દૃષ્ટિ જોઇ શકી નથી; કારણ કે, ઉપર્યુક્ત પ્રસંગે મહાત્મા શ્રી ગાંધીજીને જે પર્સ આપવામાં આવી હતી તે કચ્છી, હાલાઇ તથા ઘોઘારી એ સમસ્ત લોહાણાજાતિ તરફથી એકત્ર આપવામાં આવેલી હોઇને તે પર્સમાં શેઠ જીવરામ કલ્યાણજીએ રૂપિયા દશ હજાર આપ્યા હતા અને તે ઉપરાંત રૂપિયા એક લાખની બીજી બાદશાહી રકમ પણ મહાત્માશ્રી ગાંધીજીના કરકમળમાં સમર્પી દીધી હતી. સમસ્ત લોહાણાજાતિના મુખને સમુજ્જવલ કરનાર આવા પુરુષપુંગવને સર્વથા વિસારી દઇને રા. જયકૃષ્ણ વર્માએ કોઇ એક ભાટ કિંવા ચારણ પ્રમાણે જ્ઞાતિમુખોજ્જવલકારક નરરત્ન તરીકે કેવળ શેઠ રાઘવજીભાઇને જ ઓળખાવ્યા છે અને તેમની સ્તુતિનાં ગીતડાં જ લલકાર્યા છે એ પક્ષપાતના યોગે તેમના હૃદયમાં અન્ય જ્ઞાતિબંધુઓ પ્રતિ ઉત્પન્ન થયેલી મલિન ઇર્ષાનું જ પરિણામ છે અને 'પિંડે તેવું બ્રહ્માંડે' એ લોકોક્તિ અનુસાર પોતાના હૃદયમાં ઇર્ષાનો અગ્નિ પ્રજળી રહેલો હોવાથી સર્વના હૃદયમાં તેમને ઇર્ષાનો પાવક પ્રજળેલો દેખાયો છે એમ જો માનવામા આવે, તો તે સર્વથા સ્વાભાવિક તથા સકારણ નથી કે શું? શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધના પ્રકાશન પછી અધિકસંખ્ય લોહાણા બંધુઓની આવી જ માન્યતા થયેલી છે.

કદાચિત્ કોઇ શંકાશીલ બંધુના મનમાં એક અન્ય શંકા ઉદ્‌ભવવાનો સંભવ છે અને તે એ કે શેઠ રાઘવજીભાઇ કચ્છી લોહાણાજ્ઞાતિમાથી પચાસ હજાર રૂપિયાની રકમ આપનાર એકલા જ દાનવીર હતા અને તેથી તેમના કચ્છી જ્ઞાતિબંધુઓના હૃદયમાં તેમની કીર્તિ

ન જોઇ શકાયાથી ઇર્ષાનો ઉદ્ભવ થયો હતો એટલે આમાં 'બીડના કૂતરા' તથા 'ઇર્ષાખોર' આદિ વિશેષણો કેવળ કચ્છી લોહાણા બંધુઓના સંબંધમાં જ વપરાયલાં છે; તો એ શંકાનું સમાધાન એ છે કે ઉપર દર્શાવ્યા પ્રમાણે જે નરપુંગવે મહાત્માશ્રી ગાંધીજીના કરકમલમાં રૂપિયા એક લાખ અને દશ હજારની નાદિર રકમ સમર્પી હતી તે શેઠ જીવરામ કલ્યાણજી કોઠારી પણ કચ્છી લોહાણા જ છે અને તેમના આ અપૂર્વ ઔદાર્ય તથા દેશહિતવાદિત્વથી તેમની અગાધ કીર્તિ વિસ્તરેલી છે, છતાં અન્ય કચ્છી લોહાણા ગૃહસ્થોએ તેમની ઇર્ષા ન કરી, તો પછી શેઠ રાઘવજીભાઇની ઇર્ષા કરવાનું તેમને શું કારણ હતું વારુ? જો કીર્તિના કારણથી અન્ય લોહાણા બંધુઓ કોઇની ઇર્ષા કરવાનો સ્વભાવ ધરાવતા હોત, તો તેઓ શેઠ જીવરામ કલ્યાણજી કોઠારીની પણ અવશ્ય એથી વિશેષ ઇર્ષા કરત; પરંતુ તેમની કોઇએ ઇર્ષા નથી કરી અને તેથી એ વાર્તા સ્વયંસિદ્ધ થઇ જાય છે કે રા. જયકૃષ્ણ વર્માએ કચ્છી લોહાણા બંધુઓપર ઇર્ષાનો જે આરોપ મૂક્યો છે તે આરોપ સર્વથા કાલ્પનિક હોવાથી નિર્વિવાદ ઇર્ષાજન્ય છે.

સારાંશ કે, જ્યારે જ્ઞાતિબંધુઓએ શેઠ રાઘવજીભાઇની ઇર્ષા કરી જ નથી એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે, તો પછી તેમણે શેઠ રાઘવજીભાઇના સંબંધમાં કોઇ પણ પ્રકારના ઇર્ષામૂલક તથા દ્વેષાત્મક ગપગોળા ઉડાડ્યા હોય અને તેમને હીણું લગાડવાનો પ્રયત્ન કર્યો હોય એ તો સિદ્ધ જ કેમ કરીને થઇ શકે વારુ? "मूलं नास्ति कुतः शाखा?" અર્થાત્ જ્યાં વૃક્ષના મૂળનો જ અભાવ હોય ત્યાં શાખાના પ્રશ્નને ચર્ચવો એ તો એક પ્રકારની મૂર્ખતા જ કહી શકાય. કહેવાનું તાત્પર્ય એટલું જ કે રા. જયકૃષ્ણ વર્માએ લોહાણા બંધુઓના સંબંધમાં કરેલો દ્વિતીય આક્ષેપ પણ સર્વથા અસત્ય, ઇર્ષામૂલક, પક્ષપાતપ્રતિપાદક તથા દ્વેષાત્મક છે અને તેથી જો 'બીડના કૂતરા' તથા 'ઇર્ષાખોર' આદિ વિશેષણો આ વિષયપરત્વે કોઇના સંબંધમાં પણ અધિક સાર્થક

થઈ શકતાં હોય, તો તે રા. જયકૃષ્ણ વર્માના પોતાના સંબંધમાં જ થઇ શકે તેમ છે.

હવે આપણે રા. જયકૃષ્ણ વર્માના કરેલા તૃતીય આક્ષેપનો વિચાર કરીશું.

૩ મુંબઈની શ્રી કચ્છી લોહાણાજ્ઞાતિમાટે સમસ્ત મહાજનશ્રીએ નક્કી કરેલાં ધારાધોરણોનો ઇતિહાસ

રા. જયકૃષ્ણ વર્માનો તૃતીય આક્ષેપ એ છે કે: “પહેલા બે પ્રસંગોમાં તેમની ઇર્ષ્યાએ જાહેર સ્વરૂપ લીધું ન હતું, પણ આ વખતે તેઓ પોતાની લાગણીઓ ખાનગી રાખવાનો વિવેક સરખોયે જાળવી શક્યા નહિ. આ ધરાર પટેલોએ બીજા સાધારણ ભાઈઓને ચઢાવી ઉશ્કેરી હોળીના નાળીએર બનાવ્યા અને શ્રીયુત રાઘવજીભાઈના કાર્ય વિરૂદ્ધ અરજીઓ કરાવી. એ અરજીઓ સાંભળી તેમનો નિર્ણય કરનાર સજ્જનોમાં ઇર્ષ્યાખોરોની સંખ્યા નાની ન હતી અને સહેલાઇથી આડે માર્ગે દોરવાય એવા પણ ઘણા હતા. પરિણામે જ્ઞાતિનેમાટે ધારાધોરણો ઘડવાના બહાના હેઠળ એક કમીટી મહાજન તરફથી નીમવામાં આવી હતી. અઢાર ગૃહસ્થોની બનેલી આ કમીટીએ ધારાધોરણોનો જે ખરડો તૈયાર કર્યો છે, અને જે પાછળથી મહાજને પસાર કર્યો છે તે જોતાં સાદી સમાજ ધરાવતો કોઇ પણ સજ્જન કહી શકે કે એ સર્વ મોટે ભાગે ઇર્ષ્યાનું જ પરિણામ છે.” ઇત્યાદિ. (આ અવતરણ આરંભમાં યથાસ્થિત પ્રકટ કરાયલું હોવાથી ત્યાં જોઇ લેવું. અહીં આવશ્યકીય અંશ ઉદ્ધૃત કરાયલો છે.)

રા. જયકૃષ્ણ વર્માએ કરેલા આ આક્ષેપના નિવારણમાટે એ ધારાધોરણોનો ઇતિહાસ અહીં પ્રકટ કરવાની આવશ્યકતા હોવાથી તે ઇતિહાસ નીચે આપવામાં આવ્યો છે.

સર્વથી પ્રથમ સંવત્ ૧૯૭૧ માં એટલે કે આજથી લગભગ આઠ વર્ષ પૂર્વે મુંબઇના કચ્છી લોહાણા મહાજનશ્રી પાસે એક સોથી વધારે સહીઓવાળી અરજીઓ આવી હતી કે જેમાં મુંબઇની કચ્છી લોહાણાજ્ઞાતિમાટેનાં ધારાધોરણોમાં યોગ્ય સુધારાવધારા કરવાની માગણીઓ કરાયલી હતી. તે અરજીઓનો ઊહાપોહપૂર્વક વિચાર કરીને મહાજનશ્રીએ કેટલાક ધારાઓમાં સુધારો કર્યો અને ત્યારપછી નિયમોની નવી કલમોને ઘડવાના કાર્યનો આરંભ કરી દીધો. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ વધારે કલમોમા સુધારા થતા ગયા અને અંતે કચ્છમાં ભરાયલી પરિષદ્ વેળાયે પરિષદ્‌ના કાર્યની સમાપ્તિ થઇ ગયા પછી શ્રી માંડવી બંદરમાં કચ્છી લોહાણા બંધુઓની જે મોટી સંખ્યા રોકાઈ રહી હતી તેમાંના અંજાર, ભુજ, નળિયા તથા વાગડ આદિ સ્થાનોના નિવાસી જ્ઞાત્યગ્રેસરો બે દિવસ વધારે રોકાયા હતા અને કચ્છ તથા મુંબઇની કચ્છી લોહાણાજાતિનાં ધારાધોરણો એકસરખાં જ રહે અને એકબીજાથી જૂદાં ન પડે એમાટે કેટલીક ગંભીર ચર્ચા કરી હતી. શેઠ **શિવદાસ ચાંપસીએ** છપાવીને પ્રસિદ્ધ કરેલી '**જ્ઞાતિ પ્રત્યે અપીલ**' નામક પુસ્તિકા એ સંમેલનથી પૂર્વે જ ત્યાં એકત્ર થયેલા લોહાણા બંધુઓમાંના બહુસંખ્ય બંધુઓએ વાંચેલી હોવાથી અને તેમાં ચર્ચાયલા જ્ઞાતિસુધારણા વિષય પ્રશ્નો તેમને રુચિકર થયેલા હોવાથી એ વિષયની ચર્ચાના અંતે પ્રમુખશ્રી શેઠ લાલજી ડુંગરસીએ ત્યાં એકત્ર થયેલા બંધુઓને એમ કહ્યું હતું કે: "અમો મુંબઈ જઇને કચ્છમાં ચાલતા ધારાઓને અનુસરતા ધારા મુંબઇમાં પણ ચાલૂ થઇ જાય તેમાટેનો અમારાથી કરી શકાશે તેટલો પૂર્ણ પ્રયાસ કરીશું." આ વેળાયે શેઠ **શિવદાસ ચાંપસીએ** એ કાર્યમાટે અગાધ આયાસ વેઠયો હતો, એ કાર્યના અગ્રેસર તરીકે કાર્ય કર્યું હતું અને મુંબઇ પહોંચ્યા પછી પણ તેઓ એ જ કાર્યની પાછળ મંડયા રહ્યા હતા. શેઠ **શિવદાસ ચાંપસીના** આવા અખંડ તથા સતત પ્રયાસના યોગે સંવત્ ૧૯૭૬ માં મુંબઇના શ્રી

કચ્છી લોહાણા મહાજને એ કાર્યને પોતાના હસ્તમાં લીધું અને ત્યાર પછી ભરાયલી જ્ઞાતિસભાઓમાં કેટલાક ભાઇઓએ સૂચના કરી કેઃ "કરાચી, જામનગર, રાજકોટ, જોડીઆ તથા ભુજ આદિ નગરોના મહાજનોના અભિપ્રાયો જો મંગાવવામાં આવે અને આપણે હવે પછી જે ધારાધોરણો નિશ્ચિત કરીએ તે ધારાધોરણો એ સર્વ નગરોમાંની આપણી જ્ઞાતિનાં ધારાધોરણો સાથે મળતાં થાય તેવા કરવાનો પ્રયત્ન કરવામાં આવે, તો વધારે સારૂં." આ સૂચના યોગ્ય જણાતાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને એવાં સર્વ વિશાળ નગરોનાં લોહાણા મહાજન મંડળોને પત્રો લખ્યા અને તેપત્રોના ઉત્તરમાં કેટલાક નગરોમાંથી ત્યાંનાં ધારાધોરણની છાપેલી ચોપડીઓ પણ આવી. પરંતુ આ કાર્યમાં ધારવા કરતાં બહુ જ વિશેષ સમય વીતી ગયો. આ કાર્ય બહુ જ ગુંચવણ ભરેલું તથા કઠિન હોવાથી, ભિન્ન ભિન્ન પ્રદેશોનાં રીતિ રિવાજો જૂદાં જૂદાં હોવાથી અને તે સર્વ રીતિરિવાજોના સંશોધનમાં કઠોર પરિશ્રમની આવશ્યકતા હોવાથી આવા કાર્યમાં દીર્ઘ સમય વીતી જાય એ સ્વાભાવિક છે અને એ રહસ્યને માત્ર તેઓ જ જાણે છે કે જેમણે આવાં કાર્યો કરવાના ભારને પોતાના મસ્તકપર ધારણ કરેલો હોય છે.

આવી રીતે મુંબઇની કચ્છી લોહાણાજ્ઞાતિનાં ધારાધોરણોને સુધારવાની તથા આશ્યકતા અનુસાર કેટલાક નવીન ધારા ઘડવામાટે કમીટી નીમવાની ચર્ચા મહાજનમાં ચાલતી હતી એવામાં શેઠ સૂરજી વલ્લભદાસ વિલાયતના પ્રવાસની સમાપ્તિ કરીને મુંબઇ આવી લાગ્યા, તેઓશ્રીને દેહશુદ્ધિ કરાવવાની નવીન ચર્ચાનો આરંભ થયો અને કેટલાક જ્ઞાતિબંધુઓનો એવો અભિપ્રાય જણાયો કે 'આ વિષયનો નિર્ણય સર્વથી પ્રથમ થવો જોઇએ.' એ વેળાએ લગ્નસરા પણ ચાલતી હતી એટલે બહુ જ્ઞાતિબંધુઓ લગ્નનાં કાર્યોમાં રોકાઇ ગયા અને તેથી વળી પાછો કેટલોક સમય વીતી ગયો. એ જ સમયમાં શેઠ રાઘવજી-ભાઇનાં પુત્રી ચિ. મણીબાઇના લગ્નનો પ્રસંગ ઊજવાયો અને તેમાં 'હરિ-

કથા'ના નામથી જે ચોખ્ખી 'ટીપાર્ટી' કે તેથી પણ વિલક્ષણતામાં આગળ વધી જાય તેવું એક પ્રહસન—ફાર્સ—ભજવવામાં આવ્યું અને તેના યોગે અનેક ધર્મપ્રિય કચ્છી લોહાણા બંધુઓના હૃદયમાં સ્વાભાવિક જ એક પ્રકારનો આઘાત થઇ ગયો.

થોડા સમય પછી શેઠ સૂરજી વલ્લભદાસના દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત વિષયક પ્રશ્નનો ઉપર જણાવ્યા પ્રમાણે શેઠ સૂરજીભાઇની સભ્યતા તથા સત્યવાદિતાના પરિણામે સંતોષકારક નિર્ણય થઈ ગયો અને લગ્નસરા પણ વીતી ગઈ એટલે મહાજનશ્રીએ ધારાધોરણોને સુધારવાના કાર્યને પુનઃ હાથમાં લીધું અને એક કમીટી નીમવામાં આવી. એ વેળાએ શેઠ રાઘવજીભાઇનાં પુત્રી ચિ. મણીબાઇના લગ્નપ્રસંગને લગભગ ચાર મહિના જેટલો સમય વીતી ગયો હતો. ઉપર્યુક્ત કમીટીએ પોતાની બુદ્ધિ અનુસાર અન્ય પ્રદેશોમાંથી આવેલી ધારાધોરણોની ચોપડીઓનું સંશોધન કરીને તથા પોતાનાં પ્રચલિત ધારાધોરણો સાથે તેમની તુલના કરીને વર્તમાન સમયમાં સર્વને અનુકૂળ થઇ પડે તેવો ધારાધોરણોનો એક કાચો ખરડો તૈયાર કર્યો અને તે ખરડામાં બૉઇકાટ તથા હરિકથા એ શબ્દોના પ્રયોગો આવેલા હોવાથી શેઠ રાઘવજીભાઇએ એને ઇર્ષાજન્ય કાર્ય માની લીધું.

હવે અહીં જે એક વાર્તા વિશિષ્ટતાથી લક્ષમાં રાખવા યોગ્ય છે તે એ કે મુંબઇની શ્રી કચ્છી લોહાણાજ્ઞાતિમાટે ધારાધોરણો તૈયાર કરનાર જે કમીટી નીમવામાં આવી હતી તે કમીટીમાં શેઠ રાઘવજીભાઇના મિત્રો તથા સંબંધીઓની સંખ્યા કાંઇ ઓછી ન હોતી; કારણ કે, ભાઇ શ્રી શિવદાસ ચાંપસી, ભાઇ શ્રી તેજપાલ નરસી, ભાઇ શ્રી ભીમજી પ્રેમજી; ભાઇ શ્રી લીલાધર ગોવિન્દજી, ભાઇ શ્રી કેશવજી દામજી તથા ભાઈશ્રી આનન્દજી મૂલજી પાંચી આદિ સદ્દગૃહસ્થો કે જેઓ એ કમીટીના સભાસદો હતા તેઓ શેઠ રાઘવજી-ભાઇના મિત્રો તથા સંબંધીઓ જ હતા અને તેઓ શ્રીમાનના

એ મિત્રો તથા સંબધોઓ બુદ્ધિપૂર્વક એટલે કે જાણીજોઇને તેઓ શ્રીમાનની ઇર્ષા કરે એ કદાપિ સંભવનીય હોઇ શકે ખરૂં કે ? જો શેઠ રાઘવજીભાઇ પોતે જ પોતાના અંતઃકરણને પૂછી જુએ કે: ‘એ સર્વ સદ્ગૃહસ્થો મારા શત્રુઓ છે કે કેમ ?’ તો તેમને પોતાના અંતઃકરણ પાસેથી પણ એ જ ઉત્તર મળશે કે: “ નહિ, એ સર્વ સદ્ગૃહસ્થો મારા શત્રુઓ નહિ, પણ મિત્રો તથા સંબંધીઓજ છે; ” અને જેઓ મિત્રો તથા સંબંધીઓ હોય છે તેઓ કદાપિ પોતાના મિત્ર તથા સંબંધી જનના હિતશત્રુઓ થઇ શકતા નથી, એ સર્વથા નિર્વિવાદ છે. વળી શેઠ લાલજી ડુંગરસી તથા શેઠ ધર્મસિંહ ભવાન જેવા સજ્જનોના હૃદયમાં ઇર્ષાનો ઉદ્ભવ થાય એ તો સુરસરિતા ગંગાના જળમાં દાહકતાના ઉદ્ભવ સમાન સર્વથા અસંભવનીય જ કહી શકાય એવો સમસ્ત કચ્છી લોહાણા બંધુઓનો દૃઢ વિશ્વાસ છે; છતા શેઠ રાઘવજીભાઇને એ સજ્જન પુરુષોના હૃદયમાં પણ ઇર્ષાનો સાક્ષાત્કાર થવા લાગ્યો એ કોઇ વિલક્ષણ વેળાનું જ પરિણામ હોવું જોઇએ. ઉપર દર્શાવેલા ગૃહસ્થો તો શેઠ રાઘવજીભાઇના મિત્રો તથા સંબંધીઓ જ હતા એટલે કમીટીમાંના બાકીના ભાઇ શ્રી રામજી જયરામ ખાંટ, ભાઇ શ્રી ધારસી હેમરાજ તથા ભાઇ શ્રી લાલજી મેઘજી આદિ સભાસદોને શેઠ રાઘવજીભાઇ સાથે વ્યાપાર આદિમાં કશી પણ પ્રતિસ્પર્ધા નથી તેમ જ તેઓ શેઠ રાઘવજી જેવા અને જેટલા શ્રીમંતો પણ નથી કે જેથી પ્રસંગ પડતાં પોતાની પુત્રીઓને દાયજામાં મૉટરો આપવાનો વિચાર માત્ર પણ તેમના મસ્તિષ્કમાં ઉદ્ભવવાનો સંભવ હોય; તો પછી આવા ગૃહસ્થો શેઠ રાઘવજીભાઇની ઇર્ષા શામાટે અને શા કારણથી કરે, એ એક વિચારણીય પ્રશ્ન નથી કે શું ? માત્ર એટલું જ નહિ, પણ શેઠ કેશવજીભાઇના દેહ-શુદ્ધિપ્રાયશ્ચિત્તની ચર્ચાના પ્રસંગે તો એ ગૃહસ્થોમાંના ભાઈ શ્રી ધારસી હેમરાજે શેઠ કેશવજીભાઇનો જ પક્ષ સ્વીકાર્યો હતો એ વાર્તા પણ લક્ષમાં રાખી લેવા યોગ્ય છે. સારાંશ કે, શેઠ રાઘવજીભાઇ

પ્રતિ કોઇ પણ ગૃહસ્થના મનનાં ઇર્ષાભાવ કિંવા દ્વેષભાવ હતો નહિ, છે નહિ અને હોવાનો સંભવ પણ નથી.

વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં પ્રાસ્તાવિકલેખક રા. જયકૃષ્ણ વર્મા પોતાના પ્રાસ્તાવિકમાં ધારાવાહિકતાથી વારંવાર—આદિથી અંતપર્યન્ત—મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળના સર્વ ગૃહસ્થોને શેઠ રાઘવજી ભાઇના વિરોધી તરીકે જ ઓળખાવતા રહ્યા છે એ તેમણે કરેલી શેઠ રાઘવજીભાઇની સેવા છે કે શત્રુતા છે એ મારાથી સમજી શકાતું નથી; કારણ કે, એથી તો જેઓ ઉપર્યુક્ત વસ્તુસ્થિતિથી સર્વથા અજ્ઞ હશે તેવા તટસ્થ લોકોના મનમાં પણ સ્વાભાવિક જ એવો પ્રશ્ન ઉદ્ભવવાનો સંભવ છે કે જ્યારે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળના સર્વ ગૃહસ્થો એકવાક્યતાથી શેઠ રાઘવજીભાઇના વિરોધી થઈ ગયા છે ત્યારે એમાં શેઠ રાઘવજીભાઇનો કાંઇ પણ દોષ ન હોય એ સંભવનીય છે ખરૂં કે ? જો શેઠ રાઘવજીભાઇ સર્વથા નિર્દોષ હોય, તો સમસ્ત કચ્છી લોહાણા મહાજન મંડળના સર્વ ગૃહસ્થો તેમના વિરોધી થાય જ નહિ. અહીં મને આવા જ પ્રકારની એક દંતકથાનું સ્મરણ થઇ આવે છે. તે દંતકથા આ પ્રમાણે છેઃ—

પોતાની એક પુત્રીને પરણાવીને સાસરે વળાવ્યા પછી જ્યારે તે પુત્રી કેટલાક મહીના પછી પાછી પોતાને પિયર આવી તે વેળાયે તેનાં માતા પિતાએ તેને પૂછ્યું કેઃ "કેમ બેટા, સાસરિયાંમાં તને કોઇ પણ પ્રકારનું દુઃખ તો નથી ને ?" એના ઉત્તરમાં તે પુત્રીએ નિઃશ્વાસ નાખીને જણાવ્યું કેઃ "સાસરિયાંમાં મારા દુઃખનો પાર જ નથી; મારાં નસીબ ફૂટી ગયાં છે !" માતાએ પૂછ્યું કેઃ "દીકરી, તારા દુઃખનું કારણ શું છે ?" દીકરીએ પોતાની માતાના એ પ્રશ્નના ઉત્તરમાં આંસુભીની આંખોથી કહેવા માંડ્યું કેઃ "માડી, શું કહું ? મારો સસરો શયતાન જેવો છે; મારી સાસૂ શઠશિરોમણી છે; મારો નાવલિયો નમાલો છે; મારો જેઠ જાલિમ છે; મારો દીયર દૈત્ય જેવો

છે; મારી જેઠાણી ઝગડાખોર છે; મારી દેરાણી દગાબાજ છે અને મારી નણંદ નઠારી છે એટલે મારા નસીબમાં સુખ તે ક્યાંથી હોય વારૂ ? ” માતા પિતા વિચારશીલ તથા ડાહ્યાં હોવાથી પુત્રીનું એ ઉત્તર સાંભળીને પોતાના વેવાઇના કુટુંબ પ્રતિ કોપ કિંવા તિરસ્કાર ન દર્શાવતાં શાંતિથી પોતાની પુત્રીને કહેવા લાગ્યાં કે: “ દીકરી, પાંચે આંગળીઓ સરખી નથી હોતી એટલે તારાં સાસરિયાંમાં કદાચિત્ કોઇ એક કે બે માણસ નઠારાં હોય, તો તે સંભવનીય છે; પરંતુ તું તારાં સાસરિયાંમાંનાં સર્વ મનુષ્યોને નઠારાં મનુષ્યો તરીકે ઓળખાવે છે એટલે એથી તો એમ જ સિદ્ધ થાય છે કે તારામાં જ ઇર્ષાનો નિવાસ છે, જે દોષદૃષ્ટિ છે તે તારી પોતાની જ છે અને તું પોતે જ નઠારી છે !”

સારાંશ કે, એ પુત્રી જેવી રીતે પોતાનાં સાસરિયાંમાંનાં સર્વ મનુષ્યોને પોતાનાં માતાપિતા સમક્ષ નઠારાં મનુષ્યો તરીકે સિદ્ધ કરવાથી પોતેજ નઠારી સિદ્ધ થઇ ગઇ હતી તેવી જ રીતે પ્રાસ્તાવિક-લેખક રા. જયકૃષ્ણ વર્માના મુંબઇના સમસ્ત કચ્છી લોહાણા મહાજન મંડળના સર્વ સદ્ગૃહસ્થોને શેઠ રાઘવજીભાઇના વિરોધી તથા ઇર્ષાલુ તરીકે સિદ્ધ કરી બતાવવાના આ પ્રયત્નથી તે પુત્રીનાં માતાપિતા સમાન ગંભીરબુદ્ધિ તથા વિચારશીલ લોહાણા જનસમાજ સમક્ષ જો શેઠ રાઘવજીભાઇ પોતે જ મુંબઇના સમસ્ત કચ્છી લોહાણા મહાજન મંડળના વિરોધી તથા ઇર્ષાલુ તરીકે સિદ્ધ થઇ જાય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ છે ખરૂં કે ?

ઉપર જણાવ્યા પ્રમાણે મુંબઇની શ્રી કચ્છી લોહાણાજ્ઞાતિનાં ધારાધોરણો ઘડવાના કાર્યનો આરંભ સંવત્ ૧૯૭૧ માં થયો હતો અને તે કાર્યની સમાપ્તિ સંવત્ ૧૯૭૯ માં થઇ હતી; છતાં રા. જયકૃષ્ણ વર્માએ ગાલિપ્રદાનનિબંધના પ્રાસ્તાવિકમાં એ ધારાધોરણોને શેઠ રાઘવજીભાઇના વિરોધીઓની ઇર્ષાના પરિણામરૂપ દર્શાવ્યાં છે તેનું કારણ એ છે કે શેઠ રાઘવજીભાઇ વિના અન્ય કોઇ પણ કચ્છી લોહાણા

સદ્‌ગૃહસ્થે અદ્યાપિ પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે દાયજામાં મૉટરકાર તથા રોકડ રકમ આપી નથી અને એ ધારાધોરણોના કાચા ખરડામાં ઘોડા ગાડી અગર મૉટરગાડી અને રોકડ રકમ આપવાની સખ્ત મનાઇનો નિયમ નખાયલો હતો અને તેથી રા. જયકૃષ્ણ વર્માએ એ ધારાધોરણોને શેઠ રાઘવજીભાઇના વિરોધીઓની ઇર્ષાલુતાનું જ પરિણામ માની લીધું છે; માત્ર એટલું જ નહિ, પણ કદાચિત્ ઉપરટપકેથી જોનાર અન્ય કોઈ મનુષ્યને પણ "મૉટરકાર" તથા "રોકડ રકમ" આદિ શબ્દોથી એવો ભાસ થઇ જાય, તો તે પણ સંભવનીય છે અને તેથી એ નિયમ શેઠ રાઘવજીભાઇ પ્રતિના દ્વેષને દર્શાવવામાટે નહિ, કિન્તુ મુંબઈની સમસ્ત કચ્છી લોહાણાજાતિના ભાવિ કલ્યાણની સ્થાપનામાટે જ કરવામાં આવ્યો હતો: અને ત્યાર પછી જેમ રા. જયકૃષ્ણ વર્મા માને છે તેમ એ 'નિયમને પસાર કરતી વખતે મહાજને તેનું સ્વરૂપ વિવેકની ખાતર થોડુંક બદલ્યું છે' તેમ નથી કિન્તુ 'કોઇ પણ જાતનું વાહન' આપવાની સખ્ત મનાઈ કરીને એ નિયમને કઠિનતર કરી દીધો છે; કારણ કે, 'વાહન' શબ્દમાં બળદગાડી, ઘોડાગાડી, મૉટરગાડી, બાઇસિકલ, પાલખી, હાથી, ઘોડો અને બળદ આદિ સર્વ વાહનોનો સમાવેશ થઇ જાય છે અને તેથી 'કોઈ પણ જાતનું વાહન' એ શબ્દપરિવર્તનથી 'ઘોડાગાડી અગર મૉટરગાડી' નો જે સંકુચિત અર્થ થતો હતો તે અર્થને વિશાળ કરવામાં આવ્યો છે એ તો કોઇ પણ સમજી શકે તેમ છે.+ અસ્તુ: આટલા વિવેચન પછી

+ એ સમસ્ત નિયમ આ છે. "દાગીના ગજા સામર્થ્ય પ્રમાણે આપવાની છૂટ છે. ઘરના રાચરચીલામા ઢોલીઓ અથવા પલંગ નંગ ૧ તથા કબાટ અથવા પેટી નંગ ૧ જુમલે નંગ ૨, એથી વધારે નહિ. વાસણો ચાલુ રિવાજ પ્રમાણે આપવાં, તેથી વિશેષ આપવાં નહિ. ગાય આપવાની છૂટ છે; પણ કોઇ પણ જાતનું વાહન અને રોકડ રકમ આપવાની સખ્ત મનાઇ છે." 'શ્રી મુંબઇની શ્રી કચ્છી લોહાણા જ્ઞાતિમાટે સમસ્ત મહાજનશ્રીએ નક્કી કરેલાં ધારા ધોરણો પૃષ્ટ ૯ મું.

પણ એ પ્રશ્ન તો અવશિષ્ટ જ રહે છે કે કાચા ખરડામાં મૉટરગાડી તથા રોકડ રકમ આપવાની સખ્ત મનાઇનો નિયમ કરાયો અને ત્યાર પછી તેમાં આ પ્રકારનો સુધારો કરવામાં આવ્યો તેનું કારણ શું? કારણ કે, શેઠ રાઘવજીભાઈ વિના અન્ય કોઇ ધનાઢ્ય લોહાણા ગૃહસ્થે પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે દાયજામાં મૉટરકાર તથા રોકડ રકમ આપવાનો એક પણ દાખલો નથી અને તેથી આ નિયમ શેઠ રાઘવજીભાઈની એ ઉદારતાના કારણથી જ ઘડાયલો છે એમ શામાટે ન માની શકાય? પ્રશ્ન વાસ્તવિક છે; પરંતુ એ પ્રશ્નનું સમર્પક તથા સમાધાનકારક ઉત્તર પણ મળી શકે તેમ છે અને મારે અત્યારે એ પ્રશ્નનું સમર્પક ઉત્તર આપવાનો જ યત્ન કરવાનો છે.

આપણી લોહાણાજાતિમાં તેમ જ અન્ય ઉચ્ચ હિન્દુજાતિઓમાં; માત્ર એટલું જ નહિ, પણ શૂદ્ર નામથી ઓળખાતી જાતિઓમા પણ મૃત મનુષ્યની પાછળ તેના અગિયારમાની ક્રિયા—શ્રાદ્ધક્રિયા—ની સમાપ્તિ પછી તેરમાને દિવસે કિંવા ચૌદમે દિવસે જ્ઞાતિભોજનનો સમારંભ કરવાની જે રૂઢિ દૃઢમૂલ થઇ ગયેલી આપણા જોવામાં આવ્યા કરે છે અને જે રૂઢિને અત્યારના આપણા સુશિક્ષિત તથા વિચારશીલ મનુષ્યો અત્યંત વિઘાતક માને છે તે જ્ઞાતિભોજન કિંવા પ્રેતભોજનસમારંભના ઉદ્‌ભવનો વિચાર કરતાં આપણને જણાઇ આવે છે કે અતિથિ-સત્કારમાંથી જ આ જ્ઞાતિભોજનસમારંભનો ઉદ્‌ભવ થયેલો હોવો જોઇએ; કારણ કે, પૂર્વે ભારતવર્ષમાં પલ્લીનિવાસ—ગ્રામનિવાસ—ની પ્રથા અધિક પરિમાણમાં પ્રચલિત હોવાથી જ્યારે કોઇ એક નગર અથવા પલ્લીમાં વસતા કોઇ એક કુટુંબના કોઇ એક મનુષ્યનું મૃત્યુ થઇ જતું હતું ત્યારે તે મનુષ્યના મૃત્યુનો શોક દર્શાવવામાટે તેના તથા તેના કુટુંબના સંબંધિ જનો, મિત્રો, પરિચિત જનો તથા જાતિબંધુઓ પોતાના દૂર દૂરનાં નિવાસસ્થાનોમાંથી તે ગ્રામ અથવા નગરમા આવતાં હતાં અને તે સર્વ તે મૃત મનુષ્યના કુટુંબનાં અતિથિ હોવાથી તેમનું યથાપ્રસંગ આદરાતિથ્ય કરવાનો ભાર તે મૃત

મનુષ્યનાં કૌટુંબિક જનોના શિરપર રહેતો હતો. એ લૌકિકમાટે આવનારાં મનુષ્યો બહુધા અગિયારમા દિવસના શ્રાદ્ધની સમાપ્તિ પછી જ આવતાં હતાં અને તે એટલામાટે કે તે સમયમાં મૃત મનુષ્યનાં કૌટુંબિક જનોના અશૌચનું નિવારણ થઇ ગયેલું હોવાથી તેમના ગૃહનું ભોજન તેમનાથી સ્વીકારી શકાય. કચ્છ તથા કાઠિયાવાડનાં નગરો તથા ગ્રામોમાં આ પ્રણાલિકા અત્યારે પણ વિદ્યમાન છે. આવા પ્રસંગોમાં તે મૃત મનુષ્યનાં કૌટુંબિક જનો પોતાંની આર્થિક સ્થિતિ તથા સામાજિક મહત્તા અનુસાર એ અતિથિજનોનો ભોજન આદિથી યોગ્ય આદરસત્કાર કરતાં હતાં. અર્થાત્ મૃત મનુષ્યનાં કૌટુંબિક જનોની આર્થિક સ્થિતિ સામાન્ય હોય, તો તેઓ અતિથિઓનો સામાન્ય સત્કાર કરતાં હતાં અને જો મૃત મનુષ્ય ધનાઢ્ય હોય તો તેનાં કૌટુંબિક જનો અતિથિઓનો અસામાન્ય સત્કાર કરીને પોતાની ધનાઢ્યતા તથા પોતાના સામાજિક વર્ચસ્વનો સાક્ષાત્કાર કરાવતાં હતાં. ધીમે ધીમે એનું પરિણામ એ થવા લાગ્યું કે અતિથિજનો આવા પ્રસંગે ધનાઢ્ય મનુષ્યોની તેમણે કરેલા પોતાના અસામાન્ય કિંવા અસાધારણ આદરસત્કારના કારણથી પ્રશંસા કરવા લાગ્યાં અને સાધારણ સ્થિતિના મનુષ્યોની તેમણે કરેલા પોતાના સાધારણ આદરાતિથ્યના કારણથી પીઠ પાછળ નિન્દા કરવા લાગ્યાં. આવી રીતે પોતાની નિન્દા થતી જોઇને સાધારણ સ્થિતિનાં મનુષ્યો પણ આવા પ્રસંગે પોતાની શક્તિનો વિચાર ન કરતાં ઋણના ભાર તળે દબાઇને પણ અતિથિઓનો ધનાઢ્ય મનુષ્યો પ્રમાણે આદરસત્કાર કરવા લાગી ગયાં અને અંતે એ અતિથિસત્કારે જ્ઞાતિભોજન કિંવા પ્રેતભોજનનું સ્વરૂપ ધારણ કરી લેવાથી મૃત મનુષ્યની પાછળ જ્ઞાતિભોજનનો સમારંભ કરવો જ જોઇએ એવો એક અનિવાર્ય નિયમ જ બંધાઇ ગયો અને એ નિયમે સાધારણ સ્થિતિનાં અસંખ્ય મનુષ્યોને પાયમાલ તથા કપર્દિકાહીન કરી નાખવાના ભીષણ કાર્યનો આરંભ કરી દીધો. આપણી કચ્છી લોહાણાજાતિમાં એવી ઘટનાઓ અનેક વાર મારા જોવામાં આવી છે.

કે અમુક મનુષ્યોના મૃત્યુ પાછળ તેમનાં કૌટુંબિક જનોને તેમની આર્થિક સ્થિતિ સંતોષકારક ન હોવા છતાં પણ પોતાના પૂર્વજોની તથા પોતાના કુટુંબની પ્રતિષ્ઠાના રક્ષણમાટે અને જ્ઞાતિમા પોતાની નિન્દા ન થાય અને ભૂંડું ન બોલાય તેટલામાટે પોતાનાં ઘરોને તળિયા-ઝાટક કરીને અથવા તો મોટા વ્યાજે મારવાડીઓને ત્યાથી નાણાં ઉપાડીને પણ જ્ઞાતિભોજન કરવાં પડયાં છે અને અનેક પ્રકારનાં સંકટો વેઠવા પડયાં છે. આ રૂઢિનાં મૂળ તો જ્ઞાતિઓમાં એટલાં બધાં ઉંડાં ઊતરી ગયાં છે કે હવે એ રૂઢિનુ કોઇથી પણ નિર્મૂલન કરી શકાય તેમ નથી, પરંતુ જ્ઞાતિયોમાં આવી રીતે ભવિષ્યમાં દૃઢમૂલ થઇને ભાવિ પ્રજામાટે વિઘાતક થઇ પડનારી નવીન રૂઢિયોનો પ્રવેશ ન થવા દેવો અને એવી રૂઢિયોને ઊગતાં જ છાંટી નાખવી એ જ્ઞાતિ-હિતવાદી જ્ઞાત્યગ્રેસરોનું પ્રધાન કર્તવ્ય છે અને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળે પુત્રીના લગ્નપ્રસંગે દાયજામાં પુત્રીને કોઇ પણ પ્રકારનું વાહન તથા રોકડ રકમ ન આપવાનો નિયમ કરીને પોતાના એ કર્તવ્યનું યથાર્થ પાલન કરી બતાવ્યું છે; કારણ કે, એક ધનાઢ્ય પુરુષ પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે દાયજામા દશ કે બાર હજારની અથવા તો તેથી પણ વધારે કીમતની મૉટરકાર તથા રૂપિયા પચાસ હજાર રોકડા આપે અને બહારથી તે પુરુષ જેટલો જ ધનાઢ્ય મનાતો અને જેની બાંધી મુઠ્ઠી લાખની હોય તેવો, પરંતુ જેની વાસ્તવિક ધનાઢ્યતા તે પુરુષથી સોળમા ભાગની પણ ન હોય તેવો પુરુષ પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે એવી મોટરકાર તથા પચાસ હજાર રૂપયા ન આપે, તો લોકો તેને કંજૂસ પિતા કહીને તેની નિન્દા કરે એ સ્વાભાવિક નથી કે શું ? અર્થાત્ આ લોકનિન્દાથી બચવાનો તેના માટે માત્ર એક જ માર્ગ હોય છે અને તે એ કે પોતાની શક્તિ ન હોય તો પણ પોતાના ઘરને તળિયાઝાટક કરીને પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે દાયજામાં મૉટર-કાર અને રૂપિયા પચાસ હજારની રોકડ રકમ આપવી અને પોતાની પ્રતિષ્ઠાને ઝાંખ લાગવા ન દેવી અને જો આટલી ઉદારતા ન દર્શાવી

શકાય, તો લોકનિન્દાને પાત્ર થવું. સારાંશ કે, એકે આમ કર્યું, બીજાએ આમ કર્યું અને ત્રીજાએ આમ કર્યું એટલે ધીમે ધીમે એ કાર્ય એક રૂઢિ અથવા નિયમના રૂપમાં પરિણત થઇ જાય છે અને કેટલાક સમય પછી જ્યારે એ રૂઢિ દૃઢમૂલ થઇ જાય છે એટલે પછી એ રૂઢિ અત્યંત વિઘાતક હોવા છતાં પણ એ રૂઢિનો પ્રતિબંધ કિંવા અટકાવ સર્વથા અશક્ય થઇ પડે છે. પુત્રીઓને તેમના લગ્નપ્રસંગે આ રીતે મૉટરકાર તથા હજારોની રોકડ રકમ દાયજામાં જ આપવાથી જ્ઞાતિને અમુક સમય પશ્ચાદ્ જે એક અન્ય ભયંકર હાનિ થાય છે તે એ છે કે જ્ઞાતિમાં ધીમે ધીમે વરવિક્રયની રૂઢિનો ઉદ્ભવ થાય છે અને તેમ થતાં કેવળ ધનાઢ્ય પુરુષોની પુત્રીઓને જ સારા વરો મળી શકે છે અને સાધારણ સ્થિતિના પુરુષોની કન્યાઓને કાં તો સાધારણ સ્વામી મળી શકે છે, કાં તો વૃદ્ધ સ્વામી મળી શકે છે અને કાં તો સમસ્ત જન્મ કૌમાર-કુંવારાપણા-માં જ વીતાડી દેવો પડે છે. અમારા આ કથનના સત્યાશનું પ્રમાણ આપણી જ્ઞાતિમાંથી જ મળી શકે તેમ છે. સિંધુ દેશમા-સિંધમાં-આપણી લોહાણા જ્ઞાતિ બે વર્ગમાં વિભક્ત થયેલી છે અને તે બે વર્ગ અનુક્રમે **આમિલ** તથા **ભાઇબંધ** કિંવા **વાણિયા** નામથી ઓળખાય છે. **આમિલ** એટલે સુશિક્ષિત વર્ગ અને **ભાઇબંધ** કિંવા **વાણિયા** એટલે વ્યાપારિવર્ગ. એમાંના આમિલ નામક સુશિક્ષિત વર્ગના લોહાણાઓમાં પુત્રીઓને લગ્નપ્રસંગે રોકડ રકમ આપવાની રૂઢિનો પ્રવેશ થયો હતો; પરંતુ કેટલાક સમય પછી પરિણામ એ આવ્યું કે એ રૂઢિ વરવિક્રયના સ્વરૂપમાં પરિણત થઇ ગઇ, વરો ખુલ્લે બજારે વેચાવા લાગ્યા અને જે કન્યાનો પિતા પોતાના જમાઇને ત્રણ હજારથી માંડીને વરની યોગ્યતા તથા કુલીનતા અનુસાર દશ અથવા પંદર હજારની રોકડ રકમ તથા રાચરચીલાની બીજી વસ્તુઓ આપી શકે તે કન્યા જ વરના મુખને જોઇ શકે અને દરિદ્ર કિંવા સાધારણ મનુષ્યોની કન્યાઓને પોતાના જીવનની અંતિમ ઘટિકા પર્યન્ત બળાત્કારે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું પડે અને નિઃશ્વાસો

નાખી નાખીને જીવન વીતાડવું પડે એવી સ્થિતનો ઉદ્ભવ થઇ ગયો; માત્ર એટલું જ નહિ, પણ અહીં જેવી રીતે કચ્છી લોહાણા અત્યાર સુધી હાલાઇ, પોધારી તથા ગુજરાતી લોહાણાની કન્યાઓ લે છે ખરા, પણ તેમને પોતાની કન્યાઓ આપતા નથી, તેવી જ રીતે સિંધમાં પણ આમિલ નામક સુશિક્ષિતવર્ગના લોહાણાઓ ભાઇબંધ અથવા વાણિયા નામક વ્યાપારિવર્ગની કન્યાઓ કોઇ કોઇ વાર લે છે ખરા, પણ વ્યાપારિવર્ગના લોહાણાઓને પોતાની કન્યાઓ આપતા નથી એટલે આમિલવર્ગમાં વરવિક્રયની રૂઢિ દૃઢમૂલ થતાં વ્યાપારિવર્ગના ધનાઢ્ય મનુષ્યો નાણાંની મોટી રકમો આપીને પોતાની પુત્રીઓને આમિલવર્ગના સારા સારા વરો સાથે પરણાવવા લાગી ગયા અને તેથી આમિલવર્ગના સાધારણતઃ સારી સ્થિતિના પુરુષોની કન્યાઓને પણ કંથજીના દર્શનનો લાભ મળતો અટકી જવાથી કેટલાક નિર્ધન આમિલોએ પોતાની પુત્રીઓ વાણિયાવર્ગના વરોને આપવાના અપવાદરૂપ બનાવો પણ બન્યા,* આમિલવર્ગમાં વિશેષતઃ સિંધ હૈયદરાબાદમાં+ કુમારિકા કન્યાઓની સંખ્યા વૃદ્ધિંગત થવા

---

* "In Sind, the Amils take daughters from non-Amil Lohánás but do not give their daughters to them in marriage. A few instances are however known in which Amils have given their daughters to non-Amils on account of poverty."

R. E. Enthoven's "The Tribes and Castes of Bombay" Vol II, P. 382.

+ લોહાણા જાતિના આમિલ નામક સુશિક્ષિત વર્ગની વિશેષ વસતી કેવળ સિંધ હૈયદરાબાદમાં જ છે. શિકારપુર, સેવણ, ભૂબક તથા નગરઠઠ્ઠામાં આમિલોની વસતી છે, પરંતુ બહુ જ અલ્પ પરિમાણમાં છે અને તેઓ હૈયદરાબાદી આમિલો કરતાં ઊતરતી પંક્તિના મનાય છે.

લાગી અને તે એટલી સીમા પર્યન્ત કે ઇ. સ. ૧૮૯૭ થી ૧૯૦૨ સુધીના છ વર્ષના કાલાવધિમાં વીસ, પચીસ, ત્રીસ અને પાંત્રીસ વર્ષના વયની આમિલ કુમારિકાઓને તો ત્યાંના મારા નિવાસના સમયમાં મેં પોતે જ જોઈ હતી. આપણામાં એવા આશયની એક કહેવત પ્રચલિત છે કે: " દીકરા કુંવારા હોય, પણ દીકરી કુંવારી ન હોય' અથવા 'કુંવારા ડોસા મળી શકે, પણ કુંવારી ડોસી ન મળી શકે;' પણ એ કહેવત તે વેળાયે સિંધમાં તો મને સર્વથા અસત્ય સિદ્ધ થયેલી દેખાઇ હતી; કારણ કે, ત્યાં ડોસી થવાની અણીપર આવેલી અસંખ્ય કુમારીકાઓ તે સમયમાં વિદ્યમાન હતી. જ્યારે આવી ભયંકર પરિસ્થિતિ થઇ ગઇ ત્યારે ત્યાંના આમિલવર્ગના લોહાણા અગ્રેસરોની આંખો ઉઘડી અને તેમણે વિચાર કરીને એ ભયંકર પરિસ્થિતિને આગળ વધતી અટકાવવામાટે ' કોઇ પણ આમિલ ગૃહસ્થે પોતાની પુત્રીના લગ્નપ્રસંગે અમુક નિર્દિષ્ટ વસ્તુઓથી વધારે કાંઇ પણ વસ્તુ તેમ જ રૂપિયા ૧૫૦૦ કે પછી ૨૫૦૦ સુધીની રોકડ રકમથી વધારે રોકડ રકમ ન આપવી ' એવા પ્રકારનો એક નિયમ કરી દીધો કે જે નિયમ અદ્યાપિ ત્યાં પ્રચલિત છે અને એ વાર્તા સિંધ હૈયદરાબાદના કોઇ પણ આમિલ ગૃહસ્થને પૂછવાથી જાણવામાં આવી શકે તેમ હોવાથી એના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. સાંભળવામાં આવ્યું છે કે આ નિયમ અસ્તિત્વમાં આવ્યા પછી જો કે ચોરી છુપીથી કેટલાક ધનાઢ્ય ગૃહસ્થો પોતાના જમાઇઓને નાણાંની વધારે રકમો આપે છે; તો પણ તે સમયની ભયંકર સ્થિતિમાં પંચોતેર ટકા જેટલો ઘટાડો થઇ ગયો છે અને હવે સિંધ હૈયદરાબાદની આમિલ નામક લોહાણાજાતિમાં તે સમય સાથે સરખાવતાં અવિવાહિતા વયસ્કા તથા યુવતી કન્યાઓની સંખ્યા બહુ જ અલ્પ રહ્યા કરે છે. અહીં જે વિચારણીય વિષય છે તે એટલો જ કે જે વેળાયે સિંધ હૈયદરાબાદની આમિલ નામક લોહાણાજાતિના અગ્રેસરોએ જાતિની

સુવ્યવસ્થા તથા જાતિના કલ્યાણની સ્થાપનામાટે ઉપર્યુક્ત નિયમ કર્યો હતો અને એ નિયમને કઠિનતાથી પળાવવાના ઉપાયો યોજ્યા હતા તે વેળાયે આમિલ જાતિમાં અનેક લક્ષાધીશ જાગીરદાર, અનેક લક્ષાધીશ પદવીધર તથા અનેક લક્ષાધીશ રાજકર્મચારી અને આત્માભિમાની પુરુષો વિદ્યમાન હતા; પરંતુ તેમનામાંના કોઇ પણ પુરુષે એ નિયમને દ્વેષ તથા ઈર્ષાના પરિણામરૂપ માનીને શેઠ રાઘવજીભાઇના ઇનામી નિર્બંધ સમાન નિબંધ લખાવીને કિંવા લખીને પોતાની જાતિના મહાજન કિંવા અગ્રેસરમંડળને ગાલિપ્રદાન કરવાની અને તે સાથે ‘ખાંવઢા’ શબ્દનો તેના સત્ય અર્થથી સર્વથા વિપરીત અર્થ કરીને સમસ્ત લોહાણાજાતિને હીન જાતિ તરીકે સિદ્ધ કરી બતાવવાની ધૃષ્ટતા કરી ન હોતી; કારણ કે, આમિલ જાતિના લોહાણા પુરુષો સુશિક્ષિત, બુદ્ધિમાન્ તથા વિચારશીલ હોવાથી સમસ્ત જાતિના ભાવિ કલ્યાણમાટે આવા નિયમને અસ્તિત્વમાં લાવવાની આવશ્યકતા અનિવાર્ય હતી એ રહસ્યને સારી રીતે જાણતા હતા અને તેથી જો એ નિયમનો વિરોધ કિંવા પ્રતિવાદ કરવાની તેમની ઇચ્છા હોત, તો તેઓ પોતે જ આવા અનેક નિબંધો લખવાનું સામર્થ્ય ધરાવતા હોવા છતાં અને તેમને પાંચ સો રૂપિયા આપીને ભાડૂતી* નિબંધ લખાવવાની આવશ્યકતા ન હોવા છતાં પણ તેમણે એ વિષયમાં મૌનનું અવલંબન કરી લીધું હતું, એ નિયમ પ્રતિ મૌનદ્વારા પોતાની સંમતિ દર્શાવી હતી અને તેમ કરીને પોતાની બુદ્ધિમત્તાનો પૂર્ણ પરિચય કરાવ્યો હતો. શેઠ રાઘવજીભાઈએ એથી સર્વથા વિપરીત વર્તન કરી બતાવ્યું છે અને

---

* પ્રસ્તુત પુસ્તકમાં શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધને ‘ભાડૂતી નિબંધ’ના નામથી વારંવાર ઓળખાવવામાં આવ્યો છે તેનું એક પ્રબળ કારણ છે અને તે કારણ પ્રસ્તુત પુસ્તકમાં નિબંધલેખક રા. હીરાલાલ ગણાત્રાનું પોતાનું લખેલું જે એક પત્ર પ્રકટ કરાયલું છે તે પત્રના વાંચનથી પોતાની મેળે જ પાઠકો તથા પાઠિકાઓના જાણવામાં આવી જાય તેમ હોવાથી અત્યારે એનું અધિક વિવેચન નિરર્થક છે.

તે અત્યંત શોચનીય છે એ અત્યારે નહિ, તો કેટલાક સમય પછી તેમને પોતાને પણ જણાશે જ અને તે વેળાયે તેમના હૃદયમાં પશ્ચાત્તાપ પણ થવાનો જ એવો મારો દૃઢ વિશ્વાસ છે,

અસ્તુઃ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને જાતિના ભાવિ કલ્યાણમાટે કરેલા પૂર્વકથિત નિયમનું ખંડન કરતાં રા. જયકૃષ્ણ વર્માએ પોતાના લખેલા પ્રાસ્તાવિકના ૧૭ મા પૃષ્ઠમાં લખ્યું છે કેઃ "આવી વ્યક્તિગત બાબતોમાં માથું મારવાનો પ્રયત્ન કરી મહાજન નાહક હાંસીને પાત્ર થવાની ચેષ્ટા કરે છે, એમ કહીએ તો ખોટું નથી. આવા મિથ્યા પ્રયત્નોથી મહાજન શું એમ માને છે કે તે પુત્રીવત્સલ પિતાના વાત્સલ્ય ઉપર અંકુશ મૂકી શકશે? કોઇ પણ બુદ્ધિશાળી માણસ જોઇ શકશે કે આ નિયમમાં એક બીજાથી વિરુદ્ધ હોય એવી ઘણી બાબતો છે. જે પિતા પુત્રીને પચાસ હજાર કે લાખ રૂપીઆની યા તેથી વધુ રકમની મિલ્કત આપવા ઇચ્છતો હશે તે આ નિયમનો ભંગ કર્યા વિના પણ સ્હેલાઇથી આપી શકશે. દાગીના ગજા પ્રમાણે આપવાની છુટ છે તો આખી યે રકમ તે દાગીનાના સ્વરૂપમાં આપી શકે. લગ્ન પછી બીજે જ દિવસે વધારાના દાગીના પાછા લઇ તેના બદલામાં મોટરકાર કે રોકડ રકમ આપે તો મહાજનની 'સખ્ત મનાઇ' પણ તેને રોકી શકે નહિ. આમ બાજે હુચા દઈ દરવાજા મોકળા રાખવાનો સ્પષ્ટ પ્રયત્ન થયો છે. ખરી વાત એ છે કે મોટરકાર યા રોકડ રકમ આપનાર પિતા જગતની દૃષ્ટિએ વધારે સ્નેહાળ કે ઉદાર દેખાય છે, યા વધારે ખ્યાતિ પામે છે, એમ તેમને લાગ્યું હશે અને તેથીજ વિવેક ભૂલી આ હાંસીપાત્ર પ્રયત્ન કરી પોતાની અને મહાજનની હાંસી કરાવી છે." ઇત્યાદિ. આ આક્ષેપનું ઉત્તર એજ છે કે એ નિયમને અસ્તિત્વમાં લાવીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની કોઇ પણ પુત્રીવત્સલ પિતાના વાત્સલ્યપર અંકુશ મૂકવાની ઇચ્છા ન હોતી અને અત્યારે પણ નથી; કિન્તુ વાત્સલ્યના આવા આડંબરને દર્શાવવાના પ્રકાર ઉપર તેમ જ મુંબઇની શ્રી કચ્છી લોહાણા-

જાતિમાં એક વિઘાતક રૂઢિના થતા પ્રવેશ ઉપર અંકુશ મૂકવાની તો મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની ઇચ્છા હતી જ અને તેથી જ મહાજને આ નિયમનું નિર્માણ કરેલું છે. ‘ દાગીના ગજા પ્રમાણે આપવાની છૂટ છે’ એ વાક્યનો લાભ લઇને કોઇ પણ પિતા પોતાની પુત્રીને જેટલી રકમ આપવાની હોય તેટલી રકમ દાગીનાના સ્વરૂપમાં આપી શકે તેમ છે એ વાર્તા જો કે સત્ય છે તેમ જ લગ્ન પછી બીજે જ દિવસે વધારાના દાગીના પાછા લઇ તેના બદલામાં મૉટરકાર કે રોકડ રકમ આપવામાં આવે તો મહાજનની ‘સખ્ત મનાઈ’ પણ કાંઇ ન કરી શકે એ પણ સર્વથા વાસ્તવિક વિધાન છે; તથાપિ એ નિયમમાં જે રહસ્ય રહેલું છે તે એ છે કે ‘ દાગીના ગજા પ્રમાણે આપવાની છૂટ ’થી દાયજામાં રખાયલા દાગીનાઓ ઉપર કીમતની ચિઠ્ઠીઓ ચોડાતી ન હોવાથી તે દાગીનાની ખરી કીમત ભાગ્યે જ લોકોના જાણવામાં આવી શકે છે અને તેથી અમુક ધનાઢય પુરુષે પોતાની પુત્રીને આટલી રકમના દાગીના આપ્યા એટલે તેના જેટલા ધનાઢય મનાતા અન્ય પુરુષે પણ પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે એટલી જ કીમતનાં ઘરેણાં આપવાં જોઈએ અને જો તે તેટલી કીમતનાં ઘરેણાં ન આપે, તો નિન્દાપાત્ર થાય એવી રૂઢિનો એમાંથી ઉદ્ભવ થઇ શકતો નથી; માત્ર એટલું જ નહિ, પણ ધારો કે એક પુત્રીવત્સલ પિતા પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે સર્વ મળીને બે લાખ રૂપિયાની કીમતની વસ્તુઓ આપવા ઇચ્છે છે, તો પ્રથમ બે લાખ રૂપિયાની કીમતનાં ઘરેણાં ઘડાવે, બીજે દિવસે વધારાનાં એક લાખ રૂપિયાની કીમતનાં ઘરેણાં પાછાં લઇને તેમનો તત્કાળ કશો પણ ઉપયોગ ન હોવાથી તે પાછા ગળાવી કે તોડાવી નાખે અને તેમાં ઘડામણની લગભગ દશ હજાર રૂપિયાની ખોટ ખમે અને તેના બદલામાં મૉટરકાર તથા રોકડ રકમ આપવાની ઇચ્છાને પૂરી કરીને મહાજનના એ નિયમનો કાયદાસર ભંગ કરી બતાવે એ પ્રત્યેક વેળાયે સંભવનીય છે ખરૂં કે ? જો આવા બનાવો બને તો

પણ તે અપવાદરૂપ જ બનવાના અને પ્રત્યેક નિયમનો વિશ્વમાં એક અપવાદ અસ્તિત્વ ધરાવતો હોવાથી આવા અપવાદથી નિયમમાં કશી પણ બાધા આવી શકતી નથી; કારણ કે, ' Every rule has an exception and exception proves the rule '– ' પ્રત્યેક નિયમનો એક અપવાદ હોય છે અને અપવાદ જ નિયમને સિદ્ધ કરે છે.'* એ તત્ત્વ તો રા. જયકૃષ્ણ વર્માના લક્ષમાં હોવું જ જોઇએ એટલે એના અધિક વિવેચનની આવશ્યકતા નથી. અર્થાત્ જેના પોગે મૅાટરકાર તથા રોકડ રકમ આપવાની રૂઢિ પડી જવાનો સંભવ છે તેવી પદ્ધતિથી એ વસ્તુઓનું દાયજામાં લોકોને પ્રદર્શન ન કરાવતાં લગ્ન પછી પોતાની પુત્રીને એવી અનેક વસ્તુઓ જો કોઈ પુત્રીવત્સલ પિતા ખાનગી રીતે આપે, તો તેમાટે મહાજનનો કોઇ પણ પ્રકારનો વિરોધ હોઇ શકે જ નહિ. પુત્રીને તેના લગ્નપ્રસંગે પોતાની ઇચ્છા અનુસાર સ્થાવર તથા જંગમ સંપત્તિ આપવામાં કેટલાક કચ્છી લોહાણાઓએ કોઇ પણ પ્રકારનો આડંબર ન દર્શાવવાની જે દક્ષતા દર્શાવી છે તે દક્ષતાનાં અનેક ઉદાહરણો વિદ્યમાન છે; પરંતુ તે સર્વ ઉદાહરણોને પ્રકટ કરવાનો અત્ર અવકાશ ન હોવાથી સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજનું એક જ ઉદાહરણ અહીં હું આપું છું. આજથી પંદરેક વર્ષની વાતપર શેઠ ચતુર્ભુજ પેરાજે પોતાનાં પુત્રી ચિ. બાઇ રાધાબાઇને તેમના લગ્નપ્રસંગે મુંબઇના માંડવી વૉર્ડના ચીચબંદર નામક લત્તામાં આવેલો રઘુ વાલજીના માળાના નામથી ઓળખાતો પોતાની માલિકીનો એક માળો આપી દેવાનો સંકલ્પ કર્યો હતો અને તેથી તે માળાનું

* કવિકુલગુરુ કાલિદાસે પણ પોતાના રચેલા ' કુમારસંભવ ' નામક કાવ્યમાં એવા જ આશયને દર્શાવનારું એક વાક્ય લખ્યું છે અને તે એ કે: "अपवादै रिवोत्सर्गाः कृतव्यावृत्तयः परैः" એટલે કે, 'સમસ્ત સામાન્ય નિયમો અપવાદોવડે સીમાબદ્ધ થયેલા હોય છે' (General rules are limited in scope by exceptions). અપવાદહીન નિયમનું નિર્માણ સર્વથા અસંભવનીય છે.

જે ભાડું આવતું હતું તે તેમના ચોપડામાં તેમનાં પુત્રી બાઇ રાધાબાઇના નામે જ જમે થતું હતું. આવી રીતે પોતાના ચોપડામાં તેમનાં તે માળાનું ભાડું બાઇ રાધાબાઇના નામે જમે કરવા છતાં આળસમાં ને આળસમાં સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજે તે માળાનાં ખતપત્ર પોતાની પુત્રીના નામનાં કરી આપ્યાં ન હોતાં અને દુર્ભાગ્યવશાત્ ઘટના એવી ઘટી કે વિવાહ પછી એક વર્ષના કાલાવધિમાં બાઇ રાધાબાઇનો સ્વર્ગવાસ થઇ ગયો. તે માળાનાં ખતપત્ર બાઇ રાધાબાઇના નામનાં થયેલાં ન હોવાથી અને તે માળાનું ભાડું પણ પોતાના જ ચોપડામાં જમે હોવાથી જો સ્વ૦ શેઠ ચતુર્ભુજ પેરાજ તે માળો પોતાના જમાઇને ન આપે તો તેમને કોઇ પણ પૂછે કિંવા દૂષિત માને તેમ ન હોતું; માત્ર એટલું જ નહિ, પણ તેમના કેટલાક મિત્રોએ તેમને એવો ઉપદેશ પણ આપ્યો હતો કેઃ ‘ જેના સુખમાટે તમોએ આ ઉદારતા દર્શાવી હતી તે બાઈ રાધાબાઇનું તો મૃત્યુ થઇ ગયું છે અને તમારા જમાઇ બીજું લગ્ન કરવાના છે એટલે હવે આ માળો તેમને આપવાની આવશ્યકતા નથી. ’ પરંતુ રઘુવંશાવતંસ સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજે ગંભીરતાથી કહ્યું કેઃ ‘ જે માળો મારી પુત્રીને આપવાનો હું સંકલ્પ કરી ચૂકયો છું તે માળો જે દિવસથી મેં એ સંકલ્પ કર્યો છે તે દિવસથી મારી તે પુત્રીનો જ છે અને મારી પુત્રીની સંપત્તિનો અધિકારી મારો જમાઇ હોવાથી જેટલું ભાડું મારા ચોપડામાં જમે છે તે ભાડાની રકમ આપી દઇને મારે તે માળાનાં ખતપત્ર મારા જમાઇના નામનાં કરી આપવાં છે. મારી પુત્રીના સ્થાનમાં જે બીજી બાળા આવશે તેને પણ હું મારી પુત્રી જ માનીશ અને મારૂં જે વાત્સલ્ય મારી પુત્રીમાં હતું તે જ વાત્સલ્ય એ બાળામાં પણ અવિચલ રહેશે.’ ત્યાર પછી શેઠ ચતુર્ભુજ પેરાજ પોતે પણ સ્વર્ગવાસી થવાથી તેમની ઇચ્છા અનુસાર તેમના ટ્રસ્ટીઓએ તત્કાળ તે માળાનાં ખતપત્ર તેમના જમાઇનાં નામનાં કરી આપ્યાં હતાં અને ભાડાની જે રકમ તેમના ચોપડામાં જમે હતી તે પણ વ્યાજ-

સુદ્ધાં જમાઇને આપી દીધી હતી. આ અલૌકિક ઔદાર્યકથાના જ્ઞાતા અનેક પુરુષો અદ્યાપિ મુંબઇની શ્રી કચ્છી લોહાણાજ્ઞાતિમાં વિદ્યમાન હોવાથી તેઓ શેઠ ચતુર્ભુજ પેરાજના આ અલૌકિક ઔદાર્યની સાક્ષી આપી શકે તેમ છે. હવે રા. જયકૃષ્ણ વર્માને માત્ર એટલો જ પ્રશ્ન પૂછવાનો છે કે આ બે પિતાઓમાંથી આદર્શ પુત્રીવત્સલતા તથા તે પુત્રીવત્સલતાને વ્યવહારમાં યોજવાની આદર્શ પદ્ધતિ કિંવા અન્ય એક જ શબ્દમાં કહેવામાં આવે, તો રાઘવતા* આપ કોની જોઇ શકો છો? વિદ્યમાન શેઠ રાઘવજી પુરુષોત્તમની કે તેમના પુત્રી મણીબાઇના સસરા સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજની+? મારો એવો દૃઢ વિશ્વાસ છે કે જો આપ પોતાના હૃદયમાંથી પક્ષપાતનો બહિષ્કાર કરી દેશો, તો આપની દૃષ્ટિને વાસ્તવિક રાઘવતા તો સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજની જ દેખાશે અને જેઓ શ્રીમાનની થીપ લઇને આપ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને ગાલિપ્રદાન કરવાને કટિબદ્ધ કિંવા બદ્ધપરિકર થયા છો તે શેઠ રાઘવજી પુરુષોત્તમની પુત્રીવત્સલતા

---

*રઘુનો વંશ જ અથવા રઘુવંશી એવો 'રાઘવ' શબ્દનો અર્થ થાય છે (रघोर्गोत्रापत्यं अण्) અને તેથી ' રાઘવતા ' એટલે 'રઘુવંશિત્વ' અથવા ' રઘુવંશિપણું " સમજવાનું છે. ઉલ્લિખિત ઉભય પુત્રીવત્સલ પિતાઓની સરખામણી વાંચકોએ કરી લેવાની છે.

+ અહીં પાઠકો તથા પાઠિકાઓએ એ વાર્તા સ્મરણમાં રાખી લેવાની છે કે એ સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજના પુત્ર સાથે જ શેઠ રાઘવજીભાઇનાં પુત્રી ચિ. મણીબાઇનો લગ્નસંબંધ થયેલો છે અને તેથી સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજ શેઠ રાઘવજી પુરુષોત્તમના વેવાઈ થાય છે. સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજનાં સ્વ. પુત્રી રાધાબાઇનો લગ્નસંબંધ કલકત્તાનિવાસી શેઠ જેઠાભાઇ ભૂલચંદના પુત્ર સાથે થયો હતો અને શેઠ જેઠાભાઇ ભૂલચંદ પ્રભુકૃપાથી અદ્યાપિ વિદ્યમાન હોવાથી સ્વ. શેઠ ચતુર્ભુજ પેરાજના ટ્રસ્ટીઓએ માળાનો કબ્જો તેઓ શ્રીમાનને જ સોંપ્યો હતો એટલે આ વિધાનના સમર્થનમાટે અન્ય પ્રમાણની આવશ્યકતા છે જ નહિ.

કિંવા રાઘવતા સ્વ. શેઠ **ચતુર્ભુજ** પેરાજની પુત્રીવત્સલતા, દૃઢ-વચનશીલતા તથા **રાઘવતા**ની તુલનામાં અવશ્ય અત્યંત લાઘવયુક્ત જ દૃષ્ટિગોચર થશે એ સર્વથા નિર્વિવાદ છે. કદાચિત્ આપ પક્ષપાતના કારણથી એ વાર્તાને પોતાના મુખથી ન સ્વીકારો, તો તે એક ભિન્ન વાર્તા છે; તથાપિ આપનું હૃદય તો એ વાર્તાને સ્વીકાર્યા વિના નથી જ રહેવાનું. જો શેઠ **રાઘવજી પુરુષોત્તમે** પોતાનાં ચિ. બાઈ **મણીબાઇ**ના લગ્નપ્રસંગે સ્વ. શેઠ **ચતુર્ભુજ પેરાજ** સમાન જેનું ભવિષ્યમાં જાતિ-માટે અનિષ્ટ પરિણામ થવાનો સંભવ ન હોય તેવી આડંબરરહિત અને માનયુક્ત પુત્રીવત્સલતા દર્શાવી હોત, તો કોઇને કાંઇ પણ બોલવાનું કારણ રહેત જ નહિ એ કોઇ પણ કહી શકે તેમ છે. આ વિવેચનથી કોઇ પણ પ્રકારનું વાહન અને રોકડ રકમ પુત્રીના લગ્નપ્રસંગે પુત્રીને ન આપવાના **મહાજનશ્રીએ** ધરેલા નિયમમાં પરસ્પર વિરુદ્ધતા કશી પણ નથી એમ સ્પષ્ટ સિદ્ધ થઈ જાય છે; છતાં રા. **જયકૃષ્ણ વર્માને** 'આ નિયમમાં એકબીજાથી વિરુદ્ધ હોય એવી ઘણી બાબતો' દેખાઇ છે; તો એથી જે એક અન્ય પ્રશ્ન અહીં ઉપસ્થિત થાય છે તે એ છે કે અત્યારના જે સંક્રમણયુગ–Time of transition–માં **મહાત્મા ગાંધી** જેવા પ્રાતઃસ્મરણીય તથા દેશવત્સલ પુરુષો જીવનનિર્ગમનની વિલાસમયી તથા આડંબરયુક્ત પદ્ધતિનો બહિષ્કાર કરીને જીવન-નિર્ગમનની થોડા ખર્ચવાળી તથા બહુ જ અલ્પ આવશ્યકતાઓવાળી પદ્ધતિને **ભારતવર્ષ**માં દૃઢમૂલ કરવામાટે **આર્યાવર્ત**ની અબળાઓને જાપાની રેશમની ફૅશનેબલ્ સાડીઓ, મૅન્ચેસ્ટરની મિલ્માં બનેલા પારદર્શક મલમલના સાલ્લા તથા **બોસ્ટૉક્**ના બૂટ્ આદિ શૃંગારસાધનોને સદાને માટે દેશવટો આપી દેવાનો અને એ શૃંગારસાધનોના સ્થાનમાં ખાદીનાં લજ્જારક્ષક તથા સ્વદેશોદ્ધારક વસ્ત્રોવડે પોતાનાં શરીરોને આચ્છાદિત કરવાનો તથા ચરણોની રક્ષામાટે ચરણોમાં ચપ્પલને ધારણ કરવાનો કઠિન ઉપદેશ આપી રહ્યા છે; **આર્યાવર્ત**ના પુરુષોને પણ જેમણે એ જ ઉદ્દેશથી ખાદીનાં ધોળાં પેરણ અને

ખાદીની ધોળી ટોપીવાળા બનાવી દીધા છે અને તે એટલે સુધી કે આજે ગવર્નરો તથા વાઇસરૉયની ધારાસભાઓમાં પણ ખાદીધારક સભાસદો વિરાજેલા દેખાય છે; માત્ર એટલું જ નહિ, પણ જે યુગમાં યુગપ્રભાવથી કહો કિંવા દેશભક્તિના કારણથી કહો શેઠ રાઘવજી-ભાઇએ પોતે પણ મહાત્મા ગાંધીજીના દેશોદ્ધારક કાર્યમાં યોગ્ય સહાયતા આપીને તેમ જ મુંબઇમાં ખાદીપ્રદર્શનનો ભવ્ય સમારંભ કરીને જીવનનિર્ગમનની વિલાસભાવના તથા આડંબરથી રહિત અલ્પ-વ્યયા પદ્ધતિની આવશ્યકતાને લક્ષાવધિ લોકો સમક્ષ સ્વીકારી લીધી છે તે શેઠ રાઘવજીભાઇ પોતે જ પોતાની પુત્રીને તેના લગ્નપ્રસંગે વિલાસ કિંવા વૈભવનું સાધન જે બહુવ્યયા મૉટરકાર તે આપવાને બદ્ધપરિકર થઇ જાય એ તેઓ શ્રીમાન્‌નું કાર્ય તેઓ શ્રીમાન્‌ના વચન તથા વર્તનની પરસ્પર અતિશય વિરુદ્ધતાને નથી દર્શાવતું કે શું? પરંતુ શેઠ રાઘવજીભાઇના વચન તથા વર્તનની એ પરસ્પર અતિશય વિરુદ્ધતા રા. જયકૃષ્ણ વર્માના જોવામાં આવી શકી નથી એ તેમનો પોતાનો નહિ, કિન્તુ તેમના પક્ષપાતનો જ દોષ છે.

આ સમસ્ત વિવેચનનો મથિતાર્થ એટલો જ છે કે જેમ રા. જયકૃષ્ણ વર્મા માને છે તેમ ' શેઠ રાઘવજીભાઇને હીણું લગાડવાના, તેમના શુભ કાર્યને વખોડી કાઢવાના નીચ ઉદ્દેશથી ' એ નવા નિયમો રચવામાં નથી આવ્યા; કિન્તુ જૂના નિયમોને તપાસવા તથા સુધાર-વાની અને આવશ્યકતા અનુસાર નવા નિયમોને ઘડવાની વર્ષોથી ઉપર જણાવ્યા પ્રમાણે જે તૈયારી ચાલી રહી હતી તે તૈયારીની પૂર્ણા-હુતિના સમયમાં આ ઘટના અચાનક ઘટવાથી મુંબઇની કચ્છી લોહાણાજાતિના ભાવિ કલ્યાણમાટે આવા એક નિયમની આવશ્યકતા જણાતાં આ નિયમ ઘડવામાં આવ્યો હતો. એ નિયમ રા. જયકૃષ્ણ વર્માની માન્યતા અનુસાર ' શેઠ રાઘવજીભાઇને હીણું લગાડવાના ' કિંવા તેમના 'શુભ કાર્યને વખોડી કાઢવાના નીચ ઉદ્દેશથી' રચવામાં આવ્યો ન હોતો એ વાર્તા એક અન્ય પ્રમાણથી પણ સિદ્ધ થઇ શકે

છે. બહુધા ઈ. સ. ૧૯૦૭ કે ૧૯૦૮ માં સ્વ. બાબૂ રમેશચન્દ્ર દત્ત જેવા એક મહાબુદ્ધિમાન્, રાજકાર્યકુશળ તથા રાજનીતિજ્ઞ પુરુષ બ્રિટિશ્ સરકારની સર્વિસ્‌માંથી મુક્ત થઇ પેન્શન્ લઇને વડોદરાનરેશ શ્રીમંત સયાજીરાવ મહારાજની સેવામાં નિયુક્ત થયા અને વડોદરાના અમાત્ય નીમાયા તે વેળાએ રિટાયર્ડ્ સિવિલિયનોએ કોઇ પણ દેશી રાજ્યની નોકરી સરકારની પરવાનગી વિના ન સ્વીકારવી એવો કોઇ નિયમ હતો જ નહિ અને તેથી ભવિષ્યમાં એવા રિટાયર્ડ્ સિવિલિયનો સરકારની પરવાનગી વિના કોઇ પણ દેશી રાજ્યની નોકરીમાં દાખલ થઇ શકશે નહિ એવા પ્રકારનો એક કાયદો કરવામાં આવ્યો અને તે અદ્યાપિ પ્રચલિત છે; પરંતુ એ કાયદો સ્વ. રમેશચન્દ્ર દત્તને પોતાને લાગૂ થઇ શક્યો ન હોતો; કારણ કે, તેઓ તો એ કાયદો અસ્તિત્વમાં આવ્યા પૂર્વે જ વડોદરાનરેશની નોકરીમાં દાખલ થઇ ગયા હતા. એ જ પ્રમાણે શેઠ રાઘવજીભાઇના આ કાર્યનું ભવિષ્યમાં અંધ અનુકરણ ન થવા માંડે અને મુંબઇની કચ્છી લોહાણાજાતિમાં પુત્રીઓને તેમના લગ્નપ્રસંગે આવી રીતે મૉટરો તથા રોકડ રકમો આપવાની દેખાદેખી અનિષ્ટ પરિણામવતી રૂઢિના સ્વરૂપને ન ધારી લે એટલામાટે દૂરદર્શિતાથી આ નિયમ ઘડવામાં ’ આવ્યો હતો; પરંતુ શેઠ રાઘવજીભાઇએ આ નિયમ અસ્તિત્વમાં આવ્યા પૂર્વે જ પોતાનાં પુત્રીને મૉટરકાર તથા રોકડ રકમ આપી દીધી હતી એટલે એ નિયમ તેમને પોતાને તો લાગૂ પડી શકે તેમ હતું જ નહિ તેમ જ એ નિયમ તેમને લાગૂ પાડવાનો લેશમાત્ર પ્રયત્ન પણ કોઇના તરફથી નથી થયો, તો પછી એ નિયમ ‘ શેઠ રાઘવજીભાઇને હીણું લગાડવામાટે, તેમના શુભ કાર્યને વખોડી કાઢવાના નીચ ઉદ્દેશથી જ રચવામાં ’ આવ્યો છે, એમ કહેવું તે એક વાર નહિ, પણ હજાર વાર ખોટું છે; છતાં પોતાના એ કથનને જો રા. જયકૃષ્ણ વર્મા ખોટું ન માનતા હોય, તો એ તેમનો દુરાગ્રહ છે કિંવા તેમના સ્વીકૃત પક્ષપાતનું જ વિકૃત પરિણામ છે એમ કોઇ પણ વિચારશીલ તથા બુદ્ધિમાન્ મનુષ્ય કહી શકે તેમ છે. આ

સમસ્ત વિવેચનથી પાઠકો તથા પાઠિકાઓ એટલું તો સહજ તથા અનાયાસ સમજી શકે તેમ છે કે જેમ રા. જયકૃષ્ણ વર્મા લખે છે તેમ "આપણા કહેવાતા રઘુવંશીઓની રઘુકુલના બાળક ગણાવાની લાયકાત એ નવા નિયમોમાંથી શબ્દે શબ્દે ટપકે છે;" તેમ નથી; કિંતુ એ ભદ્ર નિયમોને રા. જયકૃષ્ણ વર્માની પક્ષપાતદૂષિત દૃષ્ટિ અભદ્ર સ્વરૂપમાં નિરખતી હોવાથી તેમના પોતાના લખેલા પ્રાસ્તાવિકના એકેએક શબ્દમાંથી 'પક્ષપાત' નામક મહાભયંકર હલાહલની અવિરલ ધારા વહી રહી છે અને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને દૂષિત સિદ્ધ કરવાનું જ્યારે કોઇ સબળ પ્રમાણ તેમને નથી મળી શક્યું ત્યારે

" यदा यदा मुंचति वाक्यबाणम् ॥
तदा तदा जातिकुलप्रमाणम् " ॥

આવા પ્રકારનાં કુત્સિત અવતરણોવડે ગાલિપ્રદાન કરીને તેમણે મહાજનમંડળના ગૃહસ્થોને ઊતારી પાડવાનો નીચ પ્રયત્ન કરેલો છે. અર્થાત્ રા. જયકૃષ્ણ વર્માના આ કાર્યથી એમની કુલીનતા તથા યોગ્યતાનું આપણને પ્રબળ પ્રમાણ મળી શકે છે અને તેથી નિરુપાયવશાત્ કહેવું પડે છે કે રા. જયકૃષ્ણ વર્માએ પક્ષપાતના યોગે પ્રાસ્તાવિકલેખનમાં તો આદિથી અન્ત પર્યન્ત એ જ ધર્મને સ્વીકારેલો છે કેઃ—

" न लभ्यते यत्र सत्यं प्रमाणम् ।
कुरु प्रकोपेन गालिप्रदानम् "॥

અર્થાત્ "જ્યાં સત્ય પ્રમાણ ન મળી શકતું હોય ત્યાં નિરંતર ગાલિપ્રદાન જ કર્યા કરવું" અને ગાલિપ્રદાનથી પોતાના કર્તવ્યને સિદ્ધ થયેલું માન્યા કરવું. મારી પરમાત્માનાં ચરણોમાં એ જ પ્રાર્થના છે કે પરમાત્મા રા. જયકૃષ્ણ વર્માને પોતાના આ પ્રમાદને ઓળખી શકવાનું સામર્થ્ય અર્પે અને ભવિષ્યમાં તેઓ પોતાની બુદ્ધિ તથા વિદ્યાનો આવો દારુણ દુરુપયોગ પક્ષપાતના પ્રવાહમાં તણાઇને ન કરે.

૪ હરિકીર્તનનો પ્રસંગ અને તદ્વિષયક નિયમ

કોઇ પણ સદ્ગૃહસ્થ કોઇ પણ શુભ પ્રસંગે પોતાના આંગણે અથવા પોતાના ગૃહમાં હરિકીર્તન કિંવા સત્યનારાયણની કથા એટલામાટે કરાવે છે કે તેથી ત્યાં એકત્ર થયેલાં પોતાનાં કૌટુમ્બિક જનો તથા નિમંત્રિત સભ્ય સ્ત્રીપુરુષોને હરિનામશ્રવણનો લાભ મળી શકે, તેમનાં હૃદયો ભગવદ્ભક્તિમાં તલ્લીન થાય અને ભગવન્નામોચ્ચારથી જે શુભ કાર્ય સંપન્ન થયેલું હોય તે શુભ કાર્યની યથેષ્ટ સફળતા થઇ જાય; એટલે કે, તે કાર્યની સફળતામાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન આવવા ન પામે. હરિકીર્તન તથા સત્યનારાયણની કથા જેવા સમારંભો કાંઈ નિમંત્રિત સભ્ય સ્ત્રીપુરુષોનો ચાહ, કૉફી, કોકો, સોડા, લેમોનેડ્, જિન્જર્, પિક્-મી-અપ્, પુષ્પમાળા, પુષ્પગુચ્છ તથા ગુલાબજળ આદિથી સત્કાર કરવામાટે અથવા અન્ય શબ્દોમાં કહેવામાં આવે, તો ટીપાર્ટી આપવામાટે અને તેમ કરીને પોતાની મહત્તાને દર્શાવવામાટે કરવામાં નથી આવતા એ વાર્તા રા. જયકૃષ્ણ વર્માના લક્ષમાં ન હોય એવી અમારી માન્યતા નથી; છતાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને હરિકીર્તન વિષયક જે ધાર્મિકતાસ્થાપક નિયમની રચના કરી છે તે નિયમના દર્શનથી રા. જયકૃષ્ણ વર્માનો કોપ અનિવાર્ય થઇ ગયો છે અને તે કોપના આવેશમાં તેમણે પોતાની વિચારશક્તિને તથા વિવેકશક્તિને સર્વથા ખોઇ નાખીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના સંબંધમાં જે હીનતાદર્શક વિશેષણોથી પરિપૂર્ણ વાક્યાવલીવડે બે પૃષ્ઠ* ચિત્રી નાખ્યાં છે તેનું કારણ કાં તો તેમનું ભયંકર પક્ષપાતિત્વ અને કાં તો વિલાયતપ્રવાસ તથા વિલાયતનિવાસજન્ય ધર્મશૈથિલ્ય જ હોવું જોઇએ એમ જો કોઈ માની લે તો તે સર્વથા સ્વાભાવિક જ છે; કારણ કે, જો એમ ન હોય, તો શુદ્ધ ધાર્મિક ભાવના સંબંધમાં

---

*જુઓ શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધ, પ્રાસ્તાવિકનાં પૃષ્ઠ ૧૭, ૧૮ અને ૧૯.

અત્યંત હીન શબ્દો લખીને તેઓ પોતાની લેખિનીને કલંકિતા કરે જ નહિ. રા. જયકૃષ્ણ વર્માની તે બે પૃષ્ઠવ્યાપિની વિલક્ષણ તથા અભદ્ર વાક્યાવલીને અમોએ પ્રસ્તુત પુસ્તકના ૧૫ મા પૃષ્ઠની પંચમ પંક્તિથી ૧૭ મા પૃષ્ઠની પંચાદશ પંક્તિ પર્યન્ત યથાસ્થિત ઉદ્ધૃત કરેલી હોવાથી તે ગાલિનપ્રદાનવાકયાવલીને ત્યાંજ જ જોઈ લેવાની સુજ્ઞ પાઠકો તથા પાઠિકાઓને ભલામણ કરવામાં આવે છે. મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનનાં ધારાધોરણોના કાચા ખરડામાં એ હરિકીર્તન વિષયક નિયમ આ પ્રમાણે ઘડાયો હતો:—

"૧૫. લગ્નાદિક પ્રસંગે જો કોઇ ભાઇ હરિકીર્તન કરાવે તો તેણે તે ધાર્મિક ભાવથી કરાવવો એટલે કે જમીનપર ગાદી તકીઆની બેઠક રાખવી અને કીર્તનકારની સામે ઉંચા આસન ઉપર શ્રી ઠાકોરજીની છબી રાખવી. અને તે પ્રસંગે આવનાર ગૃહસ્થોને માત્ર અબીર અને પ્રસાદી શીવાય અન્ય કાંઈ પણ આપવું નહિ. તેમજ તે પ્રસંગે ચાહ સોડા વગેરે કાંઈ પણ બીજી ચીજો આપવી નહિ, તેમજ આવનારાઓને ફુલહાર તથા બટન પણ આપવા નહિ."

ત્યારપછી એ નિયમ કિંચિત્ પરિવર્તન પૂર્વક શ્રી મુંબઇની શ્રી કચ્છી લોહાણા જ્ઞાતિમાટે સમસ્ત મહાજનશ્રીએ નક્કી કરેલાં ધારાધોરણની પુસ્તિકામાં આવા સ્વરૂપમાં પ્રકટ કરાયલો છે:—

"૧૧. લગ્નાદિક પ્રસંગે જો કોઇ ભાઈ હરિકીર્તન કરાવે તો તેણે તે ધાર્મિક ભાવથી કરાવવો, એટલે કે જમીનપર ગાદી તકીઆની બેઠક રાખી ઉચ્ચાસનપર કીર્તનકારની સામે શ્રી ઠાકોરજીની છબી રાખવી જોઈએ અને તે પ્રસંગે આવનાર ગૃહસ્થોને માત્ર અબીર તથા પ્રસાદી શિવાય અન્ય (ચા, કૉફી, વગેરે) કંઇપણ આપવું નહિ. પણ આમંત્રણ કરનારની ઇચ્છા હોય તો તેણે આવનારા ગૃહસ્થોને પાન સોપારી તથા ફુલનાં બટન આપવાં, પણ હાર તોરા આપવાં નહિ."

આ નિયમના જન્મના કારણને દર્શાવતાં રા. જયકૃષ્ણ વર્મા પોતાના પ્રસ્તાવિકમાં લખે છે કે: “ આથી વધારે હાંસીપાત્ર તો હરિકીર્તન વિષેનો નિયમ છે. શ્રીયુત રાઘવજીભાઇએ ઉક્ત લગ્નસમારંભ પ્રસંગે એક રાત્રિએ હરિકીર્તન કરાવ્યું હતું. મંડપમાં બેસવા માટે સોફા અને ખુરશીઓ મુકવામાં આવ્યાં હતાં; અને કીર્તન સાંભળવા આવનાર સજ્જનોનું યથાશક્તિ સ્વાગત કર્યું હતું. આ બધું પોતાને રઘુવંશી કહેવડાવતા કેટલાક ભાઇઓને પચ્યું નહિ હોય એમ જણાય છે. તેમને થયેલા અજીરણની નીચે જણાવેલો નિયમ+ યા ધારો સાક્ષી પૂરે છે. ”

આ નિયમ પ્રતિ વિરોધ દર્શાવતાં રા. જયકૃષ્ણ વર્માએ જે એવું વિધાન કરેલું છે કે: “ દરેક વ્યક્તિએ પોતાનો ધાર્મિક ભાવ કેવી રીતે યા કેવાં સાધનોથી વ્યક્ત કરવો તે તેની પોતાની અંગત બાબત છે; બીજાને તેમાં માથું મારવાનો લેશમાત્ર પણ અધિકાર નથી; ” એનું ઉત્તર મેં તેમના પ્રાસ્તાવિકના આવશ્યક ભાગને ઉદ્ધૃત કરતી વેળાયે પ્રસ્તુત પુસ્તકના ૧૬ મા પૃષ્ઠની ફુટનોટમાં આપેલું હોવાથી તેની પુનરાવૃત્તિની જો કે આવશ્યકતા નથી; તથાપિ તેમણે કરેલા અન્ય આક્ષેપોના ખંડનની આવશ્યકતા તો છે જ અને તેથી આપણે હવે એ આવશ્યક્તાની પૂર્તિના કાર્યમાં પ્રવૃત્ત થઇશું.

હરિકીર્તન તથા સત્યનારાયણની કથા જેવા ધાર્મિકભાવદર્શક સમારંભોના પ્રસંગે કોચ, કુરસી, ચાહ, સોડા, પુષ્પમાળા તથા પુષ્પહાર આદિ વસ્તુઓવડે નિમંત્રિત સ્ત્રીપુરુષોનો સત્કાર કરવાથી જેવી રીતે ધન તથા ધાર્મિક ભાવની અમુક પરિમાણમાં હાનિ થાય છે તેવી જ રીતે મનુષ્યસ્વભાવ અનુકરણશીલ હોવાથી ધનાઢ્ય મનુષ્યોની દેખાદેખીથી સાધારણ મનુષ્યો પણ આવા

+અહીં રા. જયકૃષ્ણ વર્માએ એ નિયમનો કાચો ખરડો ટાંકી બતાવ્યો છે કે ઉપર આપવામાં આવ્યો છે.

પ્રસંગોમાં ફૂલણજી પ્રમાણે પોતાની વાહવાહ પોકરાવવામાટે ભાડાનાં સોફા તથા ફ્રુરસીઓ લાવીને તથા ચાહ, કૉફી, કોકો, સોડા, રાસ્પબેરી તેમ જ પુષ્પમાળા તથા પુષ્પગુચ્છો આદિથી અતિથિઓનો સત્કાર કરીને એ ધાર્મિક પ્રસંગને ટીપાર્ટીના સ્વરૂપમાં પરિણત કરવાની રૂઢિને ધીમે ધીમે સ્વીકારી લે છે અને તેનું પરિણામ એ થાય છે કે જ્ઞાતિમાં આવી ખર્ચાળ રૂઢિઓનો દૃઢ પ્રવેશ થઇ જતાં પછીથી એ રૂઢિઓને અર્ધચંદ્રાકાર આપવાનું કાર્ય અત્યંત કઠિન થઇ પડે છે. આ કારણથી આવી રૂઢિયોનાં વૃક્ષોને ઉગતાં જ છાંટી નાખવાં એ જ્ઞાતિ-હિતવાદી જ્ઞાત્યગ્રેસરોનું પ્રધાન કર્તવ્ય હોય છે અને એ કર્તવ્યનું આ નિયમની રચના કરીને નિર્ભયતા પૂર્વક પાલન કરી બતાવવામાટે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનશ્રીને જેટલા પણ ધન્યવાદો આપવામાં આવે તેટલા ઓછા છે. "લોહાણા હિતેચ્છુ" ના ઇ. સ. ૧૯૨૪ ના ફેબ્રુઆરી માસની ૨૮ મી તારીખના અંકમાં "લગ્નસરાની મોસમ અને તે ઉપરથી ઉપજતા વિચારો" શીર્ષક અગ્રલેખ–Leader –માં લગ્નના પ્રસંગમાં આપણે જે અનેક પ્રકારના ખર્ચો વધારી દીધા છે તેમના સંબંધમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છેઃ–

" આ અને એવી બીજી બાબતો ઉપરાંત લગ્નસમારંભના સંબંધમાં આપણી જ્ઞાતિમાં ઘણા સુધારા કરવાના બાકી છે. દાખલા તરીકે, લગ્નસમારંભના સંબંધમાં અનેક પ્રકારના નાના મોટા ખર્ચો આપણે વધારી દીધા છે. તેમાં નાણાંની શક્તિની તેમજ સમયની પુષ્કળ બરબાદી થાય છે. એ ખર્ચો અને રિવાજોમાં સેંકડે ૯૦ થી ૯૫ ટકા ડોશીશાસ્ત્રની ઉત્પત્તિના છે,* અને એવા બીજા રિવાજોને

* અહીં અમારો કિંચિદ્ મતભેદ છે અને તે એ કે આવા ખર્ચો અને રિવાજોમાં સેંકડે ૯૦ થી ૯૫ ટકા ફૅશનની ફિશિયારી, ધનાઢ્ય મનુષ્યોના મગજના વિલક્ષણ ફાંટા તથા દેખાદેખીમાંથી જ ઉત્પન્ન થયેલા છે; કારણ કે, ડોશીશાસ્ત્રના રિવાજો તો ઓછાજ ખર્ચાળ હોય છે અને તે રિવાજો એ રિવા-જોથી સર્વથા ભિન્ન છે.

લીધેજ શાસ્ત્રોક્તક્રિયા અને સંસ્કારો કરવા જોઇએ તે થતા નથી. એટલાજ માટે જે જે ક્રિયાઓ અને રિવાજો શાસ્ત્રોકત ન હોય અને ડોશીશાસ્ત્રના હોય તે ક્રિયાઓ અને રિવાજો જેમ બને તેમ જલદી કાઢી નાખવા જોઇએ. એવા ખર્ચાળ રિવાજોથી આપણી અવનતિ થઇ છે, અને વધારે અવનતિ થતી જાય એ સ્પષ્ટ છે. આપણને હવે તે ઓછા કરવા જતાં મુસ્કેલી નડે છે, એજ બતાવી આપે છે કે આપણે તેમને ઓછા કરી નાખવા જ જોઇએ, નહિ તો તેથી વધારે મુસ્કેલી ઉભી થવાનો ભય છે.

“.........................અને ઘેટાંની માફક એકની પાછળ બીજું એવી રીતે ચાલ્યા જઇએ છીએ. ગમે તે સંયોગોમાં હોઇએ તોય આપણે આપણી પોતાની સ્થિતિનો વિચાર કરવો જોઇએ; પરંતુ આપણે તેમ કરતા નથી. તેથી ઉલટી રીતે આપણી સ્થિતિ ગમે તેવી હોય, તો પણ આપણે અમુક કાર્ય કર્યેજ છૂટકો એવી પરિસ્થિત ઉભી થઇ છે, જેને આપણે દૂર કરવીજ જોઇએ.

“આને માટે આપણી જ્ઞાતિમાં એકાદ ખરેખરૂં સુધારા મંડળ સ્થાપવાની જરૂર છે, અને તેમાં આજકાલના સુધારાની દૃષ્ટિએ નહિ, પરંતુ ખરેખરા સંગીન સુધારાઓને ઉત્તેજન આપવા માટે કાર્ય થવાની જરૂર છે. **જો આપણા મહાજનો આવું કામ ઉપાડી લે તો કેટલો બધો લાભ થાય ?**”

“ લોહાણા હિતેચ્છુ ” માંના એ અગ્રલેખના લેખકે જે રિવાજોને ખર્ચાળ તથા વિઘાતક તરીકે ઓળખાવ્યા છે તે સ્ત્રીઓનો લગ્નાદિ પ્રસંગોમાં પરદેશી ફેન્સી કાપડ તથા પરદેશી રેશમી વસ્ત્રોને ધારણ કરવાનો રિવાજ, ગૃહમાં તેમ જ જમણવારમાં મિષ્ટાન્ન બનાવતી વેળાયે પરદેશી ખાંડ તથા શાકરનો ગોળને બદલે ઉપયોગ કરવાનો રિવાજ; લગ્નપ્રસંગે દારૂખાનું અથવા આતશબાજી ફોડવાનો અને તેમાં હજારોની હોળી કરવાનો રિવાજ; લગ્નપ્રસંગે વેશ્યાઓના નૃત્યસંગીતનો સમારંભ કરવાનો રિવાજ અને લગ્નપ્રસંગોમાં હજારોના ખર્ચવાળા દેશી

તથા વિલાયતી બેંડો વગડાવવાનો રિવાજ આદિ રિવાજો છે; તે ઉપરાંત બીજી રૂઢિઓનો મોઘમ ઇશારો કરેલો છે અને એ તથા એવા અન્યાન્ય રિવાજોને કાઢી નાખવાનો ઉપદેશ આપેલો છે તે એટલામાટે કે એ સર્વ રિવાજોને વળગી રહેવાથી જે વસ્તુઓનો ઉપયોગ કરવો પડે છે તે સર્વ વસ્તુઓ પરદેશી હોવાથી તે પરદેશી વસ્તુઓની ખરીદીમાં લક્ષાવધિ રૂપિયાનો ધૂમાડો થઇ જાય છે અને આપણો દેશ તથા આપણી જ્ઞાતિ દિવાસાનુદિવસ પાયમાલીની ગર્તામાં વધારે અને વધારે ઊંડા ઊતરતાં જાય છે. અંતે આ કાર્ય મહાજન ઉપાડી લે તો સારૂં એમ જણાયાથી તે કાર્ય ઉપાડી લેવાની તે લેખકે મહાજનને ઉપર જણાવ્યા પ્રમાણે માર્મિક સૂચના પણ કરેલી છે. આ લેખમાં દર્શાવાયલા વિચારો અનુસાર જો જોવામાં આવે, તો પણ હરિકીર્તન જેવા ધાર્મિકભાવદર્શક સમારંભમાં સોફા, કુરસી, ચાહ, સોડા, કેંડી, કોકો તથા એવી જ અન્યાન્ય વસ્તુઓનો ઉપયોગ ખર્ચાળ તથા આડંબરદર્શક હોવાથી સર્વથા નિરર્થક છે અને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને કરેલો હરિકીર્તન વિષયક નિયમ ધર્મભાવદર્શક હોવા સાથે ઓછા ખર્ચવાળો હોવાથી આદરણીય છે એમ સ્પષ્ટ દેખાઇ આવતું નથી કે શું? આ નિયમ આપણી જ્ઞાતિમાં પ્રવેશતી એક સર્વથા ધર્મધ્વંસિની, ધનધ્વંસિની તથા વિઘાતક રૂઢિને અટકાવનારો તથા જ્ઞાતિના ભાવિ કલ્યાણને સિદ્ધ કરનારો હોવા છતાં રા. જયકૃષ્ણ વર્માને શેઠ રાઘવજીભાઇ વિષયક દ્વેષમાંથી ઉદ્ભવેલો અને હાંસીપાત્ર દેખાય છે એ કેવળ તેમના પક્ષપાતનું જ પરિણામ છે; કારણ કે, પક્ષપાતના યોગે મનુષ્યને ધોળી વસ્તુ કાળી અને કાળી વસ્તુ ધોળી દેખાય છે એ પરાપૂર્વથી ચાલતો આવેલો ત્રિકાલાબાધ્ય ન્યાય છે અને એ ન્યાય રા. જયકૃષ્ણ વર્માના જાણવામાં પણ હોવો જ જોઇએ. હવે જે એક અન્ય પ્રશ્ન અહીં ઉપસ્થિત થાય છે તે એ છે કે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને કરેલા હરિકીર્તન વિષયક ઉપર્યુક્ત

નિયમને શેઠ રાઘવજીભાઇએ પોતાની પુત્રી ચિ. બાઇ મણીબાઇના લગ્નપ્રસંગે કરેલા હરિકીર્તનસમારંભના દ્વેષમાંથી ઉત્પન્ન થયેલો માની લેવામાં આવ્યો છે તો “લોહાણા હિતેચ્છુ”માં પ્રકાશિત થયેલો ઉક્ત લેખ પણ શેઠ રાઘવજીભાઇ વિષયક દ્વેષથી જ લખાયલો છે કે શું ? કારણ કે, બાઇ મણીબાઇના લગ્નપ્રસંગે શેઠ રાઘવજીભાઇએ મિષ્ટાન્નમાં પરદેશી ખાંડ તથા શાકરનો અવશ્ય ઉપયોગ કર્યો હશે અને દેશી તથા વિલાયતી બૅંડ પણ બહુધા વગડાવ્યા હશે અને એ ઉભય વસ્તુઓનો એ લેખમાં સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કરાયલો છે તથા એવા રિવાજોને કાઢી નાખવામાટે મહાજનને માર્મિક સૂચના પણ અપાયલી છે. એમાં પણ વળી વિશેષતા એ છે કે જેમની લેખિનીથી શેઠ રાઘવજીભાઇનો છનામી અથવા ગાલિપ્રદાન નિબંધ લખાયલો છે તે રા. હીરાલાલ હરજીવન ગણાત્રા આજે લગભગ આઠેક વર્ષથી “લોહાણા હિતેચ્છુ”ના ઉપતંત્રી છે અને સર્વ અગ્રલેખો-લીડર્સ્ અને લીડરેટ્સ્-‘લોહાણા હિતેચ્છુ”માં તેમની લેખિનીથી જ આજે આઠ વર્ષથી લખાય છે;* છતાં સત્યના સમર્થનમાટે આવા ખર્ચાળ

* રાજકોટમાં પ્રકટ થતા “લોહાણા હિતેચ્છુ” પત્રના સ્વામી, તંત્રી તથા પ્રકાશક રા.રા. લાલજી નાગજી ગણાત્રા મારા મિત્ર હોવાથી એ પત્રમાંના સર્વ અગ્રલેખો તથા ‘ વિહંગાવલોકન ’ રા. હીરાલાલ ગણાત્રાની લેખિનીથી લખાય છે એ વાર્તા આજે સાત વર્ષથી મારા જાણવામાં છે અને રા. હીરાલાલ ગણાત્રાને તેઓ સૉલિસિટરની પરીક્ષામાં પાસ થયા તે વેળાયે માનપત્ર આપવાનો મુંબઇમાં જે મેળાવડો થયો હતો તે મેળાવડામાં તેમને અપાયલા માનપત્રમાં પણ એવો ઉલ્લેખ કરાયલો છે કે:“...દેશસેવાના આ કાર્ય સાથે નિજ જ્ઞાતિબંધુઓની સેવાનું કાર્ય, પણ આપની કલમ વિસરી નથી. સાપ્તાહિક “લોહાણા હિતેચ્છુ” પત્રના ઉપતંત્રી તરીકે છેલ્લાં સાત વર્ષમાં જ્ઞાતિની જે નિડરતાથી આપે સેવા બજાવી છે તે એકંદરે પ્રશંસાપાત્ર અને માનની લાગણી ઉત્પન્ન કરે તેવી છે.” જુઓ “લોહાણા હિતેચ્છુ” ઇ. સ. ૧૯૨૩ ના નવેમ્બર માસની તા. ૧૫ મીનો અંક, પૃષ્ઠ ૧૮૯, કૉલમ બીજું. આ કારણથી ઉક્ત લેખને જો અમો રા. હીરાલાલ ગણાત્રાની લેખિનીથી લખાયલો માનીએ, તો તે સર્વથા સ્વાભાવિક છે.

રિવાજોનો તેમને પણ નિષેધ કરવો પડ્યો છે એ જ આવા રિવાજોની ચોકળતાને સિદ્ધ કરી બતાવનારૂં પ્રબળ પ્રમાણ હોવાથી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનશ્રીએ કરેલા એ હરિકીર્તન વિષયક નિયમને દ્વેષમૂલક માની લેવાનું કાંઇ પણ કારણ છે જ નહિ. જો આ નિયમને દ્વેષમૂલક માનવામાં આવે, તો તો પછી એ જ ધારાધોરણોમાંના ૧૪માઃ નિયમને પણ દ્વેષમૂલક માનીને રા. જયકૃષ્ણ વર્મા એમ જ કહેશે કેઃ 'પરધર્મી અતિથિઓને શું ભોજન આપવું અને શું નહિ એ પ્રત્યેક વ્યક્તિની પોતાની અંગત બાબત હોવાથી બીજાને તેમાં માથું મારવાનો લેશમાત્ર પણ અધિકાર નથી;' કારણ કે, એ નિયમમાં આ પ્રમાણેના શબ્દો યોજાયલા છેઃ "લગ્નાદિક શુભ પ્રસંગે કોઇ બાહ્ય પરધર્મિઓને પાટા-જમણ આપે તો તેમાં તે મદ્ય અને માંસ આપે કે અપાવે નહિ." જો આવી બાબતોમાં માથું મારવાનો મહાજનને અધિકાર ન હોય, તો આવી બાબતો ક્યાં જઇને અટકે અને સમાજ-બંધન અવિચલ રહી શકે કે કેમ એનો વિચાર વિચારશીલ પાઠકવર્ગે જ કરી લેવાનો છે. અર્થાત્ આવી બાબતોમાં માથું મારવાનો મહાજનને સંપૂર્ણ અધિકાર હોવો જ જોઇએ અને તે હોવાથી જ સમાજ અત્યાર સુધી સુવ્યવસ્થાના માર્ગમાં ચાલી રહ્યો છે અને ભવિષ્યમાં પણ ચાલતો રહેવાનો છે.

આટલા દીર્ઘ વિવેચનથી એ તો નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે કે રા. જયકૃષ્ણ વર્માએ પોતાના પ્રાસ્તાવિકમાં શેઠ રાઘવજીભાઇના પક્ષપાતથી જ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને અકારણ ગાલિપ્રદાન કર્યું છે અને એ સત્યને અમુક અંશે શેઠ રાઘવજીભાઇના અનામી અથવા ગાલિપ્રદાન નિબંધના લેખક અને રા. જયકૃષ્ણ વર્માના જીવશ્ચકંઠ મિત્ર, સહચર તથા સહવાસી રા. હીરાલાલ ગણાત્રાએ પણ પોતાના એક હસ્તલિખિત પત્રમાં મુક્ત કંઠથી સ્વીકાર્યું છે. તે પત્ર આ પ્રમાણેઃ—

રા. હીરાલાલ ગણાત્રાનું પ્રમાણપત્ર

તા. ૧૪-૨ ૨૪.

"Mohile Parekh & Ganatra,
Solicitors

16, Hammum Street,
Bombay તા. ૧૩-૨-૨૪

Anandrao G. Mohile.
Jethalal P. Parekh.
Hiralal H. Ganatra.

Telephone No. 24827.

મુરબ્બી શેઠ શ્રી ધરમસી ભવાન હરભમ,

વન્દે માતરમ્.

સવિનય આજે આપને આ પત્ર લખવાનું સાહસ કરૂં છું, તે માટે ક્ષમા આપશો.

આપ મને ઓળખો તો છો જ. હું થોડા વખતથી સોલીસીટરની પરીક્ષામાં પાસ થયો છું, અને ઉપલી પેઢીમાં (મોહિલે, પારેખ ઍન્ડ ગણાત્રા) ભાગીદાર તરીકે જોડાયો છું. હું આશા રાખું છું કે આપના એક જ્ઞાતિબંધુ તરીકે અમારા યોગ્ય કામકાજ હોય તે સોંપવા કૃપા કરશો. હું તે કામ બહુજ કાળજીપૂર્વક અને પ્રામાણિકપણે કરીશ.

આ સ્થળે એક વાતનો મારે ખુલાસો કરવો પડે છે. મેં સાંભળ્યું છે, કે " લોહાણા રઘુવંશી કે બાંવઢા ? " એ નિબંધ લખવા માટે આપ અને બીજાઓ મારી ઉપર નારાજ છો. એ બાબતમાં ટૂંકામાં હું એટલું જ કહીશ, કે એ નિબંધ મેં માત્ર ઇનામને માટે જ લખેલો, તેમ જ એ નિબંધમાં તો કોઇનેય ખોટું લાગે એમ છે જ નહિ, એ આપ વાચી જોશો એટલે માલૂમ પડશે. એમાં તો માત્ર ઇતિહાસની વાતો જ લખેલી છે. હા, પ્રસ્તાવના એવી છે ખરી, પરંતુ તેને

માટે હું રતિભાર પણ જોખમદાર નથી કે તેમાં મારો બીલકુલ હાથ ન હતો. હું આશા રાખીશ, કે આ સત્ય ખુલાસાથી આપને સંતોષ થશે, અને છતાં જો કોઇ વિશેષ ખુલાસાની જરૂર રહેતી હોય તો હું રૂબરૂ આપને મળી જાઉં.

આશા છે, કે આપ મૉરગેજ વિગેરે કામ હોય તો તે આપી મને ઉપકૃત કરશો.

લી. આજ્ઞાંકિત

હીરાલાલ હરજીવન ગણાત્રા ”

રા. હીરાલાલ ગણાત્રાએ સૉલિસિટર્ની પરીક્ષામાં પાસ થઇને મોહિલે, પારેખ અને ગણાત્રા, સૉલિસિટર્ની પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા પછી આ પત્ર મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનમંડળના એક પ્રતિષ્ઠિત સભાસદ તથા મુંબઇની કચ્છી લોહાણાજ્ઞાતિના એક સન્માન્ય અગ્રેસર શેઠ ધર્મસિંહ ભવાનજીને લખ્યું હતું. એ પત્ર અહીં પ્રકટ કરવામાં આવ્યું છે તેનાં મુખ્ય કારણો બે છે. પ્રથમ કારણ તો એ છે કે આ પુસ્તકમાં રા જયકૃષ્ણ વર્માના અત્યંત અસભ્ય ભાષામાં લખાયલા અને પક્ષપાતમૂલક પ્રાસ્તાવિકનું જે તીવ્ર ખંડન કરવામા આવ્યું છે તે ખંડનને પણ, તે ખંડન સર્વથા નિષ્પક્ષપાત દૃષ્ટિથી કરાયલું હોવા છતાં, કોઇ પણ મનુષ્ય મને પોતાને તથા પ્રસ્તુત પુસ્તકના પ્રકાશકને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના પક્ષપાતી માની લઇને પક્ષપાતયુક્ત કિંવા એકપક્ષીય માની ન શકે; કારણ કે, શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધના લેખક રા. હીરાલાલ ગણાત્રાએ, તેઓ રા. જયકૃષ્ણ વર્માના જીવશ્ચકંઠશ્ચ મિત્ર, સહચર તથા સહવાસી હોવા છતાં અને રા. જયકૃષ્ણ વર્માનો તેમના પોતાના લખવા પ્રમાણે તેમના પ્રતિ ‘સ્વાભાવિક પક્ષપાત’ હોવા છતાં આ પત્રમા સ્પષ્ટ લખ્યું છે કે: “ હા, પ્રસ્તાવના એવી છે ખરી, ” એટલે કે રા. જયકૃષ્ણ વર્માની પ્રસ્તાવના–પ્રાસ્તાવિક–એવી છે ખરી કે જેના વાંચનથી મુંબઇના કચ્છી લોહાણા ગૃહસ્થોને ખોટું

લાગે તેમ છે; માત્ર એટલું જ નહિ, પણ, “તેને માટે હું રતિભાર પણ જોખમદાર નથી કે તેમાં મારો બીલકુલ હાથ ન હતો. હું આશા રાખીશ, કે આ સત્ય ખુલાસાથી આપને સંતોષ થશે, અને છતાં જો કોઈ વિશેષ ખુલાસાની જરૂર રહેતી હોય તો હું રૂબરૂ આપને મળી જાઉં.” એમ લખીને રા. જયકૃષ્ણ વર્માના પ્રાસ્તાવિકને તેમણે લાગણી દુઃખવનારી સિદ્ધ કરી બતાવીને, પોતાને મુંબઇની કચ્છી લોહાણાજાતિમાં ભવિષ્યમાં પોતાની થનારી અપ્રિયતા તથા અર્થ-હાનિથી સુરક્ષિત રાખવામાટે પોતાને નિર્દોષ સિદ્ધ કરવાનો ઉદ્યોગ પણ કરેલો છે; એટલે એથી, રા. હીરાલાલ ગણાત્રા પોતે આ વિષયમાં નિર્દોષ છે કે કેમ એ પ્રશ્નનો વિચાર હજી આગળ જતાં કરવાનો હોવાથી એ પ્રશ્નને અત્યારે પડતો મૂકી દઇએ, તો પણ, એટલું તો નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે કે રા. જયકૃષ્ણ વર્માના પ્રાસ્તાવિકથી તેમાં આદિથી અંતપર્યન્ત અસભ્યતા તથા ગાલિપ્રદાન વિના અન્ય કશું પણ ન હોવાથી કેવળ મુંબઇના કચ્છી લોહાણા ગૃહસ્થોનાં હૃદયોમાં જ નહિ, કિન્તુ કોઇ પણ પ્રદેશમાં વસતી સમસ્ત કચ્છી લોહાણાજાતિનાં સર્વ સ્ત્રીપુરુષોનાં હૃદયોમાં ભયાનક આઘાત થવાનો સંભવ છે અને તેથી રા. જયકૃષ્ણ વર્માના એ તિરસ્કરણીય પ્રાસ્તાવિકના ખંડનની સમસ્ત કચ્છી લોહાણાજાતિની પ્રતિષ્ઠાના રક્ષણ તથા સમર્થનમાટે જે અનિવાર્ય આવશ્યકતા હતી તે અનિવાર્ય આવશ્યકતાને અમોએ યથાશકય નિષ્પક્ષપાત તથા તટસ્થ બુદ્ધિવડે આ નિબંધના લેખન તથા પ્રકાશનથી પૂર્ણ કરી બતાવી છે. રા. હીરાલાલ ગણાત્રાના ઉપર્યુક્ત-ઉપર્યુધ્ધૃત-પત્રના પ્રમાણથી અમારા આ નિબંધની સંપૂર્ણ શુદ્ધિ તથા સાર્થકતા થઈ ગઇ છે અને તેથી અમો રા. હીરાલાલ ગણાત્રાનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

રા. જયકૃષ્ણ વર્માનાં કેટલાંક વિધાનો બાલિશતાની સીમાનું કેટલા અકલ્પનીય પરિમાણમાં ઉલ્લંઘન કરી ગયાં છે. એનું એક જ

ઉદાહરણથી અનુમાન કરી શકાય તેમ છે. પોતાના પ્રાસ્તાવિકમાં તેમણે એક સ્થળે લખ્યું છે કે "............આપણે ખરેખર રઘુવંશી હોઇએ તો આવું બાંવઢાં જેવું વર્તન ન કરી શકીએ એમ તેમને (શેઠ રાઘવજીને) લાગ્યું હતું અને તેથી જ એ પ્રશ્નના નિરાકરણ અર્થે નિબંધ માગ્યો હતો. આમાં એક પંથ ને બે કાજ સધાય તેવું હતું. **નિબંધ માગવાની જાહેર ખબરથી એક તરફથી વર્તમાન પત્રોને ઉત્તેજન મળે તેમ હતું,** અને બીજી તરફ સંશોધનના કાર્યમાટે જ્ઞાતિના લેખકોને પ્રોત્સાહન મળશે, અને તેથી આપણી ઉત્પત્તિ સંબંધી કંઇક નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે એવી આશા હતી." આ વિધાનને બાલિશ તથા અસત્ય સિદ્ધ કરવામાટે એટલું લખવું જ પર્યાપ્ત છે કે એ નિબંધ માગવાની જાહેરખબર જે વર્તમાનપત્રોમાં છપાવવામાં આવી હતી તે વર્તમાનપત્રોમાં '**સાંજવર્તમાન**' પત્રનો પણ સમાવેશ થયેલો હતો અને '**સાંજવર્તમાન**' જેવા પત્રનું ગાડું એ જાહેરખબરના થોડા ઘણા રૂપિયા આવ્યા વિના અટકી જાય તેમ હતું કે કેમ અને '**સાંજવર્તમાન**' જેવા પત્રને આવા નિર્માલ્ય ઉત્તેજનની આવશ્યકતા હતી કે કેમ; માત્ર એટલું જ નહિ, પણ હવે શેઠ રાઘવજીભાઇની નિબંધ માગવાની એ જાહેરખબર એ પત્રમાં ન છપાતી હોવાથી એ વર્તમાનપત્ર ઉત્તેજનના અભાવે અત્યારે મોટી ખોટમાં આવી પડ્યું છે કે કેમ ? એ પ્રશ્નનો નિર્ણય વિચારશીલ પાઠકો તથા પાઠિકાઓએ જ કરી લેવાનો છે અને આ વિધાનના સત્યાંશનું અનુમાન પણ તેમણે જ કરી લેવાનું છે. બાકી રહી સંશોધનના કાર્યમાટે જ્ઞાતિના લેખકોને ઉત્તેજન મળવાની અને તેથી આપણી જ્ઞાતિની ઉત્પત્તિ સંબંધી કાંઇક નવીન જ્ઞાન પ્રાપ્ત કરવાની આશાની વાત. આ વાર્તા પણ સર્વથા અસત્ય છે; કારણ કે, જ્યારે પણ આવા પ્રકારના ઇનામી નિબંધો લખવામાટે અનેક લેખકોને આવ્હાન કરવામાં આવે છે ત્યારે અનેક લેખકોની લેખિનીથી લખાઇને આવેલા નિબંધોની પરીક્ષામાટે, કોઇ પણ લેખકને અન્યાય ન મળે અને

કોઇને કાંઇ પણ પોકાર કરવાનું કારણ ન રહે એ હેતુથી, પાંચ, સાત, દશ કે તેથી પણ વધારે વિદ્વાન હોવા સાથે નિષ્પક્ષપાત હોય તેવા પુરુષોની એક કમીટી નીમવામાં આવે છે અને તે કમીટી સર્વ નિબંધોને લક્ષપૂર્વક વાંચ્યા પછી જે નિબંધને સર્વાનુમતિ અથવા તો બહુમતિથી પાસ કરે છે તે નિબંધના લેખકને જ જાહેર કરાયલું ઇનામ આપવામાં આવે છે અને તે નિબંધને જ પછીથી ઇનામી નિબંધ તરીકે પ્રકાશિત કરવામાં આવે છે પરંતુ એ વિધિ જેવા યોગ્ય સ્વરૂપમાં યોજાવો જોઇએ તેવા યોગ્ય સ્વરૂપમાં શેઠ રાઘવજીભાઇએ માગેલા નિબંધના સંબંધમાં યોજાયો હોય એમ જોવામાં આવી શકતું નથી; કારણ કે, રા. જયકૃષ્ણ વર્માએ પોતાના પ્રાસ્તાવિકના ૨૧ માથી ૨૪ મા પૃષ્ઠ સુધીનાં લગભગ ચાર પૃષ્ઠોમાં શેઠ રાઘવજીભાઈને મળેલા એકંદર અઠ્ઠાવીસ નિબંધોના ગુણદોષની જે ચર્ચા કરી છે તેમાં "કેટલાક લેખકોએ પરીક્ષકોપર દયા રાખ્યા વિના હાસીઓ પાડ્યા વગર કાગળની બન્ને બાજુએ લખ્યું છે. પ્રચલિત નિયમ પ્રમાણે આવા નિબંધો પરીક્ષામાં દાખલ કરી શકાય નહિ, છતાં પરીક્ષકોએ તે તપાસી જવાની તસ્દી લીધી છે, પરંતુ તેમાં કાંઇ જવાહીર જેવું જણાયું નથી." આ પ્રમાણે લખીને એ નિબંધોના પરીક્ષકોની કમીટી નીમાઇ હતી એમ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે ખરો, પરંતુ તે પરીક્ષકો તરીકે કયા કયા વિદ્વાન્ તથા નિષ્પક્ષપાત-તટસ્થ-પુરુષોને નીમવામાં આવ્યા હતા એ વાર્તાનો પ્રકાશ નથી કર્યો અને તેથી યોગ્ય વિદ્વાન્ તથા નિષ્પક્ષપાત પુરુષોની કોઈ કમીટી નિબંધપરીક્ષામાટે નીમાઇ જ ન હોતી એમ માનવાનું સર્વને સબળ કારણ મળી આવે છે. જો એમ ન હોત. તો જે નિબંધમાં જે લેખકોના નિબંધોને અયોગ્ય ઠરાવવામાં આવ્યા છે તે લેખકોનાં નામો, તેમનાં નિવાસસ્થાનો, તેમણે નિબંધલેખનમાં વાપરેલા કાગળની સાઇજ તથા તેમના નિબંધોની પૃષ્ઠસંખ્યા આદિના પ્રકાશનમાં બે પૃષ્ઠોનું પરિશિષ્ટ જોડવામાં આવ્યું છે તે નિબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે જો પરીક્ષકોની કમીટી નીમવામાં આવી હોત

અને તેમણે નિબંધોની પરીક્ષા કરી હોત, તો તે વિદ્વાન્ પરીક્ષકોની નામાવલી પણ અવશ્ય પ્રકાશિત થવી જોઇતી'તી; પરંતુ તે પ્રકાશિત થઇ નથી તેથી સ્પષ્ટ અનુમાન કરી શકાય છે કે એવી કોઇ પરીક્ષક કમીટી નીમાયલી જ ન હોતી; માત્ર એટલું જ નહિ, પણ જ્યાં આવી પરીક્ષક કમીટીઓ યથાનિયમ નીમાય છે ત્યાં પણ અમુક એક લેખકનો નિબંધ પાસ થયા પછી જે લેખકોના નિબંધો નાપાસ થયા હોય તે લેખકો તથા તેમના લખેલા નિબંધોના ગુણદોષની ચર્ચા નથી કરાતી તેમ જ બહુધા તેમનાં નામોનો પ્રકાશ પણ કરવામાં નથી આવતો; પરંતુ આ નિબંધના સંબંધમાં તો સર્વ પરિસ્થિતિ એથી સર્વથા વિપરીત થયેલી જ જોવામા આવ્યા કરે છે. અર્થાત્ આ નિબંધમા પરીક્ષકોની જે નામાવલી પ્રકટ થવી જોઇએ તે પ્રકટ થઇ નથી અને જેમના નિબંધો નાપાસ થયેલા છે તે લેખકોની નામાવલીને પ્રકટ કરવાની આવશ્યકતા ન હોવા છતાં વિસ્તાર અને વિવેચનપૂર્વક પ્રકટ કરવામા આવી છે; માત્ર એટલું જ નહિ, પણ પ્રાસ્તાવિકમાં જેમના નિબંધો નાપાસ કરાયલા છે તે નિબંધલેખકોની શિષ્ટસંપ્રદાયથી સર્વથા વિરુદ્ધ તથા ન છાજતી નિર્ભર્ત્સના પણ કરવામાં આવી છે. આ સમસ્ત વિપરીત પરિસ્થિતિના અવલોકનથી સ્વાભાવિક જ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ વિપરીત પરિસ્થિતિનું કારણ શું હોવું જોઇએ? કારણ કે, કારણ વિના કોઇ પણ કાર્ય સંભવતું ન હોવાથી આ વિપરીત પરિસ્થિતિનું કાંઇ પણ કારણ ન હોય એ તો સંભવે જ નહિ. આ પરિસ્થિતિ-વિપરીત પરિસ્થિતિ-નું જે સ્પષ્ટ કારણ જોવામાં આવી શકે છે તે એ જ કે રા. હીરાલાલ ગણાત્રા વિના મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન સાથે શેઠ રાઘવજીભાઇનું કેટલાંક માની લીધેલાં કારણોવશાત્ વૈમનસ્ય થયું હતું અને તે વૈમનસ્યના કારણથી તેમના હૃદયમાં તેઓ શ્રીમાન્ 'બાંવકા' શબ્દના અર્થને હીનતાદર્શક માનતા હોવાથી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનનાં પૂર્વકથિત યોગ્ય કાર્યોને દ્વેષમૂલક તથા અયોગ્ય કાર્યો

તરીકે સ્વીકારી લઇને એવી શંકાનો ઉદ્ભવ થયો હતો કે: 'જો આપણે ખરેખર રઘુવંશી હોઇએ, તો આવું 'બાંવઢા' જેવું વર્તન ન કરી શકીએ એટલે આપણે રઘુવંશી છીએ કે બાંવઢા ?' અને એ પ્રશ્નના નિરાકરણમાટે લોહાણાઓને તેમની પોતાની માન્યતા અનુસાર 'બાંવઢા' સિદ્ધ કરી બતાવનારો નિબંધ તેમણે માગ્યો હતો એ વાર્તા મુંબઇના હોવા છતાં તેઓ શ્રીમાનના પરિચયમાં ન આવેલા તેમ જ દૂરદેશવર્તી હોવાથી તેમનાથી સર્વથા અપરિચિત અન્ય નિબંધલેખકોના જાણવામાં હતી નહિ તેથી તેમ જ કેટલાક લેખકોના જાણવામાં એ વાર્તા હોવા છતાં પોતાની સમસ્ત જાતિને એક હીનજાતિ તરીકે સિદ્ધ કરી બતાવવાની તેમની ઇચ્છા ન હોવાથી નિબંધલેખકોમાંના વિશેષસંખ્ય લેખકો લોહાણાઓને રઘુવંશી સિદ્ધ કરવાનો પ્રયત્ન કરશે એ રહસ્યને શેઠ રાઘવજીભાઇ તથા તેમના નિકટવર્તી મંત્રીઓ જાણતા હતા અને જેમાં લોહાણા-ઓને રઘુવંશી તરીકે સિદ્ધ કરી બતાવવામાં આવ્યા હોય તેવો નિબંધ પાસ કરવાનો હતો જ નહિ એટલામાટે જો નિષ્પક્ષપાત વિદ્વાનોની પરીક્ષક કમીટી નીમવામાં આવશે અને તે પરીક્ષક કમીટી જેમાં લોહાણાઓને રઘુવંશી તરીકે સિદ્ધ કરેલા હોય તેવો કોઇ નિબંધ પાસ કરી નાખશે, તો તેથી આપણી બધી ધારણા ધૂળમાં મળી જશે એવી શંકાનો હૃદયમાં ઉદ્ભવ થવાથી પરીક્ષક કમીટી નીમવાની વાતને માંડી વાળીને નિબંધ લખાવનાર શેઠ રાઘવજીભાઇ, નિબંધ લખનાર રા હીરાલાલ ગણાત્રા અને નિબંધની પરીક્ષા કરીને રા. હીરાલાલ ગણાત્રાના નિબંધને એકી અવાજે પાસ કરનાર નિબંધ લખાવનાર તથા નિબંધ લખનાર ઉભય મહાશયોના સ્વાભાવિક પક્ષપાતી રા. જયકૃષ્ણ વર્મા પ્રાસ્તાવિક લેખક એવી 'ઘરના ભૂવા ને ઘરના જાગરિયા' જેવી વ્યવસ્થા કરવામાં આવી હોય, તો તે સર્વથા સ્વાભાવિક જ છે. આ વાર્તા એક અન્ય પ્રમાણથી પણ સિદ્ધ થઇ શકે તેમ છે અને તે એ કે પોતાને રઘુવંશી માનતી લોહાણા-

જાતિમાં રઘુવંશીમાં હોવા જોઇએ તેમનાથી સર્વથા વિપરીત ગુણો દૃષ્ટિગોચર થતાં શેઠ રાઘવજીભાઇના મનમાં લોહાણા જાતિનાં પ્રાચીન-કાલિક ગૌરવ તથા આધુનિક અધોગતિનાં કારણોનો તુલનાત્મક ઇતિહાસ લખાવવાની ઇચ્છાનો ઉદ્ભવ થયો હોત, તો પોતાની તે ભદ્ર ઇચ્છાને પૂર્ણ કરવામાટે તેઓ ધનાઢ્ય તથા ઉદારાત્મા હોવાથી પાંચ સોને બદલે પાંચ હજાર રૂપિયા ખર્ચીને તેમણે લોહાણા જાતિના આધુનિક દુર્ગુણોનો કોઇ પણ વિશિષ્ટ વ્યક્તિ કિંવા કોઇ પણ વિશિષ્ટ જનસમુદાયના નામનિર્દેશ વિના તટસ્થ તથા સામાન્ય ભાવથી તુલનાત્મક પ્રકાશ કરાવ્યો હોત અને તેમાં પોતા સાથે સંબંધ ધરાવનારી પોતાની અંગત બાબતોનો નામ માત્રને માટે પણ ઉલ્લેખ થવા દીધો હોત નહિ. જો તેઓ શ્રીમાને આમ કર્યું હોત, તો તેઓ શ્રીમાન્ સમસ્ત લોહાણાજાતિની પ્રશંસાને મેળવી શકત અને તેમની જ્ઞાતિસેવા અદ્વિતીય મનાત; પરંતુ શેઠ રાઘવજીભાઇ કોપને વશ થવાથી આ વિવેક દર્શાવી શક્યા નથી, ઇતિહાસના નામથી પ્રકટ થયેલા તેમના ઇનામી નિબંધનો અર્ધ ભાગ તેમની અંગત બાબતોથી જ ભરાઇ ગયો છે, ઇનામી નિબંધમાં સમસ્ત લોહાણાજાતિને તેમ જ તે નિબંધના પ્રાસ્તાવિકમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને વ્યર્થ ગાળો ભાંડવામાં આવી છે અને તેથી શેઠ રાઘવજીભાઇ ઇનામી નિબંધ લખાવનાર, રા. હીરાલાલ ગણાત્રા નિબંધ લખનાર તથા રા. જયકૃષ્ણ વર્મા પ્રાસ્તાવિક લેખક એ ત્રણે મહાનુભાવો વિશેષતઃ મુંબઇની અને સામાન્યતઃ અન્ય સર્વદેશવાસિની કચ્છી લોહાણા જાતિમાં સર્વત્ર અપ્રિય થઇ પડ્યા છે અને એ વાર્તાને ઉપર ઉદ્ધૃત કિંવા પ્રકાશિત કરાયલું રા. હીરાલાલ ગણાત્રાનું પોતાનું લખેલું પત્ર જ બહુ અંશે સત્ય સિદ્ધ કરી બતાવતું હોવાથી એના અન્ય પ્રમાણની આવશ્યકતા હોય એવી અમારી માન્યતા નથી; છતાં એક અન્ય પ્રમાણ મળી આવ્યું છે અને તે અહીં આપવામાં આવે છે. અઠ્ઠાવીસ નિબંધલેખકોમાંના એક નિબંધલેખક કચ્છ નખત્રાણા

નિવાસી ભાઈ શ્રી રામજી વાલજી દાવડાએ ' શ્રી લોહાણા શુભેચ્છક ' નામક માસિક પત્રના બીજા વર્ષના ૪, ૫, ૬ એકત્ર અંકમાં શેઠ રાઘવજીભાઇને લખેલો જે ખુલ્લો પત્ર છપાયો છે (પૃષ્ઠ ૧૧ થી ૧૨૦); તે પત્રના અંતમાં તેઓ ભાઇ લખે છે કેઃ—

" અમો અંગત ઉશકેરાયલી લાગણી જાણતા હોત તો કદીએ આવી હરીફાઇમાં ઉતરવાની તક લેત નહીં, જે હાલ જ પુસ્તક પરિચયથી જાણવામાં આવે છે. વળી નિર્વિવાદ સાબિત છે કે આવડી મોટી ભવ્ય જ્ઞાતિમાં માત્ર જ અઠ્ઠાવીસ નિબંધ અથવા કાગળો (અમુક અંશે) લખાયા જેમાં પદ્ધતિસર રા. વર્મા મહાશયના લખવા પ્રમાણે સાત જ છે. તથાપિ પ્રસિદ્ધ વિદ્વાન લેખકો મૌન વ્રત ધારણ કરી બેસી રહ્યા છે. ઉદ.હરણરૂપે રા. નારાયણજી વિસનજી, રા. ભાઇ ડોસાણી રા. ભાઇ શિવદાસ ચાંપસી કારિયા તથા વિનયકાન્ત અને અને સભ્ય લેખક બંધુઓએ એ મૌનવ્રત કારણસર પકડયું હશે એમ માનવું ખરૂં છે. " ×

× " ભાઇ શ્રી રામજીભાઇ, આપની આ માન્યતા મારા સંબંધમાં તો સત્ય જ છેઃ કારણ કે, મેં આપણી લોહાણા જાતિના ઇતિહાસનાં બધાં સાધનો એકત્ર કરેલાં હોવાથી પ્રથમ તો મારા પર કામનું અતિશય દબાણ હોવા છતાં પણ સમય બચાવીને એ નિબંધ લખવાનો મારો વિચાર હતો; પરંતુ એટલામાં હસ્તે પરહસ્તે મારા જાણવામાં આવી ગયું કે મુંબઇના કચ્છી લોહાણા મહાજન સાથે શેઠ રાઘવજીભાઇનુ કેટલાંક માની લીધેલા કારણોથી વૈમનસ્ય થઇ ગયેલું હોવાથી જે લેખક લોહાણાઓને, શેઠ રાઘવજીભાઇ " બાંવઢા " શબ્દનો અર્થ " બંધુઘાતક " માનતા હોવાથી " બાંવઢા " એટલે કે ' બંધુઘાતક ' સિદ્ધ કરી બતાવશે તે લેખકનો નિબંધ જ પાસ થશે અને બીજા નિબંધો ગમે તેવા અને ગમે તેટલા સારા હશે, તો પણ ના ખાતા રહી જશે. આ રહસ્ય જાણવામાં આવતાં કેવળ પાંચસો રૂપિયા જેટલી તુચ્છ રકમના લોભને વશ થઇને કેવળ એક જ વ્યક્તિની પ્રસન્નતામાટે જે કચ્છી લોહાણાજાતિમાં મારો જન્મ થયો છે અને જે કચ્છી લોહાણાપણામાટે મારા હૃદયમાં અનાદિ સંપૂર્ણ અભિમાન વસી રહ્યું

આથી એટલું તો સ્પષ્ટ છે કે રા. જયકૃષ્ણ વર્માના લખેલા પ્રાસ્તાવિકમાં શેઠ રાઘવજીભાઈના સંતોષમાટે કરાયલી મુંબઈના શ્રી કચ્છી લોહાણા મહાજનની અકારણ તથા અવાસ્તવિક નિન્દાનો કેવળ અમોને જ નહિ, પણ દૂર દૂરના અન્ય ગૃહસ્થોને પણ સાક્ષાત્કાર થયો છે અને તે થાય એ સર્વથા સ્વાભાવિક જ છે.

રા. જયકૃષ્ણ વર્મા શેઠ રાઘવજીભાઇની ઉદારતા તથા આર્થિક સહાયતાથી જ વિલાયત જઇને બૅરિસ્ટરની પરીક્ષામા પાસ થઈ આવેલા હોઇને શેઠ રાઘવજીભાઇના ઉપકારના ભાર તળે દબાયલા

છે તે કચ્છી લોહાણાજાતિની વિશેષ ભાવથી અને સમસ્ત લોહાણાજાતિની સામાન્ય ભાવની સર્વથા અસત્ય, અવાસ્તવિક તથા અકારણ નિન્દા કરીને પોતાના નામને ચિરકલંકિત કરવું એ એક અક્ષય મહાપાતક હોવાથી મેં એ પાતકથી અલિપ્ત રહેવામાટે એ નિબંધ લખવાના મારા વિચારને માંડી વાળ્યો હતો. એક ખરો કચ્છી લોહાણો પાંચ હજાર કે પાચ લાખ રૂપિયાના લોભથી પણ આવું જ્ઞાતિગંગાની નિન્દા સમાન નીચ કૃત્ય કરવાને તૈયાર ન થાય, તો શેઠ રાઘવજીભાઇની પાંચ સો રૂપરડી તે શી વિસાતમા વારૂ? આ કારણથી જ મારે શેઠ રાઘવજીભાઇના ઇનામી નિબંધની હરીફાઇમાં મૌનને ધારણ કરી લેવું પડયું હતું અને લોહાણા જ્ઞાતિના અન્ય વિદ્વાન્ લેખકોએ પણ કદાચિત્ એ જ કારણથી મૌનનું અવલંબન કરેલું હોવું જોઇએ. મારા ભાગ્યમાં વિધાતાએ શેઠ રાઘવજીભાઇની ઇચ્છાનુસાર એકપક્ષીય કિંવા પક્ષપાતપ્રચુર નિબંધ લખવાના પાતકથી લિપ્ત થવાનો નહિ, કિન્તુ તેઓ શ્રીમાનના લખાવેલા એ પક્ષપાતપ્રચુર નિબંધના નિષ્પક્ષપાત પ્રતિવાદરૂપ નિબંધ લખવાના પુણ્યથી મંડિત થવાનો યોગ લખેલો હોવાથી આજે મારા સદ્ભાગ્યવશાત્ મને તે યોગની પ્રાપ્તિ થઇ છે અને તે યોગનું ફળ અત્યારે આપના કરકમળમાં વિરાજેલું હોવાથી એની યોગ્યાયોગ્યતાનો યથાર્થ નિર્ણય આપે જ કરી લેવાનો છે; કારણ કે, મારો અધિકાર કર્મમાં છે, ફળમાં મારો લેશમાત્ર પણ અધિકાર નથી. (' कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन).

હોવાથી શેઠ રાઘવજીભાઇનાં યોગ્ય ગુણગાન કરવાં અને શેઠ રાઘવજીભાઇ પ્રતિ પોતાની કૃતજ્ઞતા દર્શાવવી એ જો કે તેમનો ધર્મ છે; તથાપિ શેઠ રાત્રવજીભાઇ પ્રતિ કૃતજ્ઞતા દર્શાવવામાટે અન્ય યોગ્યતાવાન્ પુરુષો કિંવા મહાજનશ્રીની અયોગ્ય તથા અસત્ય નિન્દા કરીને તેમને ગાલિપ્રદાન કરવાનો રા. જયકૃષ્ણ વર્માને કશો પણ આધિકાર નથી એ કોઇ પણ વિચારશીલ મનુષ્ય તત્કાળ કહી શકે તેમ હોવાથી એના અધિક વિવેચનની આવશ્યકતા છે જ નહિ. આવી રીતે પોતાના ઉપકારકના સંતોષમાટે રા. જયકૃષ્ણ વર્માએ મુંબઇના શ્રી કચ્છી લેહાણા મહાજન મંડળના પ્રતિષ્ઠિત સભ્યોને ઇર્ષાલુ, શીડના કૂતરા, ઢેઢવાડા જેવા, કપૂત,* ધરાર પટેલ, મૂર્ખ, બાલિશ, પોતાના પાડોશીની બે આંખો ફૂટતી હોય તો પોતાની એક આંખને ફૂટવા દેનાર, મશાલચી, હજામ×, અન્યાયી તથા બંધુઘાતક 'બાંવઢા' આદિ હીન વિશેષણોથી વિભૂષિત કરીને સભ્યતા તથા શિષ્ટતાને તિલાંજલિ સમર્પી જે ગાલિપ્રદાનનો ગંભીર ગોળીબાર કર્યો છે તેને જોતાં અમોને રાજર્ષિ ભર્તૃહરિના નિમ્નલિખિત વેદવાક્યતુલ્ય શ્લોકનું સ્વાભાવિક જ સ્મરણ થઇ આવે છે:—

"जाड्यं ह्रीमति गण्यते व्रतरुचौ दम्भः शुचौ कैतवं
शूरे निर्घृणता मुनौ विमतिता दैन्यं प्रियालापिनि।
तेजस्विन्यवलिप्तता मुखरता वक्तर्यशक्तिः स्थिरे
तत्को नाम गुणो भवेत्स गुणिनां यो दुर्जनैर्नाङ्कितः"॥+

---

* "સૂક્ષ્મ અને સ્પષ્ટ દૃષ્ટિથી જોનાર કોઇ પણ કહી શકે કે અત્યારે આપણી જ્ઞાતિમાં સપુતો કરતાં કપુતોની સંખ્યા વધારે છે." ઇનામી નિબંધ, પૃષ્ઠ ૭ મું જુઓ.

× "બત્રીઓ દરેકવખતે ગણવા કોણ જશે? એ મશાલચી કે હજામનું કામ પણ મહાજન કરશે કે તેની કોઇ કમીટી? અભિનંદન હો એ મહાજનને અને તેની કમીટીને!" ઇનામી નિબંધ, પૃષ્ઠ ૧૯ મું જુઓ.

\+ ભર્તૃહરિકૃત 'નીતિશતક' શ્લોક ૫૪ મો.

અર્થાત્ "દુર્જનો લજ્જાશીલ પુરુષને જડ કહે છે; વ્રત કરનારને દંભી કહે છે; પવિત્ર પુરુષને ધૂર્ત કહે છે; શૂર પુરુષને નિર્દય કહે છે; સરલ પુરુષને બુદ્ધિહીન કહે છે; પ્રિય બોલનારને દીન કહે છે; તેજસ્વીને ગર્વિષ્ટ કહે છે; વાક્ચતુરને બહુબોલકણો કહે છે અને સ્થિર અથવા ઠરેલા પુરુષને અશક્ત કહે છે. અર્થાત્ ગુણવાન્ પુરુષનો એવો કયો ગુણ છે કે જેમાં દુર્જનોએ દોષનો આરોપ ન કર્યો હોય?"

ઉપસંહાર

આ વિષયના ઉપસંહાર તરીકે અમો અમારા પોતાના વિચારો દર્શાવવાને બદલે 'લોહાણા હિતેચ્છુ'ના તા. ૬ ઠ્ઠી માર્ચ ઇ. સ. ૧૯૨૪ ના અંકમાં '**એક વિચિત્ર દલીલ**' શીર્ષક જે લીડરેટ લખવામાં આવ્યો છે, તે જ અહીં અક્ષરસઃ ઉતારી લઇએ છીએ; કારણ કે, રા. જયકૃષ્ણ વર્માએ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને રા. શેઠ કેશવજીભાઇ તથા રા. શેઠ રાઘવજી પુરુષોત્તમને તેમના વિદેશગમનના કારણથી, તેમનાથી પૂર્વે વિલાયત જઇ આવેલા કેટલાક અન્ય કચ્છી લોહાણાઓને દેહશુદ્ધિપ્રાયશ્ચિત કરાવવામાં આવેલું ન હોવા છતાં કેવળ ઇર્ષા તથા દ્વેષથી જ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરાવ્યું હતું અને એ ઘટનાથી જ શેઠ રાઘવજીભાઇ તથા મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના પરસ્પર વિગ્રહનું મંગળાચરણ થયું હતું એવા આશયને દર્શાવનારો જે ભયંકર આક્ષેપ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના સંબંધમાં કરેલો છે તે આક્ષેપનું એ લેખ–લીડરેટ્–થી સર્વાંશે નિવારણ થઇ જાય છે. તે લીડરેટ્ આ છેઃ—

"જ્યારે જ્યારે કોઇ અપરાધ માટે કોઇ મહાજન તરફથી સખ્ત પગલું ભરવામાં આવે છે, અને કોઇને દંડ કરવામાં આવે છે, ત્યારે ત્યારે હંમેશા એવો પોકાર ઉઠાવવામાં આવે છે, કે આવા ગુન્હા બીજા ઘણાએ અત્યારસુધીમાં થયા છે, છતાં તેમને કોઇને સજા થઇ નથી, તો અમને આ સજા શા માટે થવી જોઇએ?

આ દલીલમાં પક્ષપાત વિશે કેટલુંક વજુદ રહેલું છે, તેની અમે ના પાડતા નથી, પરંતુ તેથી અપરાધી માણસના અપરાધમાં કશોએ ઘટાડો થતો નથી, અને તેથી તેને સજા ન થવી જોઇએ એમ નક્કી થતું નથી. જો આવી દલીલ સ્વીકારવામાં આવે તો કોઇ પણ મહાજન કોઇ પણ વખત સજા કરી શકે જ નહિ. અપરાધીએ તો એટલું જોવાનું છે કે તેને જે અપરાધ માટે સજા કરવામાં આવી છે, તે અપરાધ તેણે કર્યો છે કે નથી કર્યો. જો તેણે અપરાધ ન કર્યો હોય તો અને સજા કરવામાં આવી હોય તોજ તેને માટે વાંધો ઉઠાવવાનો અવસર રહે છે, નહિ તો નહિ. તેમણે મહાજનની સત્તા તોડી નાખવા ખાતર જ વાંધો ઉઠાવવો જોઇએ નહિ. વળી એટલો પણ વિચાર કરવો જોઇએ કે મહાજનને આપણે જ અસ્તિત્વમાં લાવીએ છીએ, અને તેને ન્યાયદેવતાનું સ્થાન આપણે જ આપીએ છીએ. એટલે તેનું સંપૂર્ણ માન રાખવું એ સર્વથી પ્રથમ આપણી ફરજ છે. સ્વાર્થના વિચારોમાં આ વાત ધ્યાનમાં રહેતી નથી, અને તેથી અનેક પ્રકારની હાનિ થાય છે. આશા છે કે અમારા જ્ઞાતિબંધુઓ આ વાત ધ્યાનમાં લેશે." (જુઓ " લોહાણા હિતેચ્છુ" તા. ૬ ઠ્ઠી માર્ચ ૧૯૨૪ નો અંક. પૃષ્ઠ ૪૩૫, કૉલમ ૩ જું).

અમો પણ આશા રાખીએ છીએ કે શેઠ રાઘવજીભાઇ, રા. જયકૃષ્ણ વર્મા તથા રા. હીરાલાલ ગણાત્રા સ્વાર્થના વિચારોમાં ભુલાઇ ગયેલી આ વાતને ધ્યાનમાં લેશે અને ભવિષ્યમાં આવા નિબંધો લખાવીને તથા લખીને તેઓ મહાશયો મહાજનની સત્તાને તોડી નાખવાના આવા નિંદ્ય પ્રયત્નો નહિ કરે.

હવે આપણે ' બાંવઢા ' શબ્દનો વાસ્તવિક અર્થ શો છે અને તેનો અજ્ઞાનવશતાથી કિંવા બુદ્ધિપૂર્વક કેવો વિપરીત અર્થ કરવામાં આવ્યો છે એ વિષયનો ઐતિહાસિક તથા અન્યદષ્ટિથી વિચાર કરીશું.

' બાંવઢા ' એટલે ' રઘુવંશી '

અથવા

' બાંવઢા ' શબ્દ–વિશેષણ–નો ઇતિહાસ અને વાસ્તવિક અર્થ

જેવી રીતે ગત ૮૦ પૃષ્ઠમાં રા. જયકૃષ્ણ વર્માના લખેલા ૨૦ પૃષ્ઠના પક્ષપાતપ્રચુર, સાદ્યોપાન્ત અસત્યવાદપરિપૂર્ણ તથા બાલિશ-વિધાનયુક્ત પ્રાસ્તાવિકનું વિસ્તારપૂર્વક તથા પ્રમાણપુરઃસર ખંડન કરી બતાવવામાં આવ્યું છે તેવી જ રીતે શેઠ રાઘવજીભાઇએ પોતાના જાતિબાંધવોને ' બાંવઢા ' એટલે ' બંધુઘાતક ' માની લીધેલા હોવાથી, તેઓ શ્રીમાનની એ માન્યતાને રા. હીરાલાલ ગણાત્રાએ મૂર્તસ્વરૂપ આપવાનો ઉદ્યોગ કરેલો હોવાથી અને પ્રાસ્તાવિકલેખક રા. જયકૃષ્ણ વર્માએ તે મૂર્તસ્વરૂપ કિંવા પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવાનો અકાંડતાંડવ સમાન ઉદ્યોગ કરેલો હોવાથી શેઠ રાઘવજીભાઇની એ માન્યતા, રા. હીરાલાલ ગણાત્રાના એ પ્રયત્ન તથા રા. જયકૃષ્ણ વર્માના એ ઉદ્યોગની અવાસ્તવિકતાને સપ્રમાણ સિદ્ધ કરી બતાવવાની અને એ માન્યવર ત્રિમૂર્તિના પક્ષપાતપટનું છેદન કરી નાખવાની આવશ્યકતા પણ અનિવાર્ય હોવાથી હવે અમો એ કાર્યમાં જ પ્રવૃત્ત થઇએ છીએ; કારણ કે, એથી ' બાંવઢા ' વિશેષણનો વાસ્તવિક અર્થ આપણા સમસ્ત જાતિબાંધવોના જાણવામાં આવી શકશે; માત્ર એટલું જ નહિ, પણ તે વાસ્તવિક અર્થ ગાલિપ્રદાન-નિબંધ લખાવનાર, ગાલિપ્રદાનનિબંધ લખનાર તથા પક્ષપાતી પ્રાસ્તાવિકલેખકની એ મહતી ત્રિમૂર્તિના જાણવામાં પણ આવી

જતાં જો તેઓ શ્રીમાનો સત્યપ્રિય હશે, તો તેઓ શ્રીમાનોને પોતાના હસ્તથી થયેલા પ્રચંડ પ્રમાદમાટે ઉચિત પશ્ચાત્તાપ કરવાનો સુયોગ પણ પ્રાપ્ત થઇ શકશે.

ઉક્ત “ આપણે લોહાણા ‘ રઘુવંશી ’ કે ‘ બાંવઢા ’ ? ” શીર્ષક બાબૂની નિબંધના ૮૪ મા પૃષ્ટમાં ‘ લોહાણાઓ બાંવઢા ખરા કે નહિ ? ’ એ પ્રશ્નને ચર્ચતાં જે એક મદોન્મત્ત રાજાની કથા આપવામાં આવી છે તે દંતકથામાં ‘ લોહાણા ’ નો પ્રત્યક્ષ ઉલ્લેખ ન હોવાથી તે દંતકથાને આપણાથી મહત્ત્વ આપી શકાય તેમ નથી; પરંતુ ૮૫ થી ૮૭ મા પૃષ્ઠ પર્યન્ત ભવૈયાએ ભજવેલા લોહાણાના હાસ્યાસ્પદ વેશ અને તે ધૃષ્ટતામાટે એક લોહાણાએ કરી નાખેલી તે વેશધારી લોહાણાની હત્યા તથા ત્યારપછી પોતાના જમણા હાથવડે ડાબા હાથના કરી નાખેલા ઉચ્છેદ વિષયક જે દંતકથા આપવામાં આવી છે તે દંતકથામાં લોહાણાનો પ્રત્યક્ષ ઉલ્લેખ તથા સંબંધ હોવાથી તે દંતકથા આપણામાટે અધિક મહત્ત્વની છે અને એ વાર્તાનો પ્રાસ્તાવિકલેખક રા. જયકૃષ્ણ વર્માએ પણ “ કચ્છ પ્રદેશમાં એ ઉપનામનું મૂળ ત્યાંની ભવાયા વિશેની પ્રચલિત દંતકથા હશે એમ માનવાને સબળ કારણ છે. આ દંતકથા નિબંધલેખકે સવિસ્તર આલેખી છે એટલે અહિં તેનું પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. એટલું સ્પષ્ટ છે કે ‘ બાંવઢા ’ શબ્દ ખીજ તરીકે વપરાય છે, અને આપણી આધુનિક શોચનીય સ્થિતિનો તેમાંયે ખાસ કરીને સૌથી વધારે પ્રબળ જણાતા દુર્ગુણ-ઇર્ષ્યાનો યથાર્થ ખ્યાલ આપે છે.” (જુઓ શેઠ રાઘવજીભાઇનો ઇનામી નિબંધ, પૃષ્ઠ ૧૦ મું); આ વિધાનથી સ્પષ્ટ સ્વીકાર કરેલો છે.

નિબંધલેખક રા. હીરાલાલ ગણાત્રાએ ૮૫થી ૮૭ મા પૃષ્ટ પર્યન્ત જે દંતકથા ઉદ્ધૃત કરેલી છે તે આ પ્રમાણે છેઃ—

“ એક બીજી દંતકથા પણ અમારા સાંભળવામાં આવી છે. એ દંતકથાનું મૂળ કચ્છના પ્રદેશમાં હોય એમ જણાય છે. એ પ્રદેશમાં

કહેવામાં આવે છે કે, લોહાણાઓ પહેલાં શાકભાજીનો-કાંદાબટાટાનો-વેપાર કરતા હતા. એમાંના કોઇક વેપારીઓ ગામડાઓમાં ફરીને પણ બકાલું વેચતા હશે. એક વખતે એક ગામમાં યા શહેરમાં ભવાયા ઓની એક ટોળકીએ પોતાના ભવાઇના ખેલો કરી બતાવ્યા. તેમાંના એકમાં તેમણે લોહાણાનો વેશ કાઢવાની દુર્બુદ્ધિએ ધૃષ્ટતા કરી. એક ભવાયો બળદની પોઠ* પર શાકભાજી ભરી, તેની ઉપર બેસી ડુંગળી ચાવતો ચાવતો પ્રેક્ષકજનોની આગળ ખડો થયો. તમાસો જોવા આવેલા માણસોમાં કેટલાક લોહાણાઓ પણ હતા, તેમાંના એકથી આ બાબત સહન કરી શકાઇ નહિ. પોતાની જ્ઞાતિનો આ પ્રમાણે વેશ કાઢેલો જોઇ, અને પરિણામે જ્ઞાતિનો ઉપહાસ થતો જોઈ એ જ્ઞાત્યભિમાની લોહાણાનો મિજાજ કાબુમાં રહ્યો નહિ. તેણે તરત જ પોતાની તલવાર મ્યાન બહાર કરી અને ઉક્ત ભવાયાનું શિર ધડથી છુટું કર્યું. એકાએક આવો વિપરીત બનાવ બન્યો તેથી સર્વ પ્રેક્ષકજનો હેબતાઇ ગયા, સર્વત્ર હાહાકાર થયો અને તમાસામાં ભંગાણુ પડ્યું. ભવાયાઓએ તુરત વેળા તો ગભરાઇને ખેલ બંધ કર્યો, પણ બીજે દિવસે તે પ્રદેશના રાજાના દરબારમાં પોતાના સાથીનું ખુન કરવાનો આરોપ ઉક્ત લોહાણા ઉપર તેમણે મૂક્યો. રાજાએ ખુન કરનાર

---

* અહીં 'પોઠ' શબ્દનો પ્રયોગ સર્વથા પ્રમાદમૂલક છેઃ કારણ કે 'પોઠ' બહુસંખ્યાવાચક શબ્દ હોવાથી બળદોની વિશાળ સંખ્યાને દર્શાવનારો છે. વણજારા નામથી ઓળખાતા પ્રવાસી વ્યાપારીઓ જે પચીસ, પચાસ, સો કે બસેં બળદોની પીઠોપર પોતાનો માલ લાદીને એક સ્થળેથી બીજે સ્થળે લઇ જાય છે તે બળદોના સમુદાયને 'પોઠ' નામથી ઓળખવામાં આવે છે, એને આ એંગ્રેજી ભાષામાં કારવાન્-Carvan-કહેવામાં આવે છે અને તેમાં વણજારાનો પોતાનો પણ સમાવેશ થઇ જાય છે. અહીં ભવૈયો એક જ બળદ લાવેલો હોવાથી 'પોઠ' નહિ, પણ 'પીઠ' અથવા 'પૂઠ' શબ્દનો જ અહીં પ્રયોગ થવો જોઇતો'તો, એ સ્પષ્ટ હોવાથી અધિક વિવેચન અનાવશ્યક છે.

લોહાણાને દરબારમાં પકડી લાવવા માણસો મોકલ્યાં. પેલા લોહાણા-ભાઇએ જ્ઞાત્યભિમાનના આવેશમાં ભવાયાનું ખુન કરી મૂળના ક્ષાત્ર જુસ્સાની સાબીતિ તો આપી દીધી હતી; પરંતુ પાછળથી તેને પશ્ચાત્તાપ થયો અને પોતાની ઉતાવળની ગંભીરતા સમજાઇ. પોતે ખુન કર્યું છે અને તેથી તેને દેહાંતદંડની સજા+ રાજા કદાચ કરશે એમ તેને લાગ્યું. વિચાર કરતાં આજીવિકાર્થે સ્વીકારેલી વણિક્વૃત્તિએ માર્ગ સુચવ્યો. રાજાના માણસો સાથે દરબારગઢ તરફ જતાં રસ્તામાં તેણે પોતાનો એક હાથ, જેટલા જુસ્સાથી તેણે ભવાયાનું માથું કાપ્યું હતું તેટલા જ જુસ્સાથી કાપી નાખ્યો. આ સ્થિતિમાં તે દરબારમાં રાજાની સમક્ષ પહોંચ્યો. સર્વને અજાયબી લાગી અને હાથ વાઢી નાખવાનું કારણ રાજાએ તેને પૂછ્યું. તેણે જવાબ વાળ્યો કે "મારો આ હાથ મારાથી આગળ ચાલતો હતો; તેનું એ કામ અયોગ્ય હતું, માટે તે મારાથી સહન ન થતાં મેં તેને વાઢી નાંખ્યો છે." રાજાએ ફરી પ્રશ્ન કર્યો કે; "તેં ભવાયાનું ખુન શામાટે કર્યું?" લોહાણાએ જવાબ વાળ્યો કે: 'મેં ભવાયાનું ખુન કર્યું નથી. જેને મેં ગઇ કાલે રાતે મારી નાખ્યો તે ભવાયો નહિ પણ લોહાણો હતો. તે અમારી જ્ઞાતિને હીણું લાગે એવું અયોગ્ય કામ કરતો હતો, માટે જેમ આ હાથ મેં વાઢી નાખ્યો છે, તેમ તેનું પણ માથું વાઢી નાંખ્યું." કહેવાય છે કે રાજા તેનો આ યુક્તિપુરઃસર જવાબ સાભળી ખુશ થયા અને તેને અપરાધની ક્ષમા આપીને છોડી મૂક્યો. આ ઘટના સાચી બનેલી છે કે કોઇના ભેજાની કલ્પના છે તે તો પ્રભુ જાણે. એટલું તો ચોક્કસ છે કે આ દંતકથા કચ્છના પ્રદેશમાં ઘણી જ પ્રચલિત છે એ ઉપરથી એમ અનુમાની શકાય છે કે એમાં સત્યનો થોડો ઘણો અંશ તો હોવો જોઇએ."

+ 'દેહાંતદંડની સજા' એટલે શું વારૂ? 'દેહાંતદંડ' નો અર્થ જ મોતની સજા છે, તો પછી 'સજા' શબ્દનો પ્રયોગ શા કારણથી કરવામાં આવ્યો છે તે સમજી શકાતું નથી. 'રાજા કદાચિત્ દેહાંતદંડ આપશે' એટલું વાક્ય પર્યાપ્ત થઇ પડત. આવા પ્રકારના ભાષાદોષો અક્ષમ્ય છે.

એ પછી એ દંતકથાના સંબંધમાં પોતાના સ્વાર્થસાધક અભિ-
ને દર્શાવતાં નિબંધકાર મહાશય લખે છે કેઃ–

" ઉપર્યુક્ત વાતોથી લોહાણાઓના ગુણ વિષે કેટલાંક અનુમાનો
છેઃ તે પરાક્રમી અને સાથે સાથે તેજદ્વેષી હોવા જોઇએ;
સેક, અભિમાની અને અવિચારી હોવા જોઇએ; અસહિષ્ણુ
જોઇએ. બાંવઢાનો બીજો અર્થ બાં વાઢનાર અથવા જેની બાં વાઢી
વામાં આવી હોય તે "* એવો અમે ઉપર કર્યો છે, અને તેમાં
' શબ્દનો અર્થ " પોશાક–અંગરખાની બાંહ્ય " એવો કર્યો છે.
વેષે કાંઇ પણ ઐતિહાસિક અનુમોદન નહિ મળતું હોવાથી તેમાટે
ર વિવેચન કરવાની આવશ્યક્તા અમને લાગતી નથી. તેનો એક
. અર્થ પણ નીકળી શકે. આ ત્રીજો અર્થ કેટલેક અંશે પ્રથમ
' પરથી જ ફળિત થાય છે. "બાં" અથવા "બાંય" શબ્દનો
ંકારિક ભાષામાં ભાઇ અથવા બંધુ કે આશ્રયદાતાને માટે ઉપયોગ
છે. એક વિખ્યાત ઉક્તિ આ અથ સ્પષ્ટ કરે છેઃ–

" કડવા હોયે લીંબડા, મીઠી તેની છાંય;
બોલકણા હોય બંધવા, તોય પોતાની બાંય. "

" આ ઉક્તિમાં "બાંય" શબ્દ બંધવા અર્થાત્ બંધુને લાગુ
ો છે. "બંધુ" શબ્દમાં માત્ર સગા ભાઇનો જ નહિ, પરંતુ
સંબંધીઓનો, શુભેચ્છકોનો અને આશ્રયદાતાઓનો પણ સમાવેશ

---

* 'બાંવઢા' શબ્દનો ' પોતાની અથવા બીજાની 'બાં' વાઢી નાખનાર '
થાય છે; પરંતુ કચ્છી ભાષાના નિયમ અનુસાર ' જેની 'બાં' વાઢી
ામાં આવી હોય તે ' એવો અર્થ કદાપિ થઇ શકતો નથી. જ્યારે એવો
ર દર્શાવવાની આવશ્યક્તા ઉપસ્થિત થાય છે ત્યારે ' નથાં ચોટિયાં
. ' તથા ' પુછવઢેલ ' આદિ સમાસાંત શબ્દો પ્રમાણે એ શબ્દ
ઢેલ' બોલાય છે અને લખાય છે; નહિ કે, 'માંવઢો'. નિબંધલેખક પોતે
ાતી હોવાથી અને કચ્છી ભાષાનું તેમને રંચમાત્ર પણ જ્ઞાન ન હોવાથી
ા હસ્તથી આવા પ્રમાદો થાય એ નૈસર્ગિક છે.

કરી શકાય. "બાં" શબ્દનો આ અર્થ લઇએ તો "બાંવઢા" શબ્દનો અર્થ "પોતાના ભાઈઓને, સગાંસંબંધીઓને, શુભેચ્છકોને અને આશ્રયદાતાઓને વાઢી નાખનાર અથવા તેમનું અહિત કરનાર" એવો થાય........."ઇત્યાદિ.

હવે નિબંધલેખકના આ વાદના પ્રામાણિક પ્રતિવાદ તરીકે જણાવવાની આવશ્યકતા છે કે ઉપર્યુક્ત દંતકથા ઐતિહાસિક તથા સત્ય હોવા છતાં નિબંધલેખકે એ દંતકથામાં પણ પોતા તરફથી "લોહાણાઓ પ્રથમ શાકભાજી–કાંદાબટાટાનો વેપાર કરતા હતા. એમાંના કોઇક વેપારીઓ ગામડાંઓમાં ફરીને પણ બકાલું વેચતા હશે." "...પરંતુ પાછળથી તેને પશ્ચાત્તાપ થયો અને પોતાની ઉતાવળની ગંભીરતા સમજાઇ." "વિચાર કરતાં આજીવિકાર્થ સ્વીકારેલી વણિક્‌વૃત્તિએ માર્ગ સૂચવ્યો." ઇત્યાદિ વાક્યો ઉમેરીને દંતકથાના વાસ્તવિક સ્વરૂપને બહુ અંશે વિકૃત કરી નાખ્યું છે અને ભવૈયાનું ખૂન કરનાર લોહાણાએ પોતાનો હાથ દરબારમાં આવ્યા પહેલં રસ્તામાં જ કાપી નાખ્યો હતો એમ દર્શાવીને દંતકથાને બહુધા આશયહીન જ કરી નાખી છે અને તેથી એ દંતકથા જે સ્વરૂપમાં કચ્છ પ્રદેશમાં પ્રચલિત છે તે શુદ્ધ સ્વરૂપમાં અહીં આપવાની આવશ્યકતા સ્વાભાવિક જ ઉપસ્થિત થાય છે. એ દંતકથાનું શુદ્ધ તથા વાસ્તવિક સ્વરૂપ આ છેઃ–

કચ્છમાં જે વેળાયે **રાવ શ્રી દેશળજી પહેલા** રાજ્ય કરતા હતા અને આપણી લોહાણાજાતિના એક અત્યંત બુદ્ધિશાળી, કાર્યકુશળ, રાજનીતિજ્ઞ તથા રાજભક્ત પુરુષ દેવકરણ શેઠ કચ્છ રાજ્યના મુખ્ય મંત્રી અથવા દીવાન હતા તે સમયમાં એટલે કે ઈ. સ. ૧૭૩૦ કે ૩૨ ની લગભગમાં **ભુજમાં ભવૈયાનું** એક ટોળું ગુજરાતમાંથી આવ્યું હતું; કારણ કે, ભવયા હમેશા ભવાઈ કરીને પૈસા મેળવવામાટે કચ્છમાં આવતા હતા અને અદ્યાપિ આવે છે. કચ્છમાં તે સમય લોહાણાજાતિની ઉન્નતિ તથા જાહોજલાલીનો સમય હતો; કારણ કે, દેવકરણ શેઠ રાજ્યના દીવાન હોવાથી અને તેમણે **રાવ શ્રી દેશળજી**

પહેલાની પોતાની બુદ્ધિમત્તા તથા રાજભક્તિના યોગે અનન્ય પ્રસન્નતા મેળવેલી હોવાથી રાજ્યના બીજા ઘણાખરા મોટા મોટા અધિકારો પણ કાર્યદક્ષ લોહાણાઓના હસ્તમાં હતા અને તેથી લોહાણાઓ તે સમયમાં સ્વાભાવિક જ રાજસેવક નાગરજાતિ, કાયસ્થજાતિ તથા વૈશ્ય–વાણિયા–જાતિના દ્વેષના વિષય થઇ પડ્યા હતા. આ કારણથી તે ભવૈયાઓને પૈસાની સારી રકમની લાલચમાં લપટાવીને કેટલાક અધિકારલોલુપ નાગરો, કુટિલનીતિપરાયણ કાયસ્થો અને ભમનું નામ ન ઉચ્ચારીને કાસળ કાઢી નાખનારા વાણિયાઓએ લોહાણા-જાતિ જેના યોગે તુચ્છ તથા નીચ દેખાય તેમ જ લોકોની તથા લોકાપવાદદ્વારા રાવશ્રીની દૃષ્ટિમાં પણ હલકી પડી જાય તેવો એક વેશ ભજવવાનો ભવૈયાઓને ઉપદેશ આપ્યો. અહીં એ પણ સ્મરણમાં રાખી લેવાનું છે કે જે કોઇ પણ દેશમાં જે કોઇ પણ જાતિની જનસંખ્યા અતિશય વિશાળ હોય છે તે દેશમાં વિશાળસંખ્ય જાતિના મનુષ્યો પોતપોતાની યોગ્યતા અનુસાર ઉદરનિર્વાહમાટે સાધારણથી સાધારણ વ્યવસાયથી આરંભીને ઉચ્ચથી ઉચ્ચ વ્યવસાય કરતા દેખાય છે અને એનું પ્રત્યક્ષ ઉદાહરણ એ છે કે અત્યારે સિંધુ દેશમાં આપણી લોહાણાજાતિની જ લોકસંખ્યા સર્વથી મોટી હોવાથી ત્યાં જેમ ન્યાયાસનને દીપાવનારા ન્યાયાધીશો, નામાંકિત વકીલો તથા બૅરિસ્ટરો, લેજિસ્લેટિવ્ કાઉન્સિલ્માં વિરાજ-નારા સભ્યો, મ્યુનિસિપાલિટીના મેમ્બરો તથા ચેઅરમૅનો, શિલ્પ-શાસ્ત્રીઓ–એન્જિનિયરો, દેશવિદેશમાં કરોડો રૂપિયાના વ્યાપાર ખેડનારા પ્રચંડ વ્યાપારીઓ, અપૂર્વબુદ્ધિશાળી ગ્રંથનિર્માતાઓ, જેમનાં ચર-ણોમાં જનસમાજ ભક્તિભાવપૂર્વક મસ્તક નમાવે છે તેવા પૂજ્ય સાધુ-પુરુષો, કવિજનો તથા અપૂર્વપ્રતિભાસંપન્ન વક્તાઓ આદિ સર્વ લોહાણાજાતિમાં ઉત્પન્ન થયેલા પુરુષપુંગવો છે તે જ પ્રમાણે ઘરમાં પાણી ભરનારા તથા વાસણકૂસણ ઉટકનારા એટલે કે મુંબઇના ઘાટીની ડ્યૂટી બજાવનારા, જે રા. હીરાલાલ ગણાત્રાના શબ્દોમાં કહેવામાં

આવે, તો શાકબજારમાં ‘ શાકભાજીનો–કાંદાબટાટાનો વેપાર ’ કરનારા, ક્રયવિક્રયની વસ્તુઓને એક ગામથી બીજે ગામ વાહનદ્વારા લઇ જનારા, બજારમાં દાળ ભાત રોટલી અને ત્યાના પ્રચલિત ખાદ્યની તેમ જ મીઠાઇ તથા પૂરીપકોડીની દૂકાનો માંડનારા અને એવા જ અન્યાન્ય ધંધા કરનારા પણ સર્વ આપણા લોહાણાભાઇઓ જ છે; પણ એથી કાંઇ તેમની લોહાણા તરીકેની મહત્તા ઓછી થઇ જતી નથી. અર્થાત્ લોહાણાજાતિની, સિંધ દેશથી દ્વિતીય પંક્તિમાં આવે તેટલી, વિશાળ લોકસંખ્યા તે સમયમાં કચ્છ દેશમાં હતી અને તેથી લોહાણાઓ સ્વાભાવિક જ ઉત્તમ, મધ્યમ તથા સાધારણ સર્વ પ્રકારના વ્યવસાયો કરતા હતા એટલે જો તેમનામાંના આપણા કેટલાક ભાઇઓ રા. હીરાલાલ ગણાત્રાના કથન અનુસાર ‘ શાકભાજી–કાંદાબટાટાનો વેપાર ’ કરતા હોય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી અને હોઇ શકે પણ નહિ; કારણ કે, તે સમયની અને તેમાં પણ કચ્છ પ્રદેશની વાત તો દૂર રહી, પણ અત્યારના સમયમાં પણ આપણી લોહાણાજાતિની જનસંખ્યા સર્વત્ર વિશાળ હોવાથી અત્યારે પણ કાઠિયાવાડના હાલાઇ તથા ઘોઘારી લોહાણાઓમાંના કેટલાક લોહાણાભાઇઓ જામનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર તથા ભાવનગર જેવાં નગરોમાં તેમ જ ગામડાંમાં શાકભાજીનો–કાંદાબટાટાનો વ્યાપાર કરતા આપણા જેવામાં આવી શકે છે અને ગુજરાતમાં જે દૂધદહિ વેચવાનો ધંધો બહુધા ચાંપાનેરી ઘાંચીઓનો મનાય છે તે દૂધદહિ વેચવાનો ધંધો તેમ જ પાનપટ્ટી–તાંબૂલ–તથા બીડી તંબાકૂ વેચવાનો તંબોળીનો ધંધો સૂરત, ભરૂચ તથા વડોદરા આદિ ગુજરાતનાં નગરોમાં ક્યાં આપણા ગુજરાતી લોહાણાભાઇઓ નથી કરતા ? કદાચિત્ કેટલાક ગુજરાતી લોહાણાઓ ‘ શાકભાજી–કાંદાબટાટાનો વેપાર ’ પણ કરતા જ હશે; પણ તેથી કાંઇ તેઓ લોહાણા મટી જતા નથી અને મટી જવાના પણ નથી. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં જેને કોઇનો દોષ જ જોવાનો હોય છે તે ગુણને પણ દોષની દૃષ્ટિથી જેવા માંડે છે એવો નિયમ હોવાથી

લોહાણા ડુંગળીને તે એક અત્યંત ગુણકારક તથા આરોગ્યવર્ધક વસ્તુ હોવાથી વધારે પરિમાણમાં ખાતા હતા એ તેમના દ્વેષી નાગરો, કાયસ્થો તથા વાણિયાઓને, તેઓ પોતે પણ પ્રકાશ કિંવા ગુપ્ત ભાવથી ડુંગળીનું સેવન કરનારા હોવા છતાં, તેમનો દોષ દેખાયો અને તેથી એક બળદની પીઠપર બેસીને એક ગામથી બીજે ગામ જવા નીકળેલો એક લોહાણો માર્ગમાં બાજરાનો રોટલો અને લીલી ડુંગળીનાં પાંદડાં તથા ગાંઠિયો ચાવતો જાય છે એવો વેશ તે ભવૈયાએ રાતે ભજવી બતાવ્યો અને તે વેશને જોઇને લોહાણાઓના વિરોધીઓએ "વાહ, લોહાણાભાઇ, વાહ ! !" કહી તાળીઓ પાડીને લોહાણા-જાતિની ઠઠ્ઠા તથા ઠેકડી કરવા માંડી. કહેવાની આવશ્યકતા નથી કે એ ભવાઇ જોવામાટે જે પ્રચંડ લોકસમુદાય એકત્ર થયો હતો તેમાં લોહા-ણાઓ પણ સારી સંખ્યામાં હાજર હોવાથી તેઓ એ અપમાનથી ખળભળી ઊઠયા અને એક તરુણ લોહાણા વીરનો કોપ સીમાને ઉલ્લંઘી જવાથી તે આત્માભિમાની તથા જાત્યભિમાની વીરપુરુષે તત્કાળ પોતાની તલ્વારને મ્યાનમાંથી બહાર ખેંચી કાઢીને તેના એક જ પ્રહારથી તે બળદની પીઠપર વિરાજેલા અને બાજરાનો રોટલો તથા લીલી ડુંગળીને ચાવતા તેમજ લોહાણાજાતિને અપમાન પહોંચા-ડવામાટે પોતાના મુખથી જોડી કાઢેલા "કંદ રંતા, પુષ્પ ધોળાં, પાન જાણે ભૂંગળી; લુહાણાની લાજ રાખી, ધન્ય, માતા ! ડુંગળી !" આ જોડકણાને ઉચ્ચારતા વેશધારી લોહાણા ભવૈયાના મસ્તકને તેના શરીરના નિમ્ન ભાગથી ભિન્ન કરી નાખ્યું અને લોહાણાજાતિનું અકારણ અપમાન કરનારને કેવું ભયંકર પરિણામ ભોગવવું પડે છે એ ત્યાં એકત્ર થયેલા જનસમુદાયને પ્રત્યક્ષ બનાવી આપ્યું ! આ હત્યાકાંડથી ઘણાક લોકો ભયભીત થઇને પલાયન કરી ગયા અને ભવાઇ ભવાઇને ઠેકાણે રહી ગઈ. બીજે દિવસે ભવૈયાનું ટોળું દરબારમાં રાવ શ્રી દેશ-ળજી પાસે ગયું અને તેણે રાવશ્રી પાસેથી પોતાના ટોળામાંના ભવૈયાની જે હત્યા કરી નાખવામાં આવી હતી તેનો ન્યાય માગ્યો.

રાવશ્રીએ તે ભવૈયાને મારી નાખનાર લોહાણાને પકડી લાવીને દરબારમાં હાજર કરવામાટે પોતાના સિપાહીઓને રવાના કરી દીધા. ભવૈયા ફરિયાદ કરવામાટે દરબારમાં ગયા હતા અને લોહાણાજાતિના વિરોધીઓ એ કાર્યમા તેમના મદદગાર હતા એ સમાચાર તે લોહાણા વીરને ક્યારનાય મળી ગયેલા હોવાથી તે દરબારી તેડાની વાટ જોતો શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇને દરબારમાં જવામાટે તૈયાર થઇને જ બેઠો હતો એટલે દરબારી સિપાહીઓ આવતાંની સાથે જ દરબારમાં જવ માટે હિમ્મતથી તેમના અગ્રભાગમાં ચાલતો આગળ વધવા લાગ્યો. તેઓ જ્યારે સભાગૃહના દ્વારમાં આવી લાગ્યા અને તે લોહાણા વીરે દ્વારમાં પ્રવેશ કર્યો તે વેળાયે ઘટના એવી ઘટી ગઇ કે તે વીર યુવકનો ડાબો હ થ જમણા હાથની વાટ ન જોતાં આગળ વધી જવાથી તે વીર યુવકે તત્કાળ પોતાની કમ્મરની ડાબી બાજૂએ લટકતી તરવારને પોતાના જમણા હાથવડે મ્યાનમાથી બહાર ખેંચી કાઢીને તેના એક જ પ્રહારથી જેવી રીતે તેણે વેશધારી લોહાણા અથવા ભવૈયાના માથાને ધડથી જૂદું કરી નાખ્યું હતું તેવી જ રીતે પોતાના હાથને કોણીથી છૂટો કરી નાખ્યો અને તે હાથ નીચે પડ્યો એટલે તેને લાત મારીને દૂર ઉડાવી દીધો. આ વિલક્ષણ ઘટનાના સાક્ષાત્કારથી રાવશ્રી ભવૈયાના ખૂનની વાર્તાને તત્કાળ ભૂલી ગયા અને તેને પૂછવા લાગ્યા કે: “ તમોએ પોતાની ‘ બાં ’ (હાથ) ને પોતાના હાથે જ વાઢી નાખી તેનું કારણ શું હતું વારૂ ? ” એ પ્રશ્નના ઉત્તરમાં તે નિર્ભય વીર લોહાણો ગંભીરતાથી કહેવા લાગ્યો કે: “ મહારાજાધિરાજ, મને અત્યારે આપ ન્યાયાવતારની ન્યાયસભામાં આવવાનું ભાગ્ય પ્રાપ્ત થયું હતું અને આપ શ્રીમાનને પ્રથમ નમન કરવાનો અધિકાર મારા આ જમણા હાથનો હોવા છતાં મારો આ ડાબો હાથ વિવેક તથા વિનયને ત્યાગીને આગળ વધ્યો અને તેથી તેની એ ધૃષ્ટતાના દંડ તરીકે મેં તેને વાઢી નાખ્યો; કારણ કે, ડાબા હાથે કરેલું નમન અપમાનસૂચક

મનાય છે અને જે ધર્મપ્રાણ રાજાના રાજ્યમાં અમો પ્રજાજનો નિર્ભયતા, માન, મર્યાદા, સુખ, આનન્દ તથા શાંતિમાં અમારાં જીવન વીતાડી રહ્યાં છીએ અને રામરાજ્યને અનુભવી રહ્યાં છીએ તે રામોપમ રાજાનું અપમાન કરનાર અમારો પોતાનો જ હાથ હોય, તો પણ તે ધારણ કરવા યોગ્ય નથી અને તેટલામાટે મેં મારી 'બાં' ને મારા પોતાના હાથે જ વાઢી નાખી છે એ મેં વ્યાજબી જ કર્યું છે!" તેનું આ વીરત્વયુક્ત તથા યથાર્થ ઉત્તર સાંભળીને રાવશ્રી અતિશય પ્રસન્ન થયા, તથાપિ તત્કાળ પોતાની તે પ્રસન્નતાને ન દર્શાવતાં તેમણે તેને અન્ય પ્રશ્ન પૂછ્યો કે: "ગઇ કાલે રાતે તમોએ તમો પોતે જેને રામરાજ્ય માનો છો તે મારા રામરાજ્યમાં એક નિર્દોષ ત્રાગાળા–ભવૈયા—ની જે હત્યા કરી નાખી હતી તે હત્યા કરવાનું શું કારણ હતું, તે દર્શાવશો?" રાજાનો એ પ્રશ્ન સાંભળીને તે લોહાણો વીર યુવક અત્યંત નિર્ભયતા તથા ઓજસ્વિતાથી કહેવા લાગ્યો કે: "ન્યાયમૂર્તિ રાજન્, પ્રથમ તો આપ શ્રીમાનને જે એમ કહેવામાં આવ્યું છે કે મેં એક નિર્દોષ ત્રાગાળાની હત્યા કરી નાખી છે તે વાર્તા જ સર્વથા અસત્ય છે; કારણ કે, મેં કોઇ એક નિર્દોષ ભવૈયાની નહિ, કિન્તુ અમારો જે એક જ્ઞાતિબંધુ લોહાણો બળદની પીઠપર બેસીને એક ગામથી બીજે ગામ જતાં હજારો માણસોની વચ્ચે રોટલો તથા લીલી ડુંગળી ચાવતો 'કંદ રાતા, પુષ્પ ધોળાં, પાન જાણે ભુંજળી; લુહાણાની લાજ રાખી, ધન્ય, માતા, ડુંગળી!' આવા પ્રકારનું અમારી સમસ્ત લોહાણાજાતિને હીનત્વ લગાડનારું તથા અપમાન પહોંચાડનારું જોડકણું બોલીને અમારી સમસ્ત લોહાણાજાતિની અપ્રતિષ્ઠા કરી રહ્યો હતો તે અમારા એક અવિવેકી જ્ઞાતિબંધુ એટલે કે લોહાણાની જ હત્યા કરી હતી અને એ વાર્તાનો આપ શ્રીમાન સમક્ષ હું મુક્તકંઠ તથા નિઃસંકોચ હૃદયથી સ્વીકાર કરું છું. અહીં જે લોહાણાજાતિ જો પોતાનો હસ્ત જ અવિવેક દર્શાવે તો પોતાના તે હસ્તનો ઉચ્છેદ કરી નાખવામાં પણ વિલંબ નથી કરતી તે લોહાણ

ણાજાતિ પોતાના એક જ્ઞાતિબંધુના આવા ભયાનક અવિવેકને સહન કરી શકે કે કેમ એનો તેમ જ જો કોઇ જાડેજો રાજપૂત આપ શ્રીમાનની દૃષ્ટિ સમક્ષ જાડેજા રાજપૂતજાતિની આવી અપ્રતિષ્ઠા કરી રહ્યો હોય તો આપ શ્રીમાન્ પોતે તેના એ અવિવેકને સહન કરી શકો ખરા કે કેમ, એ વિષયનો અત્યારે આપ શ્રીમાને જ સંપૂર્ણ વિચાર કરવાનો છે અને જો વિચારાંતે આપ શ્રીમાનને મારૂં આ કૃત્ય અપરાધરૂપ જણાય તો આપ શ્રીમાન્ મને જે કાંઇ પણ શિક્ષા આપો તે શિક્ષાને કોઇ પણ પ્રકારના પ્રતિવાદ વિના શિરોધાર્ય કરી લેવામાટે હું તૈયાર છું. ” તે કાળની ન્યાયપદ્ધતિ અત્યારની ન્યાયપદ્ધતિથી બહુધા ભિન્ન પ્રકારની હોવાથી અને તે સમયના ક્ષત્રિયવંશાવતંસ રાજા તથા મહારાજાઓની સભામાં નિર્ભયતા તથા વીરતાની વિશેષ પ્રતિષ્ઠા હોવાથી તે વીર લોહાણા યુવકના આ નિર્ભયતાયુક્ત ઉત્તરથી તેણે વેશધારી લોહાણાને એટલે કે અવિવેકી ભવૈયાને મારી નાખ્યો હતો તે તેનું કાર્ય સર્વથા યોગ્ય હતું એવો રાવ શ્રી દેશળજી પહેલાનો નિશ્ચય થઇ ગયો અને તેથી તેમણે તેને કાંઇ પણ શિક્ષા તો ન જ આપી, પણ તેની વીરતા તથા તેના જાત્યભિમાનથી પ્રસન્ન તથા સંતુષ્ટ થઇને તેને ધન્યવાદ સહિત પારિતોષિકથી નવાજ્યો; માત્ર એટલું જ નહિ, પણ વીર પુરુષ ધારીને પોતાના અંગરક્ષક તરીકે પોતા પાસે રાખી લીધો. આવી રીતે એ વિવાદનો નિર્ણય થઇ જવા પછી તે લોહાણાવીર યુવકે “ મેં મારા એક અવિવેકી જ્ઞાતિબંધુની જ હત્યા કરી છે ” એ પોતાના ઉચ્ચારેલા શબ્દોને સત્ય સિદ્ધ કરી બતાવવામાટે જે લોહાણાવેશધારી ભવયો મરાયો હતો તેનો અગ્નિસંસ્કાર, તેની ઉત્તરક્રિયા તથા જ્ઞાતિભોજન આદિ સર્વ કાર્યો પોતે પોતાના પૈસાથી જ કર્યાં અને તે મૃત ભવૈયાના કુટુંબના પોષણની પણ યોગ્ય વ્યવસ્થા કરી આપીને વિશ્વને પોતાની ઉદારતાનો પરિચય કરાવી આપ્યો.

આ દંતકથાને જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે જેમ રા. હીરાલાલ ગણાત્રા લખે છે તેમ ભવૈયાને મારી નાખવામાટે તે લોહાણા વીરને પશ્ચાત્તાપ પણ થયો ન હોતો અને આજીવિકાર્થ સ્વીકારેલી વણિક્વૃત્તિએ પણ તેને માર્ગ સૂચવ્યો ન હોતો; કારણ કે, તે સમયના કચ્છી લોહાણાઓ કેવળ વણિક્વૃત્તિથી જ ધનોપાર્જન કરતા ન હોતા; કિન્તુ વીરવૃત્તિથી ધનોપાર્જન કરનારા પણ અસંખ્ય લોહાણા હતા અને તેઓ શસ્ત્રાસ્ત્રધારક તથા શસ્ત્રાસ્ત્રસંચાલનવિદ્યામાં નિષ્ણાત હતા; માત્ર એટલું જ નહિ, પણ તે સમયના કચ્છી લોકો અત્યારનાં અન્ય રાજ્યો તથા સામ્રાજ્યમાંના લોકો પ્રમાણે નિઃશસ્ત્ર ન હોવાથી જેઓ કાંદા બટાટાનો વ્યાપાર કરતા હતા તેઓ પણ પ્રસંગ આવતાં તલ્વારનો બરાબર ઉપયોગ કરી શકતા હતા અને કચ્છ રાજ્યમાં રાજપૂતાનાનાં કેટલાંક રાજ્યો પ્રમાણે અત્યાર સુધી પણ હથિયાર-બંદીનો કાયદો-Arms Act–લાગૂ પાડવામાં આવેલો ન હોવાથી જે કચ્છી લોહાણાઓ નિરંતર કચ્છમાં જ વસે છે તેઓ હજી પણ પોતાનાં ઘરોમાં તલ્વારો તથા જંબિયા આદિ શસ્ત્રો રાખે છે અને જો આવશ્યકતા આવી પડે તો તે શસ્ત્રોનો તત્કાળ યોગ્ય ઉપયોગ પણ કરી શકે છે. વળી વણિક્વૃત્તિ તે લોહાણાને પોતાનો હાથ બેધડક કાપી નાખવાનો માર્ગ સૂચવે એ તો રા. હીરાલાલ ગણાત્રાની એક અદ્ભુત કલ્પના જ કહી શકાય ! આવું બાલિશ વિધાન તેમણે કેવી રીતે કર્યું હશે એ મારાથી તો સમજી જ નથી શકાતું. જે વણિક્વૃત્તિ આંગળીમાં કાપ મૂકવાનો ઉપદેશ આપતાં પણ અચકાતી હોય, તે વણિક્વૃત્તિ હાથને કાપી નાખવાનો માર્ગ સૂચવે એ કલ્પના તો રા. હીરાલાલ ગણાત્રાના વિલક્ષણ મસ્તિષ્કમાં જ ઉદ્ભવી શકે !

અસ્તુઃ ઉપર્યુક્ત દંતકથામાં વર્ણવાયલી ઘટના ઘટવા પછી કચ્છ પ્રદેશમાં અન્ય જાતિના લોકો લોહાણાઓને 'જે પોતાનો હાથ અવિવેકી દેખાય તો પોતાના હાથને પણ વાઢી નાખનારા' તરીકે 'આંવઢા' ઉપનામથી ઓળખવા લાગ્યા અને લોહાણાઓને

ભયની દૃષ્ટિથી જોવા લાગ્યા. અર્થાત્ તે દિવસથી અન્ય જાતિના લોકોના મનમાં એવો ભય પેસી ગયો કેઃ “ જે લોહાણા પોતાના અવિવેકી હાથને પણ વાઢી નાંખતાં વાર નથી કરતા તે લોહાણા તેમનું અપમાન કરનાર અન્ય મનુષ્યના હાથ કે માથાને વાઢી નાખતાં વાર ન કરે એ સ્વાભાવિક હોવાથી લોહાણાને છેડવા અને કાળા નાગને છંછેડવો એ બે કાર્યો સર્વથા સમાન છે, ભયંકર છે અને પ્રાણહારક છે.” અર્થાત્ ‘ આંવઠા ’ વિશેષણ જેમ નિબંધલેખક રા. હીરાલાલ ગણાત્રા તથા પ્રાસ્તાવિકલેખક રા. જયકૃષ્ણ વર્મા વારંવાર કહે છે તેમ બીજ તરીકે વપરાતું નથી, કિન્તુ તેથી સર્વથા વિપરીત ભયસૂચક વિશેષણ તરીકે જ વપરાય છે એ સત્ય કચ્છનિવાસિની અન્ય કોઇ પણ જાતિના કોઇ બુદ્ધિમાન્ મનુષ્યને પૂછવાથી એ ઉભય મહાશયોના જાણવામાં આવી શકે તેમ છે અને એનું જે એક અન્ય પ્રત્યક્ષ પ્રમાણ અદ્યાપિ અસ્તિત્વ ધરાવે છે તે એ છે કે અત્યારે પણ ગુજરાતમાંથી પ્રતિવર્ષ ભાગળા-ભવૈયા-નાં અનેક ટોળાં ભવાઇ કરવામાટે કચ્છમાં આવે છે, પરંતુ તે ભાગળા કચ્છમાં કિંવા અન્ય કોઇ પણ સ્થાનમાં ઉપર્યુકત ઘટના ઘટયા પછી લોહાણાનો વેશ પૈસાની ગમે તેટલી લાલચ આપવામાં આવે તો પણ ભજવતા નથી. આવો જ બનાવ સંવત્ ૧૯૫૭ કે ૧૯૫૮ માં મુંબઇમાં બન્યો હતો અને તે એ કેઃ ‘ શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટક મંડળી ’ અત્યારે બોરીબંદર-વિકટોરિયા ટર્મિનસ્-સ્ટેશનની સામે જે સ્થાનમાં ‘ ટાઇમ્સ્ ઑફ્ ઇન્ડિયા ’ ની બિલ્ડિંગ્ આવેલી છે તે સ્થાનમાં તે સમયમાં ‘ મદરસયે અંજુમને ઇસ્લામ્ ’ ની બાજૂમાં ‘ ટિવોલી ’ નાટકશાળા હતી તેમાં પોતાનાં નાટકો ભજવતી હતી અને તેના ‘ ચન્દ્રકાન્તા ’ નામક નાટકમાં હાસ્યરસના એક પાત્ર તરીકે નાગફણી પાઘડીવાળો એક કચ્છી લોહાણો આવતો હોઇને તેના સંબંધમાં “ કંદ રાતા, પુષ્પ પીળાં, પાન જાણે ભુંભળી; લુહાણાની લાજ રાખી, ધન્ય માતા, ડુંગળી ! ” એ જોડકણું બોલીને લોહાણાજાતિની

ઠેકડી કરવામાં આવતી હતી એટલે કચ્છી લોહાણાઓએ પોતાના બળથી નાટકમંડળીના માલિકને નાટકમાંથી એ દૃશ્યને કાઢી નાખવાની ફરજ પાડી હતી અને લોહાણાજાતિની પ્રતિષ્ઠાનું રક્ષણ કરી બતાવ્યું હતું. આ વાર્તા "શ્રી વાંકાનેર આર્યહિતવર્ધક નાટકમંડળી" ના માન્યવર વયોવૃદ્ધ માલિક રા. ત્ર્યંબકલાલ દેવશંકર રાવળ અદ્યાપિ વિદ્યમાન હોવાથી અને તેમનું સરનામું મહારાજા થીએટર, વડોદરા હોવાથી તેમને રૂબરૂ મળીને અથવા પત્ર લખીને પૂછી શકાય તેમ છે એટલે એમાટેના કોઇ અન્ય પ્રમાણની આવશ્યકતા છે જ નહિ. અર્થાત્ આવા પ્રસંગોમાં જ્યારે ને ત્યારે લોહાણા જાતિની પ્રતિષ્ઠાનું કચ્છી લોહાણાઓએ જ પોતાના આત્મબળ, બાહુબળ, ધનબળ તથા ઔદાર્યબળથી રક્ષણ કર્યું છે અને અદ્યાપિ એવા પ્રસંગોમા તેઓ સમસ્ત લોહાણાજાતિની પ્રતિષ્ઠાનું રક્ષણ કરતા રહે છે એ વાસ્તવિકતાને જો કોઈ પણ મનુષ્ય પક્ષપાતના રોગે ભૂલી જાય તો તે તેની કૃતઘ્નતા જ છે એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી.

કચ્છી લોહાણા "આંવઢા" હોવાથી અન્ય નિર્ભય મનાતી જાતિઓના હૃદયમાં પણ તેમનો ભય કેટલી સીમા પર્યન્ત રહ્યા કરે છે એની એક એ ઘટનાથી જ કલ્પના કરી શકાય તેમ છે કે આજથી લગભગ વીસેક વર્ષ પૂર્વે મુંબઇમાં એક ધાર્મિક કારણથી હિન્દુ તથા મુસલ્માનોનો દંગો થયો હતો તે વેળાએ મુંબઇના ઘણાખરા લત્તાઓમાં મુસલ્માનોએ હિન્દુઓપર પ્રારંભના એક બે દિવસમાં સારી રીતે હાથ ચલાવ્યો હતો અને જ્યાં સુધી કમાટીપુરાના કામાઠાઓ તથા ભૈયાલોકો તેમની સામા થયા ન હોતા ત્યાં સુધી મુસલ્માનો હિન્દુઓને બેધડક મારતા રહ્યા હતા અને હિન્દુઓના દેવાલયો આદિનો નાશ કરતા રહ્યા હતા; તેમાં પણ જે હિન્દુઓ મુસલ્માનોના લત્તામાં વસતા હતા તે હિન્દુઓની તો મુસલ્માનોએ સર્વ પ્રકારે દુર્દશા કરી નાખી હતી. પરંતુ આવી પરિસ્થિતિમાં પણ કચ્છી લોહાણાઓનો 'વડગાદી' નામક લત્તો 'મેમણમહલ્લા' તથા 'ખલાસીચકલા' નામક

મુસલમાનોના ભરચક મહલ્લાઓ અને 'જકરિયામસ્જિદ'ની લગોલગ હોવા છતાં અને કચ્છી લોહાણાઓ તથા તેમનાં બાળકો 'જકરિયા મસ્જિદ'ની પાસે વિચરતા તથા રમતાં હોવા છતાં કોઇ પણ મુસલ્માને 'વડગાદી'ની હદમાં આગળ વધવાની કે કચ્છી લોહાણાના શરીરપર હાથ ઉપાડવાની હિંમત કરી ન હોતી અને હજી પણ વડગાદીના ચૉકમાંથી કોઇ પણ મુસલ્માન માંસ તથા મત્સ્ય ઇત્યાદિ તેમની ખાદ્ય વસ્તુઓને જો લઇ જતી હોય, તો બહુ જ સંભાળથી છુપાવીને લઇ જાય છે અથવા તો બહુધા નથી જ લઇ જતો એમ કહીએ તો પણ તે ચાલી શકે તેમ છે; કારણ કે, વડગાદીના ચૉકમાં કચ્છી લોહાણાઓની ધર્મવિષયક લાગણીઓનો અનાદર કરવાથી કેટલાક અવિચારી મુસલ્માનોને આગળના વખતમાં બહુ જ માઠાં પરિણામો ભોગવવા પડ્યાં છે અને તે માઠાં પરિણામોની સ્મૃતિ તેમને પુનઃ એવું કુસાહસ કરવા નથી દેતી. એવું જ બીજું જીવતું જાગતું પ્રમાણ કરાચીનું છે. કરાચીમાં મકરાણી, બિરોજી તથા પઠાણ આદિ મુસલ્માન જાતિના અસભ્ય લોકોની વસતી વિશેષ હોવાથી અને મજૂરી મારામારી, ચોરી, ધાડ, લૂટફાટ તથા ખૂન આદિ એ લોકોના જન્મગત વ્યવસાયો હોવાથી એ લોકો આજથી ત્રીસ કે પાંત્રીસ વર્ષ પૂર્વે કરાચીના સભ્ય હિન્દુઓ તથા સભ્ય મુસલ્માનોનાં મહલ્લાઓમાં તથા ઘરોમાં રાત્રિના સમયે અચાનક પેસી જઇને લૂટફાટ ચલાવતા હતા, અતિશય અત્યાચાર કરતા હતા અને જો કોઇ તેમની સામો થાય તો તેને તરત અલ્લાહના ઘરનો રસ્તો બતાવી દેતા હતા; અર્થાત્ તેનું તત્કાળ ખૂન કરી નાખતા હતા. એમાં પણ મકરાણીઓનો ત્રાસ તો સર્વથા અસહ્ય થઇ પડ્યો હતો. આવી રીતે દરેક ઠેકાણે મકરાણીઓ ફાવી જતા હોવાથી અને તેમની સામા થવાની કોઇ પણ હિંમત કરતું ન હોવાથી એક દિવસ તેમણે ડૅન્સો હૉલ્ પાસે આવેલા 'કચ્છી પાડા'માં જવાનો, ત્યાં ધમાચકડી કરવાનો અને કચ્છી લોહાણાઓનાં ઘરોમાં અત્યાચાર

કરીને લૂંટફાટ ચલાવવાનો વિચાર કર્યો અને પોતાના એ અભદ્ર વિચારને વ્યવહારમાં યોજવામાટે રાત્રિના સમયમાં તેઓ સમુદાયબદ્ધ થઇને "કચ્છીપાડા*"માં આવી લાગ્યા. પરંતુ ' કચ્છીપાડા 'માં તેમનો જે ચિરસ્મરણીય વિલક્ષણ સત્કાર થયો તે વિલક્ષણ સત્કારના યોગે તેઓ ' કચ્છીપાડા 'ની દિશામા જવાનું તો ભૂલી જ ગયા; પણ કચ્છી લોહાણાઓના નામશ્રવણથી જ થરથર કંપવા તથા ભયભીત થવા લાગ્યા. મકરાણીઓનો એ પ્રસંગે જે વિલક્ષણ સત્કાર થયો તે એ હતો કે પોતાના જે પગોની સહાયતાથી તેમણે ' કચ્છીપાડા 'માં પ્રવેશવાની ધૃષ્ટતા કરી હતી તે પગો કચ્છી લોહાણાઓના ડંડાના આઘાતથી ટૂટી ગયા; તેમનાં જે મસ્તિષ્કોમાં કચ્છી લોહાણાઓને મારવા તથા લૂટવાની કલ્પનાનો ઉદ્ભવ થયો હતો તે મસ્તિષ્કોમાંથી કચ્છી લોહાણાઓના ભયાનક દંડપ્રહારના યોગે તેમની તે મલિન કલ્પનાઓ રક્તાનું સ્વરૂપ ધારણ કરીને પૃથ્વીપર પડવા લાગી; તેમના જે હસ્તો કચ્છી લોહાણાની પેટીઓ તોડવાને ઉદ્યુક્ત થયા હતા તે

---

* પૂર્વે મુંબઇમાં જેવી રીતે સર્વ કચ્છી લોહાણાઓ માંડવીના વડગાદી નામક લત્તામાં જ બહુધા વસતા હતા તેવી જ રીતે તે સમયમાં અત્યારે અનેક અટ્ટાલિકાઓવડે ઉભરાઇ જતો નાનકવાડો અરણ્યતુલ્ય અવસ્થામાં હોવાથી, સ્વામીનારાયણના વિશાળ મંદિરના સ્થાનમાં જે મેદાન હતું તેમાં ઝાડાં ફૂટતાં હોવાથી અને ગાડીખાતાનો ઘણો ભાગ પડતર પડેલો હોવાથી સર્વ કચ્છી લોહાણાઓ ' કચ્છીપાડા 'ની એક બીજાની લગોલગ આવેલી ત્રણ મોટી ગલીઓમાં જ વસતા હતા અને કચ્છી લોહાણાઓના વસવાટના કારણથી જ એ પાડો અથવા મહલ્લો ' કચ્છીપાડા ' નામથી ઓળખાતો થઇ ગયો હતો કે જે નામ અદ્યાપિ અવિચલ છે. અત્યારે જો કે કેટલાક ધનાઢ્ય કચ્છી લોહાણા ગૃહસ્થો રામબાગ ગાડીખાતા, રામસ્વામી ગાડીખાતા તથા બીજા ખુલ્લા લત્તાઓમાં બંગલા બંધાવીને વસવા માંડયા છે; છતાં કરાચીના ' કચ્છીપાડા 'માં વસતા કચ્છી લોહાણાઓની સંખ્યા અત્યારે પણ આગળના જેટલી જ છે.

હતભાગી હસ્તો કચ્છી લોહાણાના છરાથી છેદાઇને પોતે જ ટૂટી પડયા; તેમના જે બાહુઓ કચ્છી લોહાણા લલનાઓને અશ્લીલ ભાવથી સ્પર્શવાની ઇચ્છાવડે આગળ વધ્યા હતા તે બાહુઓ તેમની છાતીઓમા તે સમયની કચ્છી લોહાણાજાતિની અત્યંત બલવતી તથા નિર્ભય વીરાગનાઓના ચરણોમા શોભી રહેલા ચાર ચાર સો તોલાના વજનના ચાદીના કલ્લાઓના* ભયંકર પ્રહારો થતાં તેમનાં શરીરોમાંથી તેમના પ્રાણો પ્રયાણ કરી જવાથી ત્યાના ત્યાં જ શિથિલ થઈ ગયા અને તે બદમાશોની લાશો જ્યા ત્યા રખડતી દેખાવા લાગી. આવી પોતાની ધારણાથી સર્વથા વિપરીત પરિસ્થિતિને ઉપસ્થિત

---

* કચ્છમાં વસતી કચ્છી લોહાણાજાતિ તેમ જ બીજી અનેક હિન્દુ તથા મુસલ્માનજાતિની સ્ત્રીઓ ચાંદીના ઢાળાના કલ્લા પહેરે છે કે જેમને કચ્છી ભાષામાં ‘ કડિયું ’ કહેવામાં આવે છે. ‘ કડિયું ’ ‘ કડી ’નું બહુ-વચન છે. એ બે ‘ કડિયું ’ આર્થિક સ્થિતિ અનુસાર અને તે પહેરનારી સ્ત્રીની શારીરિક શક્તિ અનુસાર બસેં તોલાથી માડીને એક હજાર તોલા સૂધીના વજનની તૈયાર કરાવવામાં આવે છે અને કચ્છદેશવાસિની બલાઢય અબળાઓને પોતાનાં ચરણોમાંનો એ ભાર પુષ્પ સમાન જણાય છે. આ ‘ કડિયું ’ ને ધારણ કરવાથી કચ્છદેશવાસિની લલનાઓ સ્વાભાવિક જ ગજગામિની થઇ જાય છે અને જ્યારે આવો કોઇ ભયંકર પ્રસંગ આવી લાગે છે ત્યારે પોતાનાં એ ચરણાભૂષણોનો તેમનાથી આત્મરક્ષામાટે શસ્ત્ર તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. મુંબઇ તથા કરાચી આદિ નગરોમાં આવી વસેલા જે કચ્છી લોહાણાઓનાં ગૃહોમાં અદ્યાપિ કહેવાતી પોકળ સુધારણા, સભ્યતા તથા સુકોમળતાનો પ્રવેશ નથી થયો તેમનાં ગૃહોની સ્ત્રીઓ તો હજી પણ પોતાના પગોમાં એ ‘ કડિયું ’ જ ધારણ કરે છે; પરંતુ જેમના આગારોમાં ધનાઢયતાના પરિણામે અથવા અન્ય કારણથી કોમળતાનો પ્રવેશ થતો જાય છે તેમનાં ગૃહોમાંથી એ ‘ કડિયું ’નો બહિષ્કાર થતો જાય છે અને તે અત્યંત શોચનીય છે; કારણ કે, દુર્બલતા વિઘાતક છે અને ‘ કડિયું ’નો ત્યાગ કચ્છી લોહાણાજાતિની દુર્બલતાને જ દર્શાવી રહ્યો છે.

થયેલી જોઇને જે બદમાશો જીવતા રહ્યા હતા તથા થોડા ઘણા ઘવાયા હતા તેઓ ત્યાંથી જીવ લઇને જે નાઠા તે હવે પાછા આવશે! તે દિવસથી એ મકરાણીઓ, બિરોહીઓ તથા પઠાણોના હૃદયમાં કચ્છી લોહાણાઓનો એવો ભય પેસી ગયો છે કે ' કચ્છીપાડા 'ના નામને ઉચ્ચારવાની હિમ્મત પણ તેઓ નથી કરી શકતા, તો પછી ' કચ્છીપાડા 'માં આવવાની હિમ્મત તો ક્યાંથી જ કરી શકે વારૂ ? હજી પણ કરાચીમાં જ્યારે કચ્છી લોહાણાઓની વાત નીકળે છે ત્યારે એ મકરાણીઓના મુખમાંથી " નહીં, બાબા, ' કચ્ચીપારા 'મેં હમ કભી નહીં જાયગા; કચ્ચી લોઆના બરા ખરાબ લોગ; ઉસકા ઔરત ભી બરા જાલિમ! તૌબા, તૌબા!! " આવા પ્રકારના ઉદ્‌ગારો જ નીકળતા સંભળાય છે. આ સર્વ કચ્છી લોહાણાઓના " બાંવઢા "-પણાનો અથવા રઘુવંશિત્વનો જ પ્રતાપ છે, એ વાર્તાનો કોઇથી પણ અસ્વીકાર કરી શકાય તેમ છે ખરૂં કે?

કચ્છી લોહાણાઓની આ સમસ્ત વીરતા કેવળ તેમના પ્રચંડ પરાક્રમ, યોગ્ય સાહસ, ઉચિત આત્માભિમાન, અપૂર્વ જાત્યભિમાન, સંપૂર્ણ નિર્ભયત્વ તથા અયોગ્ય અપમાન વિષયક અનન્ય અસહિષ્ણુતા આદિ સદ્‌ગુણોનો જ પરિચય કરાવતી હોવાથી " કચ્છી લોહાણા ' બાંવઢા ' છે " એનો એટલો જ અર્થ સમજવાનો છે કે આપણી લોહાણાજાતિના પરમ પૂજ્ય પૂર્વજ તથા પ્રાતઃસ્મરણીય ભગવાન્ શ્રી રામચંદ્રજીએ તેઓ ક્ષમાશીલ હોવા છતાં પણ સીતાહરણના અક્ષમ્ય અપરાધમાટે જેવી રીતે મહામદોન્મત્ત લંકાપતિ રાવણના દશ મસ્તક તથા વીસ બાહુને વાઢી નાખીને પોતાને શત્રુની ' બાં '-ના વાઢનાર એટલે કે ' બાંવઢા ' સિદ્ધ કરી બતાવ્યા હતા; ભગવાન્ પરશુરામે તેઓ પોતે એક બ્રાહ્મણ હોવા છતાં અને શમ, દમ, તપ, પવિત્રતા, શાંતિ–ક્ષમા, સરળતા, શ્રૌતજ્ઞાન, પરમાત્મવિજ્ઞાન તથા આસ્તિક્ય એ નવ બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ હોવા છતાં જ્યારે સપ્ત-દ્વીપનો એકચક્રી રાજા સહસ્રાર્જુન અત્યંત મદોન્મત્ત થઇને ઋષિઓને

પણ પીડવા લાગ્યો અને પરશુરામના પિતા ઋષિ જમદગ્નિની કામધેનુને બળાત્કારે હરીને લઇ ગયો ત્યારે તેનો અત્યાચાર અસહ્ય થઇ પડવાથી ભગવાન્ પરશુરામે શાંતિ કિંવા ક્ષમાશીલતા નામક પોતાના સ્વાભાવિક કર્મને અમુક સમય પર્યન્ત ત્યાગી દઇને તેની નગરીમાં જઈ પોતાના પિતાની આજ્ઞા અનુસાર પ્રથમ તેના સહસ્ર બાહુને વિદારી તેના મસ્તકનું છેદન કરી નાખ્યું હતું; માત્ર એટલું જ નહિ, પણ તેના નવ સો પુત્રોને પણ પરલોકમાં પહોંચાડી દીધા હતા અને આનન્દથી ‘ બાંવઢા ’ ઉપાધિને ધારણ કરી લીધો હતો; મહામદોન્મત્ત બાણાસુરના મદનું મર્દન કરવામાટે જેવી રીતે યદુવંશતિલક શ્રી કૃષ્ણ ભગવાને બહુબલાઢ્ય બાણાસુરના એક હજાર હાથોમાંના કેવળ ચાર હાથોને અવશિષ્ટ રાખી નવ સેં ને છન્નુ હાથોને વાઢી નાખી પોતાની ગણના ‘ બાંવઢા ’ઓમાં કરાવી હતી; ત્રણ નેત્ર તથા ચાર બાહુ ધરાવનારા ગર્વિષ્ઠ શિશુપાળનાં એક નેત્ર તથા બે બાહુઓનો શ્રી કૃષ્ણ ભગવાને કેવળ દૃષ્ટિપાતથી જ જેવી રીતે નાશ કરી નાખ્યો હતો; જેવી રીતે સ્વર્ગના સ્વામી કિંવા સુરપતિ ઇન્દ્રે પોતાના વજ્ર નામક આયુધ-શસ્ત્ર-ના પ્રહારથી મહાબલાઢ્ય વૃત્રાસુર નામક દારુણ દૈત્યના બે બાહુઓને વાઢી નાખીને ‘ બાંવઢા ’ પદવી ધારણ કરી લીધી હતી અને જેવી રીતે મહાદેવના ગણ વીરભદ્રે દેવાધિદેવ મહાદેવનું અપમાન કરનાર તથા સતી પાર્વતીને દુઃખવનાર દક્ષ પ્રજાપતિના મસ્તકનું છેદન કરીને દક્ષના યજ્ઞમાં પધારેલા સર્વ દેવો, ઋષિયો તથા ગંધર્વો આદિનાં બાહુ આદિ અંગોનો ભંગ કરી નાખ્યો હતો તેવી જ રીતે કચ્છી લોહાણાઓએ પણ જ્યારે જ્યારે તેમને દુષ્ટોનું દમન કરવાના પ્રસંગો પ્રાપ્ત થયા છે ત્યારે ત્યારે તે દુષ્ટોના મદમર્દનમાટે, નિર્બળ તથા નિર્દોષ મનુષ્યોને તે દુષ્ટોના અત્યાચારોથી અલિપ્ત તથા સુરક્ષિત રાખવામાટે અને પોતાના જાતિગૌરવ તથા આત્માભિમાનની અખંડ રક્ષામાટે તે દુષ્ટ તથા અત્યાચારી મનુષ્યોનાં બાહુ તથા મસ્તકોનો ઉચ્છેદ કરી બતાવ્યો છે અને તેમ કરીને પોતાને

'આંવઢા' અથવા **'રઘુવંશી'** તરીકે સિદ્ધ કરી બતાવ્યા છે. જેવી રીતે સાધુજનોના ઉદ્ધાર કિંવા રક્ષણમાટે તથા દુષ્ટજનોના વિનાશમાટે યુગયુગમાં નિરંજન નિરાકાર પરમાત્માને અવતાર ધારવો પડે* છે તેવી જ રીતે કચ્છી લોહાણાઓનો અવતાર પણ નિર્દોષ તથા નિર્બળ મનુષ્યોના ઉદ્ધારમાટે, દુષ્ટ જનોના સંહારમાટે, ધર્મની સંસ્થાપનામાટે તથા પાપના ઉચ્છેદમાટે જ થયેલો છે એ વાસ્તવિકતાને કદાપિ કોઈએ વિસારી દેવાની નથી, કિન્તુ નિરંતર સ્મરણમાં રાખી લેવાની છે. પોતાના અવતારના એ ઉદ્દેશને કચ્છી લોહાણાઓ જે જે સ્થાનોમાં તેઓ જઇને વસેલા છે તે તે સર્વ સ્થાનોમાં દેશ તથા કાળની પરિસ્થિતિ અનુસાર નિરંતર સિદ્ધ કરતા રહ્યા છે અને કરતા રહેશે. અર્થાત્ કચ્છી લોહાણાઓએ પોતાના જીવને જોખમમાં નાખીને અનેક વાર અન્ય જાતિની સોડ્જરો, સેલરો તથા મુસલ્માનોના (મુસલ્માનજાતિના બદમાશોના) હાથમા સપડાયલી પ્રતિષ્ઠિત અબળાઓને તે અત્યાચારીઓના પંજામાંથી બળપૂર્વક છોડાવીને તેમની પ્રતિષ્ઠા તથા પવિત્રતાનું રક્ષણ કરી બતાવ્યું છે; વિધર્મીયોના આઘાતથી હિન્દુઓનાં દેવાલયોને અનેક વાર સુરક્ષિત રાખી બતાવ્યાં છે; ગૌબ્રાહ્મણ-પ્રતિપાલની પદવીની સાર્થકતા કરી બતાવી છે અન લોહાણાજાતિની ગુરુતા તથા પ્રતિષ્ઠાને અત્યાર સુધી નિષ્કલંક રાખીને પોતાના રઘુ-વંશિત્વને પ્રમાણિત કરી બતાવ્યું છે.

અહીં કદાચિત્ કચ્છી લોહાણાઓના વિરોધીઓના મનમાં એવી શંકા ઉદ્દ્ભવવાનો સંભવ છે કેઃ "કચ્છી લોહાણાઓ મારામારી કરવામાં કુશળ છે તેથી જ તેમને ઉત્તમ માનવા કે કેમ?" તો એ શંકાના નિવારણમાટે અમારે જણાવવું જોઇએ કે પોતે પોતાની ઇચ્છાથી

---

* "परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे" ॥
શ્રીમદ્ભગવદ્ગીતા; અ. ૪ થો, શ્લો, ૮ મો.

જ જાણીજોઇને મારામારીના કાર્યમાં પ્રવૃત્ત થવું અને પોતાના શિરપર આવી પડેલા સંકટને ટાળવામાટે અથવા તો પોતાની તથા પોતાની સમસ્ત જાતિની પ્રતિષ્ઠાના સંરક્ષણમાટે પોતાની વીરતા તથા પોતાના શારીરિક બળનો પ્રસંગ આવતાં યોગ્ય ઉપયોગ કરી બતાવવો એ બે વિષયો એકબીજાથી સર્વથા ભિન્ન છે. આપણા શાસ્ત્રની પણ એવી જ આજ્ઞા છે કેઃ—

" गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम्।
आततायिनमायांतं हन्यादेवाविचारयन् "॥

અર્થાત્ "આપણા શરીરપર ધસી આવનાર મનુષ્ય ગુરુ હોય, બાલક હોય, વૃદ્ધ હોય, કિંવા વિદ્વાન્ બ્રાહ્મણ હોય, તો પણ તેને કોઇ પણ પ્રકારનો વિચાર ન કરતાં હણી નાખવો એ જ મનુષ્યનુ કર્તવ્ય છે." કચ્છી લોહાણાઓ અત્યાર સુધી એ જ કર્તવ્યનું યથાશક્ય પરિમાણમાં પાલન કરતા રહ્યા છે. 'કોઇ એક ગાલપર તમાચો મારે, તો બીજા ગાલને બીજો તમાચો ખાવામાટે આગળ ધરવો' એવી નપુંસકતુલ્ય સહનશીલતા કચ્છી લોહાણાઓએ કદાપિ દર્શાવી નથી અને એવી સહનશીલતા તેઓ કદાપિ દર્શાવવાના પણ નથી; કારણ કે, લોકમાન્ય તિલક મહાશયે ઇ. સ. ૧૮૯૩ માં મુંબઇમા થયેલા હિન્દુ તથા મુસલ્માનોના દંગાના પ્રસંગે ગુજરાતીઓ તથા શારીરિક પરિશ્રમ ન કરનાર લોકોના વર્ગને જે હીનપદવીથી વિભૂષિત કર્યા હતા તે હીનપદવીથી વિભૂષિત થવાની કચ્છી લોહાણાઓની કદાપિ ઇચ્છા હતી પણ નહિ, છે પણ નહિ અને થવાની પણ નથી.* બલહીન મનુષ્યને આત્મ-

" * मुसलमान लोकांतील शिद्दी, पठाण वगैरे कांहीं जाती फाजील आडमूठ व आडदांड आहेत व आमच्यांतील गुजराथी, पांढरपेशे, वगैरे कांहीं लोक असावे तितके धीट अगर शूर नाहींत हीं गोष्ट खरी आहे;........."

પ્રાપ્તિ પણ નથી થઇ શકતી ('नायमात्मा बलहीनेन लभ्यः'), તો પછી જે સંસારમાં 'Might is right' ('જેની શક્તિ તેનો અધિકાર') તથા 'Survival of the fittest' ('જેની યોગ્યતા અધિક તેનું જીવન સુરક્ષિત') એ સિદ્ધાન્તોનું જ પ્રાબલ્ય સર્વત્ર પ્રસરેલું જોવામાં આવ્યા કરે છે તે સંસારમાં બલહીનતાથી કદાપિ સુખ તથા સુરક્ષિતતાની પ્રાપ્તિ થવાનો સંભવ માની શકાય તેમ છે ખરૂં કે? નહિ, નહિ અને નહિ જ; માત્ર એટલું જ નહિ, પણ સંસારમાં શાંતિને સુરક્ષિત રાખવાનું જો સર્વથી પ્રધાન કોઇ પણ સાધન હોય, તો તે બલાઢ્યતા કિંવા પ્રતિકારશક્તિ જ છે; કારણ કે, ભિન્ન ભિન્ન ધર્મ તથા ભિન્ન ભિન્ન જાતિના લોકોમાં જો ઐક્ય, પરસ્પર પ્રેમભાવ તથા શાંતિયુક્ત સહાનુભૂતિના સામ્રાજ્યને અવિચળ રાખવાની કોઇની પણ ઇચ્છા હોય, તો તે સર્વ જાતિયો પ્રસંગ આવતાં એકબીજાનો યોગ્ય પ્રતિકાર કરવાને સર્વથા સમર્થ છે, એવો સર્વ જાતિના લોકોનો દૃઢ નિશ્ચય થવો જોઇએ. જો સર્વ જાતિઓના લોકોનો એકબીજાની શક્તિના સંબંધમાં આવો નિશ્ચય ન થાય તો દેશમાં

'लो. टिळकांचे केसरींतील लेख,' भाग १ ला, पृष्ठ २०८–९.

એનો ભાવાર્થ એનો થાય છે કે: "મુસલમાન લોકોમાંની શીદી તથા પઠાણ આદિ કેટલીક જાતિયો હોવી જોઇએ તેથી વિશેષ પરિમાણમાં તોફાની તથા અવિચારી છે અને આપણામાંના ગુજરાતીઓ તથા ગાદીતકિયાપર બેસીને લેખિનીનો વ્યવસાય કરનારા–શારીરિક પરિશ્રમ ન કરનારા–કેટલાક લોકો હોવા જોઇએ તેટલા પરિમાણમાં હિંમતવાળા અથવા શૂરવીર નથી એ વાર્તા સત્ય છે:... ...."

'લો. તિલકના કેસરીમાંના લેખો,' ભાગ ૧ લો, પૃષ્ઠ ૨૦૮–૯.

આમાં લો. તિલક મહારાજે ગુજરાતીઓને સ્પષ્ટ શબ્દોમાં હિંમત વગરના અને વીરતારહિત દર્શાવ્યા છે અને લો. તિલકનું એ વિધાન બહુ અંશે સત્ય તથા વાસ્તવિક છે એમ કોઇ પણ કહી શકે તેમ છે એટલે એના અધિક વિવેચનની આવશ્યક્તા છે જ નહિ.

કદાપિ ઐક્ય તથા મિત્રતાની સ્થાપના થઇ શકતી જ નથી; કારણ કે, 'समानव्यसनशीलेषु सख्यम्' એ ન્યાય અનુસાર અનેક વ્યાઘ્રો એક સ્થાનમાં એકત્ર નિવાસ કરી શકે છે અને અનેક બકરાં એક જ સ્થાનમાં એકત્ર વસી શકે છે; પરંતુ જો વાઘોને તથા બકરાંને એકત્ર રાખવાનો પ્રયત્ન કરવામાં આવે, તો જ્યાં સુધી તેમના રક્ષક અથવા પાલકની હાજરી હોય છે ત્યાં સુધી તો તેઓ એકત્ર નિવાસ કરી શકે છે અને શાંતિને જાળવતાં રહે છે; પરંતુ તેમના પાલક અથવા રક્ષકની નજરચૂક થતાં જ વાઘ બકરાંને મારીને ખાઇ જાય છે અને એમ થાય એ સર્વથા સ્વાભાવિક જ છે. આ દૃષ્ટિથી જોતાં કચ્છી લોહાણાઓએ પ્રથમથી જ પોતાના પ્રતિકાર વિષયક સામર્થ્યને દર્શાવીને જે જે પ્રદેશોમાં તેમનો નિવાસ છે તે સર્વ પ્રદેશોમાં પોતાની સુરક્ષિતતા સાથે સર્વ લોકોની એકતા, શાંતિ તથા મૈત્રી આદિને પણ સુરક્ષિત રાખવાનું જે કાર્ય કરી બતાવ્યું છે તે કાર્યમાટે કચ્છી લોહાણાઓને જેટલા પણ ધન્યવાદો આપવામાં આવે તેટલા ઓછા જ થવાનો સંભવ છે. અત્યારના સમયમાં મલબારના મોપલાઓ તથા અન્ય પ્રદેશોના મુસલ્માનોએ હિન્દુઓપર કરવા માંડેલા અસહ્ય અત્યાચારોથી ત્રાસીને ઑનરેબ્લ મદનમોહન માલવીયા જેવા આપણા શાંતપ્રકૃતિ ભારતીય નેતાએ પણ જે પ્રતિકાર વિષયક સામર્થ્યને મેળવવાનો ભારતવાસીઓને ઉપદેશ આપવા માંડ્યો છે તે પ્રતિકાર વિષયક સામર્થ્ય કચ્છી લોહાણાઓનો જન્મજાત તથા આનુવંશિક ગુણ હોવાથી કચ્છી લોહાણાઓ ભારતીય જનસમાજમાં પોતાના ગૌરવને અવિચલ તથા નિષ્કલંક રાખી શક્યા છે અને ભવિષ્યમાં પણ રાખી શકશે એ સર્વથા નિઃશંક છે. કચ્છી લોહાણાઓના આ સદ્‌ગુણને જો કોઇ દુર્ગુણ માને, તો તે તેનો પોતાનો જ દુર્ગુણ છે, તેની પોતાની વિપરીત બુદ્ધિનું જ પરિણામ છે.

'આંવઢા' શબ્દના અહીંસુધી કરાયલા આ વિવેચનથી એ રહસ્ય તો હવે વિચારશીલ પાઠકો તથા પાઠિકાઓના જાણવામાં

આવી ગયેલું હોવું જ જોઇએ કે કચ્છી લોહાણા **' બાંવઢા ' છે,** **એનો એટલો** જ અર્થ થાય છે કે કચ્છી **લોહાણા પરાક્રમશીલ,** યોગ્ય સાહસી, ઉચિત જાત્યભિમાની, સંપૂર્ણ આત્માભિમાની, અદ્વિતીય દેશભક્ત, સંપૂર્ણ નિર્ભય, અયોગ્ય અપમાનને કદાપિ ન સહી શકનારા અને ઉદારાત્મા છે. વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં રા. હીરાલાલ ગણાત્રાને ઉપર્યુક્ત દંતકથામાંના વીર લોહાણા યુવકના જાત્યભિમાનપૂર્ણ સાહસકર્મમાં જે અવિચારશીલતા, તેજોદ્વેષિતા તથા સામાન્ય અસહિષ્ણુતા જેવા દુર્ગુણોનો સાક્ષાત્કાર થયો છે તે કેવળ તેમની પોતાની દૃષ્ટિ કિંવા બુદ્ધિના દોષનું જ ભયંકર પરિણામ છે.

અહીં કદાચિત્ રા. હીરાલાલ ગણાત્રા અને તેમના સ્વાભાવિક પક્ષપાતી રા. જયકૃષ્ણ વર્મા એવો પ્રશ્ન ઉપસ્થિત કરે કે: " ' **બાં** ' શબ્દના તેમના દર્શાવ્યા પ્રમાણે અનેક અર્થ થતા હોવાથી **' બાંવઢા '** શબ્દનો ' પોતાના બંધુને જ વાઢી નાખનાર અથવા સગાં સંબંધીઓને, શુભેચ્છકોને અને આશ્રયદાતાઓને વાઢી નાખનાર તથા તેમનું અહિત કરનાર ' એવો અર્થ શામાટે ન કરી શકાય? " તો એ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું જે છે તે એ જ કે કચ્છી ભાષામાં ' **બાં** ' શબ્દનો યથાપ્રસંગ સહોદર બંધુ–માજણ્યો ભાઈ–' પત્ની, હાથ તથા બંડી, અંગરખા કે ખમીસ આદિ વસ્ત્રની બાંહ્ય-Sleeve- –એ ચાર અર્થોમાં જ પ્રયોગ કરવામાં આવે છે અને ગુજરાતી ભાષામાં **' બાંહ્ય '** શબ્દના સહોદર બંધુ, બાહુ–હાથ, કપડાની બાંહ્ય તથા સહાયતા એ ચાર અર્થો થાય છે. અહીં એ લક્ષમાં રાખવાનું છે કે ગુજરાતી ભાષામાં પણ **' બાંહ્ય '** શબ્દનો એક અર્થ કેવળ ' સહાયતા ' જ થાય છે; સહાયક, શુભેચ્છક, સગું સંબંધી કે આશ્રયદાતા એવો એ શબ્દનો અર્થ થતો જ નથી (કદાચિત્ બાહુધર–બાંહ્યધર–શબ્દનો અર્થ ' સહાયક ' થઇ શકે; કારણ કે, ' બાંહ્યધરી 'નો અર્થ જામીનગીરી–' Security or Guarantee–થાય છે) અને જે **' બાંવઢા '** શબ્દને રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ

વર્મા કચ્છી ભાષાના શબ્દ તરીકે સ્વીકારી ચૂક્યા છે તે કચ્છી ભાષામાં તો ‘ **આં** ’ શબ્દનો સહાયતાના અર્થમાં પણ ભાગ્યે જ પ્રયોગ કરાય છે, તો પછી ‘ **આંવઢા** ’ શબ્દના રા. હીરાલાલ ગણાત્રાએ “ પોતાના ભાઇઓને, સગાંસંબંધીઓને, શુભેચ્છકોને અને આશ્રયદાતાઓને વાઢી નાખનાર અથવા તેમનું અહિત કરનાર ” એ પ્રમાણેના જે કપોલકલ્પિત અર્થો કરી બતાવ્યા છે તે તેમની ધૃષ્ટતા નથી કે શું? કદાચિત્ એ નવીન અર્થોને સ્વીકાર્યા વિના પોતાના આશ્રયદાતા શેઠ રાઘવજીભાઇને તેમની માન્યતા અનુસાર કચ્છી લોહાણા મહાજનના હસ્તથી મળેલા અન્યાય(?)ને સિદ્ધ નહિ કરી શકાય અને ‘ **આંવઢા** ’ શબ્દનો ગાળના અર્થમાં પ્રયોગ નહિ કરી શકાય એમ ધારીને તેમણે આ ‘ अव्यापारेषु व्यापारः’ આદરી દીધો હોય, તો તેઓ જાણે અને તેમનો પરમાત્મા જાણે. છતાં વાદાર્થે થોડીવારને માટે એમ જ સ્વીકારી લઇએ કે રા. હીરાલાલ ગણાત્રાના કથન અનુસાર ‘ **આં** ’ શબ્દના અનેક અર્થો થાય છે; તો પણ આ સ્થાનમાં ‘ **આંવઢા** ’ શબ્દનો ઉપર મેં જે અર્થ આપ્યો છે તેથી ભિન્ન અન્ય કોઇ પણ અર્થને સ્વીકારી શકાય તેમ છે ખરું કે? એ પ્રશ્ન તો અવશિષ્ટ જ રહે છે અને એ પ્રશ્નનું ઉત્તર એ જ છે કે કચ્છી લોહાણાના ‘ **આંવઢા** ’ ઉપાધિ કિંવા ઉપનામનો ઉપર્યુક્ત દંતકથામાંથી કિંવા તે દંતકથામાં વર્ણવાયલી ઘટનામાથી ઉદ્દ્ભવ થયેલો છે અને તેથી તે ઘટના એ શબ્દના જે અર્થને દર્શાવતી હોય તે અર્થથી ભિન્ન અન્ય કોઇ પણ અર્થનો આ સ્થાનમાં સ્વીકાર કરી શકાય તેમ છે જ નહિ; કારણ કે. સંસ્કૃત ભાષામાં ‘ સૈંધવ ’ શબ્દનો અર્થ ‘ અશ્વ ’ પણ થાય છે અને ‘ સૈંધવ ’ શબ્દનો અર્થ ‘ લવણ ’—મીઠું—પણ થાય છે; પરંતુ ભોજનના સમયમાં જો કોઇ મનુષ્ય એમ કહે કે: ‘ **સૈંધવ-માનય** ’ (‘ સૈંધવ લાવ ’) ત્યારે એ ‘ સૈંધવ ’ શબ્દ ‘ લવણ ’ ના અર્થને જ દર્શાવે છે, ‘ અશ્વ ’ના અર્થને નથી દર્શાવતો અને એ જ વાક્ય જો પ્રવાસના પ્રસંગે ઉચ્ચારવામાં આવે, તો તેથી ‘ અશ્વ ’ના

અર્થની જ નિષ્પત્તિ થાય છે, ‘ લવણ ’ના અર્થનો પ્રકાશ નથી થતો; અર્થાત્ કોઈ મનુષ્ય ભોજનના પ્રસંગે સૈંધવ માગે અને અન્ય મનુષ્ય અશ્વને લાવીને તેના સમક્ષ ઊભો કરી દે, તો તે જેવી રીતે ઉપહાસને પાત્ર થાય છે તેવી જ રીતે જો આ સ્થાનમાં ‘ **આંવઢા** ’ શબ્દને દંત-કથામાં વર્ણવાયલી ઘટના અનુસાર થતા અર્થથી ભિન્ન કિંવા વિપ-રીત અર્થમાં સ્વીકારવામાં આવે, તો એ અર્થને ભિન્ન કિંવા વિપ-રીત અર્થમાં સ્વીકારનાર મનુષ્ય પણ વિચારશીલ મનુષ્યના ઉપહાસને પાત્ર થાય એ સર્વથા સ્વાભાવિક છે કિંવા નહિ એના નિર્ણયનું કાર્ય હું રા. હીરાલાલ ગણાત્રાને પોતાને જ સોંપવાનું ઉચિત ધારૂં છું.

હવે હું રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્મા એ ઉભય શ્રીમાનોને એ જ પૂછવા માગું છું કે જે ભવૈયાએ એક તિર-સ્કરણીય વેશ–સ્વાંગ–દ્વારા સમસ્ત લોહાણાજાતિને ભયંકર અપમાન પહોંચાડવાનો નીચ પ્રયત્ન કર્યો હતો તે ભવૈયામાં તેજનો એવો કયો અંબાર ભરેલો હતો કે જેથી તેના તે તેજના અંબારનો દ્વેષ કરવાનું તે વીર લોહાણા યુવકને કારણ મળ્યું અને તે તેજોદ્વેષના પારણામે તે વીર લોહાણા યુવકે તે ભવૈયાની હત્યા કરી નાખી ? રા. હીરાલાલ ગણાત્રાએ તેમ જ રા. જયકૃષ્ણ વર્માએ તે ભવૈયાની અપૂર્વ તેજ-સ્વિતાને અનુક્રમે મૂલ નિબંધ તથા પ્રાસ્તાવિકમાં ક્યાંય પણ જ્યાં સુધી પ્રમાણપુરઃસર સિદ્ધ નથી કરી બતાવી ત્યાં સુધી તે ભવૈયાની હત્યાના પરિણામે સમસ્ત કચ્છી લોહાણાજાતિને તેજોદ્વેષિણી કહેવાનો તેમને શો અધિકાર છે એ તેઓ દર્શાવશે ખરા કે ? એ જ પ્રમાણે શેઠ રાઘવજીભાઇના લખાવેલા નિબંધમાં ક્યાંય એમ પણ સિદ્ધ કરી બતાવવામાં નથી આવ્યું કે તે ભવૈયો તે સમયની કચ્છદેશવાસિની લોહાણાજાતિનો સગો, સંબંધી, સહાયક કિંવા આશ્રયદાતા હતો અને તેમ છતાં તેની હત્યા કરી નાખવામાં આવી હતી; તો પછી તે ભવૈયાના વધના કારણથી જ જે કચ્છી લોહાણાને ‘ **આંવઢા** ’ ઉપાધિ કિંવા ઉપનામની પ્રાપ્તિ થયેલી છે તે કચ્છી લોહાણાઓને પોતાના

બંધુને જ વાઢી નાખનાર અથવા સગાંસંબંધીઓને, શુભેચ્છકોને અને આશ્રયદાતાઓને વાઢી નાખનાર તથા તેમનું અહિત કરનાર માની લેવાનું શું કારણ છે એનું રા. હીરાલાલ ગણાત્રા કિંવા રા. જયકૃષ્ણ વર્મા સંતોષકારક ઉત્તર આપી શકે તેમ છે ખરૂં કે ? હું નથી ધારતો કે રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્માથી આ પ્રશ્નોનું સંતોષદાયક ઉત્તર આપી શકાય અને જો તેમનાથી આ પ્રશ્નોનું સંતોદાયક ઉત્તર ન આપી શકાય તો કચ્છી લોહાણાઓને તેમણે કોઇ પણ પ્રકારના વાસ્તવિક કારણ વિના કેવળ શેઠ રાઘવજીભાઇના સંતોષમાટે જ હીન વિશેષણોથી વિભૂષિત કરવાનો પ્રયત્ન કર્યો છે એમ અમો કોઇ પણ પ્રકારના સંકોચ વિના કહી શકીએ છીએ. પોતાની સમસ્ત જાતિને કોઇ પણ પ્રકારના કારણ વિના ભયંકર અપમાન પહોંચાડનારા એક અવિચારી અને અપરાધી ભવૈયાની હત્યાને જો લોહાણાની બંધુઘાતકતા માનવામાં આવે, તો લોહાણાની રઘુવંશિતાનો સાક્ષાત્કાર કઈ વસ્તુમાં કરવો એ જો રા. હીરાલાલ ગણાત્રા અથવા તો રા. જયકૃષ્ણ વર્મા દર્શાવશે તો તેમનો મારા પર તેમ જ સમસ્ત લોહાણાજાતિપર અતિશય ઉપકાર થશે.

આટલા વિવેચનથી લોહાણાજાતિનાં પાઠકો તથા પાઠિકાઓ ‘ **આંવઢા** ’ શબ્દ ઉપર દર્શાવ્યા પ્રમાણે લોહાણાજાતિના પ્રચંડ પરાક્રમ, યોગ્ય સાહસ, ઉચિત આત્માભિમાન, અપૂર્વ જાત્યભિમાન, સંપૂર્ણ નિર્ભયત્વ તથા અયોગ્ય અપમાન વિષયક અસહિષ્ણુતા અને ઉદારતા આદિ સદ્‌ગુણોને જ દર્શાવનાર હોવાથી અને એ સદ્‌ગુણોની પોતાને રઘુવંશી માનનારા લોહાણાઓમાં અનિવાર્ય આવશ્યક્તા હોવાથી એ શબ્દથી લોહાણાજાતિની બંધુઘાતકતા નહિ, કિન્તુ લોહાણાજાતિની રઘુવંશિતા જ નિર્વિવાદ સિદ્ધ થાય છે અને તેથી કોઇ પણ લોહાણાબંધુએ ‘ **આંવઢા** ’ ઉપનામથી પોતાને હીન માની લેવાનું કાંઇ પણ પ્રયોજન નથી. અર્થાત્ જેવી રીતે ધધકતી ચિતાની આકાશગામિની શિખામાલાપર આરૂઢ થઇને સ્વર્ગારોહણ કરનારી

પતિગતપ્રાણા સતી નારીને અન્ય સામાન્ય નારીઓ ઉન્માદિની કહે, તો તેથી તે સતી કાંઇ ઉન્માદિની સિદ્ધ નથી થતી; રણરંગના ઉલ્લાસ તથા આવેશના તરંગોમાં પોતાના પ્રાણોનો પરિત્યાગ કરી દેનાર રણશૂર વીર યુવકને જો કોઈ કાયર પુરુષ ઉન્મત્ત તરીકે ઓળખાવે તો તેથી તે રણશૂર વીર યુવક કાંઇ ઉન્મત્ત પ્રમાણિત નથી થતો તેમ જ સંસારની સેવામાટે પોતાના સર્વસ્વને ત્યાગી દેનાર મહાત્મા પુરુષને કોઇ સ્વાર્થપરાયણ તથા લોભિષ્ટ મનુષ્ય જો પાગલ તરીકે ઓળખાવવાની ચેષ્ટા કરે તો તેથી તે સર્વસ્વત્યાગી મહાત્મા પુરુષ સર્વસાધારણ માનવસમાજની દૃષ્ટિમાં પાગલ સિદ્ધ નથી થતો તેવી જ રીતે પોતાની જાતિના ગૌરવને જાળવવામાટે અપરાધી ભવૈયાની હત્યા કરી લોહાણાજાતિના વર્ચસ્વને સ્થાપવામાટે પોતાની 'બાં'ને વાઢી નાખનાર લોહાણા વીર યુવકને કોઇ અવિવેકી મનુષ્યો કદાચિત્ બંધુઘાતક તરીકે ઓળખાવવાની ચેષ્ટા કરતા રહે, તો પણ તેથી તે જાત્યભિમાની લોહાણા વીર યુવક તેમ જ તેના જાતિબંધુ તથા દેશબંધુ અન્ય કચ્છી લોહાણાઓ સંસારની દૃષ્ટિમાં તો કદાપિ બંધુઘાતક સિદ્ધ થાય તેમ નથી અને તેથી એવા અવિવેકી મનુષ્યોની એ ચેષ્ટા સર્વથા નિષ્ફળ તથા નિરર્થક છે એ નવીનતાથી દર્શાવવાની આવશ્યકતા હોય એવી અમારી માન્યતા નથી.

અસ્તુઃ આ લેખમાં મેં કચ્છી લોહાણાઓને જ વારંવાર 'બાંવઢા' તરીકે ઓળખાવ્યા છે તેનું કારણ એ છે કે રા. હીરાલાલ ગણાત્રાએ 'બાંવઢા' શબ્દનો હીન અર્થ સ્વીકારેલો હોવાથી પોતાના નિબંધના આરંભમાં "ખુદ લોહાણા જ્ઞાતિમાંયે માત્ર અમુક વર્ગમાં જ અને અમુક સ્થળોયે જ એ શબ્દ લોહાણાઓ માટે વપરાય છે, અને તે પણ ખીજ તરીકે જ." આવું વિધાન કરીને અને પ્રાસ્તાવિકલેખક રા. જયકૃષ્ણ વર્માએ પોતાના પ્રાસ્તાવિકમાં "બાંવઢા" કચ્છી ભાષાનો શબ્દ છે, અને લોહાણાઓમાટે ઉપનામ

તરીકે તે બહુધા કચ્છમાં જ વપરાય છે; ગુજરાત કાઠિયાવાડના લોહાણા-બંધુઓ એ ઉપનામથી સર્વાંશે નહિ, તોયે મોટે ભાગે અજ્ઞાત છે.” એવો ઉલ્લેખ કરીને ‘ **બાંવઢા** ’ ઉપનામની આભડછેટથી ગુજરાત તથા કાઠિયાવાડના લોહાણાબંધુઓને મુક્ત રાખવાનો યથાશક્ય પ્રયત્ન કરેલો છે; કારણ કે, જો તેઓ એમ ન કરે. તો તેઓ પોતે પણ ‘ **બાંવઢા** ’ માં ગણાઇ જાય અને જો તેમ થાય તો મહા અનર્થનો પાત થયેલો કહેવાય એટલામાટે મેં પણ એ શ્રીમાનોને ‘ **બાંવઢા** ’ ઉપનામની આભડછેટથી મુક્ત રાખવાને ગુજરાત તથા કાઠિયાવાડના લોહાણાબંધુઓને એ ઉપનામ ન લગાડતાં કેવળ કચ્છી લોહાણાઓને જ ‘ **બાંવઢા** ’ ઉપનામથી વિભૂષિત રહેવા દીધા છે અને તેનું એક બીજું કારણ એ પણ છે કે એ ઉપનામ કચ્છી લોહાણાઓને તેમની વીરતાના કારણથી મળેલું હોવાથી જે દેશના લોહાણાઓએ એવી વીરતા દર્શાવેલી ન હોય તે દેશના લોહાણાઓને એ વીરત્વદર્શક ઉપનામને ધારણ કરવાનો જો વાસ્તવિક કહેવામાં આવે તો કશો અધિકાર પણ નથી અને તે હોઇ શકે પણ નહિ. આ સાથે અહીં એ વાર્તાને પણ અવસ્ય લક્ષમાં રાખી લેવાની આવશ્યક્તા છે કે ‘ **બાંવઢા** ’ શબ્દ ઉપર દર્શાવ્યા પ્રમાણે લોહાણાની રઘુવંશિતાનો નિદર્શક તથા પોષક હોવાથી જેઓ પોતાના નામ સાથે ‘ **બાંવઢા** ’ ઉપનામને જોડાયલું જોઇને લજ્જિત થતા હોય તેઓ પોતે રઘુવંશી છે કે કેમ અને તેમનો પોતાને ‘ લોહાણા ’ નામથી ઓળખાવવાનો અધિકાર છે કે કેમ એ એક ગહન પ્રશ્ન છે, એક સંશયાસ્પદ વિષય છે. કચ્છમાં કચ્છી લોહાણાની વીરતાના અર્થને દર્શાવનારી ‘ લોહાણા કાં મેઆણા ’ એટલે કે ‘ વીરતા તથા નિર્ભયતામાં કાં તો કચ્છના લોહાણા અને કાં તો માળિયાના મિયાણા ’ આવા પ્રકારની એક કિંવદન્તી–કહેવત–પ્રચલિત છે એટલે એનો પણ વિપરીત અર્થ કરીને કચ્છી લોહાણાઓને ગાળો ભાંડવાના કામમાં ઉપયોગ કરી શકાય તેમ હોવા છતાં રા. હીરાલાલ ગણાત્રા એ કિંવદન્તીને કેમ

ભૂલી ગયા હશે ?* કદાચિત્ તેઓ કચ્છી ન હોવાથી એ કિંવદન્તીને નહિ જાણતા હોય. જો તેમ હોય, તો પોતાના નિબંધની સુધારેલી વધારેલી બીજી આવૃત્તિમાં એ કિંવદન્તીનો પણ તેઓ યથેચ્છ દુરુપયોગ કરી શકે એટલામાટે જ એ કિંવદન્તીનું અહીં સૂચન કરવામાં આવ્યું છે.

અત્યાર સુધી કચ્છી લોહાણાઓને પ્રાપ્ત થયેલા '**બાંવઢા**' વિશેષણ, ઉપાધિ કિંવા ઉપનામના ઇતિહાસ તથા વાસ્તવિક અર્થનો જે વિચાર કરવામાં આવ્યો છે તેનો સરળ ભાવાર્થ કિંવા મથિતાર્થ

---

* 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'માં મિયાણાઓના સંબંધમાં જે ઉલ્લેખ કરાયલો છે તે આ છે: "........તેઓ ઉંચા, મજબૂત બાંધાના ને ચંચળ છે, ઘોડે બેસવાના ને શિકારના શોકીન છે ને અતિશય હિમ્મતવાન તથા બુદ્ધિશાળી છે તેથી સારા લડાયક સિપાઇ નીવડી શકે એવા છે. પણ આ સારાં લક્ષણો તેઓ કુમાર્ગે વાપરી ઢોરની ચોરી કરે છે ને લૂટ પાડે છે. ...." (જુઓ 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' પૃષ્ઠ ૧૧૮). "માળીઆમાં ઘણીખરી વસ્તી મીઆણાની છે. એમને ઠાકોર મોરજીએ કચ્છમાંથી આ પ્રાંતમાં આણેલા. એઓ શૂરી, નિડર, પરોણાની ખાતર કરનારી ને ઇમાની જાત છે, પણ વશ રહે એવી નથી." (જુઓ 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' પૃષ્ઠ ૫૩૯). "લોઆણા કાં મેઆણા" એ કહેવતમાં લોહાણા અને મિયાણા પરસ્પર ઉપમેય તથા ઉપમાન છે અને જ્યારે એકની ઉપમા અન્યને આપવામાં આવે છે ત્યારે તેના ગુણોના અમુક આલ અંશને જ સ્વીકારવામાં આવે છે, સર્વ અંશોને સ્વીકારવામાં નથી આવતા, એ નિયમ અનુસાર મિયાણાના શૂરતા, નિર્ભયતા, અતિથિસત્કાર તથા વચનપાલકતા આદિ ગુણોનો જો કચ્છની કોઇ પણ જાતિમાં નિવાસ હોય તો તે કચ્છી લોહાણાજાતિમાં જ છે એવા આશયને દર્શાવવામાટે જ આ કહેવતનો ઉદ્ભવ થયેલો છે; છતાં જો લોહાણાજાતિનો કોઇ વિરોધી કચ્છી લોહાણાને અપાયલી મિયાણાની ઉપમાથી લોહાણાઓને ચોર તથા લૂટારા પણ કહી દે, તો તેને કોઇ અટકાવી શકે તેમ નથી; પરંતુ કચ્છી લોહાણા ચોર અથવા લૂટારા હોવાનું ઇતિહાસમાં એક પણ પ્રમાણ વિદ્યમાન ન હોવાથી તેનું એ કથન વિચારશીલ મનુષ્યોના ઉપહાસ તથા ધિક્કારને પાત્ર થઇ પડે એ તો સર્વથા નિર્વિવાદ છે.

એટલો જ નિષ્પન્ન થાય છે કે કચ્છમાં આવેલા ભવૈયાના ટોળામાંના જે એક અવિચારી ભવૈયાએ તે સમયના કચ્છી લોહાણાઓના રાજનૈતિક ક્ષેત્રમાંના કેટલાક નાગર, કાયસ્થ તથા વૈશ્યોની શીખવણીથી જેના યોગે કચ્છી લોહાણા જાતિનું ભયંકર અપમાન થવાનો સંભવ હતો તેવો વેશ ભજવી બતાવ્યો હતો તે ભવૈયો ગુજરાતનો નિવાસી હોવાથી અને કચ્છમાં ભવાઇદ્વારા ઉદરનિર્વાહનાં સાધનોને મેળવવા-માટે જ આવેલો હોવાથી તેની સાથે કોઇ પણ કચ્છી લોહાણાનો પરિચયમાત્ર પણ ન હોતો, તો પછી કોઇ પણ પ્રકારનો દ્વેષ કિંવા વૈરભાવ તો હોઇ જ ક્યાથી શકે વારૂ ? તેમ જ તે ભવૈયો એવી કોઇ પણ પ્રકારની અન્ય અદ્વિતીય યોગ્યતા તથા મહત્તા ધરાવતો ન હોતો કે જેથી કોઇ પણ કચ્છી લોહાણાને તેની તે મહત્તાની ઇર્ષા કરવાનું, તેની સાથે વૈરભાવને આરંભવાનું; માત્ર એટલુ જ નહિ, પણ તેની હત્યા કરી નાખવા સૂધીનું લેશમાત્ર પણ કારણ મળવાનો સંભવ હોઇ શકે. વળી તે ભવૈયાના ટોળાનો કચ્છી લોહાણાઓએ નિરાદર કર્યો હોય એવો ઉલ્લેખ પણ ક્યાંય મળી નથી આવતો કે જેથી ભવૈયાએ તે અપમાનનો બદલો લેવાને લોહાણાનો આવો વેશ ભજવી લોહાણાજાતિને હીનજાતિ તરીકે દર્શાવવાનો પ્રયત્ન કર્યો હોય. અર્થાત્ તે અવિચારી ભવૈયાએ લોહાણા જાતિનો તેની સાથે કોઇ પણ પ્રકારનો વૈરભાવ ન હોવા છતાં લોહાણાઓના વિરોધીઓની શીખામણીથી સમસ્ત કચ્છી લોહાણાજાતિનું ઉપર્યુક્ત હાસ્યાસ્પદ વેશદ્વારા ભયંકર અપમાન કરી બતાવ્યું એટલે તે અપમાન અસહ્ય થવાથી એક કચ્છી લોહાણા વીર યુવકે પ્રથમ તેની હત્યા કરી નાખી અને ત્યાર પછી રાજસભામાં પોતાની યોગ્યતાને ભૂલીને જમણી “ આં ’ થી આગળ વધેલી પોતાની ડાબી ‘ આં ’ ને પણ પોતાના હાથે જ કાપી નાખીને જેના યોગે ભવિષ્યમાં સમસ્ત કચ્છ પ્રદેશમાં લોહાણાજાતિનું એવું અપમાન કરવાની કોઇથી પણ કદાપિ ધૃષ્ટતા ન કરી શકાય તેવા પ્રકારના ભયની અન્ય સર્વ જાતિયોના હૃદયમાં

સ્થાપના કરી દીધી એ કૃતિ કચ્છી લોહાણાજાતિના અનન્ય આત્માભિમાન તથા જાજ્વલ્યમાન જાત્યભિમાનને દર્શાવનારી હોવા છતા રા. હીરાલાલ ગણાત્રાએ તે લોહાણા વીરયુવકની એ વીરત્વપ્રકાશિની કૃતિમાં પરાક્રમશીલતા સાથે તેજોદ્વેષિતા, સાહસિકતા સાથે અવિચારશીલતા અને અભિમાન સાથે અસહિષ્ણુતાનો સાક્ષાત્કાર કેવી રીતે અને શા કારણથી કર્યો હશે અને " ઉપર્યુક્ત વાતોપરથી લોહાણાઓના ગુણ વિષે કેટલાંક અનુમાનો થાય છે; તે પરાક્રમી અને સાથે સાથે તેજદ્વેષી હોવા જોઇએ; સાહસિક, અભિમાની અને અવિચારી હોવા જોઇએ; અસહિષ્ણુ હોવા જોઇએ, " આવા પ્રકારનો લોહાણાઓના ગુણો વિષયક વિલક્ષણ ઉલ્લેખ શા કારણથી કર્યો હશે, એ પ્રશ્ન સ્વાભાવિક જ ઉત્પન્ન થાય છે; કારણ કે, ઉપર્યુક્ત દંતકથામાં વર્ણવાયલી ઘટના લોહાણાઓની તેજોદ્વેષિતા, અવિચારશીલતા તથા અસહિષ્ણુતાને લેશમાત્ર પણ સિદ્ધ કરતી નથી એ તો અમો ઉપર વિસ્તારપૂર્વક સિદ્ધ કરી ચુક્યા છીએ. કારણ વિના કાર્ય સંભવતું જ નથી એ નિયમ ત્રિકાલાબાધ્ય હોવાથી ઉપર્યુક્ત દંતકથામાં વર્ણવાયલી ઘટના લોહાણાજાતિના કોઇ પણ પ્રકારના દુર્ગુણને સિદ્ધ કરનારી ન હોવા છતાં રા હીરાલાલ ગણાત્રાને તે ઘટનામાંથી બળાત્કારે કચ્છી લોહાણાના તેજોદ્વેષિતા, અવિચારશીલતા તથા અસહિષ્ણુતા આદિ દુર્ગુણોને ખેંચી કાઢવાનો જે પ્રયત્ન કરવો પડ્યો છે તેનું પણ એક કારણ છે અને તે એ કે મુંબઇના કચ્છી લોહાણા મહાજનને અન્યાયી, દ્વેષી તથા અસહિષ્ણુ સિદ્ધ કરી બતાવ્યા વિના નિબંધ લખાવવામાટે રુપિયા પાંચ સોની રકમ આપનાર શેઠ રાઘવજીભાઇના હૃદયને સંતોષનો સ્પર્શ થવાનો સંભવ રા. હીરાલાલ ગણાત્રાને નથી દેખાયો અને તેથી જ તેમણે કચ્છી લોહાણાઓને તેજોદ્વેષી, અવિચારી તથા અસહિષ્ણુ કહેવા સુધીની ધૃષ્ટતા કરી બતાવી છે. અમારે આ વિષયને નવીનતાથી મહત્ત્વ આપવું પડે છે તેનું કારણ એ છે કે રા. હીરાલાલ ગણાત્રાએ મુંબઇના અંજારીઆ કચ્છી લોહાણા મહા-

જનના અગ્રેસર રા. શેઠ ધર્મસિંહ ભવાન હુરભમને લખેલા અને પ્રસ્તુત પુસ્તકના ૬૮ મા પૃષ્ટમાં પ્રકટ કરાયલા પત્રમાં જે એવું વિધાન કરેલું છે કે: " આ સ્થળે એક વાતનો મારે ખુલાસો કરવો પડે તેમ છે. મેં સાંભળ્યું છે, કે ' લોહાણા રઘુવંશી કે આંવઢા ?' એ નિબંધ લખવા માટે આપ અને બીજાઓ મારી ઉપર નારાજ છો એ બાબતમાં ટુંકામાં હું એટલું જ કહીશ, કે એ નિબંધમાં તો કોઇને ય ખોટું લાગે એમ છે જ નહિ, એ આપ વાંચી જોશો એટલે માલુમ પડશે, એમાં તો માત્ર ઇતિહાસની વાતો જ લખેલી છે. હા પ્રસ્તાવના એવી છે ખરી, પણ તેને માટે હું રતિભાર પણ જોખમદાર નથી કે તેમા મારો બીલકુલ હાથ ન હતો. હું આશા રાખીશ, કે આ સત્ય ખુલાસાથી આપને સંતોષ થશે, અને છતાં જો કોઇ વિશેષ ખુલાસાની જરૂર રહેતી હોય તો હું રૂબરૂ આપને મળી જાઉં. " તે વિધાનને તેમના પોતાના શબ્દોથી જ અમારે અસત્ય તથા મિથ્યાવાદ તરીકે સિદ્ધ કરી બતાવવાનું છે; કારણ કે, રા. હીરાલાલ ગણાત્રાનો તેઓ પોતાના એ પત્રમાં લખે છે તેવી રીતે જો કેવળ ઇતિહાસની વાતોને લખવાનો જ ઉદ્દેશ હોત, તો તેઓ લોહાણાજાતિના સામાન્ય ઇતિહાસ સાથે જેનો લેશમાત્ર પણ સંબંધ નથી તે રા. શેઠ રાઘવજીભાઇના અમુક માની લીધેલાં—કાલ્પનિક—કારણોથી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન સાથે થયેલા વૈમનસ્યનો પોતાના નિબંધના અંતિમ ભાગમાં રા. જયકૃષ્ણ વર્માના આક્ષેપોને તંતોતંત મળતા સ્વરૂપમાં આક્ષેપરૂપ ઉલ્લેખ કદાપિ કરત નહિ અને ગર્ભિત સ્વરૂપમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના રા. શેઠ કેશવજીભાઈ તથા રા. શેઠ રાઘવજીભાઇના હસ્તથી વિલાયતગમનમાટે કરાવેલા દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત તથા અમુક ધારાધોરણો અમુક વ્યક્તિની ઇર્ષાથી જ ઘડવામાં આવ્યા છે એમ દર્શાવવામાટે શ્રી કચ્છી લોહાણા મહાજનનાં ઘડેલાં ધારાધોરણોને નિન્દવાનો ઉદ્યોગ પણ આદરત નહિ. રા. હીરાલાલ ગણાત્રાના એ આક્ષેપો આ પ્રમાણે છે:—

"..........પરંતુ પોતાના સમૂહના શ્રીમંતો અને વદાનો

માટે જ તેઓ ઇર્ષ્યાને કારણે ઘૃણાની લાગણીને પોષે છે અને "બાંવઠા" ઉપનામ સાર્થક કરવા પ્રયત્નશીલ રહે છે. જ્ઞાતિના વિદ્વાનો, જેઓ મોટે ભાગે યુવાન હોય છે, તેમને ઉદ્ધત, ઉચ્છૃંખલ, અવિનયી આદિ વિશેષણો તેમના તરફથી મળે છે. એવા વિદ્વાનો જ્ઞાતિની સેવા કરવાના અભિલાષી હોય છતાં તેમને સગવડ કરી આપવાને બદલે તેમના માર્ગમાં અંતરાયો નાખવામાં આવે છે, અને કહેવાતા આગેવાનો હરહંમેશ તેમને અપમાનિત કરવાના પ્રસંગો જ ખોળતા હોય છે. રખેને પોતાની સત્તા વિદ્વાનો ખુંચવી લે, એ ભયે એ રીઢા થયલા વૃદ્ધો જ્ઞાતિના ક્ષેત્રમાંથી તેમને દૂર જ રાખે છે, અને બને તો, ગમે તે બ્હાને, એ ક્ષેત્રમાંથી તેમને સદાને માટે અળગા કરી દે છે. બીડના કુતરા*ની જેમ, તેઓ જાતે કામ કરતા નથી, અને બીજાને કરવા દેતાયે નથી.

"આપણા મહાજનોના નિર્ણયોમાં એજ પ્રકારની ઇર્ષ્યા અને તેજદ્વેષિતા વારંવાર સ્પષ્ટ જોવામાં આવે છે. અમુક સુંદર અપવાદો બાદ કરીએ તો લગભગ સર્વ મહાજનો થોડે યા ઘણે અંશે આ અવગુણો પોષે છે. મહાજન તરીકે શુદ્ધ ન્યાય તોળવાને બદલે તેઓ પક્ષપાતથી દોરાય છે, અને "મામા–માશી"ના કરવાના પ્રયત્નો કરે છે. એક જ પ્રકારના ગુનાહ માટે બે જુદી જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા પ્રકારની સજાઓ જ્ઞાતિમહાજનો તરફથી કરવામાં આવેલી ઘણા સ્થળે અનુભવાઇ છે. કેટલીક વેળા તો જે ગુનાહને માટે એકને સખ્તમાં સખ્ત દંડ દેવામાં આવે છે, યા દરેક પ્રકારે કનડવામાં આવે છે, તે જ ગુનાહ માટે બીજી વ્યક્તિઓ તરફ આંખમીચામણું થાય છે.× એવી વ્યક્તિ મુખ્યત્વે જ્ઞાતિના શેઠની કે કોઇ અન્ય આગેવાનની

---

* આ ઉપમા–અલંકાર રા. જયકૃષ્ણ વર્માના પ્રાસ્તાવિકમાં પણ આવેલો છે. જુઓ મૂળ નિબંધ પૃષ્ઠ ૧૨; અને પ્રસ્તુત ગ્રંથ પૃષ્ઠ ૯.

× એક જ પ્રકારના અપરાધમાટે અપરાધીની પોતાની શ્રેષ્ઠતા, માધ્યમિકતા કિંવા અધમતા–યોગ્યતા–નો વિચાર કરીને ભિન્ન ભિન્ન શિક્ષાઓ આપવાની

સંબંધી હોય છે, એટલે જ આમ બને છે. વળી જ્યારે આગેવાનો પોતે ગુનાહગાર હોય છે, ત્યારે તો એવા ગુનાહની કોઇ ભાગ્યે જ નોંધ લે છે. આટલું છતાં પ્રસંગ આવ્યે બીજી વ્યક્તિઓ તરફ અન્યાય અને જોહુકમીથી વર્તતાં તેઓ જરા પણ શરમાતા નથી. તેમના

પદ્ધતિ પ્રાચીન કાળથી ચાલતી આવી છે; કારણ કે, અપરાધો એક જ પ્રકારના હોવા છતાં ઘણીક વાર અપરાધોનાં કારણો ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે અને એક પ્રતિષ્ઠિત પુરુષના હૃદયમાં અલ્પ શિક્ષાનું પણ જેટલું ઇષ્ટ પરિણામ થાય છે તેટલું અધમ મનુષ્યના હૃદયમાં ભયંકર શિક્ષાનું પણ પરિણામ નથી થતું અને તેટલામાટે જ શિક્ષાના એવા ભિન્ન ભિન્ન પ્રકારોને યોજવામાં આવ્યા છે. ભારતવર્ષના ન્યાયધુરંધર મહારાજા વિક્રમાદિત્યની ન્યાયપદ્ધતિ પણ એવા જ પ્રકારની હતી અને તે નિમ્ન કથાથી આપણા જાણવામાં આવી શકે છેઃ—

"એક સમયે વિક્રમરાજાની સભામાં ચોરી કરવાના અપરાધ માટે ચાર પુરુષોને પકડી આણ્યા. રાજાએ પહેલાની મુદ્રા જોઇ તેને કહ્યું કે, 'તારા જેવા સુજન માણસને આ તે ઘટે, ચાલ, ચાલ્યો જા,' બીજાને કહ્યું, 'મૂર્ખ, તું સારા ખાનદાનનો છતાં આવું કાળું કર્મ કરે છે. બાળ તારૂં મોઢું, મને ફરી બતાવીશ નહિ, ધિક્, ફટ!' ત્રીજાને ઉઠીને ત્રણ ચાર તમાચા ખેંચી કાઢી કહ્યું, 'આ કામ કરવા કરતાં તો તારી માતાને પેટે પત્થર પડયો હોત તોપણ સારૂં.' એમ કહ્યા પછી પાછી બે ત્રણ ધોલ ખેંચી કાઢી. ચોથાને માટે ઠરાવ્યું કે 'એને ગધેડે બેસાડી ગામમાં ફેરવો ને ૫૦ ફટકા બાંધી મારો.' આમ ન્યાય કરી સર્વને વિદાય કીધા. સભાસદો એક જ અપરાધ માટે ચાર જણને ચાર જૂદી જૂદી જાતની શિક્ષા કરી, તે માટે આશ્ચર્ય પામ્યા. પછી એકની મુખમુદ્રા પ્રશ્ન કરવાની જોઇ, વિક્રમે કહ્યું કે, 'તમને આ ન્યાયથી અદ્ભુતાશ્ચર્ય થાય છે, એ સ્વાભાવિક છે, પણ એનું તત્ત્વ શું છે તે હમણાં તપાસીએ.' પછી ચારે અપરાધી પાછળ હેરક મોકલ્યા. તેઓએ એક કલાકમાં પાછા ફરી સર્વ વર્તમાન નિવેદન કીધું કે, "મહારાજ, જેને આપે માત્ર મીઠા શબ્દ કહ્યા તે તો ઘેર જતાં જ ઝેર કરડીને મરણ પામ્યો છે. જેને આપે અપમાનના શબ્દ કહ્યા તેણે માર્ગમાંથી જ દેશવટો લીધો છે, ને તેનાં સગાં સ્નેહી બોલાવવા ગયાં, તેમને કહ્યું કે, 'હવે શું મોઢું લઇને

પક્ષપાતી નિર્ણયો જુદા જુદા પ્રકારની વ્યક્તિઓ માટે જુદી જુદી રીતના હોય છે. શ્રીમંત યા લાગવગવાળી વ્યક્તિ ગુનાહગાર હોય તો થોડાક દંડ માત્રના નૈવેદ્યથી તે જ્ઞાતિદેવીને પ્રસન્ન કરી શકે છે. સાધારણ વ્યક્તિ હોય તો નજીવા ગુનાહ માટે તેને જ્ઞાતિ બહાર થવું પડે છે; અને કમનશીબે જો સાથે સાથે તે કંઇક વિદ્વાન હોય તો તેની પૂરેપૂરી કમબખ્તી જ આવેલી છે એમ સમજી લેવું*........

શહેરમાં આવું?' ત્રીજો જેને આપે ધોલ ધપ્પા માર્યા તે તો ઘરમાં ભરાઇ બેઠો છે, અને કોઇને પણ મળવા માટે ના પાડે છે, અને છેલ્લા અપરાધીને નગરમાં ફેરવવામાં આવ્યો, તેની પૂઠે બાળકો હુરિયો કરે છે એટલે તે બોલે છે કે 'બોલો, બચ્ચાજીઓ, આજે તમને ઘણે દિવસે મઝા પડે છે.' ને પછી હસે છે. તે ભાઇશ્રીની સ્વારી તેના પોતાના મોહોલ્લામા આવી ત્યાં તેની સ્ત્રી જોવાને બહાર નીકળી, તે પોતાના પતિના બેહાલ જોઇ રહી. તેણીને આ ભાઇશ્રીએ કહ્યું કે, 'અલી, ઊનું પાણી તૈયાર કર, હું હમણાં એક મોહોલ્લો ફરીને આવું છું." સભાજને આ ન્યાયનું નિરૂપણ નિહાળી કહ્યું, 'મહારાજ, આપનું ઐશ્વર્ય અદ્‌ભુત છે.' " (જુઓ સ્વ. સાક્ષરવર્ય રા. ઈચ્છારામ સૂર્યરામ દેશાઇકૃત "કળાવિલાસ" ત્રીજી આવૃત્તિ: પૃષ્ઠ ૨૫૨, ૨૫૩,–ફુટનોટ)

અત્યારે અંગ્રેજ સરકારની 'ઇન્સાફની અદાલતો,' માં પણ એક જ પ્રકારનો અપરાધ કરનાર ભિન્ન ભિન્ન અપરાધીઓને અપરાધના કારણ તથા અપરાધીની યોગ્યતાનો વિચાર કરીને ભિન્ન ભિન્ન પ્રકારની સામાન્ય તથા અસામાન્ય શિક્ષા આપવાની પદ્ધતિ પ્રચલિત છે અને તેનાં અનેક ઉદાહરણો મળી શકે તેમ છે; પરંતુ ઇનામી ભાડૂતી નિબંધના લેખક એક ધારાશાસ્ત્રી હોવાથી એ ઉદાહરણો આપવાની અમોએ આવશ્યકતા ધારી નથી; કારણકે, તેઓ ન્યાયની એ પદ્ધતિને જાણતા હોવા જ જોઇએ. જો તેઓ અમારા આ કથનને અસત્ય સિદ્ધ કરી બતાવશે, તો અમો તે ઉદાહરણોને અવશ્ય રજૂ કરીશું, જ્ઞાતિના મહાજનો ન્યાયની આ પ્રાચીનકાળથી ચાલતી આવેલી પદ્ધતિ અનુસાર વર્તતા હોવા છતાં રા. હીરાલાલ ગણાત્રા એમાટે જ્ઞાતિના મહાજનોને ભયંકર પક્ષપાતી માને છે એ તેમના પોતાના પક્ષપાત કિંવા અલ્પજ્ઞાનનું જ પરિણામ છે.

*અત્યાર સૂધીમાં લોહાણાજ્ઞાતિનાં ક્યાં ક્યાં મહાજનમંડળોએ

....................જ્ઞાતિ મહાજનોના અન્યાય, ઇર્ષ્યા અને પક્ષપાતને પરિણામે અનેક નિંદ્ય રિવાજોએ આપણામાં અત્યાર આગમચ ઘર કર્યું છે, અને હજી વધારે દૃઢ થશે, એ વાતની કોઇથી ના પાડી શકાશે નહિ. કન્યાવિક્રયનો રિવાજ જડ ઘાલીને બેઠો છે +

પોતાની જ્ઞાતિના વિદ્વાનોની કદરબુજી કરી બતાવી છે તે રા. હીરાલાલ ગણાત્રા બતાવી શકશે ખરા કે? એથી વિરુદ્ધ અમો તો એમ જ જોતા આવ્યા છીએ કે જ્યારે જ્યારે યોગ્ય પ્રસંગ આવ્યો છે ત્યારે ત્યારે લોહાણા જ્ઞાતિનાં મહાજનમંડળોએ પોતાની જ્ઞાતિના વિદ્વાનોનો ઉત્સાહ પૂર્વક યોગ્ય સત્કાર જ કરી બતાવ્યો છે અને રા. રા. મુરારજી આનન્દજી ઠન્ના-મહાશયને તે વેળાએ જ્ઞાતિમાં અનેક ધનાઢ્ય તથા બુદ્ધિમાન્ પુરુષો વિદ્યમાન હોવા છતાં તેમની વિદ્વત્તાના કારણથી જ પ્રથમ લોહાણા પરિષદ્‌ના પ્રમુખ નીમવામાં આવ્યા હતા એ અમારા કથનની વાસ્તવિકતાનું એક સજીવન પ્રમાણ છે. અન્ય લોહાણા વિદ્વાનોનો પણ એવી રીતિ યથાપ્રસંગ ન્યૂનાધિક સત્કાર કરાયલો છે. જે વિદ્વાનોનો સત્કાર નહિ કરવામાં આવ્યો હોય તે વિદ્વાનો કદાચિત્ સત્કારને પાત્ર જ નહિ હોય; કારણ કે, સત્કારપાત્ર થવામાટે વિદ્વત્તા સાથે કેટલાક અન્ય સદ્‌ગુણોની પણ આવશ્યકતા હોય છે અને તે સદ્‌ગુણોનો તે વિદ્વાનોમાં નિવાસ નહિ હોય; નહિ તો તેઓ કદાપિ તિરસ્કારને પાત્ર થાય જ નહિ.

+ કન્યાવિક્રયનો રિવાજ લોહાણાજાતિમાં કદાપિ હતો નહિ અને અત્યારે છે પણ નહિ; એવા બનાવો કોઇ વાર અપવાદરૂપ બનતા હોય તો તે અપવાદોને નિયમ તરીકે સ્વીકારી શકાય તેમ નથી; કારણ કે, અપવાદ નિયમના અસ્તિત્વને સિદ્ધ કરી બતાવે છે, પણ પોતે નિયમના સ્વરૂપને ધારણ કરી શકતો નથી એ વાર્તા તો અવશ્ય રા. હીરાલાલ ગણાત્રાના લક્ષમાં હોવી જ જોઇએ; માત્ર એટલું જ નહિ, પણ મુંબઇની પ્રથમ લોહાણા પરિષદ્‌ના પ્રમુખ માન્યવર રા. મુરારજીભાઇએ પણ પોતાના ભાષણમાં એ રિવાજના સંબંધમાં ‘ કોઇ કોઇ ઠેકાણે કન્યા-વિક્રય ’ (જુઓ ‘ શ્રી લોહાણા પ્રથમ પરિષદ્ મુંબાઇ સને ૧૯૧૦ નો રિપોર્ટ, ’ પૃષ્ઠ ૧૦૯) માત્ર એટલા જ શબ્દો ઉચ્ચાર્યા હતા અને રા. હીરાલાલ ગણાત્રા લખે છે કે ‘ કન્યાવિક્રયનો રિવાજ જડ ઘાલીને બેઠો છે ’ એટલે

અને ' શુદ્ધ કન્યાદાન ' ને નામે વરવિક્રય પણ પગપેસારો કરવાની તૈયારીમાં છે.† આવા નિંદ્ય રિવાજોની જડ ઉખેડવાના પ્રયત્નો કરવાને બદલે, બીજી નજીવી અને વ્યક્તિગત બાબતોમાં મહાજનો માથું મારવા મંડી પડ્યાં છે. તેમની આ દશા જેટલી હાસ્યાસ્પદ છે, તેટલી જ, બલ્કે તેથી વધારે શોચનીય છે. કોઇ સારી સ્થિતિનો ગૃહસ્થ પોતાની દીકરીને કરિયાવરમાં બે વસ્ત્રો વધારે આપે. યા કોઇ વરપક્ષ તરફથી કન્યાને સ્ત્રીધન તરીકે બે દાગીના વધુ અપાય તો આવા જંગબહાદુર મહાજનોની તરત જ એવી વ્યક્તિઓ પર ખરા નજર થાય છે,* અને ઇર્ષ્યાથી કર્તવ્યભાન ભૂલી તેઓ એવી નજીવી

રા. હીરાલાલ અણુત્રાનું આ કથન એક હડહડતા જૂઠાણા જેવું છે; કારણ કે, માન્યવર મુરારજીભાઇ રા. હીરાલાલ કરતાં વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ તથા અધિક અનુભવી હોવાથી આ વિષયમાં તેમના વચનનું જ અધિક મૂલ્ય અંકાય એ સ્વાભાવિક છે. કોઇ પણ લોહાણાજાતિમાં કન્યાવિક્રય એક સામાન્ય રૂઢિના રૂપમાં અસ્તિત્વ ધરાવતો હોય એવું અત્યાર સુધીમાં ક્યાંય પણ જોવા કે જાણવામાં આવી શક્યું નથી છતાં રા. હીરાલાલ અણુત્રાએ લોહાણાજ્ઞાતિમાં એ રૂઢિનું અસ્તિત્વ દર્શાવીને લોહાણાજ્ઞાતિને અકારણ હીણવાનો પ્રયત્ન કર્યો છે એ તેમની અવિચારશીલતાનું જ પરિણામ છે.

† ' શુદ્ધ કન્યાદાન 'ના નામથી નહિ, કિન્તુ કેટલાક ધનાઢ્ય પુરુષોએ પુત્રીવાત્સલ્યના નામથી પોતાની પુત્રીઓને કરિયાવરમાં તેમના લગ્નપ્રસંગે નાણાંની મોટી મોટી રકમો અને વિલાસવર્ધક અન્યાન્ય વસ્તુઓ આપીને પોતાની ધનાઢ્યતાનું પ્રદર્શન કરાવવાનો આરંભ કર્યો છે તેના પરિણામે જો લોહાણાજાતિમાં સિંધની આમિલ નામક લોહાણાજાતિ, પારસીજાતિ તથા બંગાળાની કેટલીક હિન્દુજાતિઓ પ્રમાણે વરવિક્રયની રૂઢિનો પ્રવેશ થઇ જાય, તો તે સ્વાભાવિક છે અને તેથી જ એ રૂઢિને ઊગતી અટકાવી દેવામાટે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને અમુક ધારાઓને ઘડીને પોતાનાં ધારાધોરણોમાં દાખલ કરી દીધા છે. આ વિષયની અતઃપૂર્વ અમોએ ચર્ચા કરેલી હોવાથી એની અધિક ચર્ચાની હવે આવશ્યકતા નથી.

*માન્યવર મુરારજીભાઇએ ઈ. સ. ૧૯૧૦ માં પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં ' લગ્ન વેવિશાળ વિગેરે પ્રસંગે આપવાનાં પહેરામણી અથવા ચડાવવાના

અને વ્યક્તિગત બાબતોને અંકુશમાં રાખવાનાં ધારાધોરણો ઘડવાની દોડધામ કરી મુકે છે;$ જ્યારે બીજી તરફ દિનપ્રતિદિન દઢ થતા નિંદ્ય રિવાજો દૂર કરવાનો ઉપાય કરવાની તેમને ફુરસદ મળતી નથી. “ખાળે ડુચા દઇ, દરવાજા મોકળા રાખવાની ”* તેમની આ મૂર્ખતા માટે ઝાઝું વિવેચન કરવાની ભાગ્યેજ જરૂર રહે છે. તેમનાં આવાં કૃત્યોથી તેઓ જગતની દૃષ્ટિએ હાંસીપાત્ર થાય છે, એટલુંજ નહિ, પરંતુ વ્યક્તિગત ઇર્ષ્યાથી તેઓ કેટલે બધે અંશે કર્તવ્યભાન ભૂલી, જ્ઞાતિઉન્નતિ સાધતા અટકે છે તેમજ પોતાના બાંધવોનું અહિત કરવાના મિથ્યા પ્રયત્નોમાં મંડયા રહે છે, તે સિદ્ધ થાય છે.

“ પરદેશગમનના પ્રશ્ન પરત્વે આપણે વારવાર આપણા ઇર્ષ્યા-દ્વેષનું પ્રદર્શન કર્યું છે. પ્રાચીન આર્યો ઉત્તરધ્રુવ યા મધ્યએશીયાના પ્રદેશમાંથી હિંદુસ્થાનમા આવ્યા હતા; રઘુવશી તેમજ બીજા ક્ષત્રી-

---

દાગીના વિગેરેનો હદ બહાર વધી ગયેલો રિવાજ ’ એ શબ્દોર્થ આ વિષ-યને અનિષ્ટ તરીકે ઓળખાવ્યો છે અને રા હીરાલાલ ગણાત્રા આ વિષયને નજીવો માની એવા રિવાજોને અટકાવવાના પ્રયત્ન કરનાર જ્ઞાતિમહાજનોને ‘મૂર્ખ ’ પદવીથી વિભૂષિત કરે છે એ પણ સમયનો જ પ્રભાવ છે !

$ આ આક્ષેપ મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને ઘડેલાં ધારા-ધોરણોના સંબંધમાં જ કરાયલો છે એમ એક બાળક પણ કહી શકે તેમ હોવાથી રા. હીરાલાલ ગણાત્રાનો બાકૂતી નિબંધ લખવાનો જે ઉદ્દેશ છે તે સ્પષ્ટ દેખાઇ આવે છે. તેમના નિબંધમાં તેમના કહેવા પ્રમાણે માત્ર ઇતિહાસનીજ જે વાતો લખાયલી છે તે આ જ કે ?

* પૂર્વે જણાવ્યા પ્રમાણે જેવી રીતે રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્માએ ‘બીડના કુતરા’ એ ઉપમા-અલંકારનો એક સરખી રીતે ઉપયોગ (?) કર્યો છે તેવીજ રીતે આ ‘ખાળે ડુચા દઇ, દરવાજા મોકળા રાખવાની ’ વાક્યપ્રણાલી પણ સમાન છે; કારણ કે, રા. જયકૃષ્ણ વર્માના લખેલા પ્રાસ્તાવિકમાં પણ એ કહેવતનો એવા જ સ્વરૂપમાં પ્રયોગ કરાયલો છે. જુઓ મૂળ નિબંધ પૃષ્ઠ ૧૭. પ્રસ્તુત ગ્રંથ પૃષ્ઠ ૧૪. આ સર્વ સારગ્યો અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે.

પોએ દિગ્વિજય અર્થે યા બીજે કારણે અનેક વેળા પરદેશગમન કર્યું હતું આપણા પોતાના બંધુઓ આજ લાંબા સમયથી વ્યાપારાર્થે સમુદ્રગમન અને પરદેશગમન કરે છે. અને તેમ છતાં કેટલાક મહાજનો પરદેશગમન કરનારને પ્રાયશ્ચિત્ત લેવાની ફરજ પાડતાં જોવામાં આવે છે. તેઓ ભૂલી જાય છે કે પ્રાયશ્ચિત્ત માત્ર અજાણ્યે કરેલા પાપના નિવારણાર્થે છે, જાણી બુઝીને કરેલા પાપ માટે નહિ. જો પરદેશગમન પાપ હોય તો સ્વેચ્છાપૂર્વક પરદેશ જનારને—તેના આત્માને કે દેહને—શાસ્ત્રાર્થમાં વર્ણવાયલી પ્રાયશ્ચિત્ત માટેની કોઇ પણ ક્રિયા શુદ્ધ કરી શકે નહિ,* પરંતુ સત્ય હકીકત એ છે કે પ્રાયશ્ચિત્તનો આગ્રહ કરનાર મહાજનો પરદેશગમનને પાપ નથી માનતા. માનતાં હોય તો સર્વ પરદેશગમન કરનારાઓને એક સરખો જ ન્યાય મળે ÷ વસ્તુતઃ ઇર્ષ્યા યા દ્વેષ જ એવા આગ્રહનું મૂળ હોય છે. આજકાલ કેટલાંય વર્ષો થયાં આપણા અનેક બંધુઓ વ્યાપારાર્થે આફ્રિકા આદિ પરદેશો

---

*રા. હીરાલાલ ગણાત્રાના આ વાક્યને પ્રાસ્તાવિકમાંના રા. જયકૃષ્ણ વર્માના "જો આ કાર્ય વિચારપૂર્વક-વિવેકપુરઃસર થયું હોત, તો એ જ્ઞાતિ જનોને જરૂર ખ્યાલ આવત કે પ્રાયશ્ચિત્ત તો અજાણ્યે થયેલા પાપનું હોઇ શકે; જાણી જોઇને પાપ કરનાર માટે શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તનો વિધિ છે જ નહિ. પરંતુ વિવેકભ્રષ્ટ થનારને એ સર્વ ક્યાંથી સુઝે?" એ મૂળ નિબંધના ૧૨ મા પૃષ્ઠમાંના (પ્રસ્તુત પુસ્તકમાંના ૭ મા પૃષ્ઠમાંના) એ વાક્ય સાથે સરખાવતાં તત્કાળ જણાઇ આવે છે કે આ બે ભિન્ન ભાસતા સ્વરો વસ્તુતઃ એક તારમાંથી જ નીકળી રહ્યા છે. આ બાલિશ વિધાનનું અમોએ પ્રસ્તુત ગ્રંથના પૃષ્ઠ ૭ તથા ૮ ની ફુટનોટમાં સમર્પક ખંડન કરેલું હોવાથી તે ખંડનની અહીં પુનરાવૃત્તિ કરવાની આવશ્યકતા નથી. પાઠકો તથા પાઠિકાઓને તે ખંડન પુનઃ વાંચવાની અમો પ્રાર્થના કરીએ છીએ.

÷આ આક્ષેપનું ઉત્તર રા. હીરાલાલ ગણાત્રાને પ્રસ્તુત પુસ્તકના ૭૯ તથા ૮૦ મા પૃષ્ઠમાંના 'ઉપસંહાર'માં 'લોહાણા હિતેચ્છુ'ના વિચારો-દ્વારા જ અપાયલું છે એટલે તે 'ઉપસંહાર'ને લક્ષપૂર્વક પુનઃ વાંચવાની અમો તેમને ભલામણ કરીએ છીએ.

પ્રતિ જાય છે. ઘણા તો ત્યાં સ્થાયી નિવાસ કરી રહ્યા છે. એવાઓ સ્વદેશ પાછા ફરે ત્યારે તેમને પ્રાયશ્ચિત્ત લેવાનો આગ્રહ કોઇ પણ મહાજન કરતા નથી. કારણ એ જ છે કે એ વાત હવે બહુ સાધારણ થઇ ગઇ છે; અને એવા પરદેશગમન કરનારાઓની સ્થિતિ સામાન્ય રીતે એવી જાજ્વલ્યમાન નથી હોતી, જેથી તેમના સત્તાધારી બંધુઓને તેમને માટે ઇર્ષ્યા થાય.× વસ્તુતઃ યુરોપ અમેરિકા જનાર જ હવે એવા આગ્રહના ભોગ બને છે, અને તેમાં યે ભેદ પાડવામાં

× આફ્રિકાવાસી લોહાણાબંધુઓને દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત લેવડાવવામાં નથી આવતું તેનું કારણ આફ્રિકા જવાની વાર્તા સાધારણ થઇ પડી છે અને આફ્રિકા જનારાઓની સ્થિતિ સામાન્ય રીતે જાજ્વલ્યમાન નથી હોતી એ નથી; કિન્તુ પૂર્વ આફ્રિકા તથા દક્ષિણ આફ્રિકામાં હિન્દુઓની વસતી પર્યાપ્ત પરિમાણમાં થઇ ગયેલી હોવાથી ત્યાં આપણા જ્ઞાતિબંધુઓ પોતાના ધાર્મિક આચારવિચારોનું શુદ્ધ સ્વરૂપમાં પાલન કરી શકે છે અને તેથી જ તેમને દેહશુદ્ધિપ્રાયશ્ચિત્તથી મુક્ત રાખવામાં આવે છે. પ્રારંભમાં જ્યારે આફ્રિકામા હિન્દુઓની વસતી પર્યાપ્ત પરિમાણમાં ન હોતી અને હિન્દુઓથી ત્યાં પોતાના ધાર્મિક આચારવિચારોનું યથાર્થ સ્વરૂપમાં પાલન કરી શકતું ન હોતુ તે સમયમા આફ્રિકા જઇ આવનારા સર્વ જાતિના હિન્દુઓ પોતાના દેશમાં આવીને દેહશુદ્ધિપ્રાયશ્ચિત્ત કરતા હતા એનાં જેટલાં જોઇએ તેટલાં પ્રમાણો આપણને મળી શકે તેમ છે; માત્ર એટલું જ નહિ, પણ આફ્રિકા જનારા આપણા જ્ઞાતિબંધુઓની સ્થિતિ સામાન્ય રીતે જાજ્વલ્યમાન નથી હોતી એ વિધાનથી પણ રા. હીરાલાલ ગણાત્રાએ સર્વથા મિથ્યાવાદ જ કરેલો છે; કારણ કે આફ્રિકામાં પોતાના બાહુબળ તથા ઉદ્યોગબળથી ધનાઢ્ય થયેલા અને જમણા હાથવડે કરાયલા પરોપકારને ડાબો હાથ પણ ન જાણી શકે તેવી રીતે લક્ષાવધિ રૂપિયાની સખાવતો કરનારા રા. શેઠ નાનજી કાલિદાસ જેવા લોહાણા સદ્ગૃહસ્થો અસ્તિત્વ ધરાવે છે; પરંતુ તેમને તેમની ધનાઢ્યતાના કારણથી કોઇએ ઇર્ષ્યાની દૃષ્ટિથી જોયા નથી અને તેમને કોઇ પણ પ્રકારે રંજાડવાનો તેમના દેશના કોઇ પણ મહાજને કદાપિ પ્રયત્ન કર્યો નથી એની તેમને પોતાને પૂછીને ખાત્રી કરી શકાય તેમ છે.

આવે છે. જો સાધારણ સ્થિતિનો માણસ હોય તો તેને કોઇ પૂછતું યે નથી. પરંતુ જો તે સારી સ્થિતિનો શ્રીમંત વા પ્રતિષ્ઠિત ગૃહસ્થ હોય તો ભુખ્યા વરૂઓની જેમ કહેવાતી ધાર્મિક લાગણીવાળા પણ ખરેખર ઇર્ષ્યાથી પ્રેરાયલા જ્ઞાતિજનો પ્રાયશ્ચિત લેવડાવવા તેની પાછળ પડે છે. આવા આગ્રહથી બહુ બહુ તો જ્ઞાતિજનોનાં મોઢાં એકાદ ટંકના જમણથી મીઠાં થાય છે. યા જ્ઞાતિની તીજોરીમાં બે-પાંચ હજાર રૂપીઆનો વધારો થાય છે. કેટલીક વેળા તો જ્ઞાતિનો એટલો યે સ્વાર્થ સધાતો નથી, અને ધમાધમ કરી મુકનારાઓના ક્ષુલ્લક આત્મસંતોષને ખાતર જ પરદેશગમન કરનારને વ્યર્થ તકલીફ ભોગવવી પડે છે. " ફલાણો આવો સમર્થ આગેવાન છે. શ્રીમંત અને પ્રતિષ્ઠિત છે. છતાં અમે તેને પ્રાયશ્ચિત્ત લેવાની ફરજ પાડી તકલીફમાં નાખ્યો. " એમ વિચારી તેઓ મગરૂરીમાં મૂછે તાવ દેતા હશે. પણ એમાં તેમની મહત્તાને બદલે લઘુતા જ સિદ્ધ થાય છે, તે તેઓ જોઇ નથી શકતા. આ પ્રકારની ક્ષુદ્રતા અને ઇર્ષ્યા તેમને "બાંવઠા" ઉપનામને લાયક નથી બનાવતી ?

" અસ્તુ. હવે વધારે વિવેચન કરવાની કે વિસ્તારપૂર્વક લખવાની આવશ્યકતા નથી. " બાંવઠા " ઉપનામ માટેની યોગ્યતા સિદ્ધ કરવાને આથી વધારે મજબુત સાબીતિઓની જરૂર છે ખરી ? અમે જે હકીકતો ઉપર આપી છે, તે અક્ષરશઃ સત્ય છે, એમ એકવાર પુનઃ અમે હીંમતપૂર્વક જણાવીએ છીએ. નથી એમાં કોઇપણ પ્રકારની અતિશયોક્તિ કરી, કે નથી અસત્યનો લેશમાત્ર અંશ ભેળવ્યો. જે વસ્તુસ્થિતિ છે તેજ સ્પષ્ટ શબ્દોમાં અમે રજુ કરી છે. અલબત્ત ન્યાય અને સત્યપ્રિયતાને ખાતર અમારે સ્વીકારવું જોઇએ કે આ ચિત્રની એક બાજુ છે; બીજી બાજુ વધારે સંતોષજનક, વધારે પ્રોત્સાહક છે. " (જુઓ મૂળ નિબંધનાં ૯૫ થી ૧૦૦ સુધીનાં ૬ પૃષ્ઠો.)

રા. હીરાલાલ અણુત્રાની લેખિનીથી લખાયલા નિબંધ-આહુતી:

નિબંધ–ના આ વિભાગના લક્ષપૂર્વક વાંચનથી એ વાર્તા તો કોઇનાર પણ જાણવામાં આવી શકે તેમ છે કે આ વિભાગમાં જો કે મુંબઇના કચ્છી લોહાણા મહાજન તથા રા. શેઠ રાઘવજીભાઇનાં નામોને સ્પષ્ટ ઉલ્લેખ કરાયલો નથી, તો પણ આ વિભાગ ગર્ભિત રીતે મુંબઇના કચ્છી લોહાણા મહાજના પ્રતિષ્ઠિત સભ્યોને, કિં બહુના સમસ્ત કચ્છી લોહાણાજાતિને ઇર્ષાલુ તથા દ્વેષપૂર્ણ સિદ્ધ કરવાના અને રા. શેઠ રાઘવજીભાઇને એકલાને જ શ્રીમંત, ઉદારાત્મા, જાજ્વલ્યમાન સ્થિતિ ભોગવતા તથા મહાપ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકે પ્રમાણિત કરી બતાવવાના આશયથી જ લખાયલો છે; કારણ કે, ગ. હીરાલાલ ગણાત્રાના આ લેખવિભાગની રા. જયકૃષ્ણ વર્માની લેખિનીથી લખાયલા પ્રાસ્તાવિકમાં શબ્દપરિવર્તન તથા ન્યૂનાધિક્યપૂર્વક પુનરાવૃત્તિ થયેલી છે અને તેમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળના સભ્યો તથા રા શેઠ રાઘવજીભાઇ આદિના નામોને સ્પષ્ટ નિર્દેશ કરી દેવામાં આવ્યો છે એટલે રા. શેઠ રાઘવજીભાઇના સંતોષમાટે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળના સભાસદો, કિંબહુના સમસ્ત કચ્છી લોહાણાજાતિના સભ્યોને ઇર્ષાલુ, દ્વેષ્ટા તથા ભૂખ્યા વરૂ અને રા. શેઠ રાઘવજીભાઇને મહાપુરુષ તરીકે સિદ્ધ કરી બતાવવાનો તો રા. હીરાલાલ ગણાત્રાનો તેમ જ રા. જયકૃષ્ણ વર્માનો પ્રયત્ન એકસરખો જ છે; માત્ર એટલું જ નહિ, પણ જો કોઇ એક ગ્રંથની પ્રસ્તાવના અન્ય લેખક લખવાનો હોય તો તેનાથી તે પ્રસ્તાવના મૂળ ગ્રંથના વાંચન પછી જ લખી શકાય છે એવો દૃઢ નિયમ હોવાથી રા. જયકૃષ્ણ વર્માને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને અકારણ ગાલિપ્રદાન કરવાની યથેષ્ટ સામગ્રી રા. હીરાલાલ ગણાત્રાના નિબંધમાંથી જ મળેલી છે એ નિર્વિવાદ હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે રા. હીરાલાલ ગણાત્રાએ રા, શેઠ ધર્મસિંહ ભવાન હરભમ મહાશયને લખેલા પોતાના પત્રમાં કરેલું “.........એ નિબંધમાં કોઇનેય ઓછું લાગે એમ છે જ નહિ, એ આપ વાંચી જોશો એટલે માલૂમ

પડશે. એમાં તો માત્ર ઇતિહાસની વાતો જ લખેલી છે. હા, પ્રસ્તાવના એવી છે ખરી, પરંતુ તેને માટે હું રતિભાર પણ જોખમદાર નથી કે તેમાં મારો બીલકુલ હાથ ન હતો." આ વિધાન અક્ષરશઃ અસત્ય અને પોતાના હસ્તથી થયેલા એક પ્રમાદ-ભૂલ-ને સુધારવા-માટે પ્રમાદી મનુષ્યને અન્ય અનેક પ્રમાદો કરવા પડે છે એ નિયમ-નેજ સત્ય સિદ્ધ કરી બતાવનારૂં છે; કારણ કે, રા. જયકૃષ્ણ વર્મા રા. હીરાલાલ ગણાત્રાના એક સામાન્ય મિત્ર નહિ, કિન્તુ એક જીવશ્ચ કંઠશ્ચ મિત્ર છે અને રા. રા. ઠક્કર દેવજી ત્રીકમજી કારીઆ બી. એ., એલ. એલ. બી. વકીલ, હાઇકોર્ટના શબ્દોમા કહીએ તો "શ્રીયુત જયકૃષ્ણ નાગરદાસ વર્મા અને શ્રીયુત હીરાલાલ હરજીવન ગણાત્રા, પરસ્પર સાઢુભાઇઓ છે અને 'ગુણસુંદરી' સ્ત્રીઉપયોગી સચિત્ર માસિ-કના સંયુકત તંત્રીઓ છે, અને 'મહાત્મા ગાધીજીનું સચિત્ર જીવન' નામના ગ્રંથના અને બીજા કેટલાક ગ્રંથોના સંયુક્ત લેખકો છે." (જુઓ રા. ખંધાડિયાકૃત 'લોહાણા મૂળ રઘુવંશી છે, "આંવઢા" નથી' શીર્ષક નિબંધનો રા. ઠા. દેવજી ત્રીકમજી કારીઆનો લખેલો ઉપોદ્-ઘાત, પૃષ્ઠ ૧) અર્થાત્ રા. જયકૃષ્ણ વર્મા સાથે રા હીરાલાલ ગણાત્રાનો આવો ઘનિષ્ટ સંબંધ હોવા છતાં અને રા. દેવજી ત્રીકમજી કારીઆના 'આ નિબંધના પ્રકાશક શ્રીયુત શેઠ રાઘવજી પુરુષોત્તમ છે, અને નિબંધ માટે પ્રાસ્તાવિક લખનાર નિબંધના પરીક્ષક અને પારિતોષિકમાટે યોગ્ય બનાવનાર શ્રીયુત બારીસ્ટર જયકૃષ્ણ વર્મા જ છે,' આવા પ્રકારની વાસ્તવિક પરિસ્થિતિ હોવા છતાં રા. જયકૃષ્ણ વર્માના લખેલા પ્રાસ્તાવિકમાં રા. હીરાલાલ ગણાત્રાનો બિલ્કુલ હાથ ન હોય કિંવા રા. જયકૃષ્ણ વર્માના લખેલા પ્રાસ્તાવિકને પ્રકાશિત થવા પૂર્વે વાંચી લેવાનો પ્રસંગ તેમને પ્રાપ્ત ન થયો હોય એ વાર્તાને કોઇ પણ વિચારશીલ મનુષ્ય સત્ય તરીકે સ્વીકારી શકે તેમ છે જ નહિ. અર્થાત્ રા. જયકૃષ્ણ વર્માની લખેલી પ્રસ્તાવના મુદ્રિત થવા પૂર્વે રા. હીરાલાલ ગણાત્રાના વાંચવામાં તો આવેલી

હોવી જ જોઇએ અને તેના વાંચનથી તે પ્રસ્તાવના મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના સભ્યો તેમ જ અન્ય કચ્છી લોહાણા ગૃહસ્થોના મનમાં ખોટું લાગે તેવી હતી એ રહસ્ય પણ તેમની પોતાની કબૂલાત પ્રમાણે તેમના જાણવામાં આવી ગયેલું હોવું જ જોઇએ એટલે જો એકલા શેઠ રાઘવજીભાઇના સંતોષમાટે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત કચ્છી લોહાણા જાતિને હીન દર્શાવવાની તેમની પોતાની ઇચ્છા કિંવા અનુમતિ ન હોત, તો પોતાના ગ્રંથ સાથે એ પ્રસ્તાવનાને તેઓ કદાપિ પ્રકટ થવા દેત નહિ અને શેઠ રાઘવજીભાઇ કદાચિત્ એ પ્રસ્તાવનાને પ્રકટ કરવાનો દુરાગ્રહ કરત, તો પાંચ સો રૂપિયાને ઠોકર મારીને તેઓ પોતાના નિબંધને પાછો ખેંચી લઈ શકે તેમ હતું; પણ એમાંનું રા. હીરાલાલ ગણાત્રાએ કાંઇ પણ કરી બતાવ્યું નથી; માત્ર એટલું જ નહિ, પણ રા. જયકૃષ્ણ વર્માને ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાસ્તાવિકમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને તથા સર્વ કચ્છી લોહાણાઓને ગાલિપ્રદાન કરવાની મૂળ સામગ્રી તો મૂળ નિબંધમાંથી જ મળેલી છે અને તે રા. હીરાલાલ ગણાત્રાના પોતાના મલિન ઉદ્દેશને જ નિર્વિવાદ સિદ્ધ કરી બતાવે છે. અધિક આશ્ચર્યનો વિષય તો વળી એ છે કે રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્માનો ઉપર દર્શાવ્યા પ્રમાણે અત્યન્ત ઘનિષ્ટ મૈત્રી-સંબંધ હોવા છતાં અને રા. હીરાલાલ ગણાત્રા પોતે વિદ્વાન હોવાથી રાજર્ષિ ભર્તૃહરિના કથન અનુસારઃ—

> " पापान्निवारयति योजयते हिताय
> गुह्यं च गूहति गुणान्प्रकटीकरोति ।
> आपद्गतं न च जहाति ददाति काले
> सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥

અર્થાત્ "પાપથી નિવારે છે, કલ્યાણકારક આચરણમાં લગાડે છે, મિત્રની ગુપ્તવાતોને છુપાવે છે, મિત્રના ગણોને પ્રકટ કરે છે, આપત્તિના સમયમાં મિત્રને ત્યાગી જતો નથી અને આવશ્યતા આવી

પડે તો મિત્રને ધન આદિની સહાયતા પણ અવશ્ય આપે છે એવું સારા મિત્રનું લક્ષણ હોય છે એમ સત્પુરુષો કહે છે." સન્મિત્રના એ લક્ષણને જાણતા હોવા છતાં જ્યારે પોતાના નિબંધ તથા પોતાના મિત્ર રા. જયકૃષ્ણ વર્માના પ્રાસ્તાવિકથી મુંબઇની સમસ્ત કચ્છી લોહાણાજાતિનો તેમના પ્રતિ તિરસ્કાર વિસ્તરેલો તેમના જોવામાં આવ્યો ત્યારે તેમણે પોતાના દોષને નિવારવામાટે સન્મિત્રના ઉપર્યુક્ત લક્ષણને સર્વથા ભૂલી જઇને સમસ્ત દોષનો પોટલો પોતાના મિત્ર રા. જયકૃષ્ણ વર્માના મસ્તકપર ચઢાવી દેવાનો જ પ્રયત્ન કર્યો છે અને એ પ્રયત્નથી પોતાની ભીરુતાનું જ પ્રદર્શન કરી બતાવ્યું છે. જો રા. હીરાલાલ ગણાત્રા આ વિષયમાં સર્વથા નિર્દોષ હોત અને કેવળ સત્યના સમર્થનમાટે જ તેમણે પોતાના મિત્રના દોષનો પ્રકાશ કરી બતાવ્યો હોત, તો તેથી તેમની અપૂર્વ નિષ્પક્ષપાત બુદ્ધિ જ સિદ્ધ થવાનો સંભવ હતો; પરંતુ પોતે આ વિષયમાં નિર્દોષ ન હોવા છતાં તેમણે પોતાના દોષને ઢાંકી દેવામાટે પોતાના મિત્રને જ સર્વ દોષના ઉત્તરદાતા તરીકે ઓળખાવવાની ચેષ્ટા કરી છે એટલે એથી તો તેમનો એક પ્રકારે મિત્રદ્રોહ જ સિદ્ધ થયો છે અને રા. શેઠ રાઘવજીભાઇનો બંધુદ્રોહ સપ્રમાણ પ્રમાણિત થઇ ગયો છે. આવી રીતે રા. હીરાલાલ ગણાત્રાએ પોતાના નિબંધની પ્રસ્તાવનાને ઉપર્યુક્ત પત્રમાં મુંબઇની કચ્છી લોહાણા જાતિના મનમાં આઘાત કરનારી અયોગ્ય પ્રસ્તાવના તરીકે સ્વીકારવાથી અમોને તો નિબંધલેખક, નિબંધપ્રકાશક તથા પ્રાસ્તાવિકલેખક એવી રીતે ત્રણે વ્યક્તિઓને દૂષિત માનવાનું અલભ્ય પ્રમાણ મળી ગયું છે અને તેમાટે અમો રા. હીરાલાલ ગણાત્રાના ઋણી છીએ; પરંતુ એથી રા. હીરાલાલ ગણાત્રાની પોતાની માનસિક દુર્બલતાનો જે સ્વાભાવિક પ્રકાશ થઇ ગયો છે તેમાટે અમારા મનમાં અતિશય શોક થાય છે. અસ્તુઃ આ વિવેચનથી એ તો હવે નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે કે રા. હીરાલાલ ગણાત્રાએ પ્રનામી નિબંધમાં તેમના પત્રમાંના તેમના કથન અનુસાર કેવળ

ઇતિહાસની વાતો જ લખેલી નથી, કિન્તુ ઇતિહાસની વાતોના નિમિત્તથી પાંચ સો રૂપિયાના લોભને વશ થઈ રા. શેઠ રાઘવજીભાઇના પ્રતિ-શોધપરાયણ આત્માના સંતોષમાટે મુંબઇના શ્રી લોહાણા કચ્છી મહાજન તથા કચ્છી લોહાણા–ફિંબડુના સમસ્ત લોહાણા જાતિ–ને તેમની પોતાની માન્યતા અનુસાર " **આંવઢા** " ઉપનામનો અર્થ હીન હોવાથી " **આંવઢા** " સિદ્ધ કરી બતાવવાનો જ મુખ્યત્વે પ્રયત્ન કરેલો અને પ્રાસ્તાવિકમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને ભયંકર ગાલિપ્રદાન કરવાની વિશેષ સામગ્રી રા. જયકૃષ્ણ વર્મા ને રા. હીરાલાલ ગણાત્રાના નિબંધના અંતિમ ભાગમાથી જ મળેલી છે.

અહીં એક અન્ય ભેદને પણ પ્રકાશમાં લાવવાની આવશ્યકતા છે અને તે એ કે જેવી રીતે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન-તથા કચ્છી લોહાણા જાતિના બહુધા સર્વ મનુષ્યોને ગાલિપ્રદાન કરવામાં રા. શેઠ રાઘવજીભાઈ, રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્માએ ઇનામી નિબંધના પ્રકાશક, લેખક તથા પ્રાસ્તાવિક-લેખક તરીકે 'જાતિદ્રોહ' નામક નાટકમાં અનુક્રમે રાજા, રાજાના સ્તુતિપાઠક તથા રાજા અને સ્તુતિપાઠકના પક્ષપાતી પૃષ્ઠપોષકની ભૂમિકાઓ ઇનામી નિબંધ નામક રંગભૂમિપર ભજવી છે તેવી જ રીતે રાજકોટમાં પ્રકટ થતા 'લોહાણા હિતેચ્છુ' નામક સાપ્તાહિક પત્રના તંત્રી તથા સ્વામી રા. લાલજી નાગજી ગણાત્રાએ પણ 'જાતિદ્રોહ' નામક નાટકમાં એ ત્રણે પ્રધાન વ્યક્તિઓના અગ્રદૂત–Herald–ની ભૂમિકા મહાકુશળતા પૂર્વક ભજવી બતાવી છે. આમ કહેવાનું અથવા લખવાનું કારણ એ છે કે જેવી રીતે યુદ્ધના સમયમાં સંદેશવાહક અગ્રદૂત સૈન્યથી પ્રથમ પ્રયાણ કરીને યુદ્ધની ઘોષણા કરી દે છે તેવી રીતે રા. શેઠ રાઘવજીભાઇનો ભાડુતી નિબંધ પુસ્તકાકારમાં પ્રસિદ્ધ થવા પૂર્વે તેમાંના રા. જયકૃષ્ણ વર્માના મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને કેવળ ગાલિપ્રદાન કરવામાટે જ લખાયલા પ્રાસ્તાવિકને વેદતુલ્ય માનીને રા. ભાઇ લાલજી નાગજી

ગણાત્રાએ પોતાના "આપણે લોહાણા" રઘુવંશી કે બાંવઢા?" એ વિષય પરત્વે એક ઇનામી નિબંધ શેઠ શ્રીરાઘવજી પુરૂષોત્તમ તરફથી થોડા સમય પર માગવામાં આવ્યો હતો. આ ઇનામી હરીફાઈનું પરિણામ અમે થોડા સમયપર પ્રગટ કરી ગયા છીએ. અત્યારે એ પુસ્તક છપાય છે અને તૈયાર થઇ પ્રકટ થતાં હજી થોડો સમય લાગશે. આ મેઆન અમારા કેટલાક વાંચકોના દબાણથી એ નિબંધ વિષે ભાઇ "જયકૃષ્ણ નાગરદાસ વર્માએ લખેલી માનનીય પ્રસ્તાવના અત્ર પ્રકટ કરીએ છીએ. એ પ્રસ્તાવનામાં નિબંધ માગવવાનાં કારણો સવિસ્તાર જણાવવામાં આવ્યાં છે, અને અમને આશા છે કે વાંચક વર્ગને તે મનનીય માર્ગદર્શક જણાશે. અ. લો. હિ." જુઓ "લોહાણા હિતેચ્છુ" નો તા. ૨૧ મી જૂન ૧૯૨૩ નો અંક. પૃષ્ટ ૬૭૭, કૉલમ બીજું) આવા પ્રકારના પ્રશંસાત્મક લઘુ પ્રાસ્તાવિક સહિત 'લોહાણા હિતેચ્છુ' ના તા. ૨૧ મી જૂન તથા તા. ૨૮ મી જૂન (૧૯૨૩) ના બે અંકોમાં એકંદર ૧૩ કૉલમનો ભોગ આપીને પ્રકાશિત કરી બતાવ્યું છે. જે પ્રાસ્તાવિકમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનના સંબંધમાં કિંબહુના સમસ્ત કચ્છી લોહાણા જાતિના સંબંધમાં

"न जारजातस्य ललाटशृंगम्
कुलप्रसूतस्य न पाणिपद्मम्।
यदा यदा मुंचति वाक्यबाणम्
तदा तदा जातिकुलप्रमाणम्" ॥

અર્થાત્: "વ્યભિચારથી ઉત્પન્ન થયેલા મનુષ્યના લલાટમાં શૃંગ-શીંગડું-નથી હોતું અને ઉત્તમ કુલમાં જન્મેલા મનુષ્યના હસ્તમાં પદ્મ-કમળ-નથી હોતું; કિંતુ જયારે જયારે મનુષ્ય પોતાના વાક્યબાણને છોડવા માંડે છે એટલે કે બોલવા માંડે છે ત્યારે ત્યારે તેના

બોલવાથી જ તેની જાતિ તથા તેના કુલનું પ્રમાણ મળી જાય છે.* " એટલે કે ઉત્તમ ઉદ્‌ગારોથી મનુષ્યની કુલીનતા સિદ્ધ થાય છે અને અધમ ઉદ્‌ગારોથી મનુષ્યની જારજતા—વર્ણસંકરતા—પ્રમાણિત થાય છે, આવા પ્રકારની મહાભયંકર ગાળ ભાંડી છે; કચ્છી લોહાણા મહાજનમંડળના સભ્યોનાં અમુક વાકયોને નીચ વાકયો તરીકે દર્શાવવાની ચેષ્ટા કર્યા પછી રા. જયકૃષ્ણ વર્માએ આ શ્લોકનાં બે ચરણ પ્રમાણ તરીકે ટાંકીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનમંડળના સભ્યોને 'જારજાત' કહેવા સુધીની ધૃષ્ટતા કરી બતાવી છે તે પ્રાસ્તાવિક રા. લાલજી નાગજી ગણાત્રાને માનનીય, મનનીય તથા માર્ગદર્શક દેખાયું છે એથી જ તેઓ શ્રીમાનની કચ્છી લોહાણાઓ વિષયક હિતેચ્છુતા સ્પષ્ટ દેખાઇ આવે છે. રા. ભાઇ લાલજી નાગજી ગણાત્રાએ રા. જયકૃષ્ણ વર્માના લખેલા એ ગાલિપ્રદાન પ્રાસ્તાવિકને પોતાના

---

* રા. જયકૃષ્ણ વર્માએ પોતાના લખેલા પ્રાસ્તાવિકમાં જો કે આ શ્લોકની પ્રથમ બે પંક્તિઓને ઉડાવી દઇને છેલ્લી બે પંક્તિઓ જ લીધી છે અને તેના સંબંધમાં રા. જાંબડીઆના "લોહાણા મૂળ રઘુવંશી છે, 'આંવઢા' નથી" શીર્ષક નિબંધના ઉપોદ્‌ઘાતમાં રા. ઠા. દેવજી ત્રીકમજી કારીઆએ જે "સાક્ષર શ્રી પોતે બારીસ્ટર સાહેબ છે, એટલે કાયદાના તેઓ ખાસ અભ્યાસી છે. આને લીધે પોતે કાયદાની ચુંગાલમાં ન ફસાઇ જાય તેની કાળજી રાખેલ જણાય છે. નહીં તો સાક્ષરશ્રી 'રાઘવજી શેઠના પગ પૂજતાં' કવિની ઉક્તિની છેલ્લી બે લીટીથી સંતોષ ન માનતાં આખો શ્લોક લખત." આ પ્રમાણેનો ઉલ્લેખ કર્યો છે તે ઉલ્લેખ પણ અહીં લક્ષમાં રાખી લેવા યોગ્ય છે. રા. ઠા. દેવજી ત્રીકમજી કારીઆ પોતે પણ એક ધારાશાસ્ત્રી હોવાથી કદાચિત્ તેમના કથન અનુસાર ઉપર્યુક્ત શ્લોકનાં પ્રથમ બે ચરણોને ઉડાવી દેવાથી રા. જયકૃષ્ણ વર્મા કાયદાની ચુંગાલમાંથી છટકી જાય; (જો કે અમારી પોતાની માન્યતા એવી નથી) તો પણ તેમણે આપેલી બે પંક્તિઓ એ જ શ્લોકની હોવાથી અને પ્રથમની બે પંક્તિઓ વિના અંતિમ બે પંક્તિઓના અર્થની સ્પષ્ટતા અશક્ય હોવાથી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને તેમણે 'જારજાત'—વર્ણસંકર—ની

પત્રમાં તેના પ્રકાશન પૂર્વે પ્રકાશિત કરીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત કચ્છી લોહાણા જાતિને ભયંકર અપમાન પહોંચાડવાનો પ્રથમ વાર જ પ્રયત્ન કર્યો છે એમ નથી; કારણ કે, બહુધા છેલ્લાં ત્રણ કે ચાર વર્ષથી રા. લાલજી નાગજી ગણાત્રાએ કોઇ પણ પ્રકારના કારણ વિના કચ્છી લોહાણાઓપર નાના પ્રકારના આક્ષેપો કરવાના, કચ્છી લોહાણાઓને નિન્દવાના, મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનની અવગણના કરવાના અને તેમ કરીને પોતાના પત્રના ‘ લોહાણા હિતેચ્છુ ’ નામને બદલે ‘ લોહાણા વૈરેચ્છુ ’ નામની સાર્થકતા કરી બતાવવાના ભયાનક વ્યવસાયને આરંભી દીધો છે અને તેનું પરિણામ એ થયું છે કે લોહાણા કૉન્ફરન્સના જન્મદાતા પિતા

પદવી આપી છે એ તો સર્વથા નિર્વિવાદ છે. અર્થાત્ જો નૈતિક દૃષ્ટિથી જોવામાં આવે તો મુખ્યત્વે કચ્છી લોહાણા જાતિની આર્થિક સહાયતાથી જ અસ્તિત્વ ભોગવતી મુંબઇની ના. ઇ. અને બૂ. સો. ઉંચી કેળવણીની બોર્ડિંગમાં બહુ અંશે કચ્છી લોહાણાના આશ્રયથી જ અભ્યાસ કરીને રા. જયકૃષ્ણ વર્માએ વિદ્વત્તાને પ્રાપ્ત કરેલી હોવા છતાં તેમને બી. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા પછી બૅરિસ્ટરની પરીક્ષામાં પાસ થઇ આવવામાટે વિલાયત મોકલનાર પોતાના અંતિમ આશ્રયદાતા શેઠ રાઘવજીભાઇના સંતોષમાટે પોતાના પૂર્વ આશ્રયદાતાઓને તેમના સર્વ ઉપકારોને ભૂલી જઇને આવી નીચથી પણ નીચ તથા અત્યંત ઘૃણાજનક ગાળ ભાંડવાની ધૃષ્ટતા કરી બતાવી છે અને રા. હીરાલાલ ગણાત્રાએ તેના પ્રતિ પોતાનો લેશમાત્ર પણ વિરોધ ન દર્શાવતાં મૌનરૂપ અનુમોદન દર્શાવ્યું છે તેથી એ ઉભય વિદ્વાન્ લોહાણા નરરત્નોનાં જાતિ તથા કુલ આદિનું આપણને યથેચ્છ પ્રમાણ મળી આવે છે. ‘**साक्षरा विपरीता राक्षसा भवन्ति**’ એ નિયમનું આનાથી શ્રેષ્ઠતર તથા પ્રબલતર પ્રમાણ અન્યત્ર ક્યાંય પણ કોઇને મળી શકે તેમ છે ખરૂં કે ? એક સામાન્ય મનુષ્ય પણ જે ગાળને પોતાના મુખથી ઉચ્ચારતાં અચકાય તે ગાળને આ સાક્ષરવર્ય પોતાથી લેખિનીથી પુસ્તકમાં લખતાં પણ ન અચકાય ! સાક્ષરમાટે આનાથી લજ્જાસ્પદ વિષય અન્ય શો હોઇ શકે ?

સ્વ. કાનજી ઓધવજી હિંડોચાની તેમ જ લોહાણા કૉન્ફરન્સના અન્યાન્ય સ્વર્ગીય તથા વિદ્યમાન અગ્રેસરોની કચ્છી, હાલાઇ, ઘોઘારી તથા ગુજરાતી નામક લોહાણા જાતિના દેશભિન્નતાના કારણથી થયેલા ચાર ભિન્ન ભિન્ન વિભાગોમાં પરસ્પર ઐક્ય, અનુકંપા, પ્રેમ તથા સંપ આદિને સ્થાપવાની જે પ્રબળ ઇચ્છા હતી તે ઇચ્છાની સર્વથા નિષ્ફળતા થઇ જવાની અને કચ્છી, હાલાઇ, ઘોઘારી તથા ગુજરાતી લોહાણાઓમાં ઐક્ય, અનુકંપા, પ્રેમ તથા સંપને બદલે ભેદભાવ, તિરસ્કાર, વૈરભાવ તથા કુસંપ આદિનો જ્વાળામુખી ફાટવાની અણીપર આવી લાગ્યો છે; કારણ કે, મુંબઇમા જે વેળાયે ઇ. સ. ૧૯૧૦ માં પ્રથમ લોહાણા પરિષદ્‌નો સમારંભ થવાનો હતો તે સમયથી જ હાલાઇ લોહાણા ભાઇઓએ કચ્છી લોહાણાઓની અકારણ છેડતીઓ કરવાનો જે આરંભ કર્યો હતો * તેનો અદ્યાપિ અંત નથી આવ્યો અને “ લોહાણા

* “ આવી રીતે કચ્છી લોહાણાને હલકા પાડવાનો પ્રયત્ન સને ૧૯૧૦ મા ‘ પ્રથમ લોહાણા પરિષદ્ ’ ને વખતે થયો હતો. ‘ મુંબઇ સમાચાર ’ ના અધિપતિની નોંધમાં એમ જણાવવામાં આવ્યું હતું કે “ કચ્છી લોહાણાઓ હાલાઇઓ અને ઘોઘારીઓ કરતાં પૈસેટકે સુખી છે, પરંતુ સંસારી દરજ્જામાં તેઓ તેમનાથી ઉતરતા છે.” આ લેખ ઉપરથી કચ્છી લોહાણાઓમાં મોટો ખળભળાટ થયો હતો અને તેઓએ પરિષદ્‌માં હાજરી ન આપવાનો ઠરાવ પણ કર્યો હતો, એટલે પ્રથમ પરિષદ્ વિખેરાઇ જવાના મોટા ભયમાં આવી પડી હતી. આ વખતે આ લેખક તથા ઠક્કર ધારસી હેમરાજ અને ઠક્કર શિવદાસ ચાંપસીએ ‘ મુંબઇ સમાચાર ’ ને મેસર્સ્ ક્રૅપ્ટન્ અને વૈદ્ય સોલી-સીટરો માર્ફત નોટીસ આપી હતી, એટલે ‘ મુંબઇ સમાચારે ’ કચ્છી લોહાણાઓને હલકા પાડનાર શબ્દો ખેંચી લીધા હતા અને તેમના દરજ્જા અને મોભાને શોભા આપનારી અધિપતિની બીજી નોંધ લીધી હતી; અને તે જ વખતે હાલાઇ અને ઘોઘારી લોહાણા ભાઇઓએ પણ પોતાની નાતો તરતમાં એકત્ર કરી કચ્છી લોહાણાભાઇઓનો મોભો અને દરજ્જો સાચવનારા ઠરાવો પસાર કરી હેન્ડબીલોદ્વારા તે ઠરાવો પ્રકાશમાં આણી શાંતિ પ્રસરાવી અને

હિતેચ્છુ” નો તો કચ્છી લોહાણાઓને હીણવાનો આજકાલ એક નિત્યનો વ્યવસાય જ થઇ પડયો છે અને તેથી હવે જો કચ્છી લોહાણાઓ પણ પોતાની પ્રતિષ્ઠા તથા પોતાના ગૌરવને સુરક્ષિત રાખવામાટે વિરોધ તથા પ્રતિકાર નામક શસ્ત્રોને પોતાના હસ્તમાં ધારણ કરી લે અને અત્યારના યુગધર્મ અનુસાર પોતાની લેખિનીની સહાયતાથી પોતાના એ વિરોધ તથા પ્રતિકારને દર્શાવવા માંડે, તો આશા છે કે હાલાઇ ભાઇઓ હવે કચ્છી લોહાણાઓને કોઇ પણ પ્રકારનો દોષ નહિ જ આપે; કારણ કે, હાલાઇ લોહાણાઓ નિરંતર આક્રમણકારીના આક્રમણકારી (Offencive) જ રહેતા હોવાથી હવે જો કચ્છી લોહાણાઓ આત્મરક્ષક (Deffencive) પણ ન થાય તો એ કચ્છી લોહાણાઓની અત્યંત દુર્બલતા તથા ષંઢતા જ કહી શકાય.

રા. ભાઇ લાલજી નાગજી ગણાત્રાએ પોતાના ‘ લોહાણા હિતેચ્છુ ’ પત્રદ્વારા તેમ જ કેટલીક અન્ય પ્રવૃત્તિઓદ્વારા કચ્છી લોહાણા-

---

પ્રથમ પરિષદ્નું કામ સફળ ઉતાર્યું.” (જુઓ રા. ખંધડીઆકૃત “ લોહાણા મૂળ રઘુવંશી છે ‘ ખાંવઢા ’ નથી ” શીર્ષક નિબંધનો રા. ઠા. દેવજી ઓક-મજી કારીઆ લિખિત ઉપોદ્ઘાત, પૃષ્ઠ ૩ અને ૪.)

અહીં જણાવવાની આવશ્યકતા છે કે ‘ મુંબઈ સમાચાર ’ માં કચ્છી લોહાણાની આવી જૂઠી બદનક્ષી કરનાર એક હાલાઇ લોહાણા લેખક જ હતા અને એ વાર્તા પ્રકાશમાં પણ આવી ગઇ હતી એટલે હાલાઇ તથા ઘોઘારી લોહાણાભાઇઓએ પોતાની નાતો તરતમાં એકત્ર કરી કચ્છી લોહાણાઓનાં સંતપ્ત હૃદયોને શાંત કરવામાટે કચ્છી લોહાણાજાતિની પ્રતિષ્ઠા તથા ગુરૂતાને રક્ષનારા ઠરાવો પસાર કરીને તે ઠરાવોને હસ્તપત્રકના રૂપમાં પ્રસરાવી શાંતિને સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો. જો એક હાલાઇ લોહાણા લેખકે આ દીવાસળી ન મૂકી હોત, તો ‘ મુંબઇ સમાચાર ’ના પારસી અધિપતિને કચ્છી લોહાણા જાતિની આવી અકારણ અને અસત્ય નિન્દા કરવાનું કાંઇ પણ કારણ ન હોતું. અર્થાત્ અધિપતિની નોંધમાં એ ભમરડો વાળ્યો એક અવિચારી હાલાઇ લોહાણાએ અને જવાબદારી આવી-પડી અધિપતિના માથાપર.

ઓને ધિક્કારપાત્ર રીતિથી હીણવાના અત્યાર સુધીમાં જે જે પ્રયત્નો કરેલા છે તે સર્વ પ્રયત્નોને આ પુસ્તકમાં જ પ્રકાશમાં લાવવાનો તથા તેમના સર્વ આક્ષેપોનાં સમર્પક ઉત્તરો આપવાનો; માત્ર એટલું જ નહિ, પણ જે કેટલાક સુશિક્ષિત, વિદ્વાન્, બુદ્ધિશાળી તથા અનુભવી હાલાઇ લોહાણા અગ્રેસરોએ ‘ લોહાણા પરિષદો’ના પ્રસંગે પોતાનાં ભાષણોમાં ઉચ્ચારેલાં વચનોનો પોતે જ ભંગ કરીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તેમ જ સમસ્ત કચ્છી લોહાણા જાતિનો જે તિરસ્કારપાત્ર અનાદર કરવા માંડયો છે અને ઐક્યસ્થાપનાની ભાવનાને સર્વથા તિલાંજલિ સમર્પી દીધી છે એ રહસ્યને પણ પ્રકાશિત કરી દેવાનો અમારો મનોભાવ હતો; પરંતુ તે વિભાગ ૧૫૦ પૃષ્ઠથી પણ મોટો થવાનો અને તેટલા વિભાગને છપાવતાં લગભગ દોઢ મહિના જેટલો સમય વીતી જવાનો સંભવ હોવાથી અને પ્રસ્તુત પુસ્તકને સત્વર પ્રકાશિત કરવાની આવશ્યકતા અનિવાર્ય હોવાથી અમારે તે વિભાગને પ્રકાશિત કરવાનું કાર્ય અનિચ્છાપૂર્વક બે મહિનાને માટે મુલ્તવી રાખવું પડ્યું છે. પ્રસ્તુત પુકસ્તકના પ્રકાશન પછી ઇશ્વરકૃપાથી જો કોઇ વિઘ્ન ઉપસ્થિત નહિ થાય તો તે પુસ્તક બે માસના કાલાવધિમાં બહાર પાડી દેવામાં આવશે અને તે પુસ્તકના વાંચનથી હાલાઇ લોહાણા ભાઇઓ કચ્છી લોહાણા બંધુઓ પ્રતિ કેવા પ્રકારનો પ્રેમભાવ ધરાવે છે એ ભેદ ભોળા તથા ભલા કચ્છી લોહાણા બંધુઓના જાણવામાં આવી જતાં તેમની ભ્રાન્તિનું નિવારણ થઇ જશે એવો અમારો દઢ વિશ્વાસ છે; કિંબહુના એ દ્વિતીય પુસ્તકના વાંચનથી કચ્છી લોહાણા બંધુઓ ‘લોહાણા પરિષદો’માં પોતાના હાલાઇ લોહાણા બંધુઓના હસ્તથી કેટલી સીમા પર્યન્ત ઠગાયા છે, મૂર્ખ બન્યા છે, કચ્છી લોહાણાઓની સ્વાભાવિક સરળતા તથા ઉદારતાનો કેવો વિપરીત લાભ લેવામાં આવ્યો છે અને હજી પણ જો કચ્છી લોહાણા બંધુઓ વખતસર નહિ ચેતે, તો ભવિષ્યમાં તેમની કેટલી સીમા પર્યન્ત હાનિ થવાનો સંભવ છે એ રહસ્યનો પણ કચ્છી

લોહાણા બંધુઓનાં નેત્રો સમક્ષ માધ્યાહ્ન સૂર્યપ્રકાશ સમાન પ્રકાશ થઇ જશે.

અસ્તુ હવે અમારે શેઠ રાઘવજીભાઇને એટલું જ કહેવાનું છે કે શ્રીમાન્ શેઠ રાઘવજી ભાઇ, કચ્છની જે રત્નગર્ભા લોહાણા જાતિમાં દેવકરણ શેઠ, પૂંજા શેઠ, જીવણ શેઠ, દેવજી શેઠ, દેવચંદ શેઠ, જેમના વંશમાં આપનો પોતાનો જન્મ થયો છે તે સનાતન વૈદિક ધર્મના રક્ષક, કચ્છના હિન્દુ રાજ્યને અવિચલ રાખનાર, રણવીર તથા જે પરમરાજનીતિજ્ઞ પુરુષના સંબંધમાં આવા પ્રકારની પ્રશસ્તિઓ રચાયલી છેઃ—

"પડ જાતે દેવલ ઔર દેશમેં મસીદ હોત,
દેવહૂકી મૂરતી સૌ ધરાઇ લોગ ધરતે;
પક્કડતે કલમા સબ અલલ્લા મહંમદહૂકે,
હિન્દુ મુસલમાન હોકે ટારેહૂ ન ટરતે;
ગઓકો બુલાયકે દારૂમેં દીવાના કર,
લાખા ઔ દેશલકે ખજાને સબ હરતે;
કા કચ્છવાલે રજપૂત તુમ ગુમરાઇ કરો,
મેઘજી ન હોતે તો મ્લેચ્છ રાજ્ય કરતે !"

× × × × ×

"મેઘજી ખરો વંકો રે;
જેથી વાગ્યો દેશમાં ડંકો."

તે પોતાની કીર્તિના યોગે અમર તથા ચિરસ્મરણીય થયેલા આપ શ્રીમાનના પ્રપિતામહ ભારતવિખ્યાત મેઘજી શેઠ તથા શેઠ કલ્યાણજી કમલાણી જેવા અદ્વિતીય ચાણક્યપ્રતિમ રાજનીતિજ્ઞ, કર્ણતુલ્ય દાનશીલ, લો. મા. તિલક સમાન દેશભક્ત, મહાદેવપુત્ર સ્કંદ સમાન સંગ્રામશૂર તથા અનન્ય રાજનિષ્ઠ તરીકે સર્વત્ર ખ્યાતિ પામેલા અને પોતાની જાતિની પ્રતિષ્ઠાના રક્ષણમાટે '**આંવઢા**' ઉપનામથી વિભૂષિત થયેલા અનેક નરરત્નોનો જન્મ થયેલો છે તે જ ઇતિહાસપ્રસિદ્ધ

તથા રત્નગર્ભા કચ્છી લોહાણા જાતિમાં ઉત્પન્ન થવાનું સૌભાગ્ય આપ શ્રીમાનને પણ પ્રાપ્ત થયેલું હોવાથી જેવી રીતે કેટલાક લોકો ' ભાઇ, આ દુનિયા દગાબાજ છે, અને ' લોકોમાં હવે કળિયુગ વ્યાપી ગયો છે' આવા પ્રકારના ઉદ્દગારો કાઢતી વેળાયે પોતાને દુનિયાથી જૂદા તથા કળિયુગના પ્રભાવથી સર્વથા અલિપ્ત માનવાનો પ્રમાદ કરતા રહે છે; પરંતુ એથી તેઓ દુનિયાથી જૂદા તથા કળિયુગના પ્રભાવથી અલિપ્ત રહી શકતા નથી, તેમનો પણ દુનિયામાં જ સમાવેશ થઇ જાય છે; તેવીજ રીતે ' બાંવઢા ' વિશેષણ કિંવા ઉપનામનો અર્થ આ પુસ્તકમાં દર્શાવ્યા પ્રમાણે અત્યંત ઉત્તમ હોવા છતાં આપ શ્રીમાન્ ભ્રમના કારણથી ' **બાંવઢા** ' ઉપનામના હીન અર્થને સ્વીકારતા હો, તો પણ આપ શ્રીમાન્ કચ્છી લોહાણા હોવાથી ' **બાંવઢા** ' જ છો એ સત્યને આપ શ્રીમાને કદાપિ ભૂલી જવાનું નથી; અર્થાત્ પોતાના લખાવેલા નિબંધમાં કચ્છી લોહાણા જાતિનાં સર્વ મનુષ્યોને આપની માન્યતા અનુસાર અર્થમાં ' **બાંવઢા** ' કહેવડાવીને આપ શ્રીમાન્ પોતે ' **બાંવઢા** ' ઉપનામથી પોતાને અલિપ્ત માનતા હો, તો જેવી રીતે ' **બાંવઢા** ' શબ્દના વિપરીત અર્થને સ્વીકારવામાં આપના હસ્તથી એક પ્રમાદ થયો છે તેવીરીતે પોતાને ' **બાંવઢાં** 'ન માનવામાં આપનો આ બીજો તેથી પણ ભયંકર પ્રમાદ થાય છે. આપ વિચાર-શીલ છો, બુદ્ધિમાન્ છો, ધનાઢ્ય હોવા સાથે ઉદારાત્મા છો અને અત્યાર સૂધીમાં આપ શ્રીમાને જ્ઞાતિહિતનાં તથા સામાન્ય પરોપકા-રનાં કેટલાંક પ્રશંસનીય કાર્યો પણ કરેલાં છે; તો આપ શ્રીમાનને અમારી માત્ર એટલી જ નમ્ર સૂચના છે કે કોઈ પણ કારણવશાત્ પોતાની વિવેકબુદ્ધિની સમતોલતાને ખોઇ દઇને અયોગ્ય કોપના આવેશમાં આપ શ્રીમાને પોતાના આશ્રિતોદ્વારા મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન અને 'મહાજન' શબ્દમાં સમસ્ત જ્ઞાતિનો સમાવેશ થતો હોવાથી+ સમસ્ત કચ્છી લોહાણા જાતિને કદાપિ ન ભંડાવવી જોઇએ

+ 'મહાજન' શબ્દમાં જેમ જ્ઞાતિના અગ્રેસરો અથવા નેતાઓના અર્થનો

તેવી નીચ ગાળો ભંડાવી છે તેમાટે શુદ્ધ અંતઃકરણથી પશ્ચાત્તાપ કરીને મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન સમક્ષ પોતાનો ખેદ દર્શાવો અને પોતાના જ્ઞાતિબાંધવોને ગાળો ભંડાવવાનો જે કલંક આપનાં અનેક સત્કૃત્યોને કલંકિત કરી રહ્યો છે તે કલંકને પશ્ચાત્તાપરૂપ ગંગાજળથી ધોઇ નાખીને સત્વર નિષ્કલંક થઈ જાઓ; કારણ કે, એથી જ આપના અંતઃકરણની શુદ્ધતા, વિવેકિતા, સત્યપ્રિયતા, નિરભિમાનિતા તથા અપૂર્વ ઉદારતાના પ્રકાશનો સંભવ છે. 'લઘુતામેં પ્રભુતા બસત, પ્રભુતાસે પ્રભુ દૂર' એ તત્ત્વ તો આપના લક્ષમાં હોવું જ જોઇએ એટલે આપને અધિક ઉપદેશ આપવાની આવશ્યકતા નથી. આવા પ્રસંગે દુરાગ્રહ દર્શાવવો એ બુદ્ધિમાનનું કર્તવ્ય નથી. પછી તો જેવી આપ શ્રીમાન્‌ની ઇચ્છા.

રા. શેઠ રાઘવજીભાઇના ઇનામી–બાહુતી–નિબંધના લેખક રા. હીરાલાલ ગણાત્રા તથા તે નિબંધની પ્રસ્તાવનાના લેખક રા. જયકૃષ્ણ વર્માના સંબંધમાં મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન તથા સમસ્ત કચ્છી લોહાણા બંધુઓને અમારી એ જ પ્રાર્થના છે કે રા. હીરાલાલ ગણાત્રા તથા રા. જયકૃષ્ણ વર્માએ અનુક્રમે રૂપિયા પાંચ સો મેળવવાના લોભ તથા પક્ષપાતના કારણથી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન અથવા અન્ય શબ્દોમાં કહેવામાં આવે તો સમસ્ત કચ્છી લોહાણા જાતિને અનુક્રમે નિંદવાનો તથા ભયંકર

સમાવેશ થાય છે તેવી જ રીતે સમસ્ત જ્ઞાતિસમૂહના અર્થનો પણ સમાવેશ થઇ જાય છે; કારણ કે, નેતાઓનું નિર્વાચન કરનાર તો જ્ઞાતિસમુદાય જ હોય છે. આ કારણથી શબ્દકોષોમાં 'મહાજન' શબ્દના અન્ય અર્થો સાથે 'જ્ઞાતિ' અર્થ પણ આપવામાં આવ્યો છે. રા. એમ. બી. બેલસરેએ પોતાની રચેલી 'ગુજરાતી ઈંગ્લિશ ડિક્ષનરી' માં 'મહાજન' શબ્દનો અર્થ 'Community' આપેલો છે તે એ જ કારણથી. જ્ઞાતિના અર્થમાં 'મહાજન' શબ્દનો પ્રયોગ એક સામાન્ય વિષય હોવાથી એનું અધિક વિવેચન અનાવશ્યક છે.

અનમાનકારક ગાળો ભાંડવાનો નિબંધ તથા પ્રસ્તાવિકમાં જે ઘૃણાજનક ઉદ્યોગ કરેલો છે તેમાટે મુંબઇના આપણા દરિયાસ્થાનમાં આપણી સમસ્ત જ્ઞાતિની એક પ્રચંડ સભા ભરીને સંપૂર્ણ તિરસ્કાર દર્શાવો અને સમસ્ત કચ્છી લોહાણા જાતિને તેમણે પહોંચાડેલા એ અકારણ અપમાનનું તેમની પાસેથી યોગ્ય ઉત્તર માગો; કારણ કે, જેમણે લંકાપતિ રાવણના મદનું પણ નિમેષમાત્રમાં મર્દન કરી નાખ્યું હતું તે અયોધ્યાનાથ ભગવાન્ શ્રી રામચન્દ્ર રઘુકુલતિલક આપણા પવિત્ર તથા પ્રતિષ્ઠિત વંશના આદિપુરુષ તથા સમસ્ત વિશ્વમાં જે દેવીની આદર્શતા અદ્યાપિ અદ્વિતીય મનાય છે તે મહાસતી સાધ્વી અને પ્રાતઃસ્મરણીયા સીતા દેવી આપણા વંશની આદિમ જન્મદાત્રી માતા હોવાથી; પંચનદ (પંજાબ), સિંધુ (સિંધ) તથા કચ્છ દેશની વીરભૂમિઓએ પોતાના વીર્યશાળી વાતાવરણ, ધાન્ય તથા જળવડે આપણાં પિંડોને પોષેલાં હોવાથી; આપણી રત્નગર્ભા જ્ઞાતિમાં પૂર્વકાળમાં થઇ ગયેલા વીર લંઘરીરાય, વીર આજાનુબાહુ (અજાનબાહુ) વીર કતારીઓ, દાદા જશરાજ, વરુણાવતાર શ્રી ઉદેરાલાલ* તથા એવા જ અન્યાન્ય અનેક વીર પુરુષો–આપણા પૂર્વજો–ની પરાક્રમશીલતા, વીરતા, ઓજસ્વિતા, તેજસ્વિતા તથા આત્મશ્રદ્ધા આદિ સદ્ગુણપરંપરા આપણામાં અદ્યાપિ બહુ અંશે વિદ્યમાન હોવાથી અને આપણી એ વીરતાના યોગે અદ્યાપિ આપણી કચ્છી લોહાણા જાતિની પ્રતિષ્ઠા સર્વત્ર રક્ષાયલી હોવાથી આપણને ભંડાયલી આ ભયંકર ગાળોને અત્યારે જો આપણે મૂક મુખથી સહન કરીને બેસી રહીશું, તો આપણા વિરોધીઓ આપણી એ ક્ષમાશીલતાજન્ય મૂકવૃત્તિ–મૌન–ને

---

* 'શ્રી અમરલાલ ચરિત્ર' નામક મારા પૂજ્ય પિતાશ્રીના રચેલા ગ્રંથમાં ઉદેરાલાલનું વિસ્તૃત જીવનચરિત્ર લખવામાં આવ્યું છે, એ ગ્રંથની સચિત્ર બીજી આવૃત્તિ છપાયલી છે અને તે મુંબઇ, કોટ, 'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસમાં અઢી રૂપિયાની કીમતથી મળી શકે છે.

આપણી નિર્બળતાના પ્રમાણ તરીકે જ સ્વીકારી લેશે અને આપણને અશક્ત ધારીને આપણા અન્ય વિરોધીઓ કદાચિત્ આપણી જ્ઞાતિનું આનાથી પણ વધારે ભયંકર અપમાન કરવાને કટિબદ્ધ થઇ જશે. 'ડોશી મરી જાય તેનો ભય નથી, પણ જમડો ઘર જોઇ જાય તેનો જ ભય છે,' એ વાર્તાનું અત્યારે આપણે નિરંતર સ્મરણ રાખવાનું છે. આ ગાળો એક વ્યક્તિને ભાંડવામાં આવી નથી, કિન્તુ આપણી સમસ્ત જ્ઞાતિને ભાંડવામાં આવી છે અને તેથી આપણી કચ્છી લોહાણા જાતિની પ્રતિષ્ઠાને સુરક્ષિત રાખવામાટે એ ગાળો ભાંડનાર સદ્‌ગૃહસ્થો પાસેથી એ ગાળો ભાંડવાનો જવાબ માગવાની કેટલી અને કેવી અનિવાર્ય આવશ્યકતા છે એ આપણા વીર કચ્છી લોહાણા બંધુઓને નવીનતાથી દર્શાવવાની આવશ્યકતા હોય એવી આ પુસ્તકના લેખક તથા પ્રકાશકની માન્યતા નથી. અહીં કદાચિત્ એવા પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે કે સમસ્ત કચ્છી લોહાણાજાતિને આવી નીચ ગાળો ભંડાવનાર તથા ભાંડનાર પાસેથી એ અપમાનનું ઉત્તર કેવી રીતે માગવું? શારીરિક બળના પ્રયોગથી કે કોઇ અન્ય ઉપાયથી? તો એ પ્રશ્નનું ઉત્તર એ જ છે કે અત્યારના યુગના ધર્મને અનુસરીને શારીરિક બળનો કિંવા અન્ય કોઇ પણ પ્રકારની ઉચ્છૃંખલતાનો પ્રયોગ ન કરતાં પ્રથમ તો શ્રી હરિયાસ્થાનમાં સમસ્ત કચ્છી લોહાણા જાતિની એક પ્રચંડ સભા ભરી એ ગાલિપ્રદાન-નિબંધ લખાવનાર રા. શેઠ રાઘવજી પુરુષોત્તમ, નિબંધલેખક રા. હીરાલાલ ગણાત્રા, પ્રસ્તાવનાલેખક રા. જયકૃષ્ણ વર્મા તથા તે પ્રસ્તાવનાને પોતાના પત્રમાં પ્રથમ પ્રકાશિત કરનાર રા. લાલજી નાગજી ગણાત્રા તેમ જ એ નિબંધના મુદ્રક રા. વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કર (વડોદરાના 'લોહાણામિત્ર સ્ટીમ પ્રિન્ટિંગ પ્રેસ'ના માલિક)ના એ નિંદ્ય કૃત્ય પ્રતિ તિરસ્કાર દર્શાવવો; રા. હીરાલાલ ગણાત્રાના રા. શેઠ ધર્મસિંહ ભવાન હરભમના નામે લખેલા પત્રમાંના **"હા, પ્રસ્તાવના એવી છે ખરી,"** એ પાંચ શબ્દોના બનેલા અર્ધ વાક્યથી જ એ માન્યવર પાંચે વ્યક્તિઓનો દોષ સપ્રમાણ

સિદ્ધ કરતા હોવાથી એ માન્યવર પાંચે વ્યક્તિઓને તેમના એ અપકૃત્યમાટે મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજન સમક્ષ ખેદ પ્રદર્શિત કરીને ક્ષમા માગવાની સૂચના આપી દેવી; જો તેઓ ખેદ દર્શાવીને ક્ષમા માગે તો તેમના ક્ષમાપત્રને વર્તમાનપત્રોમાં પ્રકટ કરાવીને આ વિવાદનો આટલેથી જ અંત લાવી નાખવો અને જો તેઓ શોમાનો એકલો વિવેક પણ ન દર્શાવે, તો પછી મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજને પોતાના મૂળ સ્વરૂપ તથા પોતાની વિશાળ સત્તાનો યોગ્ય વિચાર કરીને કચ્છી લોહાણા જાતિની પ્રતિષ્ઠાના રક્ષણમાટે પોતાની ઇચ્છા અનુસાર યોગ્ય ઉપાયોને યોજી બતાવવા; કારણ કે, મુંબઇનું શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળ અશક્ત તથા નિર્બળ ન હોવાથી એ વિષયમાં પોતાની ઇચ્છા અનુસાર પોતાની પ્રત્યેક શક્તિનો ઉપયોગ કરી શકે તેમ છે. મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનમાં ધનાઢ્ય સદ્ગૃહસ્થ, વિચારશીલ, બુદ્ધિમાન્, દીર્ઘદૃષ્ટિ તથા તેજસ્વી પુરુષોની ન્યૂનતા નથી એટલે જો તેઓ ધારે તો આ વિષયમાં તેમનાથી ગમે તેવા કઠિન તથા તીવ્ર ઉપાયો પણ યોજી શકાય તેમ છે; કારણ કે. મહાપ્રતાપી અને ન્યાયશીલ બ્રિટિશ્ સામ્રાજ્યમાં જેમના યોગે જનસમાજની શાન્તિનો ભંગ થવાનો સંભવ ન હોય તેવા સર્વ પ્રકારના ઉપાયો પોતાને થયેલા અન્યાયના નિવારણમાટે કોઇ પણ પ્રકારના પ્રતિબંધ વિના યોજી શકાય છે અને તે મુંબઇનું શ્રી કચ્છી લોહાણા મહાજન મંડળ સારી રીતે જાણે છે એટલે અમારે એ વિષયમાં વિશેષ પરામર્શ કિંવા ઉપદેશ આપવાની આવશ્યકતા નથી. માત્ર એટલું કહેવાની આવશ્યકતા અનિવાર્ય છે કે, ઉપર્યુક્ત જે વ્યક્તિઓએ કચ્છી લોહાણા જાતિનું જે મહાભયાનક અપમાન કર્યું છે તે અપમાનનું યથાશક્ય શીઘ્રતાથી તે વ્યક્તિઓ પાસેથી યોગ્ય ઉત્તર મેળવવાનો જો કોઇ પણ પ્રકારનો પ્રયત્ન કરવામાં નહિ આવે, તો તેથી આપણી નિર્બળતા જ સિદ્ધ થવાની છે અને નિર્બળતા સમાન આ સંસારમાં અન્ય કોઇ પણ ભયાનક પાપ ન હોવાથી એ પાપના અવલંબનથી આપણે આત્મવંચક, નિર્માલ્ય, જ્ઞાતિદ્રોહી, દેશદ્રોહી

તથા વંશવિઘાતક પ્રમાણિત થઇએ એ નિર્વિવાદ છે. દીર્ઘસૂત્રી થવાનો, અયોગ્ય સહિષ્ણુતાને દર્શાવવાનો તથા મૌનનું અવલંબન કરીને માથે હાથ દઇ બેસી રહેવાનો આ અવસર નથી; કારણ કે, આ સમસ્ત કચ્છી લોહાણા જાતિની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોવાથી આ પ્રશ્નનો સંતોષકારક નિર્ણય થવો જ જોઇએ અને કચ્છી લોહાણા જાતિની પ્રતિષ્ઠા નિષ્કલંક તથા સુરક્ષિત રહેવી જ જોઇએ. કચ્છી લોહાણા બંધુઓ, પૂર્વે અમો જણાવી ચુક્યા છીએ તેવી રીતે રા. શેઠ લાધ-વજીભાઇના લખાવેલા ઇનામી બાબુની નિર્ણયની પ્રસ્તાવનામાં આપણને 'જારજાત' કહેવામાં આવ્યા છે. 'જારજાત' શબ્દના શા અર્થો થાય છે તે આપ જાણો છો ખરા કે? એ શબ્દનો કુલટા અથવા વ્યભિચારિણી સ્ત્રીના ઉદરથી ઉત્પન્ન થયેલા પુત્ર એટલે કે કૌલટેય તેમ જ દાસીપુત્ર તથા વિજાત એટલે કે જાતિહીન આદિ અર્થોને દર્શાવવામાટે પ્રયોગ કરાય છે અને 'જારજ' અથવા 'જારજાત' પુત્ર કોઇ પણ પ્રકારના ધર્મકાર્ય કિંવા પિંડદાન આદિનો અધિકારી થઇ શકતો નથી.×

અર્થાત્ આવી ભયંકર ગાળોને અત્યારે આપણે સહન કરી લઇએ અને આપણો પ્રબળ વિરોધ ન દર્શાવીએ, તો '**મૌનમર્ધાનુમોદનમ્**' (Silence is half consent' અથવા 'ચુપકીદી અરધી કબૂલાત છે') એ ન્યાય અનુસાર હાલાઇ, લોધારી

× કોઈ પણ સ્ત્રીનો તે પુત્ર કે જેની ઉત્પત્તિ તે સ્ત્રીના જાર અથવા ઉપપતિના સંયોગથી થયેલી હોય છે તે પુત્ર 'જારજ' કહેવાય છે. ધર્મ-શાસ્ત્રમાં 'જારજ' બે પ્રકારના માનવામાં આવ્યા છે. જે પુત્ર સ્ત્રીના વિવાહિત પતિના જીવનકાલમાં તેના ઉપપતિ અથવા જારના વીર્યથી ઉત્પન્ન થયેલા હોય છે તે પુત્ર 'કુંડ' નામથી ઓળખાય છે અને જે પુત્ર સ્ત્રીના વિવાહિત પતિના મૃત્યુ પછી તેના ઉપપતિના વીર્યથી ઉત્પન્ન થાય છે તે 'ગોલક' સંજ્ઞાથી ઓળખાય છે. ગત ઇ. સ. ૧૯૨૭ ના સપ્ટેમ્બર માસની તા. ૧૯ મા ને દિવસે રાજકોટના શ્રી હાલાઇ લોહાણા મહાજને ભાટિયા જ્ઞાતિની કુંવરબાઇ નામની સ્ત્રીનાં જે સંતાનોને સ્વેચ્છાચારિતાથી પાવન કરીને હાલાઇ લોહાણા જાતિમાં હાલાઇ લોહાણા તરીકે સ્વીકારી લીધાં છે તે સંતાનો બાઇ કુંવરબાઇના વિવાહિત ભાટિયા પતિના મૃત્યુ પછી તેના જાર

તથા ગુજરાતી લોહાણાઓ તેમ જ અન્ય જાતિના મનુષ્યો કદાચિત્ આપણા એ મૌનના એવા જ અર્થને ન સ્વીકારી લે કે કચ્છી લોહાણાઓ હવે પાણી વગરના થઇ ગયેલા હોવાથી જ અથવા તો તેમના વંશમા કાંઇક વિકૃતિ હોવાથી જ તેઓ આવી બૂંટામાં ભૂંટી ગાળો બાંધનારાઓને કાંઇ પૂછી કે કહી નથી શકતા; એટલામાટે સર્વથી પ્રથમ કચ્છી લોહાણા તરીકે રા. શેઠ રાઘવજીભાઇના ઇનામી બાહુતી નિબંધ તથા તે નિબંધના તિરસ્કરણીય પ્રાસ્તાવિકનો અમોએ પ્રસ્તુત પુસ્તકના લેખન તથા પ્રકાશનદ્વારા પ્રબળ પ્રતિકાર કરી બતાવ્યો છે; પરંતુ એ ભયંકર ગાળોનો આટલો પ્રતિકાર કિંવા પ્રતિવાદ પર્યાપ્ત છે એવી અમારી માન્યતા ન હોવાથી અમો મુંબઇના શ્રી કચ્છી લોહાણા મહાજનને તેમ જ સમસ્ત કચ્છી લોહાણા જાતિને તેમને ગાળો બાંડવાના વ્યાપારના પાંચ ભાગીદાર રા. શેઠ રાઘવજીભાઇ, રા. હીરાલાલ ગણાત્રા, રા. જયકૃષ્ણ વર્મા, રા. લાલજી નાગજી ગણાત્રા તથા રા. વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કર પાસેથી એ ગાળો ભંડાવવા, બાંડવા, પત્રમાં પ્રકાશિત કરવા તથા પુસ્તકાકારમાં છાપી આપવાના અપરાધનો વ્યાજબી જવાબ માગવાની અને જો આ વિવાદનો સંતોષજનક નિર્ણય ન થાય તો અન્ય યોગ્ય ઉપાયોને યોજવાની પુનઃ એક વાર પ્રાર્થના કરીએ છીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સમાપ્ત

અથવા ઉપપતિ મર્હૂમ ઠા. કેશવજી દેવકરણના વીર્યથી ઉત્પન્ન થયેલાં હોવાથી ‘જારજાત’ સંતાનો છે અને તેમની સંજ્ઞા ‘ગોલક’ છે. અર્થાત્ ‘કુંડ’ તેમજ ‘ગોલક’ એ ઉભય પ્રકારના ‘જારજ’ પુત્રોને કોઇ પણ પ્રકારના ધર્મકાર્ય તથા પિંડદાન આદિનો અધિકાર નથી હોતો. આ અર્થને જોતાં એ તો સ્પષ્ટ જણાઇ આવે છે કે ‘જારજાત’ પુત્ર તથા ‘વેશ્યાપુત્ર’માં કોઇ પણ પ્રકારનો ભેદ છે જ નહિ અને તેથી રા. શેઠ રાઘવજીભાઇના લખાંવેલા બાહૂતી નિબંધના પ્રાસ્તાવિકમાં કચ્છી લોહાણાઓને ‘વેશ્યાપુત્ર’ની પદવીથી વિભૂષિત કરવામાં [illegible] પ્રત્યવાય નથી.

કચ્છી લોહાણા બંધુઓને એક વધામણી
ોગ્ય આશ્રય મળતાં વર્તમાન વિક્રમ સંવત્સરના આશ્વિન
માસની ધનત્રયાદેશી (ધનતેરસ)ના
શુભ દિવસે પ્રકટ થશે.

કચ્છી લોહાણા મિત્ર

સચિત્ર માસિક પત્ર

અત્યારે જેણે કચ્છી લોહાણાજાતિને હીણવાનો જ વ્યાપાર આદરી ો છે તે ' લોહાણા હિતેચ્છુ ' વિના અન્ય કોઇ પણ લોહાણાજાતિનું ત્રિક પત્ર કિંવા સાપ્તાહિક પત્ર જીવતું રહી શક્યું નથી અને તેથી ોહાણા હિતેચ્છુ ' ને કોઇના પ્રતિવાદનો ભય રહ્યો જ નથી એટલે કચ્છી લોહાણાઓની યથેષ્ટ નિર્ભર્ત્સના કર્યા કરે છે. આવી પરિસ્થિતિમાં છી લોહાણા જાતિની પ્રતિષ્ઠાના રક્ષણમાટે તથા કચ્છી લોહાણા તિ તેમ જ કચ્છી લોહાણા વ્યક્તિઓપર વારંવાર કરાતા અયોગ્ય ા અકારણ આક્ષેપોના ન્યાયયુક્ત નિવારણ તથા પ્રતિવાદમાટે; ત્ર એટલું જ નહિ, પણ લોહાણા જાતિના ઐતિહાસિક ગૌરવને ાવવામાટે કચ્છી લોહાણાના સ્વામિત્વ તથા તંત્રથી ચાલતા એક સિક પત્રની આવશ્યકતા અનિવાર્ય છે અને એ આવશ્યકતાને ર્ણ કરવામાટે અમોએ ' કચ્છી લોહાણા મિત્ર ' માસિક પત્રને ાશિત કરવાનો નિશ્ચય કરેલો છે.

' કચ્છી લોહાણા મિત્ર ' માસિક પત્રનું કદ ક્રાઉન આઠપેજી છ ર્મ—૪૮ પૃષ્ઠનું રાખવામાં આવશે; એમાં લોહાણાજાતિનો પ્રમાણ- ્ ઇતિહાસ ધારાવાહિકતાથી લખાશે; જે સમયમાં કચ્છી લોહાણા- ાઓ કચ્છમાં પોતાની અદ્ભુત બુદ્ધિમત્તા તથા વીરતાનો સાક્ષાત્કાર ાવ્યો હતો તે સમયની કચ્છી લોહાણા વીરોની વીરતાને દર્શાવનારી

એક ઐતિહાસિક વાર્તા પણ આપવામાં આવશે કે જે વર્ષની આખેરીએ સમાપ્ત થશે; કચ્છી લોહાણા જાતિમાં ધર્મો કેટલા પળાય છે અને કયા ધર્મનો કચ્છી લોહાણા જાતિમાં કયારે અને શા કારણથી પ્રવેશ થયો છે એની પણ સપ્રમાણ ચર્ચા થશે; કચ્છી લોહાણા જાતિની ઉન્નતિ તથા અવનતિનાં કારણોનું નિષ્પક્ષપાત વિવેચન કરવામાં આવશે; કચ્છી લોહાણા જાતિપર થતા અયોગ્ય આક્ષેપોનું સબળ ખંડન એ આ માસિક પત્રનો પ્રધાન ઉદ્દેશ રહેશે અને કચ્છી લોહાણાઓની વર્તમાન પ્રવૃત્તિ તથા પરિસ્થિતિનું પણ વારંવાર દિગ્દર્શન થતું રહેશે. વર્ષની આખેરીએ ૨૦૦ થી ૩૦૦ પૃષ્ઠનું ભેટનું પુસ્તક પણ ગ્રાહકોને આપવામાં આવશે અને તેમાં પણ નવલકથાના રૂપમાં કચ્છી લોહાણા જાતિના ઇતિહાસનો જ કોઇ ઉજ્જવલ પ્રસંગ ચર્ચાશે. આ કાર્ય મોટા ખર્ચનું હોવાથી આ માસિક પત્રનું લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૫-૮-૦ રાખવામાં આવ્યું છે, ગ્રાહક થવા ઇચ્છનારે રૂ. ૨-૮-૦ પ્રથમ મોકલી આપવા; બાકીના રૂ. ૩-૦-૦ વર્ષની આખેરીએ ભેટનું પુસ્તક વી. પી. થી મોકલીને વસુલ કરવામાં આવશે. ઓછામાં ઓછા ૧૦૦૦ ગ્રાહક થઇ ગયા વિના આ માસિક પત્ર પ્રકટ કરી શકાશે નહિ અને તેથી જો આશ્વિન માસ સુધી એટલા ગ્રાહકો નહિ મળે તો જેટલા ગ્રાહકોના રૂપિયા આવ્યા હશે તે રૂપિયા તે ગ્રાહકોને તેમના ખર્ચે પાછા મોકલી આપવામાં આવશે. વિશાળ કચ્છી લોહાણા જાતિમાંથી આ માસિક પત્રને એક હજાર ગ્રાહક નહિ મળે એવી અમારી માન્યતા નથી. ગ્રાહકોએ પત્રવ્યવહાર તથા નાણાં-વ્યવહાર નીચેને સરનામે કરવો:—

ઠક્કુર નારાયણ વિસનજી
ત્રાગાળાવાડ, નવગજા પીર પાસે
અમદાવાદ

ચાર માસ પછી પ્રકાશિત થશે

ના. રા. ઠક્કુર નારાયણકૃત એક અપૂર્વ ગ્રંથ

દમ્પતીશાસ્ત્ર

અથવા

લગ્નની સફળતા તથા નિષ્ફળતાનો વિચ

દમ્પતી શાસ્ત્ર—Sexual Science—ના અભ્યાસ તથા દામ્પત્ય-જ્ઞાનના અભાવે અનેક વિવાહિત સ્ત્રીપુરુષોના લગ્નની સર્વથા નિષ્ફળતા થઇ જાય છે અને તેમનો જે સંસાર સ્વર્ગરૂપ થવો અથવા હોવો જોઇએ તે સંસાર નરકતુલ્ય થયેલો દેખાય છે; પરંતુ ખેદનો વિષય છે કે ગુજરાતી ભાષામાં આ અત્યંત ઉપયુક્ત વિષયનો જેને પ્રમાણભૂત કહી શકાય તેવો અદ્યાપિ એક પણ ગ્રંથ અસ્તિત્વ ધરાવતો નથી. આ ન્યૂનતાની પૂર્તિ માટે આ વિષયના સંસ્કૃત તથા અંગ્રેજી ભાષામાં રચાયલા અનેક ઉત્કૃષ્ટ ગ્રંથોના દીર્ઘકાલિક અભ્યાસ પછી રા. રા. ઠક્કુર નારાયણે આ ગ્રંથની રચના કરેલી છે અને તેમાં દમ્પતીશાસ્ત્રનાં સર્વ અંગોની વિસ્તૃત ચર્ચા કરાયલી છે. આ ગ્રંથમાં કેટલાંક ઉપયુક્ત ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. આ ગ્રંથ ઉત્તમ એન્ટિક કાગળપર છાપેલો, કપડાના સોનેરી નામવાળા પાકા પૂંઠાથી અલંકૃત તથા પ્રચંડ-૫૦૦ પૃષ્ઠનો-હોવાથી એનું મૂલ્ય રૂ, ૬—૦—૦ રાખવામાં આવ્યું છે; પરંતુ જૂન માસની ૩૧ મી તારીખ સુધીમાં ગ્રાહક તરીકે અગાઉથી નામ નોંધાવનારને એ ગ્રંથ રૂ. ૫—૦—૦ની કીમતે આપવામાં આવશે. પોસ્ટેજ તથા વી. પી. ખર્ચ જુદું.

પ્રાપ્તિસ્થાન:—"ગુજરાતી" પત્રની ઑફિસ:
કોટ, મુંબઇ

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે
બુકસેલર અને પબ્લિશર,
નવું દરવાજા-અમદાવાદ